પ્રા. રસિકભાઈએ મુંબઈ યુનિ.માં ૧૯૫૪માં 'ગુજરાતની રાજધાનીઓ' વિશે પાંચ, વડોદરાની મ.સ.યુનિ.માં ૧૯૬૦માં 'આનંદમીમાંસા' વિશે ત્રણ અને ગુજરાત યુનિ.માં ૧૯૬૩માં 'ઇતિહાસ પદ્ધતિ અને સ્વરૂપ' વિશે પાંચ વ્યાખ્યાન આપેલાં. ગુ.વિ.માં 'સરસ્વતીચંદ્રનો મહિમા' વિશે વિવેચનાત્મક વ્યાખ્યાન આપેલું જે ૧૯૭૬માં ગ્રંથરૂપે પ્રકાશિત થયું.

ઉપરાંત 'કાવ્યપ્રકાશખંડન' (૧૯૫૩), નૃત્યરત્નકોશ (૧૯૫૭), કાવ્યાદર્શ કાવ્યપ્રકાશ સંકેત (૧૯૫૯)નું સંપાદન અને વિવેચન કરેલું. 'પુરોવચન અને વિવેચન' લેખસંગ્રહ (૧૯૬૫)માં એમની વિવેચનશક્તિ જોવા મળે છે. આકાશભાષિતમાં એમના આકાશવાણીનાં વાયુ-પ્રવચનો સંગ્રહિત છે.

લલિત-સાહિત્યમાં પણ એમનું પ્રદાન અમૂલ્ય છે. 'રૂપિયાનું ઝાડ', 'મેનાગુર્જરી' અને 'શર્વિલક' જેવી નાટ્યકૃતિઓ એમની નાટ્યકાર તરીકે પ્રતિભાની દ્યોતક છે. 'સ્મૃતિ' નામનો એમનો કાવ્યસંગ્રહ (૧૯૫૨) કવિ તરીકેની તેમની પ્રતિભા દર્શાવે છે. એમણે મુનિકાર ઉપનામથી કવિતાઓ રચી છે. જીવનનાં વહેણો (૧૯૪૧) રસિકભાઈએ લખેલી ટૂંકી વાર્તાઓનો સંગ્રહ છે.

રસિકભાઈ જેવા વ્યુત્પન્ન પંડિત અને સારસ્વત પ્રાચ્યવિદ્યા અને ગુજરાતી સાહિત્યના ક્ષેત્રે હંમેશા સ્મરણીય રહેશે.

રસિકભાઈ માત્ર માર્ગદર્શક જ નહીં, પરંતુ જીવનનું પાથેય આપનાર અને ચેતનાને ઉદ્દીપ્ત કરી જ્ઞાનમયી બનાવનાર કુશળ વિજ્ઞાતા હતા.

**રસિક ભારતી ગ્રંથના વિમોચન પ્રસંગે ડૉ. ભારતીબેનનું વક્તવ્ય**

ભારતની સમૃદ્ધ પ્રાચીન વિદ્યાપરંપરાના પ્રખર પંડિતવર્ય, ગાંધીયુગના મહાન દ્રષ્ટા અને સંસ્કૃતિચિંતક સદ્‌ગત પ્રા. રસિકલાલ પરીખ એક અપ્રતિમ પ્રાચ્યવિદ્યાવિદ હતા. તેઓ સંસ્કૃતના વ્યુત્પન્ન પંડિત, પુરાવિદ્યાવિદ્ અને દર્શનશાસ્ત્રના જ્ઞાતા તરીકે સુપ્રસિદ્ધ હતા. એક સારા સર્જક, સંવેદનશીલ કવિ, વાર્તાકાર અને નાટ્યકાર તરીકે તેમની પ્રતિભા અદ્વિતીય અને વિરલ હતી. સાહિત્યનાં સર્જનાત્મક સ્વરૂપો અને પ્રાચ્યવિદ્યા-ઉભય ક્ષેત્રોમાં તેમનું મૂલ્યવાન પ્રદાન રહ્યું છે.

આવા એક મહાન સારસ્વત, જંગમ વિદ્યાપીઠ સમા, પ્રાતઃસ્મરણીય વિદ્યાપુરુષની પ્રાચ્યવિદ્યા અને નાટ્ય-સાહિત્યક્ષેત્રે પ્રદત્ત સેવાઓને બિરદાવવા ભાવાંજલિ સ્વરૂપે સંસ્કૃત સાહિત્ય અકાદમી, ગુજરાત રાજ્ય દ્વારા 'રસિક ભારતી' (Prof. R.C. Parikh Commemoration Volume) ગ્રંથ પ્રકાશિત કરવામાં આવ્યો છે, જેનું આજે પૂજ્ય રસિકભાઈની સંસ્કારધન દ્વારા સંવર્ધિત સંસ્થા ગુજરાત વિદ્યાસભાના સ્થાપના દિન પર્વ પ્રસંગે એવા જ એક મહાન સાક્ષર ઋષિ સમા અને ગુજરાતના સંસ્કારજીવન પર જેમની સારસ્વત મોહિની છવાઈ ગઈ છે તેવા પરમ આદરણીય ડૉ. કે.કા.શાસ્ત્રીજીના હસ્તે વિમોચન થઈ રહ્યું છે તે પ્રસંગે હું અત્યંત ગૌરવ અને આનંદની લાગણી અનુભવું છું.

સરસ્વતીના સાદ્યંત આરાધક અને અગાધ જ્ઞાનના સાગર સમા વિદ્વાદ્વર્ય સદ્‌ગત શ્રી રસિકભાઈના જીવન અને એમના વિદ્યાકિય વિવિધ પાસાંઓને એક ગ્રંથમાં કંડારવાનો અમારો આ નમ્ર પ્રયાસ છે. સમગ્ર ગ્રંથ બે વિભાગમાં વિભાજિત કરવામાં આવ્યો છે. પ્રથમ વિભાગમાં પૂજ્ય રસિકભાઈને એક વિદ્યાપુરુષ તરીકે વર્ણવતા એમના સ્નેહીઓ, શિષ્યો અને વિદ્વાનોના લેખો અને એમાં Prof. R.C. Parikh's contribution to History, A versatile scholar and and eminent indologist as a gifted and blessed playwright અને ગુજરાતીમાં 'વાત્સલ્યમૂર્તિ શ્રી પરીખ સાહેબ' પ્રો. પરીખઃ એક સમ્માનીય સારસ્વતી અને વિવેક' 'રસિકભાઈનું દર્શન અને વર્તમાનનાં વમળો' જેવા એમના સમગ્ર જીવનદર્શન અને સારસ્વતયાત્રાઓને યથાતથા વર્ણવતા લેખોનો સમાવેશ કર્યો છે. આ ઉપરાંત પ્રો. પરીખની કૃતિઓમાં 'તત્ત્વોપપ્લવસિંહ' - 'a unique work of the Lohyatra Darsana' Prof. R.C. Parikh as an editor of the Javyanusasana, Sarvilaka an appreciation અને ગુજરાતી લેખોમાં વૈદિક પાઠાવલી અભૂતપૂર્વ વેદપ્રવેશિકા, 'આનંદમીમાંસા' એક સાર્થક મીમાંસા, 'કાવ્યપ્રકાશ ખંડન', 'એક વિશિષ્ટ વિવેચનાત્મક કૃતિ' 'કાવ્યદર્શસંકેત' સાથે 'કાવ્યપ્રકાશ'નું સંપાદન, 'પુરોવચન અને વિવેચન' મર્માલી ભાવયિત્રીનું મણિદર્પણ ઇતિહાસ વિષયક ગ્રંથોમાં ભારતીય પ્રાચીન પરંપરાઓમાં ઇતિહાસ અને ઇતિહાસકીય સમજણ તેમજ ગુજરાતની રાજધાનીઓ વિશેના અભ્યાસપૂર્ણ લેખોનો સમાવેશ કર્યો છે. ગ્રંથના બીજા વિભાગમાં પ્રાચ્યવિદ્યાની વિવિધ શાખાઓમાં સંસ્કૃતિવિદ્યા, તત્ત્વજ્ઞાન, પુરાવસ્તુવિદ્યા, અભિલેખવિદ્યા, સિક્કાશાસ્ત્ર, સ્થાપત્ય, શિલ્પ, ચિત્રકલા, સંગીત, નૃત્યકલા, આધુનિક ઇતિહાસ, હસ્તપ્રતવિદ્યા જેવા વિધવિધ વિષયો પરત્વે સંશોધનપૂર્ણ ૫૮ જેટલા લેખો અંગ્રેજી, ગુજરાતી, હિંદી અને સંસ્કૃત અને ચારેય ભાષામાં રજૂ કરેલા છે. પ્રસ્તુત કરવામાં આવ્યા છે. આ બધા જ લેખો રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત એ. વાઈઝર (હેમ્બુર્ગ), જે.એલ. બ્રોકીંગ્ટન (એડિનબર્ગ), સ્ટેફેનો પિઆનો (ફ્રાન્સ), અલેસાન્દ્રો મોન્ટી (તુરિન), મહેશ મહેતા (કેનેડા) જેવા વિદેશોના વિદ્વાનો, ડો. એન. ગંગાધરન, ડો. એસ. એસ. ડાંગે, ડૉ. પી. ઉન્ની,

ડૉ. તપસ્વી નાદી, પ્રો. સત્યપાલ નારંગ, ડો. નવીન શાહ, ડો. એમ. કે. ધવલીકર, ડો. રસેશ જમીનદાર, ડો. મકરંદ મહેતા, ડૉ. રતન પારિમૂ જેવા ભારતીય વિદ્વાનોના ઉત્તમ લેખો સમાવિષ્ટ કર્યાં છે. કેટલાંક દષ્ટાંતો આપું :

'Linear measures in the subsutras: An Analysis, 'Puranas as a source of Indian Cultural History', Message of peace and Harmony in Hinduism', 'Kavyavisesah Dvanik, Philosophy of Dharurveda, Vedanta Darsana: An integral view of Reality, Relevance of Buddhisam in 21st Century, Harappan fire Altar from Vagad, Vedic Sarasvati in Earth Science, Gujarat Iran contacts in Protohistoric times, contribution of Sanskirt Epigraphs in the making of National Heritage. જેવા લેખોમાં લેખકોની સમીક્ષાત્મક संस्कृतवाडमये जलविज्ञानं स्वर का स्वरूप प्राचीन एवं नवीन दृष्टि भारतीय अभिलेखो में मांगलिक प्रतीक સમીક્ષાત્મક સંશોધન દષ્ટિ અને સૂઝ તેમજ પ્રતિભા જોવા મળે છે. કેટકેટલા વિષયો ગણાવું?

પૂજ્ય રસિકભાઈનું વિદ્યાક્ષેત્રે પ્રદાન અગાધ સાગર સમું હતું. સાચા અર્થમાં તેઓ શબ્દબ્રહ્મના સાધક અને ઉપાસક હતા, એ એમની સારસ્વતયાત્રા પરથી ફલિત થાય છે.

અંતમાં સરસ્વતીના આ મહાન આરાધક, પ્રેમ અને સદ્ભાવનાની સાક્ષાત્ મૂર્તિસમા, ગુર્જર ધરાવની બૌદ્ધિ પ્રજાના માર્ગસૂચક સ્તંભસમા પૂ. રસિકભાઈનો આ 'રસિક ભારતી' ગ્રંથ સર્વત્ર આવકાર્ય બનશે અને ચિરસ્મરણીય સંદર્ભગ્રંથ બની રહેશે એવી અભિલાષા સાથે સદ્ગત પૂ. રસિકભાઈને વંદન.

# ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી

◆

## ડૉ. ભારતીબેન શેલત*



ભારતીય ઇતિહાસ, સંસ્કૃતિ અને સંસ્કૃતવિદ્યાના મૂર્ધન્ય વિદ્વાન અને તજ્જ્ઞ ડૉ. હરિપ્રસાદ ગંગાશંકર શાસ્ત્રીનો જન્મ સાઠોદરા નાગર જ્ઞાતિમાં, ૧૭ ઑક્ટોબર, ૧૯૧૯ના રોજ મલાતજ (તા. પેટલાદ) મુકામે થયો હતો. તેમના પિતામહ વ્રજલાલ કાલિદાસ શાસ્ત્રી સંસ્કૃત-પ્રાકૃત અને ગુજરાતી ભાષાના પ્રખર વિદ્વાન હતા. અપભ્રંશ અને ગુજરાતી ભાષા તથા સાહિત્યના અધ્યયન દ્વારા ગુજરાતીના આદ્ય ભાષાશાસ્ત્રી તરીકે તેમણે ખ્યાતિ પ્રાપ્ત કરી હતી. વ્રજલાલ શાસ્ત્રીના મોટાભાઈ છોટાલાલ શાસ્ત્રી સંતકવિ છોટમ તરીકે ઓળખાતા. પિતા ગંગાશંકર જ્યોતિષ અને વૈદકમાં નિપુણ હતા. તેમના મોટાભાઈ શંકરલાલ શાસ્ત્રી ગુજરાતી ભાષા અને સાહિત્યના વિવેચક હતા. ડૉ. શાસ્ત્રીએ પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ મલાતજ અને સોજિત્રામાં મેળવ્યું હતું. બી.એ. સુધીનું શિક્ષણ જૂનાગઢથી પૂર્ણ કર્યું. ૧૯૪૦માં સંસ્કૃત વિષય સાથે બી.એ. થયા પછી અભિલેખવિદ્યાના અભ્યાસ માટે તેઓ અમદાવાદની ભો.જે. અધ્યયન સંશોધન વિદ્યાભવનમાં એમ.એ.ના વિદ્યાર્થી તરીકે દાખલ થયા. ૧૯૪૨માં સંસ્કૃત અને અર્ધમાગધી વિષય સાથે એમ.એ.થયા. પ્રો. રસિકલાલ પરીખના માર્ગદર્શન હેઠળ ઔપચારિક માર્ગદર્શક તરીકે પ્રા. અભ્યંકરનું નામ રાખી 'વલભીના મૈત્રક રાજાઓના સંસ્કૃત અભિલેખોમાંથી મળતી માહિતી' એ વિષય ઉપર પીએચ.ડી.નો અભ્યાસ શરૂ કર્યો. ગુજરાત વર્નાક્યુલર સોસાયટીની ફેલોશિપ મેળવી પ્રાચીન ભારતીય સંસ્કૃતિના અનુસ્નાતક કેન્દ્રમાં અભિલેખવિદ્યા સિક્કાશાસ્ત્રી શિલ્પ અને સ્થાપત્ય એ વિષયોના વર્ગો લેવાનું કાર્ય કર્યું અને ૧૯૪૫-૪૬થી સંસ્થામાં અધ્યાપક તરીકે જોડાયા. એક વર્ષ પૂણે અને કોલ્હાપુરમાં પુરાતત્ત્વના સિદ્ધાંત અને ક્ષેત્રકાર્યની તાલીમ મેળવી. ૧૯૪૭માં મુંબઈ યુનિ.ની પીએચ.ડી.ની ડિગ્રી પ્રાપ્ત કરી. ડૉ. શાસ્ત્રીએ ભો.જે. વિદ્યાભવનમાં ૧૯૪૫થી ૧૯૫૬ દરમિયાન અધ્યાપક તરીકે, ૧૯૫૬થી ૧૯૬૮ દરમિયાન ઉપાધ્યક્ષ તરીકે અને ૧૯૬૮થી ૧૯૭૯ દરમ્યાન અધ્યક્ષ તરીકે સેવાઓ આપી. આ સમયગાળા દરમ્યાન તેમણે અધ્યયન, અધ્યાપન, સંશોધન, સંપાદન અને લેખનક્ષેત્રે રચનાત્મક કાર્ય કર્યું. અભિલેખ વિદ્યામાં નિપુણતા પ્રાપ્ત કર્યા પછી અભિલેખોને ઉકેલવા, તેનું લિપ્યંતર, સંપાદન, વિવેચન એ તેમનું પ્રધાન વિદ્યાકીય કાર્ય રહ્યું અને મૈત્રકકાલથી છેક અર્વાચીન કાલ સુધીના ઘણા અભિલેખોનું વાચન, લિપ્યંતર, સંપાદન અને વિવેચન કરી આ ક્ષેત્રે મહત્ત્વનું પ્રદાન કર્યું.

પીએચ.ડી.ના વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવામાં ડૉ. શાસ્ત્રીએ સંશોધનાત્મક અધ્યાપનનો અભિગમ કેળવ્યો હતો. ભારતીય સંસ્કૃતિ વિષયમાં તેઓશ્રીના માર્ગદર્શન હેઠળ ૧૪ વિદ્યાર્થીઓ અને સંસ્કૃત વિષયમાં ૮ વિદ્યાર્થીઓ પીએચ.ડી થયા છે. ભારતીય સંસ્કૃતિ વિષયમાં રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ, ધર્મ, લિપિવિદ્યા, સ્થાપત્ય, પૌરાણિક અનુશ્રુતિઓ, રાજ્યતંત્ર અને હસ્તપ્રતવિદ્યા તેમજ સંસ્કૃતમાં ભટ્ટિકાવ્ય, રાજતરંગિણી અને પુરાણો, કવિ સોમેશ્વરનું જીવન અને કવન, રૂપકો અને મહાકાવ્યો, ભગવદ્ગીતાની તત્ત્વવિદ્યા, સંસ્કૃત અભિલેખો, કાલગણના જેવા વિવિધ વિષયો ઉપર ડૉ. શાસ્ત્રીએ મહાનિબંધો તૈયાર કરાવ્યા છે.

---

* નિવૃત્ત નિયામક, ભો. જે. અધ્યયન અને સંશોધન વિભાગ, આશ્રમ રોડ, અમદાવાદ.

**સંશોધન :**



રણજિતરામ વાવાભાઈ મહેતા

સંશોધનક્ષેત્રે ડૉ. શાસ્ત્રીની સિદ્ધિઓ અપૂર્વ અને વિરલ છે. એમના મૌલિક સંશોધન-ગ્રંથોમાં 'મૈત્રકકાલિન ગુજરાત' ભાગ-૧-૨ (૧૯૫૫) એ એમના પીએચ.ડી.ના અંગ્રેજી મહાનિબંધ ઉપરથી થોડા વિસ્તાર સાથે ગુજરાતી ભાષામાં તૈયાર કરેલ ગ્રંથ છે. આ ગ્રંથ ગુજરાતના મૈત્રકકાલના રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસનો પ્રમાણભૂત ગ્રંથ છે. સુરતની નર્મદ સાહિત્યસભાએ ડૉ. શાસ્ત્રીના આ ગ્રંથને ૧૯૫૧થી ૧૯૫૫ દરમ્યાન પ્રસિદ્ધ થયેલા શ્રેષ્ઠ ઈતિહાસગ્રંથ તરીકે મૂલવી ૧૯૫૮માં ડૉ. શાસ્ત્રીને નર્મદ સુવર્ણચંદ્રક એનાયત કર્યો હતો. ૧૯૬૦માં અમદાવાદની ગુજરાત સાહિત્ય સભા દ્વારા ડૉ. શાસ્ત્રીએ સંશોધનક્ષેત્રે કરેલ ઉત્તમ કામગીરી બદલ પ્રસિદ્ધ રણજિતરામ સુવર્ણચંદ્રક પ્રદાન કરી એમનું બહુમાન કર્યું હતું.

ભારતીય પ્રાચીનલિપિવિદ્યા અને અભિલેખાવિદ્યાના ઊંડા અભ્યાસી અને તજ્જ્ઞ ડૉ. શાસ્ત્રીએ ગુજરાતમાં છેલ્લાં ૪૦ વર્ષ દરમિયાન પ્રકાશમાં આવેલા લગભગ ૭૦ જેટલા પ્રાચીન, મધ્યકાલીન અને અર્વાચીન કાલના અભિલેખોને ઉકેલી તેઓનું લિપ્યંતર, સારસંક્ષેપ અને વિવેચન સાથે સંપાદન કર્યું છે એ સંશોધનક્ષેત્રે એમનું મહત્ત્વનું પ્રદાન લેખી શકાય.

**વ્યાખ્યાનમાળાઓ :**

દ.ગુ. યુનિ.ની કવિ નર્મદ વ્યાખ્યાનમાળામાં ૧૯૭૭માં 'ગુજરાતના પ્રાચીન ઈતિહાસની સાધનસામગ્રી' વિશે સુરતમાં ત્રણ વ્યાખ્યાન આપ્યાં, જે ગુજરાત ઈતિહાસ પરિષદ દ્વારા ૧૯૭૮માં પ્રકાશિત થયાં. એ જ પ્રમાણે મુંબઈ યુનિ. તરફથી ઠક્કર વસનજી માધવજી વ્યાખ્યાનમાળાના ઉપક્રમે ૧૯૮૧માં 'ઈતિહાસના સાધન તરીકે ગુજ.ના અભિલેખ' વિશે મુંબઈમાં પાંચ વ્યાખ્યાન આપ્યાં. એ સંશોધનના નિચોડરૂપ વ્યાખ્યાનો ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા ૧૯૮૪માં ગ્રંથાકારે પ્રગટ કરવામાં આવ્યાં. આ ઉપરાંત વલ્લભ વિદ્યાનગરની સરદાર પપટેલ યુનિ.ના સંસ્કૃત વિભાગ અને ઈતિહાસ વિભાગમાં સૌરાષ્ટ્ર યુનિ. વડોદરાના પ્રાચ્યવિદ્યામંદિર, મુંબઈની ફાર્બસ ગુજ.સભા. વડોદરા મ્યુઝિ. ગુ.વિ. જેવી સંસ્થાઓના ઉપક્રમે તેઓશ્રીએ વ્યાખ્યાન આપ્યાં હતાં.

**ઈતિહાસ-સંસ્કૃતિ-સંસ્કૃતવિદ્યાના લેખનકાર્ય :**

ડૉ. શાસ્ત્રીનું તેજસ્વી અને સર્જનાત્મક અધ્યયન-અધ્યાપન અનેક ગ્રંથો અને સંશોધન-લેખોમાં પરિણમ્યું. ઈતિહાસ, પુરાતત્ત્વ અને સાહિત્યની સાથોસાથ તેને પોષક અન્ય વિદ્યાઓમાં પણ ઊંડો રસ દાખવ્યો અને બહુશ્રુતુતા પ્રાપ્ત કરી. તેમણે રચેલા ૭૦ કરતાં પણ વધુ મૌલિક અને સંપાદિત ગ્રંથો તેમજ ૭૦૦ ઉપરાંત સંશોધનાત્મક-પરિચયાત્મક લેખોની સૂચિ જોતાં તેમની મેધા સંસ્કૃત સાહિત્ય અને ભારતીય સંસ્કૃતિના વિષયો ઉપરાંત અનેક ક્ષેત્રોમાં વિકસી હોવાની પ્રતીતિ થાય છે. એમના મૌલિક ગ્રંથોમાં હડપ્પા અને મોહેં જો દડો (૧૯૫૨), મૈત્રકકાલીન ગુજરાત (૧૯૫૫), ઈન્ડોનેશિયામાં વિસ્તરેલી ભારતીય સંસ્કૃતિ (૧૯૫૭), 'ગુજરાતનો પ્રાચીન ઈતિહાસ' (૧૯૬૪, ૧૯૭૩), પ્રાચીન ભારત (ભા-૧-૨, ૧૯૭૦), સિલોન (૧૯૬૯), અશોક અને એના અભિલેખ (૧૯૭૨), ભારતીય અભિલેખવિદ્યા (૧૯૭૩), ચીનમાં પ્રસરેલી ભારતીય સંસ્કૃતિ (૧૯૭૫), ભારતીય સિક્કાશાસ્ત્ર (સહલેખન-૧૯૭૯), 'પાડોશી દેશોમાં ભારતીય સંસ્કૃતિનો પ્રાચીન પ્રસાર (સહલેખન-૧૯૮૦) ભારતનું બૌદ્ધ સ્થાપત્ય (૧૯૮૩), Gujarat under the Maitrakas of Valabhi (૨૦૦૦) મુખ્ય છે. ઈતિહાસના સાધન તરીકે ગુજ.ના અભિલેખો (૧૯૮૪) Historical and cultural study of the inscriptions of Gujarat (૧૯૮૯) અધ્યયન અને સંશોધન (૧૯૯૧) જેવા ગ્રંથો મુખ્ય છે.

આ ઉપરાંત રાજકોટ, ભાવનગર, કચ્છ, અમરેલી, ડાંગ, પંચમહાલ, સાબરકાંઠા, મહેસાણા, જૂનાગઢ, સુરેન્દ્રનગર, સુરત, ખેડા, વડોદરા, ભરૂચ વગેરે જિલ્લાઓના સર્વસંગ્રહોમાં 'Chronology of Gujarat' 'ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ' જેવા ગ્રંથોમાં ગ્રંથોના કેટલાક ખંડ લખેલા છે.

ડૉ. શાસ્ત્રીએ ભો.જે. વિદ્યાભવનના અધ્યક્ષપદે નિયુક્ત થયા પછી પ્રો. રસિકલાલ પરીખની પ્રેરણાથી 'ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ' નવ ગ્રંથોમાં પ્રગટ કરવાની યોજના સરકારી અનુદાનથી તૈયાર કરી તેનું સંપાદન-કાર્ય પ્રા. રસિકલાલ પરીખ સાથે કરી ૧૯૭૨થી ૧૯૮૭ દરમ્યાન આ ગ્રંથમાળા પ્રગટ થઈ જે શિક્ષણ અને વિદ્યાના ક્ષેત્રે મોટી સિદ્ધિ ગણાય. ફાર્બસ ગુજરાતી સભા દ્વારા ૧૯૭૯થી ૧૯૮૧ દરમ્યાન ગુજરાતના ઐતિહાસિક લેખ ગ્રંથ ૪ અને ૫ પ્રકાશિત થયા જેમાં તેમણે સલ્તનત અને મુગલકાળના લેખોનો સંગ્રહ અને સંપાદનકાર્ય કર્યું હતું. ભો.જે. વિદ્યાભવન દ્વારા પ્રકાશિત થયેલ શ્રીમદ્ ભાગવત પુરાણની સમીક્ષિત આવૃત્તિના સ્કંધ ૧થી૩ અને સ્કંધ ૭નું સંપાદન કર્યું છે.

આ ઉપરાંત પ્રાચીન હસ્તપ્રતોને આધારે ત્રણ અપ્રકાશિત કૃતિઓ **'सम्बन्धोद्योत** અને **'काव्यशिक्षा'**નું સંપાદન કર્યું. કવિ છોટમની સાંખ્યસાર યોગસાર (૧૯૫૨) સુમુળ અને નૃસિંહકુંવર આખ્યાન (૧૯૫૪), એકાદશી મહાત્મ્ય (૧૯૫૫, ૧૯૭૩), ધર્મસિદ્ધિ (૧૯૭૨) જેવી કૃતિઓનું કવિના હસ્તાક્ષરોમાં લખેલી પ્રતો પરથી સંપાદન કરી ગ્રંથરૂપે પ્રગટ કરી. શ્રી કરુણાશંકર ભટ્ટના પત્રો અને તેમની નોંધપોથીઓમાંથી સમાજોપયોગી અંશો તારવી કાલાનુક્રમે સંકલન અને વર્ગીકરણ કરી ગ્રંથરૂપે પ્રગટ કર્યાં. એમની જન્મશતાબ્દી પ્રસંગે સંસ્કારશિક્ષક ગ્રંથ (૧૯૭૩) પ્રગટ કર્યો.

**લલિતસાહિત્ય સર્જન :**

ડૉ. શાસ્ત્રીએ લલિત સાહિત્યના સર્જનમાં અનેકાંકી પુત્રવતી નાટક નોંધપાત્ર છે, જે યયાતિ-પ્રિયા શર્મિષ્ઠા વિશે છે. વત્સરાજ ઉદયન અને વાસવદત્તા વિશે વિવિધ સ્રોતોમાંથી માહિતી સંકલિત કરી વીણાનો વિજય નામે ત્રિઅંકી નાટક ગુજરાતીમાં રચ્યું હતું. એકાંકી નાટકોમાં સોક્રેટિસના મૃત્યુદંડને લગતા મૃત્યુંજય, વાહ રે વાળંદ વાહ, મંત્રી માધવની સમસ્યાની છણાવટ કરતું દેશદ્રોહનો આરોપ નોંધપાત્ર છે. પ્રેતપ્રયોગને લગતું 'માનવું હોય તો માનો' નોંધપાત્ર છે.

નવલિકાઓ લેખકે ૧૦-૧૨ લખી છે. તેમાં ક્લિઓપેટ્રા અને દાનવીર વિશ્વંતર છે. કાવ્યોમાં સહુ પ્રથમ ૧૯૩૯માં કાલિદાસને સંબોધીને સૉનેટ રચ્યું, જે ગુમ થતાં 'ગુમ થયેલી કવિતાને' નામે નવું કાવ્ય રચ્યું. ૧૯૪૦માં કવિ લલિતજી વિશે લલકાર નામે કાવ્યની રચના કરી. 'પુત્રના માતૃવિરહ' વિશે મંદાક્રાન્તા છંદમાં ૭૫ કડીની રચના કરી. ૧૯૪૫માં બ્રહ્મગિરિના ઉત્ખનનમાં જોવા મળતાં વિવિધ પુરાવશેષો પૈકી ઉત્ખનને કેન્દ્રમાં રાખી પુરાણા આવાસમાં ધબકેલા નારીજીવનનું શબ્દચિત્ર આલેખ્યું.

ડૉ. શાસ્ત્રીના પરિચયાત્મક અને સંશોધનાત્મક લેખોની સંખ્યા લગભગ ૭૦૦ જેટલી છે. એના મુખ્ય વિષય સંસ્કૃત સાહિત્ય, ઇતિહાસ, પુરાતત્ત્વ સંશોધન, ગુજરાતી ભાષા અને સાહિત્ય, ભારતનો આદ્ય ઇતિહાસ, ધર્મ અને તત્ત્વજ્ઞાન, સ્થાપત્ય, શિલ્પકલા, મૂર્તિવિધાન, કાલગણના, પ્રાચીન લિપિવિદ્યા, પાડોશી દેશોમાં ભારતીય સંસ્કૃતિ અને ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ મુખ્ય વિષય છે. આ ઉપરાંત વ્યક્તિ વિશેષો, સ્થળ વિશેષો, ગ્રંથસમીક્ષા, ચિંતનલેખો, અધિવેશનોના અહેવાલો અને પ્રવાસવર્ણનોને લગતા લેખો તથા અભિનવ શોધો અને ઘટનાઓની નોંધો પણ પ્રસંગોપાત લખાતાં રહ્યાં.

**સમ્માનઃ**

૧૯૮૨ અને ૧૯૯૧માં ડૉ.શાસ્ત્રીનું જાહેર સમ્માન કરવામાં આવ્યું હતું. તેમને સંસ્કૃત અને ગુજરાતી પ્રશસ્તિપત્ર અર્પણ કરવામાં આવ્યું હતું. અને તેમનો અભિનંદન ગ્રંથ Dr. H.G. Shastri Felicitation Volume પ્રકાશિત કરવામાં આવ્યો હતો. ગુ.રા.સ.ની સંસ્કૃત સાહિત્ય અકાદમીએ ૧૯૯૯-૨૦૦૦નો ગૌરવ

પુરસ્કાર ડૉ. શાસ્ત્રીને પ્રદાન કર્યો હતો.

૧૯૭૭માં દરભંગાની મૈથિલી વિશ્વવિદ્યાપીઠે મહામહોપાધ્યાયની સમ્માન ઉપાધિ અર્પણ કરી. ૧૯૮૨માં જેતલપુરમાં મળેલા ગુ.રા.સં. અધ્યાપક મંડળના આઠમા અધિવેશનમાં શાલ અર્પણ કરી ડૉ. શાસ્ત્રીનું સમ્માન કરવામાં આવ્યું હતું.

તાજેતરમાં ગુજરાત ઇતિહાસ પરિષદના ઑક્ટોબર-૨૦૦૪માં વલસાડ મુકામે યોજાયેલા દ્વિદિવસીય ૨૩મા અધિવેશન પ્રસંગે ડૉ. શાસ્ત્રીને ભારતીય ઇતિહાસ અને સંસ્કૃતિના ક્ષેત્રે તેમના વિશિષ્ટ પ્રદાન બદલ સદ્‌ગત પ્રો. રસિકલાલ પરીખ એવૉર્ડથી નવાજવામાં આવ્યા હતા અને ડિસે-૨૦૦૪માં હ.કા. કૉલેજમાં આયોજિત આચાર્યોની રાષ્ટ્રિય પરિષદમાં તેઓશ્રીનું સમ્માન કરવામાં આવ્યું હતું.

**સભ્યપદ :**

ડૉ. શાસ્ત્રી ઘણી વિદ્યાસંસ્થાઓ સાથે સક્રિય રીતે સંકળાયેલા છે. ગુજ. વિદ્યાસભાની કારોબારીના સભ્ય, ગુજ. યુનિ.ના સેનેટ સભ્ય, ગુજ. યુનિ.ની ઇતિહાસની તથા ભારતીય સં.ની અભ્યાસ સમિતિના અધ્યક્ષ, એકેડેમિક કાઉન્સિલ અને બોર્ડ ઓફ યુનિ. ટીચિંગ એન્ડ રિસર્ચના સભ્ય હતા. ડૉ. શાસ્ત્રીએ ૧૯૬૦માં ગુ.ઇ.પ.ની સ્થાપના કરવામાં મહત્ત્વનું પ્રદાન કર્યું છે. તેઓ પરિષદના પહેલાં પ્રમુખ હતા. હાલ તેઓ તેના ટ્રસ્ટી છે. આ ઉપરાંત લા.દ. ભારતીય સં. વિદ્યામંદિર અને ગુજરાત સાહિત્ય સભાની કારોબારી સમિતિ ગુ.સા.ની મધ્યસ્થ સમિતિના સભ્ય તરીકે સેવાઓ આપી છે. ગુ.રા.ની પુરાતત્ત્વ સલાહકાર સમિતિમાં, ગુ.રા. સરકારના જિલ્લા સર્વસંગ્રહોને લગતી સલાહકાર સમિતિમાં, તેમજ બ્રહ્મચારી વાડી ટ્રસ્ટની સલાહકાર સમિતિમાં પણ ડૉ. શાસ્ત્રીએ યોગદાન આપ્યું છે.

ઇતિહાસ લેખનના ક્ષેત્રે એક સાચા સંશોધક તરીકે ગુજરાતના પ્રાચીન કાલના સંશોધન અને લેખનનો ઝીણવટપૂર્વક અભ્યાસ કરતા ડૉ. શાસ્ત્રીની પ્રતિભા એક સાચા સંશોધક તરીકે ઊપસે છે. એમનાં લખાણો હકીકતો પર આધારિત હોય છે. नामूल्यं लिख्यते लिखित् એ એમનું લેખનનું સૂત્ર છે. 'આધાર નહીં તો ઇતિહાસ નહીં' એ અનુસાર એમનાં બધાં જ ઐતિહાસિક તારણો સાધાર અને હકીકતની એરણ પર ઘડાયેલાં હોય છે. ગુજરાતના ઇતિહાસની ખૂટતી કડીઓને જોડવા તેમણે પોતાના વિદ્યાર્થીઓ પાસે સંશોધન કાર્ય કરાવ્યું અને ગુજરાતનો સર્વાંગી ઇતિહાસ પ્રગટ થાય એવા પ્રયાસો કર્યા છે. એમના સંશોધનમાં એ સૂક્ષ્મ દૃષ્ટિ અને સમીક્ષાપૂર્ણ રજૂઆત જોવા મળે છે. લખાણોમાં કાલાનુક્રમ સાચવવો, સૂક્ષ્મ અવલોકન દ્વારા હકીકતનું યથાતથ નિરૂપણ કરવું અને પોતાના અભિગમને શાસ્ત્રીય પદ્ધતિએ તટસ્થાપૂર્વક રજૂ કરવો એ ત્રણે તત્ત્વોનો ત્રિવેણીસંગમ ડૉ. શાસ્ત્રીના લેખનકાર્યમાં જોવા મળે છે.

ઇતિહાસના આલેખનમાં માત્ર રાજકીય જ નહીં પરંતુ સાંસ્કૃતિક ઇતિહાસનાં વિવિધ પાસાંઓ સમાજ, લોકજીવન, ધર્મ, અર્થતંત્ર, ભાષા, લિપિ, સાહિત્ય, કાલગણના વગેરેનું સ્થાન હોવું જોઈએ એમ તેઓ સ્પષ્ટપણે માને છે. ઇતિહાસના મૂળભૂત સાધનોના આધારે ડૉ. શાસ્ત્રી સંશોધન કરી પોતાનાં મંતવ્યો રજૂ કરે છે. છતાં નવા પુરાવાઓ ઉપલબ્ધ થતાં તેની સૂક્ષ્મ ચકાસણી કરી હકીકતોનું પુનર્મુલ્યાંકન કરવું એ તેમની એક સાચા ઇતિહાસકાર તરીકે આગવી સૂઝ છે.

આમ, ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી એક તટસ્થ અને સૂક્ષ્મદર્શી ઇતિહાસકાર, સંસ્કૃતવિદ, અભિલેખવિદ્યાના બહુશ્રુત વિદ્વાન અને સંસ્કૃતભાષા અને સાહિત્યના તજ્જ્ઞ છે. તેઓશ્રીએ ગુજરાતના પ્રાચીન ઇતિહાસના ક્ષેત્રે ઊંડું સંશોધન કરી નોંધપાત્ર પ્રદાન કર્યું છે. સાથે સાથે ભારત અને ગુજરાતના પ્રાચીન ઇતિહાસનું ગુજરાતી ભાષાના માધ્યમ દ્વારા આલેખન કરી ગુજરાતની પ્રજાને પ્રાચીન ઇતિહાસનું સાચું દર્શન કરાવવાનો અનન્ય પ્રયાસ કર્યો છે અને ઉપલબ્ધ સાધનોના ઉપયોગ અને તુલનાત્મક ઇતિહાસલેખન દ્વારા પ્રાદેશિક અને રાષ્ટ્રીય કક્ષાના પ્રાચ્યવિદ્યા વિદોમાં વિરલ સ્થાન પ્રાપ્ત કર્યું છે.

# સૌજન્યશીલ સારસ્વત : ડૉ. હરિપ્રસાદ ગં. શાસ્ત્રી

◆

## ડૉ. વાસુદેવ વિ. પાઠક 'વાગર્થ'*



सारस्वतं गुरुं सौम्यं हरिप्रसाद शास्त्रिणम् ।
वन्दे सद्भावयावैश्च गम्भीरं वत्सलंवरम् ॥
संस्कृतं चैव प्राचीनां भारतीयां च संस्कृतिम् ।
विद्योपासकरीत्यैव भक्त्यासस्समुपासते ॥

યોગનિષ્ઠ સંત કવિ શ્રી છોટમ્ (કાકા-દાદા), બહુભાષાવિદ્ શ્રી વ્રજલાલ શાસ્ત્રી (દાદા), ધર્મશાસ્ત્ર અને જ્યોતિષના વિદ્વાન પિતા શ્રી ગંગાશંકર, તથા વિવેચક શ્રી શંકરલાલ (વડીલબંધુ)ની સારસ્વત છાયામાં વિકસેલા માનનીય શ્રી ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રીજી, નખશિખ વિદ્યાવ્યાસંગી રહ્યા.

શાન્તિનિકેતનના શિક્ષણ સાથે સ્નાતિકા થયેલાં, પત્ની શ્રી દેવીબહેનનો પ્રોત્સાહક યોગ મળ્યો, અને વિકાસયાત્રા પ્રોજ્જવલ બની.

અનેક સુવર્ણચન્દ્રક અને માનપાનથી નવાજાયેલા શ્રી શાસ્ત્રીજી, શિક્ષણની સાથે સંકળાયેલી અનેક માન્ય સંસ્થાઓના અધિકારીપદે સેવા આપતા રહ્યા.

સંસ્કૃતના અભ્યાસી હોવાને નાતે, સંસ્કૃતમાં પ્રાપ્ત થયેલા વિવિધ અભિલેખોનું લિપ્યંતર, સંપાદન અને વિવેચન કરીને તેમણે ગુજરાતના ઇતિહાસને સમૃદ્ધ કર્યો છે.

ગુજરાતી ભાષામાં અનેક નાટક, રેડિયોરૂપક, નવલિકા, કાવ્ય વગેરે સાહિત્યની વિવિધ વિદ્યાઓમાં તેમનું નોંધપાત્ર પ્રદાન છે.

મારા પીએચ.ડી.ના સંશોધનકાર્યના સંદર્ભે, શ્રી શાસ્ત્રીજીના સંસ્કૃત-સર્જનોના નિમિત્તે, તેમની સાથે બેસવાનો સહયોગ સાંપડ્યો. તેમના અભ્યાસકાળ દરમિયાન, પણ, તેમનાં સંસ્કૃત-સર્જનો, કૉલેજના 'બાહુદ્દિનીયમ્' નામે સામયિકમાં પ્રસિદ્ધ થયેલાં છે. તેમાં, તેમની નાટ્યરચનાઓ (૧) पुत्रवती (પૌરાણિક અનેકાંકી), (૨) **राज्यश्रीः** (ઐતિહાસિક અનેકાંકી) અને (૩) भातृभगिनीयम् (સામાજિક એકાંકી) મારા અધ્યયનકાળ (ઈ.સ. ૧૯૦૧ થી ઈ.સ. ૧૯૪૭)ના વ્યાપમાં આવતી હોઈને, તેમનો અભ્યાસ કરવાનો યોગ થયો : આ કૃતિઓ (તેમના નિવાસે, કૉફી-નાસ્તો લેતાં લેતાં) અમે સાથે બેસીને વાંચી; તે અંગેની ચર્ચા કરી, સૂચનો નોંધ્યાં અને તટસ્થ રીતે તેની સમીક્ષા કરી.

સરળ અને સુબોધ રીતે, વસ્તુ અને પાત્રોને વ્યક્ત કરતી આ કૃતિઓ ઉપરાંત અન્ય સંસ્કૃત-કૃતિઓ પઠનીય છે. ગોળે વીંટીને, હળવાશથી कान्तासम्मिततयोपदेशयुजे એ મમ્મટે દર્શાવેલ કાવ્ય-પ્રયોજન તેમાં ચરિતાર્થ થતું લાગે.

મારા મિત્રો, ડૉ. પી.સી. પરીખ, ડૉ. ભારતીબહેન શેલત, ડૉ. ઉમાબહેન દેવાશ્રયી, વગેરે દ્વારા, પરોક્ષે ખૂબ જ પરિચિત એવા શાસ્ત્રીજીનો પ્રત્યક્ષ પરિચય, આત્મીયતામાં પરિણમ્યો.

---

* ૩૫૪, સરસ્વતીનગર, અમદાવાદ-૧૫. ફોન : (૦૭૯) ૨૬૭૪૫૭૫૪

પૂ. પદ્મશ્રી કે.કા. શાસ્ત્રીજીની સાથે શ્રીમદ્ભાગવતની સંશોધિત આવૃત્તિ તૈયાર કરવા નિમિત્તેના તેમના વાદવિવાદ અને નિષ્કર્ષો વિશે પણ, રસપ્રદ રીતે તેઓ વાત કરતા. તટસ્થ વિવેચકની વૃત્તિ અને તટસ્થ તથા સર્વથા Critical એવો સ્પષ્ટ અભિગમ તેમનો વરતાતો.

શાસ્ત્રીજીની નાટ્યકૃતિઓની ચર્ચા કરતી વખતે, પાદટીપ (footnote) મૂકવા અંગેની મારી કેટલીક દ્વિધાઓ તેમણે દૂર કરી અને માર્ગદર્શન કર્યું. મારા પીએચ.ડી.ના ગાઇડ ડૉ. ટી.એસ. નાન્દીસાહેબને પણ એમણે કરેલો દિશા-નિર્દેશ ગમ્યો.

ગાંધીયુગની ભારે અસર નીચે, સાદાઈ, નિર્વસની જીવનરીતિ અને સુધારક વિચારવૃત્તિનો સાક્ષાત્કાર તેમનામાં જોવા મળતો.

ભાષાકીય ભેળસેળના વિરોધી તેઓ પોતાના નામમાં પણ હરિપ્રસાદ ગં. શાસ્ત્રી (હરિપ્રસાદ જી. શાસ્ત્રી એમ નહીં) લખાય, તેનો આગ્રહ રાખતા.

ગંભીર પ્રકૃતિના છતાં, સુજલ હાસ્ય વેરતા શાસ્ત્રીજી દ્વારા વ્યાકરણ - રમૂજ, વાતવાતમાં માંણવા મળી. શાળામાં શિક્ષકે પૂછ્યું - 'नरः' એ કયું વચન છે ?' શાસ્ત્રીજીએ કહ્યું - 'એકવચન અને બહુવચન પણ'. બધાને નવાઈ લાગી. એક જ પદનાં બે વચન કઈ રીતે હોઈ શકે ? તેમણે ફોડ પાડીને કહ્યું કે 'જો नर શબ્દનાં રૂપ વિચારો, તો नरः એ એકવચન અને नृ શબ્દનાં રૂપ વિચારો તો नरः એ બહુવચન.' સૌ ખુશી સાથે સમ્મત થયા.

સ્વાશ્રયના આગ્રહી એવા શાસ્ત્રીજી, પાછલી વયે પણ, ઘર માટેની નાની મોટી ખરીદી કરવા જાતે જાય. એક વાર, આવા જ કાર્ય માટે થેલી લઈને જતા તેઓ, આઝાદ સોસાયટી (તેમનો નિવાસ જ્યાં હતો તે) ના નાકે જ પડી ગયા. મોટું ટોળું જામ્યું. આગળ આવીને કોઈ તેમને સંભાળવા ન ગયું. એ સમયે મારું ત્યાંથી પસાર થવું. જિજ્ઞાસાથી, વાહન બાજુએ મૂકીને હું જોવા ગયો. શાસ્ત્રીજીને જોયા. લોહીવાળી બેભાન સ્થિતિમાં ઊંચકીને તેમને નજીકના દવાખાને લઈ ગયો. પછી ઘેર સમાચાર આપ્યા. સારવાર થયા પછી, ઘેર લઈ જવાયા. ભાનમાં આવતાં જ, તેમણે પૂછ્યું, 'મને અહીં સાચવીને કોણ લાવ્યું ?' શ્રીદેવીબહેને મારું નામ આપ્યું. શાસ્ત્રીજીએ મને પાસે બોલાવ્યો, આભાર વ્યક્ત કર્યો. કૃતજ્ઞતા અને સંબંધ-નિષ્ઠાનો આ હતો મીઠો પરિપાક.

આવી વિશિષ્ટ ગરિમા ધરાવતી, ગુજરાતની (અને સમગ્ર વિદ્વત્સમાજની) ગૌરવવંતી પ્રતિભાને સાદર પ્રણામ.

સારગ્રાહી સારસ્વત, સૌના પ્રણમ્ય અને અનુકરણીય બની જતા હોય છે.

# રાજતરંગિણી

◆

બી. એન. ગાંધી*

ભારતીય સંસ્કૃતિ અતિ પ્રાચીન છે અને એથી એનો ઈતિહાસ પણ એટલો જ પ્રાચીન હોય એ સ્વાભાવિક છે. આમ છતાં, પ્રાચીન ભારતમાં ઈતિહાસ સંબંધી સ્વતંત્ર આલેખન નહિવત્ પ્રમાણમાં થયું છે. પ્રાચીન ભારતમાં આધ્યાત્મિક મૂલ્યોને જ સવિશેષ મહત્ત્વ આપવામાં આવતું હોવાથી એ સમય દરમિયાન આધ્યાત્મિક અને ધાર્મિક સાહિત્યનું સર્જન વિપુલ પ્રમાણમાં થયું. અતઃ પ્રાચીન ભારતીય સાહિત્યમાં જીવનની વાસ્તવિક અને ભૌતિક બાબતોની ઉપેક્ષા કરવામાં આવી. પણ ભારતમાં ઈતિહાસ અંગેની સમજ અને દૃષ્ટિનો સદંતર અભાવ હતો એ કહેવું યોગ્ય નથી. 'ઐતિહાસિક સમાજના પ્રમાણની ખાતરી' કીથ કહે છે એમ 'સાહિત્યમાં અનેક તથ્યોના થયેલા ઉલ્લેખથી મળી રહે છે.' મહત્ત્વનો પ્રત્યેક રાજપરિવાર, અવશ્ય, પોતાના શાસકો/રાજાઓની વંશાવલી અને દફ્તરભંડાર રાખતો. કાશ્મીર જ ભારતનો એકમાત્ર એવો પ્રદેશ હતો કે જ્યાં મુસ્લિમ યુગ પૂર્વે ઈતિહાસલેખનની પરંપરા અસ્તિત્વમાં હતી. રાજતરંગિણી એ જ પરંપરાની ફળશ્રુતિ છે.

**રાજતરંગિણીનો કર્તા :**

પ્રાચીન ભારત ગર્વ લઈ શકે, એવી એક માત્ર ઐતિહાસિક કૃતિ રાજતરંગિણીનો કર્તા કલ્હણ હતો. તેનો જન્મ બારમી સદીના પ્રારંભમાં, સંભવતઃ ઈ.સ. ૧૧૦૦માં થયો. તેના પિતા ચંપક કાશ્મીરના લોહાર વંશના રાજા હર્ષના (૧૦૮૯-૧૧૦૧) સલાહકાર હતા. આ પરિવાર પ્રાચીન ભારતીય ઈતિહાસલેખન પરંપરામાં મહત્ત્વનું સ્થાન ધરાવનાર બ્રાહ્મણોની પરંપરા સાથે, સંભવતઃ સંબદ્ધ હતો. કલ્હણે સંસ્કૃત અને વિભિન્ન શાસ્ત્રોનો ઊંડો અભ્યાસ કર્યો હતો. તેણે મહાભારત અને રામાયણ મહાકાવ્યોનો પણ અભ્યાસ કર્યો હતો. બાણભટ્ટનું 'હર્ષચરિત' અને બિલ્હણનું 'વિક્રમાંકચરિત' એના પ્રિય ગ્રંથો હતા. તેણે કાવ્ય-સર્જનમાં અદ્ભુત પ્રાવીણ્ય મેળવ્યું હતું. મંખ નામના કવિએ એની કૃતિ 'શ્રીકંકચરિત'માં કલ્યાણ નામના લેખના કાવ્ય-કૌશલ્ય અને ઈતિહાસ પ્રેમની પ્રશંસા કરી છે. આ 'કલ્યાણ' એ કલ્હણ જ છે એવું એમ. એ. સ્ટાઈન પ્રતિપાદિત કરે છે. કલ્હણને ઈતિહાસની વિભાવનાની-'સત્યની જ માત્ર રજૂઆત'- સ્પષ્ટ સમજ હતી. તે રાજતંરગિણીમાં લખે છે, 'તે ગુણવાન કવિ પ્રશંસાને પાત્ર છે. જે રાગ-દ્વેષથી પર રહી ફક્ત સત્યના આલેખનમાં પોતાની ભાષાનો ઉપયોગ કરે છે."

**રચનાનો સમય :**

રાજતરંગિણીની રચના ક્યારે થઈ એ વિશે વિદ્વાનોમાં મતભેદ છે. કીથના મતે તેણે ૧૧૪૯માં એની રચનાનો પ્રારંભ કરી, એ કાર્ય ૧૧૫૦માં પૂર્ણ કર્યું. બાશમના મતે તેણે આ કાર્ય ૧૧૪૮-૪૯માં પૂરું કર્યું. વિભિન્ન વિદ્વાનોએ પ્રાપ્ત કરેલ પુરાવાઓના આધારે એની રચનાનો સમય ૧૧૪૮-૪૯થી ૧૧૪૯-૫૦ની મધ્યનો નિર્ધારિત કરી શકાય.

**માહિતીનાં સાધનો :**

ઐતિહાસિક કાવ્યના રૂપમાં રચિત રાજતરંગિણી માટે કલ્હણને ૧૧ વિદ્વાનોની રચનાઓ અને એના સમયમાં વિદ્યમાન 'નીલમતપુરાણ'નો અભ્યાસ કર્યો. તે ૧૧માંથી પાંચ નામોનો - સુવ્રત, ક્ષેમેન્દ્ર, પદ્મમિહિર, હેલારાજ અને છવિલ્લાકાર ઉલ્લેખ કરે છે. તેણે સાહિત્યિક સાધનો ઉપરાંત અનુશ્રુતિઓ, પરંપરાઓ, દંતકથાઓ, અભિલેખો, સિક્કાઓ અને ભૂમિદાન લેખો વગેરેમાંથી પ્રાપ્ત માહિતીનો આલેખનમાં ઉપયોગ કર્યો છે.

---

* ૧૫૧, પ્રભાકુંજ સોસાયટી, શ્રીમાળી વાડી પાસે, ગોધરા. મો. ૯૮૨૫૪૨૨૩૦૧

સાહિત્યિક સાધનોમાંથી પ્રાપ્ત માહિતીની ચકાસણી માટે તેણે મૌલિક સાધન - અભિલેખોનો ઉપયોગ કર્યો છે. આલેખનમાં ઇતિહાસના તર્કસંગત સાધનના રૂપમાં અભિલેખોનો ઉપયોગ, નિઃસંદેહ, કલ્હણનો એક અભિનવ પ્રયોગ હતો. તે નિશ્ચિતરૂપે ઇતિહાસલેખનવિદ્યામાં એક ક્રાંતિકારી પગલું હતું તેમજ તે પ્રગતિનું સૂચક સુદ્ધાં હતું.

**રાજતરંગિણીનું વર્ગીકરણ :**

તે એક ઐતિહાસિક કૃતિ તરીકે ફક્ત રાજકીય ઇતિહાસ સુધી જ મર્યાદિત નથી. તે વિવિધ પ્રકારની વિષય-વસ્તુઓથી સંબંધિત કૃતિ સુદ્ધાં છે. રાજદરબારની સંસ્કૃત ભાષામાં કરેલા આલેખનમાં, તેણે અલંકારોનો સારા એવા પ્રમાણમાં ઉપયોગ કર્યો છે. કેટલીક વાર કાલ્પનિક બાબતોનું પણ નિરૂપણ કર્યું છે. આમ છતાં, આલેખનની શૈલી મહદંશે સરળ અને સાદી છે.

રાજતરંગિણી (The River of Kings) માં ઉચ્ચ પ્રકારની સંસ્કારી ભાષામાં લખાયેલા ૮૦૦૦ શ્લોકોમાં પ્રારંભથી કલ્હણના સમય સુધીના કાશ્મીરના ઇતિહાસનું આલેખન કરવામાં આવ્યું છે. તેણે પોતાની આ રચનાને ૮ તરંગો (સર્ગો)માં વિભક્ત કરી છે. પ્રત્યેક તરંગમાં શ્લોકોની સંખ્યા જુદી જુદી છે. સહુથી ઓછી સંખ્યા બીજા તરંગની - ૧૭૧ શ્લોકોની છે. સહુથી વધુ સંખ્યા ૩૪૪૯ શ્લોકોની અંતિમ તરંગ ૮ની છે.

ઐતિહાસિક વિષયવસ્તુના આધારે એ.એલ.બાશમ આ ૮ તરંગોનું વર્ગીકરણ ૩ વિભાગોમાં કરે છે. પ્રથમ વિભાગમાં તરંગ ૧થી ૩નો સમાવેશ કરેલ છે. આમાં કરવામાં આવેલ આલેખન પરંપરાઓ, અનુશ્રુતિઓ અને દંતકથાઓ (myths) ની માહિતી પર આધારિત છે. આમાં ત્રણ હજારથી વધુ વર્ષોનું નિરૂપણ છે. પ્રથમ તરંગમાં કાશ્મીરના અજ્ઞાત રહેલ બાવન રાજાઓ અને એમના ઉત્તરાધિકારી ગોનંદીયા વંશનું આલેખન છે. બીજા તરંગમાં વિભિન્ન રાજવંશોના અને ત્રીજા તરંગમાં પુનઃ સ્થાપિત ગોનંદીયા વંશના ઇતિહાસનું આલેખન છે.

બીજા વિભાગમાં તરંગ ૪થી ૬નો સમાવેશ કરેલ છે. આમાં કરેલ નિરૂપણ પૂર્વકાલીન કવિઓ કે જેઓ ઘટનાઓના સમકાલીન કે લગભગ સમકાલીન હતા, તેઓની કૃતિઓ પર આધારિત છે. ચોથા તરંગમાં કારકોટ વંશનો, પાંચમા ઉત્પલ રાજવંશનો અને છઠ્ઠા તરંગમાં યશસ્કર અને પૂર્વગુપ્ત વંશનો ઇતિહાસ આપ્યો છે.

ત્રીજા વિભાગમાં તરંગ સાત અને આઠનો સમાવેશ કર્યો છે. સાતમા તરંગમાં પ્રથમ લોહારા વંશનો અને આઠમાં દ્વિતીય લોહારા વંશના ઇતિહાસનું નિરૂપણ કરેલ છે, જે કલ્હણની વ્યક્તિગત માહિતી તેમજ ઘટનાઓના સાક્ષી કે અન્ય વ્યક્તિઓ પાસેથી મેળવેલ અહેવાલો પર આધારિત છે. આ બંને તરંગો રાજતરંગિણીના રચિયતાના સમકાલીન સમયથી સંબંધિત છે. આમાં રાજપરિવારની વિગતો, પ્રશાસકીય અધિકારીઓની નિમણૂકો, રાજ્ય દરબારનાં ષડ્યંત્રો અને કૌભાંડો વગેરેની માહિતી આપી છે.

કલ્હણની આ કૃતિમાંથી રાજકીય માહિતી ઉપરાંત ધાર્મિક, સામાજિક પરિસ્થિતિ તેમજ કલા-સાહિત્ય વગેરેની માહિતી પણ પ્રાપ્ત તાય છે.

**રાજકીય માહિતી :**

રાજતરંગિણીના પ્રારંભિક શ્લોકોથી એ સ્પષ્ટ થાય છે કે અગાઉના લેખકો પોતાની વિષયવસ્તુનું નિરૂપણ કેવી રીતે કરતા. તેઓએ કાલાનુક્રમથી શરૂઆત કરવા માટે કાશ્મીરના પ્રાચીન રાજાઓ કૌરવો અને પાંડવોના સમકાલીન હતા એવી સંદિગ્ધ અનુશ્રુતિ પર આધાર રાખ્યો હતો. વારાહમિહીરની બહ્રતસંહિતાના આધારે રાજતરંગિણીમાં કહેવામાં આવ્યું છે કે કલિયુગના ૬૫૩મા વર્ષે યુધિષ્ઠિરના થયેલ રાજ્યાભિષેકના વર્ષમાં કાશ્મીરનો પ્રથમ રાજા ગાદીએ આવ્યો. ગોનંદાએ મથુરામાં કૃષ્ણ પર આક્રમણ કર્યું. કૃષ્ણના ભાઈ બલભદ્રના હાથે એનું મૃત્યુ થયું. ગોનંદા પછીના ત્રણ રાજાઓનાં નામોનો ઉલ્લેખ રાજતરંગિણી કરે છે. આ પછીના ૩૫+૧૩ રાજાઓ અજ્ઞાત હોવાનું જણાવે છે. આ રાજાઓએ કાશ્મીર પર ૨૨૬૮ વર્ષો સુધી રાજ્ય કર્યાનું તે જણાવે છે. કીથના મતે

ભારતની વીરતાપૂર્ણ દંતકથાઓમાં કાશ્મીરને સ્થાન અપાવવાના આશયથી આ રાજવીઓને ઉપજાવી કાઢવામાં આવ્યા હતા. કલ્હણે પ્રથમ ચાર રાજાઓ કાશ્મીરની પ્રાચીન પરંપરાગત દંતકથાનું આલેખન કરતી પણ બિન-ઐતિહાસિક સ્વરૂપ ધરાવતી કૃતિ નીલમતમાંથી લીધા છે. લેખકનો સ્પષ્ટ હેતુ કાશ્મીરને મહિમાન્વિત કરવાનો અને એના પ્રાચીન ઇતિહાસને મહાભારતની દંતકથાઓ સાથે સંબંદ્ધ કરવાનો છે. બીજા તરંગના એક શ્લોકમાં તે રણાદિત્યે ૩૦૦ વર્ષ સુધી રાજ્ય કરવાનું જણાવે છે. આવા વાહિયાત ઉલ્લેખની બાશમ ઉગ્ર ટીકા કરે છે.

મૌર્ય સમ્રાટ અશોક અને એના પુત્ર જાલોકના સમયમાં કાશ્મીર મૌર્ય સામ્રાજ્ય હેઠળ હતું. કનિષ્ક અને કુશાનોએ અહીંયાં રાજ્ય કર્યું હતું. રાજતરંગિણીના જણાવ્યા મુજબ કારકોટ વંશના શક્તિશાળી રાજા લલિતાદિત્યે (ઈ.સ. ૭૨૪-૭૬૦) અવંતિથી કર્ણાટક સુધીના પ્રદેશ પર વિજયો મેળવ્યા હતા. ઉત્પલ વંશના સ્થાપક અવંતિ વર્મને પોતાના મુખ્યમંત્રીની સહાયથી કારકોટોની અરાજકતાનો અંત આણ્યો હતો. ૯૩૯માં શૂરવર્મન બીજા સાથે આ રાજવંશનો અંત આવ્યો. યશસ્કરે પર્વગુપ્તની સલાહ મુજબ પોતાના પુત્ર સમગ્રામદેવને ઉત્તરાધિકારી ઘોષિત કર્યો. એની હત્યા કરી પર્વગુપ્તે ગાદી પચાવી પાડી. એના મૃત્યુ (૯૫૦)બાદ એનો પુત્ર ક્ષેમગુપ્ત રાજા બન્યો. તેણે લોહારવંશી સિંહરાજની પુત્રી દિદ્ધ સાથે લગ્ન કર્યું. ૯૫૮માં ક્ષેમગુપ્તના મૃત્યુ બાદ તે પુત્ર અભિમન્યુની સંરક્ષિકા બની. તે ખૂબ જ મહત્ત્વાકાંક્ષી હતી. ૯૮૦માં તે સ્વયં સિંહાસનરૂઢ થઈ અને ૧૦૦૩ સુધી સફળતાપૂર્વક શાસન કર્યું. મૃત્યુ પૂર્વે તેણે પોતાના ભાઈ વિગ્રહરાજના પુત્ર સંગ્રામરાજને કાશ્મીરનું રાજ્ય આપ્યું. સંગ્રામે ૧૦૦૩થી ૧૦૨૮ સુધી રાજ્ય કર્યું. ૧૦૮૯થી ૧૧૦૧ સુધી લોહારવંશી શ્રી હર્ષે રાજ્ય કર્યું. તેણે પોતાના અંગરક્ષકો તરીકે તુર્ક સૈનિકોને રાખ્યા. પરિણામે મુસ્લિમો પ્રથમ વખત કાશ્મીર ખીણમાં પહોંચ્યાં. ૧૧૭૨માં વંતિદેવના મૃત્યુ સાથે લોહારવંશનો પણ અંત આવ્યો.

કાશ્મીરમાં વિકસિત થયેલા પ્રશાસકીય સંસ્થાઓની માહિતી રાજતરંગિણીમાં પ્રાપ્ત થાય છે. જાલોક પૂર્વે પ્રશાસન માટે સાત અધિકારીઓ - ધર્માધ્યક્ષ (ન્યાય), ધનાધ્યક્ષ (મહેસૂલ), કોષાધ્યક્ષ, સેનાપતિ, દૂત, પુરોહિત અને દેવેજ્ઞ (જ્યોતિષ)હતા. પરંપરા મુજબ જાલોકે ૧૮ પદ ઊભાં કર્યાં હતાં, જેમાં લલિતાદિત્યે પાંચનો (મહાપ્રતિહાર, મહાસંધિવિગ્રહક વગેરે) ઉમેરો કર્યો. રાજતરંગિણીએ આપેલ માહિતીથી એ સ્પષ્ટ થાય છે કે સમયાંતરે નવાં પદો અસ્તિત્વમાં આવ્યાં હતાં. દા.ત. દંડનાયક, પ્રતિહાર, મંડલેશા (ગવર્નર), સર્વાધિકારીન (પ્રધાન મંત્રી).

તરંગ ચારમાં, જયાપીડનના શાસનકાલમાં મહેસૂલ વસૂલ કરવા માટે કરવામાં આવતા દમનનો ઉલ્લેખ છે - ત્રણ વર્ષનો સંપૂર્ણ પાક લઈ લેવામાં આવતો અને બ્રાહ્મણોના અગ્રહાર ખાલસા કરવામાં આવતા. રાજા કલસે (૧૦૬૩-૧૦૮૯)સંતાન વિના મૃત્યુ પામનારાઓની મિલકતો જપ્ત કરી હતી. તેણે મંદિરોની સંપત્તિ લૂંટી હતી. રાજા હર્ષે પણ મંદિરોની સંપત્તિ લૂંટી હતી અને દેવતાઓની પ્રતિમાઓ નષ્ટ કરી હતી. તેણે પ્રજા પર વિવિધ પ્રકારના કર નાંખી વિપુલ પ્રમાણમાં ધન એકત્રિત કર્યું હતું.

રાજતરંગિણીમાં સહુથી વધુ આશ્ચર્યજનક બાબત એ છે કે એમાં લશ્કરી હિલચાલનું ચોક્કસ વિગતવાર વર્ણન કરવામાં આવ્યું છે. કલ્હણે લશ્કરી કૂચ, યુદ્ધો અને ઘેરાઓ (sieges)ની વિગતો એક સાચા લશ્કરી ઇતિહાસકારની જેમ આપી છે. દા.ત. હર્ષના સમયમાં પહાડી રાજ્ય રાજાપુરી પર કરવામાં આવેલા આક્રમણ વખતે અષાઢ મહિનાની ગરમીના ભયના કારણે શાહી સેનાએ કૂચ કરતી વખતે માર્ગમાં કરેલ વિલંબની કાળજીપૂર્વક નોંધ લે છે. ૧૧૨૨માં વિદ્રોહીઓએ શ્રીનગરને નાખેલ ઘેરાની તે વિગતે અહેવાલ આપે છે.

કાશ્મીર રાજ્યના વિદેશ સાથેના સંબંધોની મૂલ્યવાન માહિતી તે આપે છે. દા.ત. લલિતાદિત્યના સમયમાં કાશ્મીરની સત્તા સર્વોચ્ચ સ્થાન પર હતી. તેણે તિબેટની શક્તિશાળી સત્તાની ધમકીઓ/ત્રાસનું સેનાની મદદથી તેમજ મુત્સદ્દીગીરીથી દમન કર્યું હતું. પંજાબ જવાના સીધા માર્ગ પર આવેલ રાજપુરી (અત્યારનું રાજૌરી) સાથે કાશ્મીરના નિકટના સંબંધો હતા.

રાજ્યના સૈનિકદળો દ્વારા કાશ્મીરમાં સત્તા પચાવી પાડવાની ઘટનાઓનો ઉલ્લેખ રાજતરંગિણી કરે છે. ૯૦૪-૯૩૬ દરમિયાન તાંત્રીન સૈનિકોના સંગઠન દ્વારા 'ગામના અધિકારીઓની જેમ' રાજાઓને ઉઠાડી મૂકવામાં આવતા હતા. આની નોંધ લઈ, રાજતરંગિણીમાં કહેવામાં આવ્યું છે, 'આ પ્રદેશના રાજાઓ, જેઓએ કન્યાકુબ્જ અને અન્ય દેશો જીત્યા હતા, તેઓ હવે પોતાના સ્થાનને ટકાવી રાખવા તાંત્રીઓને લાંચ આપે છે." ૯૫૮માં ક્ષેમગુપ્તના મૃત્યુ બાદ રાજભવન ષડ્યંત્રોનું શિકાર બન્યું હતું.

રાજતરંગિણીમાં રાજાઓ, રાણીઓ અને મંત્રીઓ વગેરેના આપેલાં રેખાચિત્રો નોંધપાત્ર છે. દા.ત. તે ઉત્પલવંશના સ્થાપક અવંતિવર્મનને પ્રજા પ્રત્યે ઉદાર વલણ રાખનાર રાજવી તરીકે પ્રસ્તુત કરે છે. તે નોંધે છે કે અવંતિવર્મનના ઉત્તરાધિકારી શંકરવર્મને પ્રારંભમાં એક વિજેતા અને ભવન-નિર્માતા તરીકે ખ્યાતિ પ્રાપ્ત કરી હતી. પણ પછી તે પ્રજા માટે દમનકારી શાસક સાબિત થયો હતો. તુર્કોને હરાવનાર ચક્રવર્મને એક ચાંડાલ સ્ત્રીને પટરાણી બનાવી હતી અને તેના સંબંધીઓ અને અનુયાયીઓને મંત્રીઓ બનાવી તેમજ તેમના પર મહેરબાની (પક્ષપાત) કરી તે બદનામ થયો હતો. પોતાના સમકાલીન જયસિંહના ચરિત્ર વિશે કલ્હણ સ્પષ્ટ જણાવે છે કે તેનામાં સદગુણો અને ખામીઓનું મિશ્રણ હતું અને એ ભૂલવું ઉચિત ન હતું કે પ્રથમનું પ્રમાણ બીજા કરતાં વધુ હતું. જયસિંહનો વધ કરવાનો ઇન્કાર કરનાર સંજપાલે પોતાના સ્વામી પ્રત્યે વફાદારી બતાવતાં કહ્યું કે, 'રાજ્યની બાબતોમાં હું મારા કૌટુંબિક સંબંધો લક્ષમાં લેતો નથી. મારી પ્રતિબદ્ધતા મારા સ્વામી પ્રત્યે છે, જેની સેવામાં હું મારા જીવનને ઘાસ (તુચ્છ) સમાન ગણું છું.'

કાશ્મીરમાં ગેરવહીવટના કારણે ડામર સામંતો શક્તિશાળી બન્યા હતા. અવંતિવર્મનના સમયમાં તેઓએ મંદિરોની સંપત્તિ લૂંટી હતી. રાજતરંગિણીમાંથી એ સ્પષ્ટ થાય છે કે ૧૦૦૩માં લોહાર વંશ સત્તા પર આવ્યો ત્યાં સુધીમાં તેઓએ રાજસત્તાને ભયરૂપ બની શકે એટલો સૈનિક અને રાજકીય પ્રભાવ સ્થાપિત કરી દીધો હતો. તેઓને નાબૂદ કરવાનો પ્રયાસ કરનાર હર્ષને પોતાનું સિંહાસન તેમજ જિંદગી ગુમાવવાં પડ્યાં હતાં. આ સંબંધમાં રાજતરંગિણીમાં કહેવામાં આવ્યું છે કે રાજા એટલો શક્તિશાળી હોવો જોઈએ કે જેથી સમાજનાં વિવિધ તત્ત્વોને નિયંત્રણમાં રાખી શકે. તેણે તકેદારી રાખવી જોઈએ કે કોઈ પણ ગામ સંપત્તિ ભેગી ન કરી શકે કેમ કે સંપત્તિ રાજકીય વિદ્રોહને પ્રેરણા આપે છે. જમીનમાલિકોની આર્થિક તાકાતે જ તેઓને રાજાને પડકારી શકાય એટલા શક્તિશાળી બનાવ્યા છે. કીથ લખે છે કે કાશ્મીરમાં કેવી રીતે શાસન કરવું જોઈએ તે અંગેના વિચારો રાજતરંગિણીના લલિતાદિત્યના મુખેથી વ્યક્ત કર્યા છે અને તે મહદંશે કૌટિલ્યના વિચારો જેવા જ છે.

**સામાજિક-ધાર્મિક પરિસ્થિતિ :**

રાજતરંગિણી રાજાઓ અને દાતાઓ દ્વારા સ્થાપિત વિવિધ પ્રકારની ધર્માદા સંસ્થાઓનો ઉલ્લેખ કરે છે. દા.ત. રાજા નરેન્દ્રાત્યે બ્રાહ્મણના ભોજન માટે કાયમી ભંડોળ 'અક્ષયિની', અને રણાદિત્યે માંદા લોકો માટે એક આરોગ્યશાળા (દવાખાના)ની સ્થાપના કરી હતી. એક કાયસ્થે અકાળ પીડિતોને ભોજન આપવા માટે એક કાયમી ભંડોળ સ્થાપિત કર્યું હતું. રાજાઓ અગ્રહાર અને મઠોને અનુદાન આપતા હોવાનો તે નિર્દેશ કરે છે. રાજા યશસ્કરે આર્યદેશના વિદ્યાર્થીઓ માટે એક મઠની સ્થાપના કરી હતી.

રાજાઓ દ્વારા હજારો નિર્દોષ લોકોની કરવામાં આવતી હત્યાઓનો તે ઉલ્લેખ કરે છે. રાજતરંગિણી કાશ્મીરમાં બૌદ્ધો પર શૈવ-ધર્મી રાજા દ્વારા ગુજારવામાં આવેલા જુલ્મો અને અનેક વિહારના કરવામાં આવેલા વિનાશની નોંધ લે છે. આ રાજાને પશ્ચાત્તાપ થતાં તેણે બૌદ્ધ સાધુઓ માટે એક નવીન મઠનું નિર્માણ કરાવ્યું હતું. તે રાજાઓ અને મંત્રીઓ દ્વારા સ્થાપિત ધાર્મિક સંસ્થાઓનો ઉલ્લેખ કરે છે. દા.ત., 'નિર્દયી રાક્ષસ' મિહીરકુળે શૈવ તીર્થની કરેલી સ્થાપનાની અને ગાંધારના બ્રાહ્મણોને દાનમાં આવેલા અગ્રહારની. સંપત્તિ લૂંટી ધાર્મિક કાર્ય કરનારની તે આકરી ટીકા કરે છે. જેમ કે પ્રસિદ્ધ બૌદ્ધ વિહારો અને અવનતિ પામેલાં મંદિરોના ધનથી શિવ મંદિર બંધાવનાર ક્ષેમગુપ્તની.

દાનને એક ધાર્મિક કાર્ય માનવામાં આવતું. પ્રત્યેક વ્યક્તિ પોતાની ઇચ્છા અને શક્તિ મુજબ સોનું અને અનાજ દાનમાં આપતી. દાનની ઇચ્છિત ફળપ્રાપ્ત થાય છે એવું લોકો માનતા હતા. બ્રાહ્મણોને અગ્રહાર-ગામ દાનમાં આપવામાં આવતાં હતાં. લલિતાદિત્યે શંકર ભગવાનને એક કરોડ સુવર્ણમુદ્રાઓ અર્પણ કરી હતી. તેણે સૂર્ય, વિષ્ણુ અને બૌદ્ધ ધર્મના અનુયાયીઓને દાન આપ્યાં હતાં. તેણે 'સહસ્ત્ર ભક્ત' નામના ઉત્સવનો પ્રારંભ કર્યો. આ ઉત્સવ વખતે બ્રાહ્મણોને ચોખા અને દક્ષિણા આપવામાં આવતાં. બ્રાહ્મણોની આજીવિકાનું સાધન ધાર્મિક કાર્યો અને પુણ્ય કાર્ય કરાવવાથી પ્રાપ્ત થતી આવક હતું. સંકટકાલીન પરિસ્થિતિઓમાં તેઓને પણ શસ્ત્રો ધારણ કરવાની અનુમતિ હતી.

લોકોને નાગ અને વૃક્ષ પૂજામાં વિશ્વાસ હતો. ધર્મવ્યવસ્થામાં નવગ્રહોની શાંતિ માટેની વિધિ હતી. પ્રતિદિન સહસ્ત્રલિંગ બનાવી એની પૂજા કરવાની પ્રથા અસ્તિત્વમાં હતી. જીવનથી પરિશ્રાંત વ્યક્તિ ગંગામાં પ્રાણ-વિસર્જન કરવાને પુણ્ય માનતા હતા. ભગાસન પર બેસી, મહાભૈરવનું ધ્યાન કરવાથી નિર્વાણ પ્રાપ્ત કરી શકાય એવી માન્યતા પ્રચલિત હતી. ડાકણ, પિશાચ, વેતાલ, ભૂત-પ્રેત અને યોગિની વગેરેના અસ્તિત્વમાં લોકો માનતા હતા. શિવ-પૂજા પ્રચલિત હતી. જેઠેશ્વર, વિજયેશ્વર, ભૂતેશ્વર, અમૃતેશ્વર અને વર્ધમાનેશ્વર વગેરે નામોથી શિવની ઉપાસના કરવામાં આવતી હતી.

**કલા અને સાહિત્ય :**

સમ્રાટ અશોકે શ્રીનગર વસાવી ત્યાં અનેક સ્તૂપોનું નિર્માણ કરાવ્યું હતું. કારકોટવંશી લલિતાદિત્યે આકાશવ્યાપી બુદ્ધની કાંસાની મૂર્તિ તેમજ જેઠેશ્વર રૂદ્રના પાષાણ મંદિરનું નિર્માણ કરાવ્યું હતું. તેણે મગધથી એક બુદ્ધપ્રતિમા લાવી એક વિહારમાં સ્થાપિત કરાવી હતી. કાશ્મીરમાં શિવની 'કાષ્ઠરૂપ મુલાપતિ'માં મૂર્તિઓ બનાવવામાં આવતી હતી. કાશ્મીરમાં નદીઓના કિનારે અનેક બૌદ્ધ વિહારો હતા. લલિતાદિત્યના મિત્ર અમાત્ય મિત્રવર્માએ પોતાના નામ પર મિત્રેશ્વર શિવમૂર્તિની સ્થાપના કરી હતી.

એક અનુશ્રુતિ મુજબ અભિમન્યુ પ્રથમ (લુપ્ત રાજાઓમાંનો એક)ના શાસન દરમિયાન અગાઉ શિક્ષકો અને ગ્રંથોના અભાવમાં સ્થગિત થયેલા મહાભાષ્યના અધ્યયને ફરીથી ચંદ્રાચાર્ય (ચંદ્રગોમીન) અને અન્યો દ્વારા પ્રચલિત કરવામાં આવ્યું. પ્રા. પિટરસન આ બાબતનો અસ્વીકાર એ તર્કના આધારે કરે છે કે રાજતરંગિણી જેમાં એનો ઉલ્લેખ છે એ અસંભાવનાઓથી પૂર્ણ (Full of improbalities) છે. આર.જી. ભંડારના મતે રાજતરંગિણી જેવી ઐતિહાસિક કૃતિમાં ઉલ્લેખિત બાબત અસંભવિત ન હોય અને તે વધુ પ્રમાણભૂત પુરાવા પર આધારિત હોય તો એનો સ્વીકાર કરવો જ જોઈએ. તે વધુમાં કહે છે કે જો આપણે પ્રા. પીટરસને પ્રતિપાદિત કરેલ સિદ્ધાંતને માન્ય રાખીએ તો આ કૃતિમાં ઉલ્લેખિત તમામ તથ્યો/બાબતોને અભિલેખો અને સિક્કાઓ વગેરેના આધારે કલ્હણે રાજતરંગિણીમાં કુશાન વંશના રાજાઓની આપેલી માહિતી સુદ્ધાંનો અસ્વીકાર કરવો પડે. રાજતરંગિણીમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે ઈ.સ. ૭૫૫થી ૭૮૬ દરમિયાન શાસન કરનાર રાજા જયાપીડના સમયમાં મહાભાષ્યનું અધ્યયન પુનઃ શરૂ કરવામાં આવ્યું. શ્લોકમાં 'વિચ્છિન્ન' શબ્દનો ઉપયોગ એ સૂચવે છે કે મહાભાષ્યનો સ્થગતિ થયેલ અભ્યાસ ચંદ્રાચાર્યે શરૂ કર્યા પછી એ ફરીથી સ્થગતિ થયો હતો. ભારતના અન્ય પ્રદેશોમાંથી પંડિતોને કાશ્મીરમાં લાવી, જયાપીડે એ પુનઃ શરૂ કરાવ્યો હતો. પોતે રજૂ કરેલ વિવિધ અનુમાનો માટે પિટરસન કોઈ આધાર આપતા નથી. ભંડારકરની દૃષ્ટિએ તે ઇચ્છાનુસાર ઇતિહાસ તૈયાર કરવાની અને નહિ કે અર્થઘટન રજૂ કરવાની પ્રક્રિયા છે. ભંડારકર અન્ય સાધનોમાંથી પુરાવાઓ રજૂ કરી, ભારપૂર્વક કહે છે કે કલ્હણે રાજતરંગિણીમાં આપેલા માહિતીનો સ્વીકાર કરવો જ જોઈએ.

રાજા હર્ષે વસ્ત્રો અને આભૂષણની લાલિત્યપૂર્ણ (ખુબસુરત) ડિઝાઈન વપરાશમાં મૂકી હતી. ચંડક નામના લેખકે શીર્ષક વગરના એક નોંધપાત્ર નાટકની રચના કરી હતી. ઐતિહાસિક યુગના રાજા લલિતાદિત્યનો પૌત્ર રાજા જયાપીડ પ્રથમ પણ કાવ્યપ્રેમી હતો. તે પોતાની વિદ્વત્તા માટે નામાંકિત હતો. તેણે વ્યાકરણાચાર્ય ક્ષીર,

'કુટ્ટાનીમત'ના કર્તા દામોદર ગુપ્ત અને અલંકારશાસ્ત્રના લેખક ઉદય ભટ્ટને રાજ્યાશ્રય આપ્યો હતો. રાજા અવંતિવર્મને પ્રસિદ્ધ કૃતિ 'ધ્વન્યાલોક'ના લેખક આનંદવર્ધન તેમજ 'હરવિજય'ના રચયિતા રત્નાકરને આશ્રય આપ્યો હતો. હર્ષ પોતાના રાજ્ય-અમલના ભવ્ય સમય દરમિયાન વિદ્વાનો માટે એક ઉદાર આશ્રયદાતા હતો. એના સમકાલીન ચાલુક્ય રાજા વિક્રમાદિત્ય ૬ના અત્યાધિક કૃપાપાત્ર કાશ્મીરી કવિ બિલ્હણને પોતાની અસાધારણ જાહોજલાલી સુદ્ધાં છેતરામણી લાગી હતી. કાશ્મીર સંસ્કૃતના અધ્યયન, સૌંદર્ય અને શારદા મંદિર માટે અત્યંત વિખ્યાત હતું. ભારતના દૂર પ્રદેશોમાંથી લોકો અહીંયાં યાત્રાએ આવતા.

**મૂલ્યાંકન :**

કલ્હણ પોતાને એક ઇતિહાસકાર કે વૃત્તાંતકાર માનવાના બદલે એક કવિ માનતો હતો. તેનો ઉદ્દેશ્ય રાજતરંગિણીની રચના દ્વારા વિરોધાભાસી અનુશ્રુતિઓમાંથી સત્ય તારવીને કાશ્મીરના પ્રાચીન રાજાઓના સમયમાં બનેલ અનેકવિધ ઘટનાઓને ઉજાગર કરવાનો હતો. આમાંથી, બાશમ કહે છે કે તેમ એ ફલિત થાય છે કે એનામાં ઐતિહાસિક સત્ય વિશે કેટલીક સમજ હતી. વધુમાં એનો હેતુ મનોરંજન અને નૈતિક બોધપાઠ પણ આપવાનો હતો. લોકો પોતાની અતીતમાં થયેલ ભૂલોમાંથી બોધપાઠ લે માટે તેણે અતીતની ઘટનાઓ અને પરિસ્થિતિઓનું વિશ્લેષણ કરવું પડ્યું. આ વિશ્લેષણના કારણે જ રાજતરંગિણી ભારતની અન્ય કૃતિઓ કરતાં વિશિષ્ટ છે.

કલ્હણ ધાર્મિક વૃત્તિ ધરાવનાર બ્રાહ્મણ હોવાથી એનું ઇતિહાસ પ્રત્યેનું વલણ રૂઢિચુસ્ત રહ્યું. તે ફક્ત શાસ્ત્રોના સ્થાપિત નિયમોના આધારે વ્યક્તિગત કાર્યોની આલોચના કે મૂલ્યાંકન કરે છે. દા.ત. તે લખે છે કે લલિતાદિત્યને પ્રાપ્ત મહાન સફળતાઓ, તેને પૂર્વજન્મમાં બ્રાહ્મણોને આપેલ દાનને આભારી હતી. તેને ભાગ્યમાં વિશ્વાસ હતો. ભાગ્યના પરિબળના કારણે જ હર્ષે શાણપણ અને નીતિની ઉપેક્ષા કરી હતી. કલ્હણ, હર્ષની કૃપા મેળવનારાઓએ એના પ્રત્યે દાખવેલ કૃતઘ્નતા માટે ભાગ્યને દોષી ઠેરાવે છે. તેના પિતા હર્ષના વિશ્વાસુ મંત્રી રહ્યા હોવા છતાં તે આ 'ભારતીય નીરો'ની અત્યધિક નિર્દયતાની રાજતરંગિણીમાં ઉપેક્ષા કરતો નથી. તે લખે છે કે હર્ષના હત્યારાઓ અધર્મીઓ હતા. આ રાજ્યહત્યાના પાપને કારણે કાશ્મીરને કુદરતી આપત્તિઓ-ધરતીકંપ અને કમોસમી વરસાદ-સહન કરવા પડ્યાં હતાં.

કલ્હણ એક તાલીમબદ્ધ તપાસકર્તાનો દાવો કરતો નથી. ઉત્પલ રાજવંશની સત્તાની સ્થાપના સુધીના સમય માટે તેની પાસે કોઈ પ્રમાણભૂત સાધનો ન હતાં. સાતમી સદી સુધીનો રાજતરંગિણીમાં આલેખિત ઇતિહાસ અનુશ્રુતિઓ તથા દંતકથાઓ પર આધારિત હોવાથી એને પૂર્ણતઃ પ્રમાણભૂત ઇતિહાસ ગણી શકાય નહીં. સાતમી સદી પછીના કાશ્મીરના ઇતિહાસનું આલેખન સમકાલીન સાધનો, અભિલેખો, કલ્હણની વ્યક્તિગત માહિતી, ઘટનાઓના સાક્ષીઓ વગેરે પાસેથી પ્રાપ્ત માહિતી પર આધારિત છે. કલ્હણે આ આલેખન/નિરૂપણ અત્યંત તટસ્થભાવે કર્યું છે. આથી રાજતરંગિણી એ 'સમય'ના ઇતિહાસ આલેખન માટેનું પ્રથમ કક્ષાનું સાધન છે.

કલ્હણ ઘટનાઓના વર્ષ આપવામાં સતર્ક રહ્યો નથી. એની કાલગણના વાહિયાત અને આશ્ચર્ય ઉપજાવે તેવી છે. એની કાલગણના મુજબ અશોકનો સમય ઈ.સ. પૂ. ૧૧૮૨નો અને કનિષ્કનો ઈ.સ. પૂ. ૭૦૪-૬૩૪નો હતો. આ ક્ષતિનું કારણ તેણે બિન-ઐતિહાસિક સાધનો પર આધાર રાખવો પડ્યો એ હોઈ શકે. રાજતરંગિણીમાં આલેખિત પ્રાચીન સમય માટે આપેલ કાલાનુક્રમને પ્રમાણભૂત-વિશ્વસનીય માની શકાય નહિ.

સમકાલીન સમયના આલેખનમાં તે વિભિન્ન શાસનના પ્રારંભના અને અંતિમ વર્ષનો ઉલ્લેખ કરે છે. પણ પ્રમુખ ઘટનાઓ માટેના વર્ષોનો નિર્દેશ કરતો નથી. આ ઇતિહાસનું નિરૂપણ કોઈ પણ પ્રકારના પૂર્વગ્રહથી પર રહીને, સાધનોનું અન્વેષણ તથા પરીક્ષણ બાદ તટસ્થ રીતે કરવામાં આવ્યું હોવાથી આપેલા કાલાનુક્રમને મહદંશે પ્રમાણભૂત ગણવા જોઈએ.

કલ્હણમાં પ્રદેશવાદની કટ્ટર ભાવના હોવાથી તેની દૃષ્ટિ પોતાના પ્રદેશની મર્યાદિત સીમાઓ અને તેની

એકલતાના કારણે ધૂંધળી રહી હતી. આથી, રાજતરંગિણીમાં કાશ્મીરના અન્ય પ્રદેશોના સાથેના સંબંધો વિશે કોઈ વસ્તુનિષ્ઠ આલેખન પ્રાપ્ત થતું નથી. દા.ત. તે તમામ પ્રમુખ ભારતીય શાસકોને કાશ્મીરના શાસકના રૂપમાં ચિત્રિત કરે છે. બધાં મહાન કાર્યોનો, ભારત તથા સિલોન (શ્રીલંકા)ના વિજયોનો શ્રેય કાશ્મીરના રાજાઓને આપે છે.

કાશ્મીરમાં સદીઓથી ઐતિહાસિક કાવ્યો લખવાની વિકસિત થયેલી પરંપરામાં કલ્હણની રાજતરંગિણી પૂર્વે ક્ષેમેન્દ્રની 'નૃપાવલી', હેલરાજની 'પાર્થિવાવલી' અને 'અગિયાર રાજકથાઓ' પ્રમુખ રચનાઓ હતી, પણ આમાં રાજતરંગિણીનું વિશેષ મહત્ત્વ છે. તે પ્રાદેશિક ઇતિહાસની સર્વ પ્રથમ અને સર્વશ્રેષ્ઠ રચના છે. એના આલેખનમાં કેટલીક ઉણપો હોવા છતાં તે મહદંશે ઇતિહાસની ભાવનાને અનુરૂપ છે. રાગ-દ્વેષથી પર રહી, સમાલોચક દૃષ્ટિથી, સત્ય અને નિષ્પક્ષતાના ઉમદા આદર્શોથી રચવામાં આવેલ રાજતરંગિણીનો રચયિતા કલ્હણ પ્રારંભના મધ્યયુગીન ભારતનો એક પ્રણાલિકાગત ઇતિહાસકાર હતો.

કલ્હણની એક ઇતિહાસકાર તરીકેની પ્રતિભા તેમજ ઐતિહાસિક નિષ્પક્ષતાથી વિશિષ્ટતાને ઉજાગર કરતી રાજતરંગિણી પ્રાદેશિક ઇતિહાસની, નિ:સંદેહ એક અજોડ તથા અનન્ય કૃતિ છે.

## Select Bibliograihy


- Basham, A.L. Studies in Indian History and Culture, Sambodhi, Culcutta, 1964
- Keith, A.B. History of Sanskrit Literature, OUP, Delhi, 1973
- Pagare, S. પૂર્વ-મધ્યયુગીન ધાર્મિક આસ્થાયેં: એક ઐતિહાસિક સર્વેક્ષણ, National Publishing House, New Delhi, 1987.
- Thaper, R. Cultural Transactions and Early India, OUP, New Delhi, 2001
- Utgikar, N.B. (Ed.) Collected Works of R.G. Bhandarkar, Vol-I, BORI, Poona, 1933

# યુનાઈટેડ સ્ટેટ્સ અને કેનેડામાં ભારતીય ક્રાંતિકારો

◆

ડૉ. જયકુમાર શુક્લ*

સ્વામી વિવેકાનંદે યુનાઈટેડ સ્ટેટ્સમાં સૌપ્રથમ ભારત માટે મૈત્રીભાવ અને સહાનુભૂતિનું વાતાવરણ પેદા કર્યું હતું. યુનાઈટેડ સ્ટેટ્સના ન્યૂયૉર્ક તથા અન્ય શહેરોમાં રામકૃષ્ણ મિશનની શાખાઓ ખોલવામાં આવી હતી. સ્વામી અભેદાનંદ દ્વારા તથા તેમના સાથીઓ દ્વારા ભારતના સંદેશાનો ત્યાં પ્રચાર કરવામાં આવ્યો હતો.

આ ધાર્મિક લોકો ભારતના દેશભક્તોને વિવિધ રીતે ઉપયોગી થયા હતા. તેમની ધાર્મિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓએ ભારતના રાષ્ટ્રવાદીઓ માટે રસ્તો ખોલ્યો. તેમ છતાં, બ્રિટનના કરતાં ભારતના લોકોની સ્થિતિ ત્યાં જુદી હતી. ઈ.સ. ૧૯૦૩ સુધી ન્યૂયૉર્કમાં ભારતીયો નેતૃત્વ કરે કે જરૂરી નાણાં ખર્ચે એવા નહોતા. ત્યાર પછીનાં વર્ષોમાં પણ લંડનના કરતાં ત્યાં ભારતીયોની સંખ્યા ઓછી હતી. યુનાઈટેડ સ્ટેટ્સમાં મુક્ત લોકશાહી ધરાવતાં દેશનું વાતાવરણ ઉપયોગી હતું.

યુ.એસ.એ.માં રાજકીય હેતુવાળું સૌપ્રથમ ભારતનું સંગઠન 'પાન-આર્યન એસોસિયેશન' હતું. તેની સ્થાપના ન્યૂયૉર્કમાં ૧૯૦૬માં થઈ હતી. સેમ્યુલ લુકાસ જોશી અને મૌલવી બરકતુલ્લા તેના સ્થાપકો હતા. આ સંસ્થાએ બે વર્ષ સુધી બ્રિટિશ-વિરોધી અને ભારતની તરફેણનો પ્રચાર કર્યો. ફેબ્રુઆરી, ૧૯૦૯માં બરકતુલ્લા જાપાન ગયા અને જોશી બ્રિટન ગયા પછી આ મંડળની પ્રવૃત્તિઓ બંધ થઈ ગઈ.

સપ્ટેમ્બર, ૧૯૦૭માં માયરન ફેલ્પ્સ નામના આઈરિશ અમેરિકને ન્યૂયૉર્કમાં 'ઇન્ડો-અમેરિકન નેશનલ એસોસિયેશન' સ્થાપ્યું. આ મંડળનું નામ નવેમ્બરમાં બદલીને 'સોસાયટી ફોર ધ એડવાન્સમેન્ટ ઑફ ઇન્ડિયા' રાખ્યું, તથા એક ડૉલર સભ્ય ફી રાખી. માયરન ફેલ્પ્સ તેમાં સેક્રેટરી અને બીજા પાંચ ડાયરેક્ટરો પણ અમેરિકન હતા. થોડાં વર્ષ ભારતની તરફેણમાં પ્રચારના કેન્દ્ર કોષાધ્યક્ષ તરીકે તે ચાલુ રહ્યું.

માયરન ફેલ્પ્સે ૧૯૦૮માં ન્યૂયૉર્કમાં એક ઘર ભાડે લીધું અને તેને 'ઇન્ડિયા હાઉસ' નામ આપ્યું. ભારતીય વિદ્યાર્થીઓને તેમાં રહેવા-જમવાની સસ્તી વ્યવસ્થા કરવામાં આવી. તેના સભ્યો તથા સ્થાનિક મિત્રોને સભા ભરવાનું સ્થાન મળ્યું. શિકાગો તથા ડીટ્રોઈટમાં તેની શાખાઓ ખોલવામાં આવી. ફેબ્રુઆરી ૧૯૦૯માં આ સંસ્થા બંધ કરવામાં આવી. યોગ્ય નેતૃત્વ તથા આર્થિક સાધનોના અભાવે ન્યૂયૉર્કમાં ભારતીય વિદ્યાર્થીઓની પ્રવૃત્તિ થઈ શકી નહીં.

ઈ.સ. ૧૯૦૪થી કાયમી વસવાટ કરવા ત્યાં વિદેશીઓ જવા લાગ્યા. તે માટે અનેક કારણો હતાં. ભારતના મજૂરો સસ્તા દરે મળતા. વળી ૧૯૦૫ અને ૧૯૧૦ વચ્ચે પંજાબમાં ચોમાસાં નબળાં હતાં. તેથી પરદેશ જવા લોકોને ઉત્તેજન મળ્યું. પરિણામે, ૧૯૦૮ સુધીમાં આશરે ૩૫૦૦ ભારતીયો બ્રિટિશ કોલંબિયામાં અને એટલા બીજા ભારતીયો યુ.એસ.એ.ના પશ્ચિમના રાજ્યોમાં વસ્યાં હતાં.

એ ભારતીયોમાં મોટા ભાગના ખેતરોમાં, ફળની વાડીઓમાં, રેલવેમાં તથા લાકડાં વહેરવાના કારખાનામાં કામ કરતા હતા. તેઓ કોન્ટ્રાક્ટ રાખીને જંગલો પણ સાફ કરતા. તેમની સરાસરી રોજની આવક દોઢથી બે ડૉલર હતી. તેઓ મોટા ભાગે બેકાર રહેતા નહીં. તેઓ કરકસરિયા હોવાથી, દર મહિને ૩૫ ડૉલર બચાવતા. તેઓમાંના ઘણાએ થોડા સમયમાં પોતાનાં ખેતરો અને હથિયારો ખરીદ્યાં. લગભગ બધે ઠેકાણે પરસ્પર સહકાર, સામાજિક સંપર્ક અને ધાર્મિક વિધિ માટે પોતાની ક્લબો સ્થાપી. આ ક્લબો હિંદુસ્તાની મંડળ તરીકે ઓળખાતી. તેઓમાંના મોટા ભાગના શીખો હોવાથી, તેમની સંખ્યા અને સમૃદ્ધિ વધી તેમ પોતાના ગુરુદ્વારા બંધાવ્યાં. આ ગુરુદ્વારા તેઓના સામાજિક જીવનનાં સ્થળો બન્યાં.

---

* ૫, રન્નાપાર્ક, વિભાગ-૩, ઘાટલોડીયા, અમદાવાદ.

ઘણી મહેનતે તેઓની સમૃદ્ધિ વધી હોવા છતાં કેનેડા કે અમેરિકાની સોસાયટીમાં તેઓને માનનીય સ્થાન મળ્યું ન હતું. તેથી ઊલટું, મોટી સંખ્યામાં ભારતીયોના આગમનથી નીચલા વર્ગના ગોરાઓમાં તેઓ અપ્રિય બન્યા. સ્થાનિક મજૂરો તેઓને ધિક્કારતા, કારણ કે હડતાળ વખતે તેઓ મજૂરી કરતા અને મજૂરીના દર ઘટાડતા. ઈ.સ. ૧૯૦૬માં ભારતીયોને કેલિફોર્નિયામાં ધક્કા મારવામાં આવતા. ૧૯૦૭ના શરૂઆતના મહિનાઓમાં વૉશિંગ્ટની બેલિંગહામની મિલોમાંથી ભારતીય મજૂરોને કાઢી મૂકવામાં આવ્યા હતા. ટકોમાની રેલવેની હડતાળ દરમિયાન, યુ.એસ.એ.ના પશ્ચિમનાં શહેરોમાંથી ભારતીયોનાં કેટલાંક ઘરોમાં છાપો મારવામાં આવ્યો હતો.

કેનેડાની સરકારની વિનંતીથી, ભારતની બ્રિટિશ સરકારે ડિસેમ્બરે, ૧૯૦૬માં ચેતવણી આપી અને કેનેડા જવા ઇચ્છનારાને નાહિંમત કર્યા. તેમ છતાં, ભારતીયોએ કેનેડા અને યુ.એસ.એ.માં મોટી સંખ્યામાં જવાનું ચાલુ રાખ્યું. ભારતીયોને કેનેડા જતા રોકવા માટેની કેનેડાની સરકારે જાન્યુઆરી, ૧૯૦૮માં 'સતત પ્રવાસ નિયમન' ધારો ઘડ્યો. તે કાયદા પ્રમાણે એશિયાથી કેનેડા જતા લોકો પ્રવાસ અટકાવ્યા વગર કેનેડા જવા જોઈએ. ચીન અને જાપાનથી જતા લોકો પ્રવાસ અટકાવ્યા વગર જઈ શકતા. તેથી ભારતીયોને જ આ કાયદાની અસર થતી હતી.

૩જી જૂનના રોજ જાહેર કરવામાં આવ્યું કે દરેક એશિયન આગંતુક પાસે તે કેનેડા આવે ત્યારે તેની પાસે ૨૦૦ ડૉલર હોવા જોઈએ. આ નિયંત્રણોને લીધે ભારતમાંથી આવતા કાયમ રહેનારા બંધ થઈ ગયા. પરંતુ ચીન કે જાપાનથી આવનારા ચાલુ રહ્યા. બ્રિટિશ સરકારના દગાબાજ વર્તાવને કારણે ભારતીયો બ્રિટિશ સરકારના વિરોધી બન્યા હતા. યુ.એસ.ની સરકારે આવા કોઈ કાયદા ઘડ્યા ન હોવાથી યુ.એસ.ના પશ્ચિમનાં રાજ્યોમાં ભારતીયોની સંખ્યા વધી.

ઈ.સ. ૧૯૦૭માં તારકનાથ દાસ, પાંડુરંગ ખાનકોજે રમાનાથ પુરી અને ખગેન્દ્રનાથ દાસે ઇન્ડિયન ઇન્ડિપેન્ડન્સ લીગ સાન ફ્રાન્સિસ્કોમાં સ્થાપી. તેનો હેતુ ભારતીયોના અધિકારોનું રક્ષણ કરવાનો હતો. રામનાથ પુરીએ ભારતીય આગંતુકોમાં ક્રાંતિકારી પ્રચાર માટે ૧૯૦૭માં ઉર્દૂમાં એક સાપ્તાહિક શરૂ કર્યું. તેનો અંગ્રેજી અનુવાદ 'સરક્યુલર ઑફ ફ્રીડમ' નામથી પ્રગટ થતો હતો. નાણાંના અભાવે એક વર્ષમાં તે બંધ કરવામાં આવ્યું.

પેસિફિક સમુદ્રના કિનારે ભારતીયોનો વસવાટ સૌથી વધારે હોવાથી ભારતની ચળવળનું કેન્દ્ર વાનકુવર તરફ ખસેડવામાં આવ્યું. ૧૯૦૭ના છેલ્લા દિવસોમાં ભારતવિરોધી રમખાણો થયાં, આગમનના કડક નિયમો વિશે જાણીને તારકનાથ દાસ, સુરેન્દ્રમોહન બોઝ અને ગુરુદત્ત કુમાર ત્યાં ગયા. ભારતીયોને સંગઠિત કરવા, ઇન્ડો-અમેરિકન એસોસિયેશન સ્થાપવામાં આવ્યું.

હરદયાળ જૂન, ૧૯૧૧માં યુનાઈટેડ સ્ટેટ્સ ગયો અને તેણે ભારતીય ક્રાંતિકારી ચળવળમાં ઝંપલાવ્યું. તેના યુ.એસ. ગયા પછી, ભારતની ત્યાંની ચળવળમાં એકતા, બળ અને દિશાસૂઝ આવ્યાં. હરદયાળના ત્યાં જવાથી, ભારતના ઉગ્ર રાષ્ટ્રવાદના યુગનો આરંભ થયો. તેણે કેલિફોર્નિયા યુનિવર્સિટીના ડૉ. એ.ડબલ્યુ. રાઇડર તથા સ્ટેનફર્ડ યુનિવર્સિટીના ડૉ. સ્ટુઅર્ટ સાથે મૈત્રી કરી. હરદયાળની તેજસ્વી બુદ્ધિની તેમના ઉપર સારી છાપ પડી. ફેબ્રુઆરી, ૧૯૧૨માં હરદયાળ સ્ટેનફોર્ડ યુનિવર્સિટીમાં ભારતીય તત્ત્વજ્ઞાનના લેક્ચરર તરીકે જોડાયો. પરંતુ સપ્ટેમ્બર, ૧૯૧૨માં તેણે રાજીનામું આપ્યું. હવે તેને વધુ સમય મળવાથી તે હિન્દુસ્તાની એસોસિયેશન ઑફ આસ્ટોરિયામાં પૂર્ણ સમયના કાર્યકર તરીકે જોડાયો અને 'સાઇડ લાઇટ્સ ઓન ઇન્ડિયા' શીર્ષક હેઠળ પ્રથમ ક્રાંતિકારી પત્રિકા પ્રગટ કરી.

આ ચળવળના વધુ સારા સંગઠન માટે, સોહનસિંહ લખનાએ આસ્ટોરિયામાં યુનાઈટેડ સ્ટેટ્સના ભારતીયોની એક સભા બોલાવી. તેમાં વિવિધ કેન્દ્રોમાંથી ૧૨૦ પ્રતિનિધિઓ હાજર રહ્યા. ત્યાં એક 'હિંદી સભા' સ્થાપવામાં આવી. તેના પ્રથમ પ્રમુખ સોહનસિંહ લખના અને જ્વાલાસિંહ તથા કેશરસિંહ ઉપપ્રમુખ બન્યા. હરદયાળ મહામંત્રી, કરીમબક્ષ અને મુનશીરામ સંગઠન મંત્રીઓ તથા કંશીરામ કોષાધ્યક્ષ બન્યા. આ સંસ્થાનું મુખ્ય કાર્યાલય સાન ફ્રાન્સિસ્કોમાં ૪૩૬, હિલ સ્ટ્રીટમાં ભાડાના મકાનમાં રાખી તેને 'યુગાન્તર' નામ આપ્યું. પક્ષના સંગઠનનું

કાર્ય પૂરું થયા પછી અને ફાળાની રકમ દ્વારા નિશ્ચિત આવક થયા પછી, હરદયાળ મે, ૧૯૧૩માં યુ.એસ.એ.ના પશ્ચિમના કિનારાની પ્રવચનયાત્રાએ ઊપડ્યા. કંશીરામ જોશી, ભાઈ પરમાનંદ અને રામચંદ્ર ભારદ્વાજ હરદયાળની સાથે જતા. તેનાથી પ્રથમવાર ભારતીયો તેમના નેતાના સીધા સંપર્કમાં આવ્યા. હરદયાળનું સમર્પણ, ગતિશીલતા તથા વક્તૃત્વે ભારતીયોને એક કર્યા. લોકોને જોઈતો હતો એવો નેતા મળ્યો. તેના કહેવાથી લોકો ભોગ આપવા તૈયાર થયા. દેશના કામ માટે નાણાં તથા સ્વંયસેવકો મળવા લાગ્યાં. હરદયાળ ત્યાંના એકમાત્ર નેતા તરીકે પ્રગટ્યા. હિંદી સભાની સભ્યસંખ્યા થોડા મહિનાઓમાં યુ.એસ.એ. તથા બીજા દેશોમાં હજારોની થઈ. તે સંસ્થાની શાખાઓ પૂર્વ એશિયાના દેશોમાં ખોલવામાં આવી.

યુ.એસ.એ.ના પશ્ચિમ કિનારે ભારતીયોની વસાહતોનો તેનો પ્રવચન-પ્રવાસ પૂરો થયા પછી, 'હિંદી સભા'ની બીજી સામાન્ય સભા સેક્રામેન્ટોમાં ઑક્ટોબર, ૧૯૧૩માં ભરવામાં આવી. તેમાં યુગાન્તર આશ્રમમાંથી ભારતીય ક્રાંતિકારી સામયિક પ્રગટ કરવાનું ઠરાવ્યું. તેનો હેતુ દુનિયામાં ભારતીય રાષ્ટ્રવાદી ભાવના પ્રોત્સાહિત કરવાનો હતો. ભારતમાં ક્રાંતિકારી સામયિકોને દબાવી દેવાં અને શ્યામજી કૃષ્ણવર્મા અને તેમના સોશિયોલોજિસ્ટની ઘટતી લોકપ્રિયતાને લીધે હરદાયળ અને તેના સાથીઓને પોતાનું જર્નલ શરૂ કરવાની જરૂર લાગી. તેના આદર્શને સૂચક તેને 'ગદર' (Mutiny) નામ આપ્યું. અને તે દર અઠવાડિયે સાન ફ્રાંસિસ્કોથી પ્રગટ થતું.

આ સામાયિક ૧ નવેમ્બર, ૧૯૧૩થી શરૂ થયું. તેનો હેતુ સામાન્ય ભારતીયોને દેશમાં અને પરદેશમાં ક્રાંતિકારી સંગ્રામ માટે પ્રોત્સાહિત અને સંગઠિત કરવાનો હતો. તેથી તે અંગ્રેજી તથા હિંદીમાં પ્રગટ થતું. બદલાયેલી પરિસ્થિતિ અને તેના માલિકોની સંગઠન કરવાની આવડત તથા પ્રચારને લીધે તેનું વેચાણ ખૂબ બધ્યું અને દુનિયામાં બધે ભારતીયોની વસાહતોમાં પહોંચ્યું. આ સામયિકે લોકોને ખુલ્લેઆમ બળવો કરવા પ્રેર્યા. તથા બ્રિટન સામે જર્મનીની મદદ મળવાની ખાતરી આપી. જુદા જુદા ભારતીયોને પરદેશોમાં જાગ્રત કરવા, સામયિક ભારતની બીજી ભાષાઓમાં પણ પ્રગટ કરવામાં આવતું. એપ્રિલ, ૧૯૧૪ સુધીમાં 'ગદર' સામયિક અંગ્રેજી, હિન્દી, ઉર્દૂ, ગુજરાતી પશ્તુન ગોરખલી અને ગુરુમુખી ભાષાઓમાં પ્રગટ થતું હતું.

'ગદર'ની વ્યાપક લોકપ્રિયતા અને બ્રિટિશ સત્તાધીશો તેને મહત્ત્વ આપતા હોવાથી સમગ્ર ક્રાંતિકારી ચળવળ 'ગદર' ચળવળ તરીકે જાણીતી થઈ. ગદર પક્ષના સભ્યોને હરદયાળે સંગઠિત કર્યા. સભ્યોએ પક્ષના ત્રણ પાયાના નિયમોને આધીન થવું જોઈએ. ઉ.ત. (૧) બધા નવા સભ્યોની ઓછામાં ઓછા બે સભ્યોએ ભલામણ કરી હોવી જોઈએ. (૨) સભ્યપદ મેળવ્યાના છ મહિનામાં પક્ષની બધી ગુપ્ત બાબતો જાણવાનો કોઈને હક્ક નથી. (૩) જો કોઈ સભ્ય ગુપ્ત બાબતો જાહેર કરી દે, અથવા પક્ષનાં નાણાંનો દુરુપયોગ કરે તો તેને મૃત્યુ સહિતની સજા થશે. આ ઉપરાંત જુદા જુદા પ્રકારના સભ્યોના વર્તનને લગતા બીજા સત્તર નિયમો હતા. સામાન્ય રીતે સભ્યો છ મહિના માટે અજમાયશ પર રાખવામાં આવતા.

હરદયાળ માર્ક્સ અને એન્જલ્સનો પ્રશંસક હતો. તે કેટલાક સમાજવાદીઓ અને અરાજકતાવાદીઓનો મિત્ર હતો. ૧૯૧૪ની શરૂઆતમાં હરદયાળે 'ગદર'ના સંપાદકની જવાબદારી રામચંદ્રને સોંપી અને બ્રિટિશ સત્તાધીશો સામે ચળવળ શરૂ કરી. ૨૫મી માર્ચ, ૧૯૧૪ના રોજ અનિષ્ટ પરદેશી તરીકે તેની ધરપકડ કરવામાં આવી. પરંતુ તેને જામીન પર છોડવામાં આવ્યો. તેનો લાભ લઈ તે યુરોપ નાસી ગયો. હરદયાળના ગયા પછી રામચંદ્ર યુનાઈટેડ સ્ટેટ્સમાં ગદર ચળવળનો નેતા બન્યો. હરદયાળના જવાથી ખોટ પડી તે ભગવાનસિંહ અને બરકતુલ્લાના પૂર્વ એશિયામાંથી મે, ૧૯૧૪માં યુ.સ્ટેટ આવવાથી પુરાઈ ગઈ.

### સંદર્ભસૂચિ

Majumdar, R.C. History of the Freedom Movement in India, Vol-1
Tarachand: History of the Freedom Movement in India, Vo.-2 (1972)
Majumdar R.C. (Editor):- Struggle for Freedom Volume-XI (1969)
Pattabhi Sitaramayya: History of the Congress Vol-I (1975)
Guha, A.C. (Editor): The Story of Indian Revolution (New Delhi, 1972)

# આધુનિક સંસ્કૃત સાહિત્યમાં કવયિત્રીઓનું પ્રદાન

◆

**પ્રા. ભાવના ગજેરા***

**પ્રસ્તાવના :** સંસ્કૃત સાહિત્યમાં વેદ-પુરાણથી માંડીને આજ પર્યંત સાહિત્ય સર્જનની ગંગાધારા અવિરતપણે વહેતી રહી છે. જેમાં પ્રાચીન સંસ્કૃત સાહિત્યથી લઈને આધુનિક સાહિત્યનું સર્જન કવિએ સમયની માંગ અને તત્કાલીન પરિસ્થિતિ અનુસાર કર્યું હોય એ સ્વાભાવિક છે. આધુનિક સમયમાં કવિઓની અપેક્ષાએ કવયિત્રીઓનું પ્રદાન ઓછું છે. છતાં પણ અપાલા, મૈત્રેયી આદિ વિદુષીઓની જેમ આધુનિક કવયિત્રીઓનો પણ સંસ્કૃત સાહિત્યને સમૃદ્ધ કરવામાં નોંધપાત્ર ફાળો રહ્યો છે. આદિકાળથી અદ્યતન સમાજમાં નારીનું ન્યૂનાધિક અસ્તિત્વ અને ભૂમિકા રહી છે. અત્રે આધુનિક સંસ્કૃત સાહિત્યમાં કવયિત્રીઓ વિશે યથાપ્રાપ્ય પ્રસ્તુત કરવાનો વિનમ્ર પ્રયાસ કર્યો છે.

**આધુનિક સંસ્કૃત સાહિત્યમાં નારીનું મહત્ત્વ :**

આધુનિક સમયમાં મહિલા સાહિત્યકારોએ રચનાઓ પ્રકાશિત કરી છે. તેઓએ સાહિત્યની વિવિધ વિદ્યાઓમાં પોતાની આગવી ઓળખ પણ ઊભી કરી છે. જેમ કે ડૉ. રાજકુમારી ત્રિખા, શ્રીમતી ચંદ્રિકા પાઠક, હર્ષિદા જાની, પ્રજ્ઞા જોશી, ડૉ. ઉમા દેશપાંડે, ડૉ. મંજુલતા શર્મા વગેરે અનેક મહિલાઓએ સાહિત્યની વિવિધ વિદ્યાઓ પર પોતાની સારી છાપ ઉપસાવી છે. જેના પરથી લાગે છે કે સ્વતંત્રતા પછી પણ સાહિત્યના ક્ષેત્રમાં મહિલાઓએ પુરુષોના વર્ચસ્વને તોડ્યું છે, પરંતુ સંખ્યાની દૃષ્ટિએ આજ પણ તેઓ પુરુષોની તુલનામાં ઓછી છે. પ્રસ્તુત શોધપત્રમાં આધુનિક કવયિત્રીઓની રચનાઓ વિશે યથાપ્રાપ્ય પ્રસ્તુત કરવાનો વિનમ્ર પ્રયાસ કર્યો છે.

**ડૉ. રાજકુમારી ત્રિખા :** 'कस्यनिमितम्' (नाट् यचतुष्टयसडकलनम्) (संस्करण-२०१०)

ડૉ. રાજકુમારી ત્રિખાએ આ લઘુનાટ્યસંગ્રહમાં વિદ્યાર્થીઓની ચારિત્રબુદ્ધિ, સ્વાસ્થ્યનું મહત્ત્વ અને સંસ્કૃતિનું મહત્ત્વ દર્શાવ્યું છે. 'कस्यनिमितम्' રૂપકનું નામ જ મુખ્યત્વે સ્વીકારીને લેખિકાએ નાટ્યસંગ્રહનું નામ પણ તે જ આપ્યું છે. આ નાટ્યની ફલશ્રુતિ એવી છે કે ધનનો ઉપયોગ સંતતિના પરિષ્કાર માટે જ કરવો જોઈએ. નાટકનું પાત્ર રંજના એ જ કહે છે કે -

शोभन विचारित सखि। चिन्तय, कास्ति अस्माक मुख्य उपलब्धि ? धनार्जनम् ? भवन कारादिकयो वा ? म हि न हि अस्माक परिवार, अस्माक सन्ततिः एव अस्ति अस्माकं आत्यन्तिक सम्पतिः । यदि कार्यालय सेवाकारणात समयभावे च सा उपेक्षिता भवति, सम्यग्रुपेण च, न लालिता, पालिता, संस्कारिता च तदा को लाभः अस्माकं शिक्षयाः? यदि त्वमपि एवमेव कर्तुमीहसे तदा शीघ्रमेव समस्यायाः प्रतिकारः कर्तव्यः । समये व्यतीते, केवलं पश्चातापः एव उपलभ्यते। अतःस्वपति सम्मत्यावकाश गृहीत्वा स्वपुत्रेण सह कउत्कालं यापय। तस्य मनसि शुभ संस्कारा। अनुशासनम् पित्रोःप्रति विश्वास-प्रेम-प्रभृतिभावनाः च उत्पादितव्या।

અહીં લેખિકાએ સાંપ્રત સમયની લોકોની સંતાનો પ્રત્યેની મનોવૃત્તિ કેવી સ્વકેન્દ્રી હોય છે તે ભાવ સ્પષ્ટ કર્યો છે અને લોકો માને છે કે સંતાનો જ સાચી મૂડી છે. તેઓ જો સંસ્કારિત હશે તો અનંત સમાજ સંસ્કારિત બનશે. આથી જ ખાસ કરીને પિતા પ્રત્યે પ્રેમ, વિશ્વાસ, અનુશાસન જેવા ઉચ્ચગુણો અને સંસ્કાર સિંચનની ચિંતા સેવી છે. જોકે અહીં 'पित्रोः प्रति'ના સ્થાને 'पितरौः प्रति' એવો પ્રયોગ કર્યો હોત તો ભાષાશુદ્ધિનું રક્ષણ થયું હોત.

---

* મહિલા આર્ટ્સ/કોમર્સ કૉલેજ, જોશીપુરા, જૂનાગઢ

**'મહાભારતની બોધકથાઓ': કથાસંગ્રહ-૨૦૦૭**

ડૉ. રાજકુમારી ત્રિખાએ 'મહાભારતની બોધકથાઓ' શીર્ષક અંતર્ગત મહાભારતના શાંતિપર્વની છવ્વીસ કથાઓ હિન્દી ભાષાના માધ્યમથી લખીને તેમાં વિવિધ જીવનમૂલ્યોનું દર્શન કરાવ્યું છે. જેનું પ્રકાશન અભિષેક પ્રકાશન, દિલ્હી-૨૦૦૭માં થયું છે. સંસ્કૃતથી અનભિજ્ઞ લોકો પણ મહાભારતના જ્ઞાનરાશિથી પરિચિત થાય એ આશયથી લેખિકાએ કથાઓને હિન્દીમાં પ્રસ્તુત કરી છે. કથાના પ્રારંભે કથાજન્યશિક્ષણ પણ આપ્યું છે. ત્યારપછી કથાનું નિરૂપણ કર્યું છે. જેમાંથી સત્ય, ધર્મ, ધૈર્ય, પરિશ્રમ, સાહસ, વિનમ્રતા, પુણ્યકાર્ય, સંયમ, અહિંસા વગેરેના આશ્રયથી લોકો પોતાના જીવનમાં કેવી રીતે સારા મિત્રો પ્રાપ્ત કરવા સમર્થ બને અને કેવી રીતે વિવેકી બનવા શક્તિમાન બને, કેવી રીતે આત્મરક્ષા કરવા સમર્થ બને અને કેવી રીતે સફળતા પ્રાપ્ત કરવા સમર્થ બને વગેરે પ્રશ્નોના ઉત્તર પણ કથાઓ દ્વારા પ્રાપ્ત થાય છે.

**महाभारत में योगविद्या ग्रंथ लोकार्पण ( १४-०४-२००७ )**

આ ગ્રંથ યોગ અને મહાભારતના વિસ્તૃત અને ગહન અધ્યયન માટે ખૂબ જ ઉપયોગી છે. આધુનિક યુગમાં મહાભારત પુરાતન જીવનમૂલ્યોનો કેવળ આદર્શ ધર્મ જ નહીં, વસ્તુતઃ વ્યવહારિક ધર્મ બતાવે છે. આથી જ ધર્મનું ધર્મત્વ છે. અતઃ મહાભારતને વ્યવહારિક ધર્મ કહે છે. યોગસાધના વ્યવહારિક પક્ષને સ્પષ્ટ કરે છે.

**ડૉ. શ્રીમતી કમલેશ વર્માઃ (કાવ્ય)**

પ્રસ્તુત કાવ્યમાં લેખિકાએ વર્તમાન સમયમાં લોકો માટે વિશ્વકલ્યાણની ભાવના વ્યક્ત કરી છે કે -

रे मानव ।
मनसि घृणां न पालय ।
निजहृदय प्रक्षालय ॥

ईश्वरः सर्वेषामेकः
तर्हि कीदृशी वैरभावना?
प्रवहतु सदा प्रेमरस-गङ्गा
तस्यां विषं न मेलय ॥ रे मानव । मनसि०

सर्वे सुखिनः सन्तु सर्वदा
मा कः अप्यस्तु पीडितो लोके ।
अेषैवास्तु कामना चित्ते
क्रोधाग्नि ज्वालय ॥ रे मानव । मनसि०

આ ઉપરાંત ઘૃણા ઘૃણા કરનારને જ ખાય છે અને ઈર્ષ્યા ઈર્ષાળુઓનું જ રક્ત પીએ છે. ગર્વ સર્વ વિનાશનું જ કારણ છે માટે હે માનવ, તું તારા મનને તેનાથી દૂર રાખ. વળી, લોક અર્ચન એ પ્રભુ અર્ચન છે. જનપૂજા એ જ જનાર્દનપૂજા છે. આથી વિશેષતઃ દીન-હીન પ્રત્યે સેવાભાવ ધારણ કર. આ રીતે જન માનસમાં સર્વધર્મ સમભાવ, દયા, કરુણા, પ્રેમ વગેરે ઉત્તમ ગુણો વિકસે એવી ભાવના અત્રે વ્યક્ત કરી છે.

**ડો. શ્રીમતી સુકેશ શર્મા :**

'भारतीय संस्कृति में मानव मूल्य और लोककल्याण' दिल्ली (प्रथम संस्करण, २००८)

વિદુષી લેખિકાએ વૈદિકકાળથી આરંભીને પંચ મહાકાવ્યની રચના પર્યતં સંસ્કૃત સાહિત્યમાં અભિવ્યક્ત

માનવમૂલ્યોની આ ગ્રંથમાં ચર્ચા કરી છે.

**શ્રીમતી લીલારાવ દયાળુ : 'बालविधवा' एकांकी-( १९९३ )**

શ્રીમતી લીલારાવ દયાળુ સુપ્રસિદ્ધ આધુનિક કવયિત્રી સંસ્કૃત વિદુષી ક્ષમારાવનાં સુપુત્રી છે. તેઓનું **'बालविधवा'** નામનું એકાંકી ઈ.સ. ૧૯૯૩માં સુરભારતી પ્રકાશન, બેંગ્લોર દ્વારા પ્રકાશિત થયું છે.

પ્રસ્તુત નાટકની શરૂઆત બે મિત્રોના સંવાદથી થાય છે. સંવાદ દ્વારા જાણવા મળે છે કે અનુપ પાર્વતીના સૌંદર્યથી આકર્ષાયો છે. તે બાળવિધવા છે છતાં તેના વિચારોમાંથી તે મુક્ત થઈ શકતો નથી.

*केशपाशविहीनापि न लोवण्यादव्ययुज्यत ।*
*को वा निसर्गसौंदर्य यौवनस्य विलोपयेत् ॥*

અનુપ તેના મિત્રને કહી દે છે કે પોતે પાર્વતી સાથે લગ્ન કરવાનો છે. પાર્વતીને એ મળે છે ત્યારે સ્પષ્ટ થાય છે કે તેણે પોતાના પતિનું મુખ પણ જોયું નથી.

*पार्वती न प्रेक्षितं तन्मुखसपि मया ।*
*स्मरामि यदल्पकालेनैव आदिष्टाह*
*मात्रा सौभाग्यकुकुममार्जनाय*
*बोधिता चाहं यद् विधवाहं जातेति ॥*

અનુપને તેની સાથે લગ્ન કરવાં છે. તે ઘણા પ્રયત્નો કરે છે પણ કોઈ પુરોહિત તૈયાર થતો નથી. પાર્વતીનાં સગાંઓ તેની સાથે દુર્વ્યવહાર કરે છે અને છેવટે તેને કહે છે -

*तहि 'गत्वा कूपे निपातयात्मानम् । तत्रैव ते गतिः*

આમ નાટકનો કરુણ અંત આવે છે. અહીં સંવાદમાં લેખિકાએ પ્રયોજેલી ભાષા જુસ્સાદાર અને સત્ય લાગે છે.

તેઓએ મુખ્યત્વે સ્ત્રીજીવનની અત્યંત મહત્ત્વની પણ કરુણ સમસ્યા-'પતિના મૃત્યુ પછીની સ્ત્રીઓની દશા' એ વિષય પર નાટક લખેલ છે.

ઈ.સ. ૧૮૯૦માં થયેલા પંડિતા ક્ષમારાવ ઉચ્ચ કોટિની વિદ્વત્તા ધરાવતાં હતાં. તેઓની ઈ.સ. ૧૯૩૨થી ૧૯૬૨ સુધીમાં બારેક જેટલી કૃતિઓ પ્રસિદ્ધ થઈ હતી, તેમ જ ૭ લઘુનાટિકાઓ પ્રકાશિત થઈ હતી. પોતાનાં માતુશ્રીની અંતિમ કૃતિ 'સ્વરાજ્ય વિજય' લીલારાવ દયાળુએ માતાના મૃત્યુ પછી પ્રકાશિત કરીને અને માતાની જેમ સંસ્કૃત નાટ્યરચના કરીને માતૃઋણમાંથી તેઓ મુક્ત થયાં છે.

**ડૉ. રીતા ત્રિવેદી :**

આધુનિક ભાવબોધની સંસ્કૃત કવિતા **'मृगया'** (ઈ.સ. ૧૯૯૯)

ડૉ. રીતા ત્રિવેદીએ આ ગ્રંથમાં કલ્પવલ્લી એવૉર્ડ મેળવનાર હર્ષદેવ માધવના કાવ્યગ્રંથ 'મૃગયા'ની સમગ્રલક્ષી ચર્ચા કરી છે. મૃગયા માં ૨૦મી સદીની વિશ્વકવિતાના પ્રવાહો સંસ્કૃત કવિતામાં ઝિલાયા છે, આ કાવ્યો સંસ્કૃતને નવી તાજગી આપે છે એવું લેખિકાને લાગ્યું છે. તેમણે વિષયો, પ્રતીકો અને કલ્પનો સર્જનાનુભૂતિની દૃષ્ટિએ આ કાવ્યો તપાસ્યાં છે.

**त्रिपदकः ( २००६ )**

આ સંગ્રહમાં લેખિકાના શોધપત્રોનો સંગ્રહ છે. તેમાં ગુજરાતની સંસ્કૃત કવિતા, ભારતના સંસ્કૃત

કાવ્યોમાં આધુનિકતા, સર્જનના વિવિધ આવર્તનો - - निष्क्रान्तसर्वे, मातृ लहरी ગુજરાતના નાટ્યકારો, मरीचिकाમાં પ્રતીક આયોજન, 'अर्चनम्' સંગ્રહ જેવા વિવેચન લેખોમાં ગુજરાતની સંસ્કૃત કવિતાને તપાસવાનો ઉપક્રમ છે.

**સાંપ્રત સંસ્કૃત કવિતા - પરિવર્તન અને પ્રવાહો (ઈ.સ. ૨૦૦૭)**

ડૉ. રીતા ત્રિવેદી આધુનિક સંસ્કૃતનાં ઉત્તમ વિવેચક છે. તેઓએ આધુનિક સંસ્કૃત સાહિત્યમાં અનેક લેખો અને શોધપત્રો પણ લખ્યા છે. તેમનું સંશોધન પણ આધુનિક ક્ષેત્રે છે. આ ગ્રંથને ત્રણ પ્રકરણોમાં વિભાજિત કરેલ છે. જેમાં કવિતાની વિભાવના, કવિતામાં આધુનિકતા, પરિવર્તનનાં કારણો,. આધુનિકતા અને સમકાલીનતાની ભેદરેખા, આધુનિક કવિતામાં નવા સંદર્ભો, આધુનિક સંસ્કૃત કવિતાનાં નવાં ક્ષેત્રો અને પરિણામો જેવા અનેક વિષયોની તલસ્પર્શી વિવેચના થઈ છે. લેખિકાએ ધારદાર કલમે વિષયોને ન્યાય આપ્યો છે અને તેનું વિવેચન કર્યું છે.

**ડૉ. ઉમા દેશપાંડે : 'अर्चनम्' - કાવ્યસંગ્રહ (૧૯૯૨)**

ડૉ. ઉમા દેશપાંડે આધુનિક સમયનાં એક વિદુષી છે. જેઓ સંસ્કૃત, ગુજરાતી, હિન્દી, મરાઠી અને અંગ્રેજીમાં સારું પ્રભુત્વ ધરાવે છે. તેઓનો 'अर्चनम्' નામે પ્રથમ સંસ્કૃત કાવ્યસંગ્રહ ૧૯૯૨માં પ્રગટ થયો છે. જેના દ્વારા યથાશક્તિ દેવી સુરભારતીનું વિવિધ વાઙ્મયીન્ ઉપહારો દ્વારા સમારાધન કર્યું છે.

આ કાવ્યસંગ્રહમાં ઈશ્વરસ્તવન છે. ગીર્વાણ ભારતી પ્રત્યેનો અનુરાગ છે. તો ભગવદ્‌ગીતાનો મહિમા, રાષ્ટ્રપ્રેમ, ગુર્જરભૂમિ અને સ્વનિવાસભૂમિ  વડોદરા પ્રત્યે પ્રેમ વ્યક્ત કર્યો છે. મહર્ષિ અરવિંદ અને માતાજી પ્રત્યેનો આદરભાવ ઈત્યાદિ અહીં વ્યક્ત થયા છે. આ કાવ્યસંગ્રહમાં નિસર્ગ વર્ણન છે. તો કૌટુંબિક પ્રેમની પણ અભિવ્યક્તિ છે. કાવ્યસંગ્રહનું 'अर्चनम्' નામ સાર્થક છે. જેના દ્વારા ઈશ્વરની અને ઈશ્વરની વિભૂતિરૂપ જુદી જુદી મહાન શક્તિઓની અર્ચના કરી છે. તદુપરાંત કાવ્યનાં વિવિધ સ્વરૂપો જેવાં કે છંદોબદ્ધરચના, ગરબા, હાઈકુ વગેરેનું ખેડાણ કર્યું છે, જેમ કે -

*केवर्तस्वरूपम्*
*तव स्वरूपम्*
*शान्तं निरज्जनम्*
*अभयं आनन्दमयम् ॥ तव स्वरूपम ॥*

આ ઉપરાંત 'मण्डल नृत्यगीतानि' ગરબા દ્વારા માતૃશક્તિની આરાધના કરી છે.

*हो बालिका, दारूणे संसारे, बहु दुस्तारे*
*अम्बिका करुणासारा*
*ननु वन्दनीया दुर्गा ॥१॥*

આ રીતે લક્ષ્મી, પદ્મા, કાલિકા વગેરે વિવિધ દેવી સ્વરૂપોનું વંદન, દર્શન, કીર્તન, સેવન ઈત્યાદિ નવધા ભક્તિના વિવિધ પ્રકારો દ્વારા અર્ચન કર્યું છે.

'रति में संस्कृतभाषायाम्"માં ગીર્વાણ ગીરા પ્રત્યેના પોતાના પ્રેમને કવયિત્રીએ વાચા આપી છે. ભાષાઓની જનની અને જ્ઞાનની ખાણ એવી મધુર સંસ્કૃત ભાષા પ્રત્યે કવયિત્રીનો અતૂટ પ્રેમ અહીં વ્યક્ત થયો છે. વેદાંત અને સાહિત્ય પરમ આનંદનાં સાધનો છે, એ આનંદપ્રાપ્તિ માટે અને મુક્તિ માટે સંસ્કૃત જાણવું આવશ્યક છે. એ જ રાષ્ટ્રભાષા છે, તેથી તે પ્રિય છે.

હાઈકુ વિશે તેમના વિચારો જોઈએ-

*सुनृता वाणी*
*अधिकारिणां मन्ये*
*अनभ्रा वृष्टिः ॥*
*स्वस्था गृहिणी*
*सुपुष्पिता वल्लरी*
*जगतः शोभा ॥*

ઈત્યાદિ હાઈકુ નોંધપાત્ર છે જેમાં સંસ્કૃત પ્રત્યેની નિષ્ઠા તો વ્યક્ત થાય છે અને કવયિત્રીની જીવનદૃષ્ટિ પ્રતિબિંબિત થાય છે. 'दत्तकवीश्वरमहिम्नः स्तोत्रम्'માં બ્રહ્માજીની સ્તુતિ સરળ શૈલીમાં રચી છે.

'युगंधरा' નામના કાવ્યમાં તેઓએ નારીશક્તિને બિરદાવી છે. સ્ત્રી યુગંધરા યુગને ધારણ કરનારી છે. તે ચતુર અને સ્વકાર્યમાં કુશળ છે. લોકોને એક કરવાની તેનામાં શક્તિ છે. અપાલા, વિશ્વવારા, ઘોષા, શ્રદ્ધા, દક્ષિણા વગેરેની જેમ તે બ્રહ્મવાદિની થઈ શકે છે અને ગાર્ગીની જેમ તે વિદ્વાનોની સભામાં પણ ભાગ લઈ શકે છે. તો જીજાબાઈની જેમ બાળકને નાનપણથી પ્રેરણાનાં પીયૂષ પાઈને તેનામાં રાષ્ટ્રભક્તિનો સંચાર પણ કરી શકે છે.

*अस्माभिरद्य कर्तव्य पर्यावरण रक्षणम् ।*
*संजीवकं समेषां यद् आयुः शक्तिप्रदं सदा ॥*

-માં આપણે બધાએ પર્યાવરણનું રક્ષણ કરવું જોઈએ એમ કહીને વૈશ્વિક સમસ્યાની ચિંતા સેવી છે. પર્યાવરણ આયુષ્ય અને શક્તિ આપનારું સંજીવક છે એમ કહી પર્યાવરણ પ્રત્યેની સભાનતા દર્શાવી છે.

આમ, 'अर्चनम्'માં ભારતીય સંસ્કૃતિ પ્રત્યે આદર, જન્મભૂમિ પ્રત્યે નિષ્ઠા, આધ્યાત્મિક ચિંતન અને મહાપુરુષોનો મહિમા વગેરે વ્યક્ત થયાં છે. અહીં પર્યાવરણમાં સમકાલીન સંદર્ભ જોવા મળે છે. આ રીતે ડૉ. ઉમા દેશપાંડેએ પોતાની રચનામાં પરંપરા અને આધુનિકતાનો સુભગ સમન્વય સાધેલો જોવા મળે છે.

**ડૉ. હર્ષદા જાની :**

આ આધુનિક કવયિત્રીએ પોતાના ભાઈ શ્રી હર્ષદેવ માધવને અનુસરીને કાવ્યસર્જનમાં સિદ્ધિ પ્રાપ્ત કરી છે. તેમની 'જાપાનિક તાન્કા' નામની કૃતિઓમાં તેમણે તાન્કા નામનો અભિનવ પ્રકાર સંસ્કૃતમાં ખેડ્યો છે. તાન્કા જાપાનીઝ કાવ્યપ્રકાર છે. તેમાં ૫, ૭, ૫, ૭, ૭ એમ અક્ષરોની પાંચ પંક્તિઓ હોય છે. તાન્કાનું ટૂંકું રૂપ તે હાઈકુ છે. આ ઉપરાંત 'મોનો ઈમેજ' કાવ્યપ્રકારમાં પણ ડૉ. હર્ષદા જાની પ્રસિદ્ધિ પામ્યાં છે.

**પુષ્પા ભટ્ટ : अमृतात्मनः कलां विन्देम - કાવ્યસંગ્રહ (૨૦૦૮)**

ગુજરાતનાં આ સંસ્કૃત કવયિત્રીએ ૬ ગુચ્છમાં ૭૨ કાવ્ય રચનાઓ પ્રસ્તુત કરી છે.

*पितरौ वन्दे ।*
*हृदयमेव तु जानाति ।*
*हे जीवनदेवते । प्रणामाम्यहम् ।*
*पुष्पांजलि, नारी चेतना ।*
*परमं प्रति प्रार्थनामुद्रा ।*

- જેવા ખંડોમાં નારીહૃદયની ભાવસમૃદ્ધિ છલકાય છે. સમગ્ર કાવ્યસંગ્રહ ખૂબ જ સુંદર છે.

**ડૉ. મોહિની આચાર્ય : अभिष्यन्दनम् કાવ્યસંગ્રહ (૨૦૦૬)**

ગુજરાતનાં આ કવયિત્રીએ પ્રસ્તુત કાવ્યસંગ્રહમાં ૫૪ કાવ્યો સર્જ્યાં છે. ગીતો અને ગઝલો તથા અછાંદસમાં ખૂબ સુંદર ભાવો ગૂંથાયા છે. કલ્પનાનું નાવીન્ય પણ છે. જેમ કે - 'આંખોમાં સૂર્ય સૂઈ ગયો છે અને હોઠમાં ન કહેવાયેલા શબ્દો છે.' પારિજાતની સુગંધનાં અંગોમાં સ્વપ્ન છુપાયેલું છે. "સ્મૃતિના ખાંડણિયામાં સમયને વ્યથા ઘૂંટ્યા કરે છે.' 'ઉદાસિનતાના પર્વત પર ઊભા છે અમારા મૂંગા શબ્દો' કલ્પનાની આ તાજગી ચોક્કસ માણવા લાયક છે.

**ડૉ. મંજુલતા શર્મા : 'मम् भारतम्' કાવ્ય**

પ્રસ્તુત કાવ્યમાં કવયિત્રીનો રાષ્ટ્ર પ્રત્યેનો પ્રેમ વ્યક્ત થયેલો જોવા મળે છે. જેમ કે -

શાંતિદૂત તરીકે ઓળખાતા તિરંગા રાષ્ટ્રધ્વજને ધારણ કરનાર વિશ્વમાં દયા દૃષ્ટિથી શોભતો મારો ભારત દેશ છે. જે સર્વ ક્ષેત્રોમાં સન્માનને પાત્ર છે. તે ભારતભૂમિને કવિએ વંદન કર્યાં છે. જે શ્વેત શૃંગથી યુક્ત દિવ્ય હિમવાન હિમાલય બિરાજે છે અને જેના દક્ષિણમાં સાગર છે એવા ભારતને વંદન કરીને આનંદની અનુભૂતિ થાય છે.

આ ઉપરાંત ડૉ. મંજુલતા શર્માના સંયોજનમાં આગ્રામાં આધુનિક સંસ્કૃત સાહિત્ય પર રાષ્ટ્રીય સંગોષ્ઠી (ઈ.સ. ૨૦૦૨)ના શોધપત્રોનું સંકલન 'અર્વાચીન સંસ્કૃત સાહિત્યઃ દશા ઔર દિશા' ગ્રંથરૂપે પ્રકાશન કર્યું છે.

**ડૉ. રાધા પટેલ : सुभाषितोद्वारशतकम्' - અનુવાદ (૨૦૦૯)**

અભિરાજ રાજેન્દ્ર મિશ્રનાં બે મુક્તક શતકોનો અનુવાદ સાથેનો આ સંગ્રહ આધુનિક સંસ્કૃતમાં પરંપરાગત સ્વરૂપોની જાળવણી તથા તેમાં થતાં ખેડાણનો ખ્યાલ આપે છે. તેનો અનુવાદ પણ સરળ અને મૂળને વફાદાર રહીને થયેલો છે.

**ડૉ. મિથિલેશકુમારી મિશ્રા : 'लघ्वी' લઘુકથાસંગ્રહ (ઈ.સ. ૧૯૯૪)**

ડૉ. અભિરાજ રાજેન્દ્ર મિશ્રનાં શ્રીમતી ડૉ. મિથિલેશકુમારી મિશ્રાએ આ લઘુકથા સંગ્રહમાં ૧૦૧ લઘુકથાઓ સંગ્રહિત થયેલ છે.

**ઉપસંહારઃ**

આ ઉપરાંત શ્રીમતી રમાચૌધરી, કમલા અભ્યંકર, રીના રસ્તોગી વગેરે આવી અનેક કવયિત્રીઓ છે. સદ્ભાગ્યે કાવ્યસર્જનનો પ્રદીપ ભારતની નારીએ સાંપ્રત સમય સુધી પ્રજ્વલિત રાખ્યો છે એ સાચે જ એક સંતોષપ્રદ અને ગૌરવપ્રદ હકીકત છે. આ સિવાય આગળની પેઢીની કવયિત્રીઓ - સમીક્ષકોની પણ અત્યારે ઘણી સંખ્યા અગ્રપંક્તિમાં રહેલી છે. જેમાં મંજુલતા શર્મા, અર્ચના તિવારી, અર્ચના મંગલ વગેરે નામ સુપરિચિત છે.

**સંદર્ભ ગ્રંથ**


૧. આધુનિક સંસ્કૃત સાહિત્યનો ઇતિહાસ, પાર્શ્વ પ્રકાશન, અમદાવાદ

૨. अर्वाचीन संस्कृतम् देववाणी परिषद दिल्ली -६, वाणी विवाह, नई दिल्ली

३. दृक् वाराणसी

૪. આધુનિક સંસ્કૃત કવયિત્રીઓ સંસ્કૃત સાહિત્ય અકાદમી, ગાંધીનગર

# ધર્મશાસ્ત્રમાં ગીતા

◆

ડૉ. જયાબહેન એન. ડાંગર*

આધુનિક સમયમાં માનવી અનેક જટિલ સમસ્યાઓથી ઘેરાયેલો રહે છે. જીવન-નિર્વાહ માટે જીવનનો તેને પોતાના જીવનનો મોટા ભાગનો સમય વ્યતીત કરવો પડે છે. પરિણામે તે યંત્રવત્ કામ કર્યે જાય છે. આવી પરિસ્થિતિમાં તેને પોતાના જીવન વિશે, કુદરત વિશે કે આસપાસના વાતાવરણ પ્રત્યે વિચાર કરવાની ફુરસદ જ રહેતી નથી. વળી આધુનિક ટૅક્નૉલૉજીને પરિણામે જીવનમાં ભૌતિક સુખ-સગવડતામાં ખૂબ જ વધારો થયો છે અને બીજી તરફ તેનું અધ્યાત્મ તરફનું પાસું સાવ પાંગળું બનતું જાય છે. તેની ધર્મ પ્રત્યેની શ્રદ્ધા ડગમગતી જાય છે. વળી, અંધશ્રદ્ધા, અનાચાર, પાખંડીઓના પાખંડ વગેરેને લીધે સામાન્ય માનવી 'ધર્મવિમુખ' બનતો જાય છે અને તેને લીધે નૈતિક રીતે તેનું અધઃપતન થતું જોવા મળે છે. આધુનિક શિક્ષણ પણ વ્યક્તિને ભાવિ-સ્થિરતા, સજ્જતા કે સંસ્કાર આપી શકે તેમ નથી. તેથી વ્યક્તિ ભારે અજંપામાં જીવી રહ્યો છે. – જીવનની આવી જટિલ અને ગંભીર સમસ્યાઓના સમાધાન માટે વ્યક્તિ પોતાના ધર્મગ્રંથો તરફ વળે એ સ્વાભાવિક છે.

ભારતીય સંસ્કૃતિમાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ જીવનનાં ચાર લક્ષ્યોમાં ધર્મને પ્રથમ સ્થાન આપ્યું છે. ધર્મથી જ બાકીના ત્રણેય પુરુષાર્થોની સિદ્ધિ પણ સરળ બને છે. સાંસારિક અભ્યુદયને માટે તથા હિન્દુ ધર્મની શ્રદ્ધા મુજબ પારલૌકિક કલ્યાણને માટે લોકોની બુદ્ધિ ધર્મમાં સ્થિત હોય એ જરૂરી છે. જેથી તેમનું આચરણ પણ ધર્મયુક્ત બને. સંસ્કૃત સાહિત્યના ઘણા ગ્રંથોમાં ધર્મનું સ્વરૂપ વર્ણવાયેલું જોવા મળે છે.

ગીતા ધર્મશાસ્ત્ર છે. તે આપણને જીવન જીવવાની કળા શીખવે છે. ગીતાની કર્મયોગની ભાવના યજ્ઞભાવના, ગીતાએ પ્રબોધેલ અહિંસાની વિભાવના વગેરેને માનવી પૂર્ણપણે અપનાવે તો તેના જીવનની જટિલમાં જટિલ સમસ્યાઓનું પણ નિવારણ થાય તેમ છે.

માનવજીવમાં કામનાઓનો પ્રવાહ ચાલુ જ રહે છે. 'કામના'નું એવું કામણ પથરાયેલું રહે છે કે તેમાંથી તે મુક્ત થઈ શકતો નથી. કામનાઓની સતત આળપંપાળને લીધે તેનું જીવન દુષ્કર બનતું જાય છે. આથી આત્મકલ્યાણ અને મનની શાંતિ માટે વ્યક્તિએ કામનાઓનો ત્યાગ કરી 'નિષ્કામ' બનવું જોઈએ. નિરુત્સાહ અને નિષ્ક્રિયતા માનવજીવનમાં અનેક ગંભીર પ્રશ્નો સર્જી શકે છે. श्रीमद् भगवद्गीताकार કહે છે.

*न कर्मणामनारम्भान्नैष्कर्म्यं पुरुषोऽश्नुते ।*
*न च संन्यासाउव सिद्धिं समधिगच्छति ॥* (भ. गी. ३/४)

અર્થાત્

કર્મનો આરંભ ન કરવાથી મનુષ્ય નૈષ્કર્મ્ય અનુભવતો નથી અને ત્યાગથી સિદ્ધિ પામતો નથી.

અન્ય એક પદ્ય પણ દર્શનીય છે :

*न हि कश्चितत्क्षणमपि जातु तिष्कत्यकर्मकृत् ।*
*कार्यते हि अवशः कर्म सर्वैः प्रकृतिजैर्गुणैः ॥* (भ. गी. ३/५)

અર્થાત્

---

* મહિલા આર્ટ્સ/કોમર્સ કૉલેજ, જોષીપુરા, જૂનાગઢ

કારણ કે કોઈ એક ક્ષણભર પણ કર્મ કર્યા વિના રહી શકતું નથી. પ્રકૃતિથી ઉત્પન્ન થયેલા ગુણોથી પરવશ બની પ્રત્યેક કર્મ કરે છે.

આપણે પ્રયત્ન શરૂ કરતાં પહેલાં પરિણામ વિશે વિચારીએ છીએ. તેનાથી તો આપણે પરિણામલક્ષી જ બનીએ છીએ અને યોગ્ય પરિણામ ન આવે તો આપણે દુઃખી થઈએ છીએ. ગીતાનો કર્મયોગ આપણને પુરુષાર્થકેન્દ્રી બનાવે છે. ભગવાન શ્રીકૃષ્ણ કહે છે :

*कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन ।*
*मा कर्मफलहेतुर्भूर्मा ते सङ्गोऽस्त्वकर्मणि ॥* (भ. गी. २/४७)

અર્થાત્

તારો અધિકાર કર્મમાં જ છે. ફળમાં કદી પણ ન થાવ. તું કર્મોમાં ફળની ઈચ્છાવાળો ન થા. કર્મ ન કરવામાં તારી પ્રીતિ ન થાઓ.

*योगस्थः कुरु कर्माणि सङ्गं त्यक्त्वा धनंजय ।*
*सिद्धियसिद्धयो समो भूत्वा समत्वं योग उच्यते ॥*[१]

અર્થાત્

હે ધનંજય ! (કર્મના ફળમાં) આસક્તિ ત્યજી, સિદ્ધિ અને અસિદ્ધિમાં સમભાવવાળો બની, યોગમાં રહી કર્મ કર. કારણ સમત્વ યોગ કહેવાય છે.

આમ, કર્મો પ્રત્યેનો આપણો અભિગમ શ્રી. ભગવદગીતાના 'કર્મયોગ' દ્વારા જ બદલી શકાશે.

કર્મ કરવામાં જે આનંદ છે તે આનંદ જ જીવનનો ખરો આનંદ છે. આવી દૃષ્ટિથી આપણે કાર્ય કરીએ તો આપણું જીવન ધન્ય બનશે અને વિશ્વવ્યાપી સમસ્યાઓનો ઉકેલ આપમેળે આવી જશે.

વ્યક્તિ માત્ર પોતાના સ્વાર્થનો વિચાર ન કરે. અને તેના પર અંકુશ સ્થાપી ક્રમશઃ પોતાની જાતને વિસ્તૃત કરતો જાય એ અત્યંત જરૂરી છે. ગીતાએ આ ભાવનાનું ખૂબ જ સુંદર રીતે મહત્ત્વ દર્શાવ્યું છે.

ગીતાની આ યજ્ઞભાવના સમગ્ર સૃષ્ટિને અનુલક્ષીને વાત કરે છે.

*अन्नाद्भवन्ति भूतानि पर्जन्याडन्नसंभवः ।*
*यज्ञाड्भवति पर्जन्यो यज्ञः कर्मसमुडभवः ॥* [२]

અર્થાત્

અન્નમાંથી ભૂતમાત્ર ઉદ્ભવે છે. અન્ન વરસાદથી પેદા થાય છે. વરસાદ યજ્ઞથી થાય છે અને યજ્ઞ કર્મથી થાય છે.

*कर्म ब्रह्मोडभवं विद्धि ब्रह्माक्षरसमुउभ्वम् ।*
*तन्मात्सर्वगतं ब्रह्म नित्यं यज्ञे प्रतिष्ठितम् ॥* [३]

કર્મને વેદમાંથી જન્મેલાં જાણ. વેદો અવિનાશી પરમાત્માથી ઉત્પન્ન થયા છે. માટે સર્વવ્યાપી પરમાત્મા હંમેશા યજ્ઞમાં રહેલાં છે.

વળી, 'શ્રીમદ્ ભગવદ્ગીતાકાર' મનુષ્યમાત્રને યજ્ઞથી જ મુક્તિ મળતી હોવાનું પણ દર્શાવે છે. જેમ કે

*यज्ञार्थत्कर्मणोऽन्यत्र लोकोऽयं कर्मबन्धनः ।*
*तउर्थ कर्म कौन्तेय मुक्तसङ्गः समाचर ॥*[४]

અર્થાત્

યજ્ઞાર્થે કરેલાં કર્મો સિવાય અન્ય (કર્મો)થી આ મનુષ્ય કર્મ વડે બંધાય છે. માટે હે કૌન્તેય ! તું યજ્ઞાર્થે સંગ ત્યજીને કર્મ કર.

ગીતા ધર્મશાસ્ત્ર છે અને અહિંસા પરમધર્મ ગણાય છે. ભયમુક્ત સમાજની સ્થાપના આપણે ઇચ્છતા હોઈએ તો વિનાશક અને હિંસક આદર્શોને જીવનમાં મહત્ત્વ ન અપાવું જોઈએ. ગીતા વ્યક્તિ અને સમાજ બન્ને મોરચે અહિંસાનું પ્રતિસ્થાપન ઇચ્છે છે.

ગીતામાં જે વિચારો રજૂ થયા છે તે કોઈ પણ એક જાતિ કે સંપ્રદાય માટે નથી. ગીતાનો દૃષ્ટિકોણ સાર્વત્રિક છે. ગીતાએ સાકાર ઉપાસનાની મહત્તા દર્શાવી છે.[૫] પણ નિરાકાર ઉપાસનાને જાકારો નથી આપ્યો. આવું જ પ્રવૃત્તિ અને નિવૃત્તિના વિચારમાં પણ જોઈ શકાય છે. ગીતામાં પ્રવૃત્તિનો વિચાર છે; નિવૃત્તિનો વિચાર છે અને પ્રવૃત્તિમાં નિવૃત્તિનો વિચાર પણ છે. પોતાની પ્રકૃતિ અને સ્થિતિ મુજબ માણસ આમાંથી જે અનુકૂળ હોય તે સ્વીકારી શકે છે.

માનવીને જે વધારે બળવાન, શક્તિવાન, સામર્થ્યશીલ બનાવે એ જ ખરો ધર્મ કહેવાય. માનવીને નિર્બળ બનાવનાર કે કોઈ પણ સ્વરૂપમાં નબળો પાડનાર ધર્મ યોગ્ય ન ગણાય. ઈશ્વર નિર્ભીક છે, તો માણસ પણ નિર્ભીક જ બનવો જોઈએ. ગીતાએ દૈવી સંપત્તિનાં લક્ષણોમાં અભયને સ્થાને આ જ બાબતનો નિર્દેશ કર્યો છે. જેમ કે :

*अभयं सत्त्वसंशुद्धिर्ज्ञानयोगव्यवस्थितिः ।*
*डानं डमश्च यज्ञश्च स्वाध्यायस्तप आर्जवम् ॥* [૬]

અર્થાત્

અભય, સાત્ત્વિક વૃત્તિ, જ્ઞાન અને યોગમાં વિશેષ રીતે સ્થિતિ, દાન, દમ, યજ્ઞ, સ્વાધ્યાય, તપ અને સરળતા.

માનવસામર્થ્યને વિકસાવવાના એક પાસારૂપે આત્મમય જીવન જીવવાનો વિચાર ગીતામાં જોઈ શકાય છે. ઈશ્વરનિષ્ઠા અહંકારશમન માટે છે. આત્મમય જીવન વ્યક્તિમાં આત્મશ્રદ્ધાનું નિર્માણ કરે છે. અમૃતત્વની પ્રાપ્તિ ગીતા અનુસાર આત્મમય બનવામાં છે. આ વિચાર ગીતાના પ્રારંભમાં રજુ થયો છે. મૃત્યુના ભય-શોકથી મુક્ત થવું અને જીવન પ્રત્યેની આસક્તિથી મુક્ત થવું એ જ અમરત્વ. તે પ્રાપ્ત થવાથી જીવન પ્રત્યેની દૃષ્ટિનું આમૂલ પરિવર્તન થાય છે. આવું અમરત્વ પ્રાપ્ત થવાથી જીવનનું નવસંસ્કરણ થાય છે.

ગીતા કહે છે કે સનાતન કાળથી આ વિશ્વમાં દૈવી અને આસુરી સંપત્તિ વચ્ચે સંઘર્ષ ચાલ્યા કરે છે. જગતનો કોઈ પણ મનુષ્ય આ બન્ને સંપત્તિમાંથી કોઈ એકને તો અપનાવવાનો જ. ગીતા કહે છે કે આસુરી પરિબળોથી મુક્ત થવું અને દૈવી તત્ત્વોને આપણામાં વિકસવા દેવાં એ જીવનનું લક્ષ્ય છે.

બાહ્ય પરિસ્થિતિ સાથે માણસે સંઘર્ષ કરવો પડે છે. તે જ રીતે, માનવસ્વભાવમાં રહેલી કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર જેવી નિમ્ન કામનાઓ સામે પણ માણસે સંઘર્ષ કરવો પડે છે. આથી જ શ્રી ભગવદગીતા કામ, ક્રોધ અને લોભ એ ત્રણને નરકના દ્વાર રૂપ ગણાવી ત્યાજ્ય ગણે છે. આ સંદર્ભે નીચેનું પદ્ય દર્શનીય છે.

*त्रिविधं नरकस्येडं द्वारं नाशनमात्मनः ।*
*कामः क्रोधस्तषा त्मोभस्तस्माडेतत्त्रयं त्यजेत् ॥*

અર્થાત્

કામ, ક્રોધ અને લોભ - એ ત્રણ પ્રકારના આત્માનો નાશ કરનારાં નરકનાં દ્વાર છે; માટે ત્રણેનો ત્યાગ કરવો.

માનવવ્યક્તિત્વનો સંતુલિત અને સર્વાંગી વિકાસ ગીતાનો આદર્શ છે. જ્ઞાન, કર્મ અને ભક્તિ પૈકી કોઈ પણ એકના આધિક્યવાળા 'આચાર'ને ગીતા અનુક્રમે જ્ઞાનયોગ, કર્મયોગ અને ભક્તિયોગ એવાં નામો આપે છે. પરંતુ કોઈ જ્ઞાનસાધના કર્મ અને ભક્તિ વિનાની હોઈ શકે જ નહિ. એવું જ કર્મયોગ અને ભક્તિયોગ અંગે પણ સમજવું રહ્યું. સર્વાંગી વિકાસ જ માનવ વ્યક્તિત્વને દૈવી સમાજના એક અંગરૂપ બનવા તૈયાર કરે છે.

સાર્વત્રિક વિશ્વધર્મ સર્વને સ્પર્શતો હોય અને ગીતા આ વાતને આ રીતે રજૂ કરે છે. अनित्यं असुखं लोकं इने प्राप्य भजस्व माम् ।[૮] ગીતા વેદાંત છે. વેદાંતનો સર્વભૂતાત્મવાદ ગીતાને પણ અભિપ્રેત છે.[૯] પ્રાણીમાત્રમાં પોતાના આત્માને જોનારી આ અદ્વૈતદષ્ટિ એ જ ગીતાનો સમાવિષ્ટભાવ પણ છે.

ગીતાની યજ્ઞભાવનાનો વિચાર પણ ઘણો જ સૂચક છે. યજ્ઞ દ્વારા જ્ઞાન સક્રિય બને છે. અને યજ્ઞનો આશય સમષ્ટિ હિત છે. સમષ્ટિભાવને ક્રિયાવિત કરનારું તત્ત્વ યજ્ઞ છે. સમગ્ર વિશ્વને ભાવનાના એક તાંતણે બાંધનારો ગીતાનો આ વિચાર તેના સાર્વત્રિક વિશ્વધર્મનું અત્યંત તેજસ્વી અને પ્રેરક એવું તત્ત્વ છે.

ગીતા આગળ કહે છે કે અશ્રદ્ધાથી જે કંઈ કર્યું હોય તે અસત્ કહેવાય. અને આ લોકમાં કે પરલોકમાં તે ફળ આપતું નથી.[૧૦] અજ્ઞાની, શ્રદ્ધારહિત અને સંશયાત્મા નાશ પામે છે.

### પાદનોંધ

૧. ભ.ગી. ૨/૪૮
૨. ભ.ગી. ૩/૧૪
૩. ભ.ગી. ૩/૧૫
૪. ભ. ગી. ૩/૯
૫. ભ. ગી. ૧૨
૬. ભ.ગી. ૧૬/૧
૭. એજન ૧૬/૨૧
૮. ગીતા ૯/૩૩
૯. ગીતા૨૯ થી ૩૧ અન ૧૩/૨૭
૧૦. ગીતા ૧૭/૨૮

# ઉમાશંકરની કવિતામાં : દીન-પીડિત દર્શન

◆

ડૉ. મોહન ચાવડા*

ઉમાશંકર જોશી એટલે ગુજરાતી ભાષાનું ઉચ્ચત્તમ શૃંગ. ગુજરાતીઓ અને ગુજરાતી ભાષા ગૌરવ લઈ શકે એવું નામ. સાબરકાંઠા જિલ્લાના ગિરિપ્રદેશના પ્રકૃતિસભર વાતાવરણમાં ભીલોડા પાસે આવેલા ખોબા જેવડા બામણા ગામે જન્મેલા-ઊછરેલા ઉમાશંકર શબ્દના પાકા બંદા-સાચા સાધક. નાની મારવાડથી ઓળખાતા ઇડરિયા મુલકના પ્રકૃતિપાન કરી શબ્દના આ ઉપાસકે શબ્દની ઓળખ-સંગત વિશ્વકક્ષાએ મૂકી આપી.

શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદી કહે છે, 'ગાંધીજી, નાનાલાલ અને મુનશી પછીનો યુગપ્રકાશક સાક્ષર ઉમાશંકર. આ ગુજરાતી કવિ વિશ્વકવિ હતો. ગુજરાત અને ગુજરાતીને ભક્તિથી ગાનાર ઉમાશંકર. કાલિદાસ અને રવીન્દ્રનાથની કોટિએ પહોંચ્યા હતા. એમણે ગુજરાતનું અમૃત પીધું. 'ઉપનિષદો, કાલિદાસ અને ભવભૂતિનું અમૃત પીધું. શેક્સપિયર અને રવીન્દ્રનું પોષક પાન કર્યું. જીવનની કટુ કઠોર-વાસ્તવિકતાને પિછાણી તથા એ પિછાણવા છતાં, જીવનને વધાવ્યું. વિશાદ દાખવ્યો, ઉલ્લાસ દાખવ્યો. ઉપનિષદોએ પ્રબોધેલી પ્રજ્ઞાની સમતા સાધી.'

ઉમાશંકરનું સાહિત્ય સર્જન ગાંધીયુગમાં અને આ ગાળો ગુજરાતી કવિતાનો સમૃદ્ધિકાળ છે. વાસ્તવલક્ષી જનજીવનની અભિવ્યક્તિ, સમાજના ઉપેક્ષિત-તિરસ્કૃત લોકોની વાણી, સ્વાતંત્ર્યપ્રાપ્તિ, દેશદાઝ, દીનજન વાત્સલ્ય, માનવપ્રેમ જેવા જીવનાદર્શોવાળી રચનાઓથી ગુજરાતી સાહિત્યમાં એક નવો વળાંક આવે છે અને ઉમાશંકર પણ આમાંથી બાકાત નથી.

ઈ.સ. ૧૯૨૮માં સત્તર વર્ષની ઉંમરે 'નખી સરોવર ઉપર શરદપૂર્ણિમા' કાવ્યથી આરંભાયેલી સર્જનયાત્રા કવિના છેલ્લા શ્વાસ સુધી ચાલે છે. કવિતા, ટૂંકી વાર્તા, એકાંકી, નિબંધ, ચરિત્ર, સંસ્મરણો, પ્રવાસ, નવલકથા, વિવેચન, સંશોધન, સંપાદન, અનુવાદ જેવા વિવિધ પ્રકારોમાં એમણે સત્ત્વશીલ કામ કર્યું. આમ છતાં, "સૌંદર્યથી ઉરઝરણ ગાશે પછી આપમેળે' ગાનાર આ કવિ છેલ્લા શ્વાસ સુધી કવિતામાં જીવ્યા છે. અને એટલે જ 'વિશ્વશાંતિ'થી આરંભાયેલી તેમની કાવ્યયાત્રા 'ગંગોત્રી' 'નિશીથ', 'પ્રાચીના', 'આતિથ્ય', 'વસંતવર્ષા', 'મહાપ્રસ્થાન', 'અભિજ્ઞા', 'ધારાવસ્ત્ર', અને 'સપ્તપદી' જેવા પડાવો સુધી પથરાયેલી છે. ભારતીય જ્ઞાનપીઠ પુરસ્કાર વિજેતા આ કવિને રણજિતરામ સુવર્ણચંદ્રક મહિડા પારિતોષિક, નર્મદ સુવર્ણચંદ્રક, ઉમા સ્નેહરશ્મિ પારિતોષિક, ન્હાનાલાલ પારિતોષિક જેવાં અનેક સન્માનોથી નવાજવામાં આવ્યા છે.

કવિતાકલાના જોખમે પણ ઉમાશંકરે જીવનમૂલ્યોને તાક્યાં છે. યથાર્થનું આલેખન એ જ એમનું ધ્યેય હતું. ગાંધીયુગની અપેક્ષાઓમાં ઉમાશંકર પાર ઊતર્યા છે. વ્યક્તિપ્રેમ, કુટુંબપ્રેમ, રાષ્ટ્રપ્રેમ અને વિશ્વપ્રેમ એમની કવિતામાં અનેક રીતે દેખાયા કરે છે. વસુધૈવ કુટુમ્બકમ અને વિશ્વશાંતિની ભાવના ધરાવતા આ કવિ જીવન-સ્વીકૃતિના, વિશ્વસંવાદના કવિ છે. વ્યક્તિ અને સમષ્ટિ વચ્ચેના સંબંધને ઓળખવાની મથામણ તેમની કવિતાનો એક મુખ્ય સૂર છે. એટલે જ તો ટાગોરની નાતના, આર્ય જ્ઞાતિના વૈશ્વિક કવિ છે. તેમનું વ્યક્તિત્વ સમકાલીન સાહિત્યકારોમાં અનેક રીતે નોખું તરી આવે છે. તેમનું સંવેદન વિશ્વમાનવી બનેલ સાચા કવિનું છે. તેમના ચિંતનમાં ગાંધી, ટાગોર અને ભારતીય સંસ્કૃતિનો પ્રાણ ધબકે છે. તેમના વ્યવહારમાં 'અવનિનું અમૃત' પ્રેમ છલકાય છે. તેમની વાણીમાં મંત્રદષ્ટા ઋષિનું તેજ ચમકે છે. તેમની ભાવયિત્રી પ્રતિભા ગુજરાતી કવિતાના નવા

---

* અધ્યક્ષ, ગુજરાતી વિભાગ, GLS (સદ્‌ગુણા-બી.ડી.) કોલેજ ફોર ગર્લ્સ, અમદાવાદ. મો. ૯૬૬૨૧૪૫૦૫૮

વળાંકને ઓળખી બતાવે છે. તેમની સર્જક પ્રતિભા બહુમુખી છે. તેમણે એક તરફ બ.ક. ઠાકોરની અસર ઝીલી સમસ્ત ગાંધીયુગની કવિતાનું રુચિત કલેવર પ્રગટાવ્યું છે. કાવ્યક્ષેત્રે પરંપરાને જાળવી રાખી છે અને નવા પ્રયોગો પણ કર્યા છે. તેથી જ તેમની કવિતા ક્યારેક જૂની, પરંપરાગત કે ચોકઠાબદ્ધ બની નથી. તેમની કવિતા સદાય વહેતી ગતિશીલ રહી છે. એમણે પોતાનાં કાવ્યોમાં કઠોર-નઠોર, વાસ્તવિકતા અને મૃદુ ભાવનાશીલતાનો મધુર સમન્વય પણ કર્યો છે. ધોબી, મોચી, એક ચુસાયેલો ગોટલો, ઉકરડો જેવા શુષ્ક અને પરિચિત વિષયો પર સુંદર કાવ્યો લખીને પુરવાર કર્યું છે કે 'કવિતા વિષયમાં નથી વસતી પણ એ વિષય પ્રત્યે જોવાની કવિની દૃષ્ટિમાં વસે છે.' ઉમાશંકરની કવિતામાં સૂક્ષ્મ ચિંતન અને સબળ ભાવાત્મકતા બંનેનો અનુભવ થાય છે. પ્રેમ-પ્રકૃતિ, દેશપ્રેમ, સ્વાતંત્ર્ય ઝંખના, બહુજન સમાજના દુઃખ-દર્દો, તેમજ દલિત-પીડિતો પ્રત્યેનો અનુકંપાભર્યો-સ્વજનભાવ જેવા વિષયો ઉમાશંકરે પોતાની કવિતામાં ગાયા છે. તેમની કવિતા છંદોબદ્ધ અને લયબદ્ધ છે.

૧૯૩૧માં પ્રગટ થયેલ 'વિશ્વશાંતિ' કાવ્યસંગ્રહ તેમનો પ્રથમ કાવ્યસંગ્રહ છે. ખંડકાવ્ય સ્વરૂપના આ સંગ્રહમાં કવિ જગત પરના મનુષ્યો વચ્ચેની શાંતિ અથવા જીવમાત્રની શાંતિ એવો નહિ પણ આપણી નજરમાં ન આવે એવા વિશાળ અતલાન્ત વિશ્વની શાંતિની કલ્પના કરી છે. સત્ય, પ્રેમ કે સૌંદર્ય ઘવાતાં હોય ત્યાં સુધી વિશ્વમાં અખંડ શાંતિ હોઈ શકે જ નહિ તે વાત તેમણે મૂકી છે.

૧૯૩૪માં પ્રગટ થયેલો 'ગંગોત્રી'ની રચનાઓમાં કવિએ ગાંધીયુગના પ્રભાવને ઝીલ્યો છે. દીનજન વાત્સલ્ય, સમાનતાવાદ, અહિંસક વિજિગીષા અને સ્વાર્પણ, યુદ્ધવિરોધ અને વિશ્વ બંધુત્વ આ કાવ્યસંગ્રહના આંખે ઊડીને વળગે તેવાં તત્ત્વો છે. આ સંગ્રહમાંનાં કાવ્યોમાં દીન-દલિતો તરફની સહાનુભૂતિ પ્રગટે છે. ગરીબાઈ, શોષણ, ભૂખનું દુઃખ, નિરાધારપણું, અપૂરતું પોષણ અને સખત મજૂરી જેવી કઠોર વાસ્તવિકતાને કવિએ અભિવ્યક્ત કરી છે. ઉમાશંકર પ્રેમ-સૌંદર્યના ગાયક હોવા છતાં ગાંધીયુગની બધી જ ભાવનાઓ તેમણે આ કાવ્યસંગ્રહમાં વહાવી છે.

૧૯૩૯માં પ્રસિદ્ધ થયેલ 'નિશિથ' કાવ્યસંગ્રહને ઉમાશંકરને ભારતીય જ્ઞાનપીઠ પુરસ્કાર મળે છે. આ સંગ્રહની રચનાઓમાં તેમની કવિત્વ શક્તિનો સઘન અર્થ અનુભવાય છે. આ સંગ્રહનાં પાંચાલી, સીમાડાના પથ્થર પર, બૅંક પાસેનું ઝાડ, વાંસળી વેચનારો કાવ્યોમાં દલિત-પીડિતજનોને અને તેમની વ્યથાને કલામય રીતે વાચા મળેલી જોવાય છે. દુઃશાસન અને પાંચાલીઓના શબ્દપ્રયોગ દ્વારા કવિ સમાજના શાસનની ધૂરા વહન કરનારાઓ અને પીડિત-શોષિત જનતા જનાર્દનને યંત્રવાદની વિભીષિકાનો અર્થ સમજાવે છે.

૧૯૮૧માં પ્રગટ થયેલા 'ધારાવસ્ત્ર' સંગ્રહમાં 'બુચકાર' જેવું એકાદ કાવ્ય દીન-પીડિત દર્શનનું કાવ્ય છે તો ૧૯૮૬માં પ્રગટ થયેલા 'આતિથ્ય' કાવ્યસંગ્રહમાં 'સોનાકણી' જેવું એક જ કાવ્ય દીન-પીડિત દર્શનનું છે. 'પ્રાચીની', 'મહાપ્રસ્થાન' અને 'વસંતવર્ષા' કાવ્યસંગ્રહોમાં ક્યાંક દીન-પીડિત દર્શન જવલ્લેજ જોવા મળે છે. 'અભિજ્ઞા' અને 'સપ્તપદી'માં પણ આ દર્શન નથી.

ગાંધીયુગના કવનનો એક વિષય દલિતોદ્ધાર હતો. મેઘાણી, સુંદરમ્, રા.વિ. પાઠક તથા ઉમાશંકર જોશી જેવા કવિઓનાં કાવ્યોમાં ગરીબો તરફની લાગણી જોવા મળે છે. તેમાં ઉમાશંકરે પણ 'પહેરણનું ગીત', 'હથોડાનું ગીત', 'ઘાણીનું ગીત', 'દરણાના દાણા', 'સોનાથાળી', 'જઠરાગ્નિ' જેવાં કાવ્યોમાં ગરીબોની વેદનાને વાચા આપી છે. ગુજરાતી કવિતામાં પીડિતોના જીવનની જે ભીષણ વાસ્તવિકતાનું દર્શન છે તેમાં માર્કસવાદનો પ્રભાવ વિશેષ જોવા મળે છે. વાસ્તવિકતા ભૂખને લગતી હતી. એક તરફ ક્ષુધાર્ત પીડિતજનોનો તો બીજી તરફ સુખ વૈભવી લોકો આ સામાજિક અસમતુલામાં રહેલા અન્યાયને ઉમાશંકરે તીવ્રવાણી દ્વારા વ્યક્ત કર્યો છે. તેમાંથી તેમની કેટલીક રચનાઓ જોઈએ તો;

**ઉમાશંકર જોશીની દીન-પીડિત ભાવની કવિતા :**

**(૧) પહેરણનું ગીત :**

આ કાવ્ય ઉમાશંકર જોશીનું અનુવાદિત કાવ્ય છે. આ કાવ્યમાં દલિતો અને શોષિતો પ્રત્યે હમદર્દી રજૂ થઈ છે.

આ કાવ્યમાં એક ગરીબ મજૂર સ્ત્રીની વેદના વ્યક્ત થઈ છે. પરોઢથી સાંજ સુધી સખત પરિશ્રમ કરતી આ સ્ત્રીને રાત્રીના સમયે પણ જંપ નથી. મહેનતના થાકથી માથું ભમે છે. શરીર કામ કરવા તૈયાર નથી, નિર્બળ થયેલી આંખો રાત્રે ઘેરાય છે. તો પણ કામ, કામ ને કામ! સ્વજનો છોડીને જેલ ભોગવતો કેદી પણ આરામથી નિદ્રાની મોજ માણે છે ત્યારે પેલી મજૂર સ્ત્રીને રાત્રે પણ કામ કરવું પડે છે.

*સાધું, સાધુંને મોડી રાત્રે કામમાં ઝોલા આવે,*
*થાકેલો મારો હાથ સોણામાં કામ અગાડી ચલાવે,*
*અરે મારું કામ થશે પૂરું ક્યારે ?*

મજૂર સ્ત્રીથી કામ છૂટતું નથી, છોડી શકાતું નથી કારણ;

*'અરે મારે દસ ખાનાર ઘેર ?'*

આમ એક કામ કરનાર અને દસ ખાનાર જ્યાં હોય ત્યાં 'એક સાંધો ને તેર તૂટે' જેવી પરિસ્થિતિ હોય છે.

સામાન્ય રીતે ભૂખ્યાં-દુખ્યાં મજૂર વર્ગમાં બે જ અવસ્થા દેખાય છે. બાલ્યાવસ્થા અને વૃદ્ધાવસ્થા, કેમ કે વચ્ચેની યુવાવસ્થા સુકાઈ-સુકાઈ શોષાઈ ગઈ છે. વળી પેલી મજૂર સ્ત્રી લોકસમાજને સંબોધીને કહે છે;

*'પ્હેરી ફાડે તું તે વસ્ત્ર નથી એ જાણી લે મારા બાપ!*
*ભાંડુ તારા જેવા મનેખના એ આયખાનાં છે માપ!*
*રામજી કાં રોટલા મોંઘા*
*લોહી માંસ આટલાં સોંઘાં ?'*

ઉમાશંકરે આ કાવ્યની અંતિમ પંક્તિઓમાં - અંતિમ શબ્દોમાં રહેલો કટાક્ષ તીવ્ર બનતો દેખાય છે.

**(૨) ઘાણીનું ગીત :**

ઉમાશંકરે આ કાવ્યમાં જેલમાં રહેલા કેદીઓ દ્વારા ચલાવાતી ઘાણી અને તેમાંથી નીતરતી કરુણતા પ્રયોજી છે. કેદીની વ્યથા કેવી છે તેનું ચિત્ર ઉપસાવ્યું છે. કવિ શિયાળા કે ઉનાળાના ધોમધખતા તાપમાં પણ તેમને આ કાર્યમાં જોતરાઈ રહેવું પડે છે. તેથી તેમના ભાગ્યને દોષ આપે છે. કવિ શિયાળા કે ઉનાળાના ધોમધખતા તાપમાં પણ તેમના આ કાર્યમાં જોતરાઈ રહેવું પડે છે તેથી તેમના ભાગ્યને દોષ આપે છે. બળદની જેમ નીચું જોઈને ઘાણીમાં તેલ કાઢવાનું કામ કરતા કેદીઓની વેદનાને વાચા આ કાવ્ય દ્વારા મળી છે.

*'ધીરે ચાલો રે! વીરા! ધીરા ધીરા ચાલો,*
*કાયા પીલીને તેલ નિકાલો વીરા*
*કાયાનું તેલ નિકાલો!*

**(૩) હથોડાનું ગીત :**

ગાંધીવાદી વિચાર ધરાવતા કવિ ઉમાશંકરે આ જ પ્રકારનાં શીર્ષક ધરાવતાં કાવ્યોની જેમ આ કાવ્યમાં પણ મજૂરની વેદનાને ગાઈ છે. પરિશ્રમ કરે છે તેને પેટ પૂરતું ખાવા મળતું નથી અને જે કામ નથી કરતા તેઓ બીજાના ભોગે આનંદ કરે છે તેમ કહેતાં કવિ અહીં સખત મજૂરી કરતા મજૂરના શરીરને હથોડો અને ફેફસાંને

લુહારની ધમણ સાથે સરખાવી, મજૂરનું ભડભડ બળતું હૈયું લાલ-લાલ ધગેલી જાણે ભઠ્ઠી છે તેમ જણાવે છે. મુઠ્ઠી થાન માટે કાળી મજૂરી કરનાર મજૂર દુઃખથી છૂટવા મૃત્યુ માગે છે તો તેનું આયખું દોઢું થાય છે.

*'કોઢની બ્હાર મોઢું ન કાઢ્યું, કોઢની બ્હાર મોઢું,*
*રાત ને દાડો એક કરીને કુટ્યા કીધું લોઢું,*
*ભૂંડું આ આયખું ય થાય દોઢું,*

લોઢા અને લોઢું બનીને ટીપાતો મજૂર લોકો માટે કામ કરે છે. કોશ, દાતરડાં બનાવનાર આ મજૂરના દાંત અને અન્નને વેર થયાં હોય તેમ કવિ તેની ઉપેક્ષા વ્યક્ત કરતાં કહે છે :

*'લોકોનાં કીધાં કોષ કસાંમાં, દાતરડે દીધા વ્હેર,*
*ધાન વિના મારા દાંત વ્હેરાયા, ખાવાનું કોને ઘેર ?*
*ભાઈ! ત્યારે કોને ત્યાં લીલાલ્હેર ?*

જવાહરલાલ નહેરુના સમયનું સૂત્ર હતું, 'વધુ અનાજ વાવો' ત્યારે કટાક્ષમાં કહેવાતું 'પણ કોના માટે' ખેડૂતોના પરિશ્રમથી તાગડધિન્ના કરતાં વેપારીઓ માટે ? કે દેશ માટે ? આ કાવ્યના અંતમાં કવિ લુહાર, ધમણ, એરણ, હથોડાને રૂપક તરીકે વાપરી આધ્યાત્મિક રૂપ આપવાનો પ્રયત્ન કરતા હોય તેમ લાગે છે.

*ધરતીની એરણ ઉપર કાળો, કાળ હથોડો વાગે,*
*ટીપાય માનવી કહે ગન્યાની ગન્યાને ભૂખ ન લાગે,*
*પેટની આગ ઝાઝેરી જાગે*
*ભાઈ! આગ ઝાઝેરી જાગે!*

**(૪) બાપ દીકરો :**

આ કાવ્યમાં કવિએ ગરીબ એવા ખેડૂત વર્ગનું આલેખન કર્યું છે. ગરીબ મેઘાનું ચિત્ર આલેખતાં-આલેખતાં તેની ગરીબીની કરુણતાને કવિએ વ્યક્ત કરી છે. ખેતરની રખેવાળી કરવા માટે રાત્રિના સમયે મેઘો ઝાકળિયું કરીને રહે છે. શિયાળો હોવાથી રાત્રિના સમયે તાપવા જંગલમાં લાકડાં કાપવા ડુંગરની પેલે પાર અડધો દિવસ કોશ હાંકવાનું બંધ રાખીને જાય છે અને ફરી પાછો આવતો નથી તેનાથી દુઃખી થયેલી મેઘાની પત્ની 'રામી' કલ્પાંત કરે છે.

પાડોશીની બૈરીઓ પાસે જંગલમાંથી કુહાડીના અવાજ સંભળાયાની વાત રામીએ સાંભળી છે. આખી રાત મેઘાની વાટ જોતી અંધારામાં ઝૂંપડીમાં ખખડાવવાનો અવાજ આવે તો બાળક અને માતાનું હૃદય ફફડી ઊઠે છે. ત્યારે માતા તરીકે બાળકને સાંત્વના આપતી રામી કહે છે, એ તો જાનવર કે પવન હશે બેટા. એ સમયે નાનું બાળક માતાને કહે છે,

*'દે કુહાડી નાનલી,*
*ડુંગર સવારે જાઉં ચડી*
*લઈ આવું બાપુ, પછી ખાશું પોંક સૌ સાથે મળી.'*

કરુણ ગરીબીનું ચિત્ર ઉપસાવતા કવિ ઉમાશંકરે અહીં દરિદ્રતાને ઉપસાવી છે.

**(૫) દરણાના દાણા :**

'દરણાના દાણા' ઉમાશંકરનું દીન-દલિતો, શોષિત માનવીઓની હૃદયવેદના, ગરીબવર્ગની વાસ્તવિક્તાને રજૂ કરતું કાવ્ય છે. આ કાવ્ય એક કરુણકથા છે. કરુણ પ્રસંગને કવિએ કાવ્યદેહ આપ્યો છે. આ કાવ્યમાં વૃદ્ધ ડોશીના ચિત્ર દ્વારા કવિ ભીષણ દરિદ્રતા છતાં માનવીના મનની મહાનતા વ્યક્ત કરે છે. માનવીના આત્માનું સૌંદર્ય

વ્યક્ત કરતું આ કાવ્ય ગ્રામજીવનની કરુણતા, નારીના જીવનની સુંદરતાને શબ્દદેહ આપી સચિત્ર બનાવે છે.

બપોરના સમયે ભૂખના દુઃખથી પીડાતી વૃદ્ધ ડોશી ઘરની કોઠીમાં જે કાંઈ દાણા બચ્યા છે તે લેવા તળિયા સુધી જાય છે ત્યારે કવિ કહે છે,

*'સાઠ-સાઠ વર્ષ લગી કોઠી રે ઠાલવી,*
*પેટની કોઠી ના ભરાણી રે લોલ.'*

બચેલા થોડા દાણાને આંગણામા સૂકવ્યાં તો તે દાણા ખાવા માટે ખિસકોલી, કબૂતર વગેરે આવી અર્ધા દાણા ચાવી જાય છે. બાકી બચેલા દાણા હરાયી ગાય આવીને ખાય છે. કારણ કે ગાયને હાંકવાવાળો દીકરો તો પ્લેગમાં મૃત્યુ પામ્યો છે. હાથથી ટીપાતા રોટલાના અવાજમાં દાણા ખાવાનો અવાજ સંભળાતો નથી ત્યારે કૂતરો જાણે દેવ બનીને આવે છે. રોટલો તાણી જાય છે. બિલાડી અને ડોસીની પરિસ્થિતિ વધારે ખરાબ બને છે, કારણ કે...

*'છેલ્લું ય ઢેબરું તાણી ગયો કૂતરો!*
*દયણું પાશેર માંડ બાકી રે લોલ.'*

બાકી બચેલા પાશેર દાણામાં ડોશીનું પેટ કેમ ભરાશે ? તેથી તે વસિયતનામું લખતાં હોય તેમ કહે છે,

*'એ રે પાશેર કણ પંખીડા કાજે,*
*મારી પછાડે નંખાવજો રે લોલ,*
*કોઠી ભાંગીને એના ચૂલાને માંડજો,*
*કરજો વેચીને ઘર, કાયટું રે લોલ!'*

ભીષણ ગરીબીમાં જીવી શકાય તેમ નથી. દાનપુણ્ય કરવા માટે ઘરમાં પૈસા નથી. તેથી ઘર વેચી નાંખવાની વાત કરે છે. ઉમાશંકરે ડોશીના જીવનની વેદના સામે તેના જીવનની મહાનતાને પણ રજૂ કરી છે.

**(૬) જઠરાગ્નિ :**

જઠરાગ્નિ એટલે પેટની ભૂખ, ભૂખની આગ માણસ પાસે શું નથી કરાવતી ? ભૂખ્યો માણસ કયું પાપ નથી કરતો ? આ કાવ્યમાં કવિ ઉમાશંકર કોઈ પાપ-પુણ્યની વાત કરવા નથી માગતા, પરંતુ દીન-દલિતોનાં દુઃખો પીડિતોનાં દુઃખો જોઈને ચિત્કારી ઊઠતું કવિહૃદય ભવિષ્યવાણી ઉચ્ચારે છે કે :

*'રચો રચો અંબરચુંબી મંદિરો*
*ઊંચા ચણો મ્હેલ મિનારા!'*

આમ કહી પડકાર ફેંકતાં કહે છે કે એક દિવસ ભૂખ્યાજનોનો જઠરાગ્નિ જાગશે ત્યારે ભયંકર ઉલ્કાપાત થશે. સમૃદ્ધિમાં આળોટતા શ્રીમંત લોકોના ભવ્ય રાજમહેલોનાં ખંડેરો છિન્નભિન્ન થઈ જશે. આવી કાળવાણીમાં માર્કસવાદી ઉદ્ગાર સંભળાય છે. શ્રીમંતો અને ગરીબો વચ્ચેનો વર્ગભેદ અહીં કાવ્યનો વિષય બન્યો છે. ગરીબાઈ વધતી જાય છે અને તેનાથી ગરીબો મશ્કરી બહુ સમય સુધી સાંખી નહીં લે. એક દિવસ એવો વિસ્ફોટ થશે કે બધું ખેદાન-મેદાન થઈ જશે.

*'દરિદ્રની એ ઉપહાસલીલા*
*સંકેલવા કોટિક જીભ ફેલાવતો*

*ભૂખ્યાજનોનો જઠરાગ્નિ જાગશે*
*ખંડેરની ભસ્મકણી ન લાધશે!*

આ પ્રચંડ પ્રકોપ જાગ્રત થતાં જ શ્રીમંતોનો વૈભવ ગળી જવાનો. પીડિતોના જુસ્સાનો કવિને બરાબર અંદાજ છે. એમની સુષુપ્તશક્તિ જાગી ઊઠશે ત્યારે એની પ્રતિક્રિયા કેવી પ્રચંડ હશે તેનું સૂચન આ કાવ્યમાં છે. આ કાવ્યમાં કવિ ગરીબ અને શ્રીમંતો વચ્ચેથી સામાજિક અસમાનતાની વાત કરતાં કરતાં ગરીબ-દુઃખી લોકોનું વર્ણન કરે છે.

**(૭) પાંચાલી :**

ગાંધીયુગના કવિ ઉમાશંકર 'પાંચાલી' જેવા કાવ્ય દ્વારા દલિત પીડિતજનોની વ્યથાને કલામય રીતે વાચા આપે છે. અહીં દુઃશાસનો અને પાંચાલી શબ્દપ્રયોગ દ્વારા સમાજના શાસનની ધૂરા વહન કરનાર અને પીડિત શોષિત જનતા જનાર્દનને યંત્રવાદની વિભીષિકાનો અર્થ સમજાવે છે. શહેરની ઝાકમઝોળ રોશની, ભદ્ર લોકોનો વૈભવ જાણે કે ગરીબ લોકોની ઠેકડી કરે છે. અર્ધા શરીરથી ઢંકાયેલા રાંક એવા લોકો, જુવાનિયાઓ બારાખડી અને પલાખાં શીખી શીખી પોતાની દરિદ્રતા દૂર કરવા પ્રયત્ન કરે છે. હજારો વસ્ત્ર બનાવનાર મજૂરો નિવસ્ત્ર છે. પરસેવો પાડી કાળી મજૂરી કરી વસ્ત્રો બનાવનારની દશા જોઈ કવિ બોલી ઊઠે છે :

*'સહસ્ર એ વસ્ત્ર સ્વરક્ત મૂલવ્યાં*
*ડિલે તમારે થકી ખેંચી-ખેંચી*
*દુઃશાસનો શાસી રહ્યા તમોને*
*પાંચાલીઓ! ક્યાં લગી સાંખશો હજી?'*

– *યંત્રો મહીંથી નીપજે ન વસ્ત્રો*
*વસ્ત્રો વણે છે મજૂરી તમારી...*

– *છતાં તમે તો સહુએ નવસ્ત્રા!*

ગરીબીની ઠેકડી ઊડાવતા ભદ્ર લોકોના સમાજનું ચિત્ર ઊભું કરી શબ્દની કરુણધારા દ્વારા કવિએ પરિસ્થિતિની વાસ્તવિકતાનું ચિત્રણ અહીં કર્યું છે. કમર તોડીને મજૂરી કરે છે. તેમને જ ખાવાનું કે પહેરવાનું નથી મળતું ત્યારે કવિનો કાકુ બદલાય છે. જે 'પાંચાલી'માં દેખાઈ આવે છે.

**(૮) 'બૅંક પાસેનું ઝાડ' :**

અરણ્યનાં વૃક્ષોથી દૂર પડેલું એક વૃક્ષ એકલું અટૂલું ઊભું છે. શહેરની બૅન્કની છાંયડીમાં ઊભેલા આ વૃક્ષ નીચે જેના શરીરમાંથી ચેતના વહી ગઈ છે તેવા અભાગી માણસો ભૂખ્યાં, રસ્તે રિબાતાં, રડતા માનવી આ વૃક્ષની છાંયડીમાં આવતાં અને થોડી વાર વિસામો લેતાં અને પોતાના ઉરના ઊના નિસાસા વહાવીને આ વૃક્ષની કૂંપળોને પણ બાળી નાંખતાં હતાં. આવા ગરીબોના ઉરની વેદનાનાં આંસુ-નિસાસાથી વૃક્ષોની કૂંપળો પણ બળી જતી. જેમને ભૂખ અને ભોજન વિખૂટાં જ છે તેવા ગરીબોની વેદના-દીન પીડિતોની વેદના વ્યક્ત થઈ છે. આવા ગરીબ લોકોને બેસવાનું એકમાત્ર સ્થળ 'વૃક્ષ' પણ શાસકો દ્વારા જાહેરના હિતાર્થે કપાઈ જાય છે.

*'અરણ્યનાં ઉન્નત આભ ચુંબતાં,*
*વૃક્ષોથી દૂરે વિખૂટું પડેલું,*
*ઊભું તરું એકલું ને અટૂલું,*
*શહેરની બૅન્કની છાંયડીમાં'*

અહીં વૃક્ષ પ્રતીક દ્વારા શાસકો જે દીન-દુઃખી લોકો પર શાસન કરે છે તેને મદદરૂપ થવાને બદલે તેનું વધારે શોષણ કરે છે. અહીં કવિનો તીવ્ર આક્રોશ જોવા મળે છે.

**(૯) વાંસળી વેચનારો :**

માત્ર ચાર આનામાં જ વાંસળી વેચનારો પોતાનું સર્જન વેચી રહ્યો છે. આ વાંસળી વેચતો ગરીબ માણસના જીવનની કરુણતાવાળું ગાન કવિએ અહીં કર્યું છે. જોર-જોરથી બરાડા પાડી પોતાના પેટ માટે વાંસળી વેચનાર ફરે છે પણ ઘરાક નથી. કવિએ ગરીબ લોકોની ગરીબાઈનું દારુણ ચિત્ર અહીં ઉપસાવ્યું છે.

*'ના ભાઈ ના, ગામ જઈશ મારે,*
*છો ના ખપી? ઈંધણથી જશે નહીં,*
*ચચ્ચાર આને! બસ ચાર આને!'*

ઉપરોક્ત કાવ્યોમાં કવિશ્રી ઉમાશંકરે ગરીબ-દીન-પીડિત શોષિતની ભાવનાઓને ઉજાગર કરી આપી છે. આ ઉપરાંત તેમના 'સોનાકણી', 'સીમાડાના પથ્થર પર...', 'બુચકાર', 'લૂલા આંધળાની વાત', 'બાણપથારી', 'ઉરખાખ', 'યુગદ્રષ્ટા', 'બુલબુલ અને ભિખારણ', 'કલાનો શહીદ', 'ધોબી', 'સોનાથાળી' જેવાં અનેક કાવ્યોમાં ભૂખ્યાં-દુઃખ્યાં લોકોની કરુણતા જોવા મળે છે.

આમ કવિ ઉમાશંકર જોશીની સમગ્ર કવિતા તપાસતાં આપણને ગાંધીઆદર્શ-ગાંધીવિચાર-માંહ્યલાનો આતમરામ, દીન-દુખિયાની વેદના, દલિત-પીડિત, શોષિતોની વેદના - અનુકંપનાની ભાવના સુપેરે જોવા મળે છે. સૉનેટ, ગીત, ઊર્મિકાવ્ય જેવાં સ્વરૂપો દ્વારા કવિએ અહીં તેમનાં કાવ્યોમાં દીન-પીડિતની ભાવનાઓનું દર્શન કરાવ્યું છે.

**સંદર્ભગ્રંથો :**


(૧) ઉમાશંકર જોશી સાથે વાચનયાત્રા - સંપાદક - મહેન્દ્ર મેઘાણી
(૨) યુગદ્રષ્ટા ઉમાશંકર - ચંદ્રકાંત શેઠ અને અન્ય
(૩) સમગ્ર કવિતા - ઉમાશંકર જોશી
(૪) અર્વાચીન ગુજરાતી સાહિત્યની વિકાસરેખા - ધીરુભાઈ ઠાકર
(૫) અર્વાચીન ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ ગ્રંથ-૫ - ગુજરાતી સાહિત્ય પરિષદ
(૬) ઉમાશંકર જોશી - હરીન્દ્ર દવે
(૭) ઉમાશંકર જોશી : સર્જક પ્રતિભા - સંપાદન - મફત ઓઝા
(૮) ઉમાશંકર જોશી - મનસુખલાલ ઝવેરી
(૯) ગાંધીયુગની કવિતામાં દીન-પીડિત દર્શન - હર્ષા ચોવટિયા
(૧૦) અક્ષરલોક - દક્ષેશ ઠાકર
(૧૧) કવિનો શબ્દ - સુરેશ દલાલ

# શ્રીકૃષ્ણ પ્રણામી ધર્મ અને મહામતિ પ્રાણનાથજી

◆

મેતર અબ્દુલકાદર કાસમભાઈ*

જામનગર 'છોટી કાશી' તરીકે ઓળખાય છે. કાશીની જેમ જ ગલીઓ, સાંકડી શેરીઓ આવેલી છે. અનેક મંદિરો, મઠ, આશ્રમો, મસ્જિદો, દરગાહો, જૈન દેરાસરો આવેલાં છે. કબીરપંથની ગાદી, આણંદાબાવાનો આશ્રમ જેમણે એકીસાથે પચાસ મુસ્લિમોની સમૂહ નિકાહ પોતાના પટાંગણમાં કરાવી હતી. પાંચ હજાર જેટલા મુસ્લિમોનો જમણવાર કર્યો હતો. હજારો રૂપિયાનો માલ-સામાન મુસ્લિમ દુલ્હનોને દીકરીઓને-કરિયાવરરૂપે (ગૃહસ્થી વસાવવા માટે) આપ્યો હતો. તળાવની પાળે છેલ્લાં ૪૬ વર્ષથી ચોવીસે કલાક રામધૂન ચાલે છે જે વિશ્વ વિખ્યાત છે. જેનું નામ ગિનેસ બુક ઑફ વર્લ્ડ રેકોર્ડમાં નોંધાયેલ છે.

**સ્થાપના :** આ છોટી કાશી જામનગરમાં ૧૭મી સદીમાં શ્રીકૃષ્ણ પ્રણામી ધર્મ અથવા નિજાનંદ સંપ્રદાયની સ્થાપના સદગુરુશ્રી દેવચંદ્રજી મહારાજે કરી હતી. તેઓ મૂળ મારવાડના ઉમરકોટ ગામના વતની હતા. ત્યાંથી જામનગર આવીને શ્રી કાનજી ભટ્ટ પાસેથી શ્રીમદ્ ભાગવતની કથા ચૌદ વર્ષ નિરંતર સાંભળી હતી. તેમાંથી તારતમ્ય તારવી વિ.સં. ૧૬૮૭ના કારતક માસમાં જામનગરમાં ધર્મપીઠ સ્થાપી મંદિર બાંધ્યું હતું. જેને લોકો 'શ્રી ૫ નવતનપુરી ધામ ખીજડા મંદિર' તરીકે ઓળખે છે.

**મુખ્ય હેતુ :** જગતના માનવો પોતાના આત્મા અને પરમાત્મને સારી રીતે ઓળખી, આ દુઃખદ વિશ્વ સંસારના બંધનથી મુક્ત થઈ અખંડ મોક્ષનો અનુભવ કરે તે હેતુથી આ સંપ્રદાયનો ઉદ્ભવ થયો છે.

**સિદ્ધાંત :** સમગ્ર સૃષ્ટિના કર્તા અક્ષરબ્રહ્મ છે તેમને પણ પ્રેરણા આપનાર અક્ષરાતીતબ્રહ્મ છે તે બ્રહ્મને પ્રાપ્ત કરવાનું મુખ્ય સાધન અનન્ય પરા પ્રેમલક્ષણા ભક્તિ છે. આ ભક્તિ વડે આપનું મૂળ વતન પરમ ધામ - સ્વર્ગ અનુભવી શકાય છે. પરમધામ પ્રાપ્તિ, પૂજા-અર્ચના અથવા પરમધામની અનુભૂતિ એ જ મોક્ષ છે.

**પૂજા અર્ચના :** શ્રીકૃષ્ણ પ્રણામી ધર્મમાં ધર્મ સમન્વય ભાવ મુખ્ય ભાવ છે. હિન્દુ-મુસ્લિમ ઐક્ય તેમાં વેદ, પુરાણ અને કુરાન શરીફનાં સમાન તત્ત્વોનું વિશ્લેષણ કર્યું છે. જાતિભેદ અને બાહ્ય આચારોનું ખંડન કરીને સમાજ સુધારણાના ઉમદા કાર્યો થયાં છે. આ સંપ્રદાયમાં પરમ આરાધ્ય તો પૂર્ણ બ્રહ્મ પરમાત્મા શ્રીકૃષ્ણ છે. શીખ ધર્મની માફક સિંહાસન પર તારતમ સાગર (ગ્રંથ)ની સ્થાપના કરી તેનું પૂજન અને અર્ચન કરવામાં આવે છે.

**ગુરુગાદી :** શ્રીકૃષ્ણ પ્રણામી ધર્મ-નિજાનંદ સંપ્રદાયની ગુંરુગાદી ધર્મપીઠ પરમપુનીત શ્રી ૫ નવતનપુરી ધામ જામનગરમાં છે. નિજાનંદચાર્યશ્રી દેવચંદ્રજી મહારાજે અહીંથી ધર્મની જાગણીની શરૂઆત કરી હતી.

સત્તરમી સદીના આરંભે મૂળ સૌરાષ્ટ્રમાં પ્રવર્તમાન પામી, ધીમે ધીમે વ્યાપક રીતે ફેલાયો છે. આ શ્રીકૃષ્ણ પ્રણામી ધર્મ અને તેના બ્રહ્મ આદ્ય સ્થાપક દેવચંદ્રજીના શિષ્ય પ્રાણનાથજીના પ્રભાવ હેઠળ (ઈ.સ. ૧૬૧૯થી ૧૬૯૫) આ સંપ્રદાયે લોક સંગઠનનું ઘણું મોટું કાર્ય કર્યું છે. આ સંપ્રદાય વિશેષ વિખ્યાત 'પ્રણામી ધર્મ' તરીકે થયો છે. કારણ કે તેમાં માનવ માનવ પરસ્પરને માન આપે, પ્રણામ કરે અને એ રીતે એક માનવ બીજાનું અને સૌનું સન્માન કરે એ કેન્દ્રગત ભાવના છે. શ્રી પ્રાણનાથજી મહારાજ જીવન-કવન, પ્રવૃત્તિ અને સર્વમાનવ સમભાવ સર્વધર્મ સમન્વય સ્થાપવાના પ્રયત્નોને લીધે આ સંપ્રદાયને મજબૂત બનાવવાનું કાર્ય આદ્ય સ્થાપક શ્રીદેવચંદ્રજી મહારાજના મહાન શિષ્ય શ્રી પ્રાણનાથજીએ કર્યું હતું.

**શ્રી પ્રાણનાથજીનું જીવન :** મહામતિ શ્રી પ્રાણનાથજીનો જન્મ ઈ.સ. ૧૬૧૯માં જામનગરમાં લોહાણા

* ઘાંચીવાડ, કોઠીયા ફળી, જામનગર. મો. ૭૬૯૮૨૧૬૮૯૧

જ્ઞાતિના વૈષ્ણવ પંથી ઠક્કર પરિવારમાં પિતા કેશવ ઠક્કર અને માતા ધનબાઈના ઘરે થયો હતો. પિતા જામનગરના દીવાન હતા. શ્રી પ્રાણનાથજીનું બાળવયનું નામ મહેરાજ હતું. બાર વર્ષની ઉંમરે મોટાભાઈ ગોવર્ધનજી પાસેથી ગુરુ દેવચંદ્રજીની વાતો સાંભળીને તેમનાં દર્શને ગયા. નિજાનંદાચાર્ય શ્રી દેવચંદ્રજીએ મહેરાજની 'ઇન્દ્રાધામ' વાસના પારખીને 'તારતમ મંત્ર' નિજનામની દિશા આપી, સુંદર સાથમાં સામેલ કર્યા. મહેરાજે પરમધામનો સાક્ષાત્કાર કરવા અને બ્રહ્માનંદ પ્રાપ્ત કરવા પોતાના દેહને ભારે કષ્ટ આપી ભક્તિ સાધના કરી અને તેઓ 'સંત પ્રાણનાથજી' થયા.

**જાગણીની શરૂઆત :** શ્રી પ્રાણનાથજીએ ધર્મપ્રચાર (જાગણી)ની શરૂઆત દીવ બંદરેથી કરી હતી. ત્યાંથી નવી બંદર, પોરબંદર, માંડવી, ભુજ, નગરઠઠામાં વિહાર કર્યો. ત્યાંથી ઈ.સ. ૧૬૮૮માં અરબસ્તાન ગયા હતા. ત્યાં હિન્દુ જનતાના આચારવિચારનો પાયો નાંખ્યો હતો. ૩૩૫ વર્ષ પહેલાનાં જમાનામાં ઘણું મુશ્કેલ તેમજ વિરલ હતું.

ઈ.સ. ૧૬૭૦માં તેઓ ભારત પાછા ફર્યા. નલિયા, માંડવી, ધોરાજી, ઘોઘા થઈ દરિયાઈ માર્ગે શ્રીપ્રાણનાથજી સુરત પહોંચ્યાં. સુરતમાં તેમણે શ્રીકૃષ્ણ પ્રણામી ધર્મની પીઠ સ્થાપી, સૈયદવાડામાં આવેલી આ પીઠને શ્રી ૫ મંગલપુરી ધામ સુરત મોટા મંદિરના નામે જગત વિખ્યાત છે.

**દિલ્હી પ્રયાણ :** ઈ.સ. ૧૬૭૫માં તેમણે સુરતથી દિલ્હીની ઐતિહાસિક કૂચનો આરંભ કર્યો. ભરૂચ અને સિદ્ધપુર થઈ રસ્તામાં મેડતામાં તેમણે મસ્જિદમાં 'લા ઇલ્લાહા ઇલ્લાહ મહમંદર રસુલ્લાહ'ની બાંગ સાંભળી, તેમાં તેમને હિન્દુ ધર્મના ક્ષર, અક્ષર અને અક્ષરાતિત દેખાયા આમ તે પ્રસંગથી તેમને હિન્દુ અને ઇસ્લામ ધર્મના સિદ્ધાંતોની સમાનતા અંગેનું જ્ઞાન થયું હતું. આથી તેમનાં પ્રવચનોમાં ફારસી અને અરબી શબ્દોનો છૂટથી ઉપયોગ થવા લાગ્યો. કબીર અને નાનકની જેમ બે ધર્મો વચ્ચે ખાઈ પૂરવાનો પ્રયત્ન કર્યો.

**ઔરંગઝેબને મળવાના પ્રયત્નો :** મોગલ સમ્રાટ ઔરંગઝેબને હવે ઇસ્લામનું સાચું દર્શન સમજાવી શકાશે એવી આશા સાથે શ્રી પ્રાણનાથજી લગભગ દોઢેક વર્ષથી પર્યટન બાદ ૧૬૭૭માં દિલ્હી પહોંચ્યા. અહીં થોડો સમય રોકાઈ બાદશાહનું વલણ, સલાહકારો, અત્યાચારો વગેરે બાબતોનો ઊંડાણથી અભ્યાસ કર્યો. ઔરંગઝેબ સુધી પોતાનો સંદેશો પહોંચે તે માટે પ્રયત્નો શરૂ કર્યાં. બાદશાહના સલાહકારો શેખ સુલેમાન, શેઝ નિઝામ, શેખ ઇસ્લામ વગેરેને તેમણે પત્રો લખ્યા. પરંતુ કોઈ જવાબ ન મલ્યો, છેવટે શ્રી પ્રાણનાથજીએ જાનની પરવા ન કરે તેવા ૧૨ મરજીવા શિષ્યો તૈયાર કર્યાં. લખમણ ભીમજી, સોમજી, ચિંતામણી વગેરે દસ અને શેખ બદલ તથા મુલ્લા કાયમ એ બે મુસ્લિમ શિષ્યોને ઔરંગઝેબ મસ્જિદે નમાઝ પઢવા આવે ત્યારે સત્યાગ્રહ કરવા મોકલ્યા આથી જ્યારે ઔરંગઝેબ મસ્જિદમાં નમાઝ પઢવા આવેલા ત્યારે આ ૧૨ શિષ્યોએ હિંદુ શાસ્ત્રો અને કુરાન શરીફના તાત્ત્વિક સિદ્ધાંતો વચ્ચે ઐક્ય દર્શાવતી વાણી સમૂહમાં ઊંચા સ્વરે ગાવા માંડી. આથી સમ્રાટ ઔરંગઝેબ આમ કરવાનું કારણ પૂછ્યું. શિષ્યોએ બાદશાહ સાથે પોતાના ગુરુની એકાંતમાં ચર્ચા કરવા સમય માંગ્યો. ઔરંગઝેબ કબૂલ થયેલ. પરંતુ કેટલાક કારણોસર એ મુલાકાત છેવટે ન યોજી શકાઈ.

**છત્રસાલ સાથે મુલાકાત :** આમ સમજાવટ અને સમાધાનની નીતિ નિષ્ફળ જતાં ઈ.સ. ૧૬૮૦માં છેવટે શ્રી પ્રાણનાથજી ક્ષત્રિયોને જગાવવા દિલ્હીથી નીકળી અનુપશહેર, આમેર, સાંગાનેર, ઉદયપુર, બુંદી, ઉજ્જૈન, ઔરંગાબાદ વગેરે સ્થળોએ ચાર વર્ષ સુધી પ્રવાસ કરી જાગૃતિ આણી ઈ.સ. ૧૬૮૪માં શ્રી પ્રાણનાથજી પન્ના (મધ્યપ્રદેશ) પહોંચ્યા. રાજવી છત્રસાલ બુંદેલાએ ઔરંગઝેબ સામે માથું ઊંચક્યું હતું. શ્રી પ્રાણનાથજીની વાણીનો છત્રસાલ પર ઊંડો પ્રભાવ પડ્યો. છત્રસાલે તેમને પોતાના ગુરૂ માન્યા. શ્રીપ્રાણનાથજી રાજા છત્રસાલની વિનંતી સ્વીકારી પન્નામાં રોકાયા.

૧૭મી સદીના ઉત્તરાર્ધમાં શિવાજીના ગુરુ રામદાસજી અને શ્રીપ્રાણનાથજીનાં રાજસત્તા ઉપર આધ્યાત્મિક

સત્તાનો અંકુશ ધરાવતાં બે પ્રમુખ વ્યક્તિત્વો ભારતમાં હતાં. ગુરુ રામદાસજી આધ્યાત્મિક વિશેષ હતા અને તેમનો પ્રભાવ મરાઠાઓ પૂરતો સીમિત હતો. શ્રી પ્રાણનાથજી મહારાજને આધ્યાત્મિક ઉપરાંત સામાજિક અને સાંસ્કૃતિક ચેતનાના મશાલચી હતા. તેમના પ્રભાવ હેઠળ ઉત્તર, મધ્ય અને પશ્ચિમ ભારતની પ્રજા અને રાજકર્તાઓ ગણનાપાત્ર સંખ્યામાં આવ્યા હતા.

**મોગલ સામ્રાજ્યનું પતન :** ઔરંગઝેબ વિરુદ્ધ છત્રસાલે ઉપાડેલી ઝુંબેશને શ્રી પ્રાણનાથજીએ લોક આંદોલન સ્વરૂપ આપ્યું હતું. ઈ.સ. ૧૭૦૭માં ઔરંગઝેબના મૃત્યુ પછી થોડા સમયમાં મોગલ સામ્રાજ્યનું પતન થયું હતું. અને તેની સાથે ભારતના સાંસ્કૃતિક ઇતિહાસની અનોખી ચળવળને પણ ઇતિહાસની નોંધમાંથી વિસરાઈ ગઈ.

**હિન્દી ભાષાની હિમાયત :** શ્રી પ્રાણનાથજીના સાહિત્યમાં હિન્દુ-મુસ્લિમ વચ્ચેની એકતા, સાંસ્કૃતિક સમન્વય કટ્ટરપંથીઓની ટીકા વર્ણવેલી છે. તેમના ૧૪ ગ્રંથોએ એ સમયની લોકભાષા હિન્દી (વ્રજ કે અવધિ) અને ગુજરાતીમાં લખાયા છે. ભગવાન બુદ્ધનો ઉપદેશ જેમ પાલી ભાષામાં જ અપાયો તેમ પ્રાણનાથજી પણ લોકભાષામાં જ બોલ્યા.

સ્વતંત્રતાનાં ૬૦ વર્ષ થવા આવ્યાં પરંતુ હજી રાષ્ટ્ર ભાષા તરીકે હિન્દી સ્વીકૃત બની નથી, જ્યારે ૩૦૦ વર્ષથી શ્રી પ્રાણનાથજી મહારાજે હિંદીને રાષ્ટ્રીય સ્તરની ભાષા ગણવા સહુને હિમાયત કરી હતી.

શ્રી પ્રાણનાથજીએ પન્નામાં મંદિરમાં એક બાજુ તારતમ મંત્ર અને બીજી બાજુ કલમો કોતરાવ્યા. પ્રણામી મંદિરમાં વેદ અને પુરાણોના પારાયણ કુરાનની પણ ચર્ચા થાય તેવી પરંપરા વિકસાવી. મધ્યયુગમાં આ કદાચ અદ્વિતીય પ્રયોગ હતો.

**સર્વધર્મ સમન્વય :** શ્રી મહામતિ પ્રાણનાથજીએ સદ્‌ગુરુ શ્રી દેવચંદ્રજી પાસેથી શ્રીમદ્‌ ભાગવતમાનાં ગૂઢ રહસ્યોનું અર્થઘટન અને અદ્વેત દર્શનના સિદ્ધાંતોનું જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. પછી એમાં કબીર, નરસિંહ મહેતા, ઇસ્લામી અને ખ્રિસ્તી ધર્મના સાધના અને સિદ્ધાંતોનો સમન્વય કરી વિશ્વધર્મ સ્થાપવા પ્રયત્ન કર્યો. હિન્દુ ધર્મના વેદ, ઉપનિષદ, પુરાણ, ગીતા, ભાગવત તેમજ ઇસ્લામના મહમુદુર રસુલ્લાહના કુરાન શરીફ યહૂદીઓના મુસા (અ.સ.)ના તૌરાત (ઓલ્ડટેસ્ટામેન્ટ) દાઉદ (અ.સ.)નું ઝબુર અને ઈસા (અ.સ.)નું ખ્રિસ્તીઓનું ઈજીલ (મૂળનામ) પાછળથી બાઈબલનો તલસ્પર્શી અભ્યાસ કર્યો હતો. તુલનાત્મક અભ્યાસ કરી કુરાન શરીફને સેમેટિક ધર્મોનું પ્રતિનિધિ પુસ્તક ગણ્યું અને શ્રીમદ્‌ ભાગવત સાથે તુલના કરી સામ્ય તારવી બતાવ્યા. સૌ ધર્મનું તત્ત્વજ્ઞાન, કથાનકો અને આચારસંહિતાની એકતા બતાવી ધર્મના નામે લડતા અને પોતપોતાને બીજા કરતાં ઉત્તમ અને પાક સમજતાં હિન્દુઓ અને મુસલમાનોને તેમણે ઠીક શબ્દોમાં ટીકા કરી અને બતાવ્યું કે વાસ્તવમાં બંનેના ધર્મોના પાયાના સિદ્ધાંતો એક જ છે. જે કાંઈ ભેદ છે તે બધાની જુદી જુદી ભાષાઓ અને જુદાં જુદાં આચરણોને લઈને છે.

**કુરાન પુરાણ સમન્વય :** શ્રી પ્રાણનાથજી મહારાજનો જ્ઞાન પુરુષાર્થ કાબિલેદાદ છે. તેઓએ વિવિધ ધર્મોનો અભ્યાસ કરીને જે સમાનતા દર્શાવી છે તથા વિશેષતઃ કુરાન શરીફના વિશિષ્ટ સિદ્ધાંતોને હિન્દુ ધર્મ ગ્રંથોના સિદ્ધાંતો સાથે સરખાવ્યા છે તેમાં તેઓની જ્ઞાનની પ્રજ્ઞાનો પુરુષાર્થ જોવા મળે છે. તેઓએ હિન્દુ-મુસ્લિમ ધર્મની બધી પૌરાણિક કથાઓ અને શ્રદ્ધાઓ માન્યતાઓનો મેળ બેસાડવા પ્રયત્ન કર્યો છે તેમના 'શરીઅત' એટલે 'કર્મ' 'તરીકત' એટલે 'ઉપાસના' હકીકત એટલે 'આત્મજ્ઞાન' કે યથાર્થ જ્ઞાન અને મારફત એટલે 'અનુભવ' એવા સમીકરણો તાત્ત્વિક દૃષ્ટિએ સાચા છે તે પ્રભુ પ્રેમને ઇશ્કે હકીકી કહે છે તે તો પાછળથી ગુજરાત સૂફી કવિઓએ પણ સ્વીકાર્યું હતું. કુલજમ સ્વરૂપની જોશ વાણીમાંના તેમના આ વિચારોથી ઉગ્ર વિચારો તેમની અપ્રકટ હોશ વાણીમાં છે. જેમાં ઇસ્લામ ધર્મ તથા કુરાન શરીફનું વિશેષ જ્ઞાન છે. ગમે તેમ તેમનો વિશ્વના મુખ્ય ધર્મોનો તુલનાત્મક અભ્યાસ અને એને આધારે કરેલી તાત્ત્વિક, પૌરાણિક અને આચાર વિષયક બાબતો પ્રશંસાને પાત્ર છે. આથી એમનો ધાર્મિક એકતાનો પુરુષાર્થ ભવ્ય હતો.

મહામતિશ્રી પ્રાણનાથજી મહારાજે નિજાનંદ સંપ્રદાય મારફત કોઈ પણ ધર્મનો કોઈ પણ પયગંબર કે અવતારનો વિરોધ કર્યો નથી અને બધાને એક જ સમાન ગણ્યા છે. જોકે, મધ્યયુગમાં મુખ્ય સંઘર્ષ હિન્દુ ધર્મ અને ઇસ્લામ ધર્મ વચ્ચે હતો. તેમણે ગહન અધ્યયન કરીને હિન્દુ અને ઇસ્લામ ધર્મના એકાત્મનાં સૂત્રો શોધી કાઢ્યાં અને તેને વિશદપણે સમજાવ્યા. તેમના સિદ્ધાંતો, રિવાજો, રીતો, ઉપાસના પદ્ધતિ, કથાઓ, ભવિષ્યવાણીઓ બધાને એક સૂત્રમાં ગૂંથ્યા અને પ્રતિપાદિત કર્યું કે બંનેમાં તત્ત્વતઃ કોઈ ભેદ નથી, કેવળ નામ જુદાં છે, જે મહત્ત્વનાં નથી. એમાંથી આગળ વધીને સંસારના સઘળા પ્રમુખ ધર્મો અને તેમના સિદ્ધાંતો, નીતિઓ, રિવાજો, પુરાણકથાઓ, ઉપાસના, પદ્ધતિઓમાં પણ તેમણે એકાત્મનાં સૂત્રો શોધ્યાં. અને તેમને વિશદપણે સમજાવ્યા, જેને આજે સેક્યુલર સમાજ કે સર્વધર્મ સમભાવ કહેવામાં આવે છે. મહામતિ પ્રાણનાથજી એવા સંત છે જેમાં પોતાના સમયમાં આ પરિકલ્પનાને લઈને આગળ આવ્યા. તેઓ એવા વિશ્વધર્મના પ્રવક્તા બન્યા, જે વર્તમાન વિશ્વની વિસંગતાઓના સંદર્ભમાં વિશ્વ સદ્ભાવ તેમજ વિશ્વ શાંતિનો એક માત્ર માર્ગ છે. અને આ રીતે સમાજનો ઉત્કર્ષ થવાનો છે.

**ઉપસંહાર :** શ્રીકૃષ્ણ પ્રણામી ધર્મનો પ્રવાહ જામનગરમાં ઉદ્ભવ પામીને સૌરાષ્ટ્ર, ગુજરાતને વિધ્યાંચલ, પૂર્વમાં ઓરિસ્સા, બંગાળ, આસામ અને નેપાળ સુધી વિસ્તર્યો છે. ઉત્તર અને મધ્ય ભારતમાં પણ તેના અનુયાયીઓ થયા છે. આજે ૮૦ લાખથી વધારે સુંદર સાથ (અનુયાયીઓ) અને ૬૦૦ મંદિરો ધરાવતા આ સંપ્રદાયના પાયામાં શ્રી પ્રાણનાથજીના તપ તેમજ તેજ સંત આવેલા છે. આ પંથના સ્થાપક સદ્ગુરુશ્રી દેવચંદ્રજી મહારાજ છે પરંતુ તેને પ્રચલિત કરવાનું શ્રેય મહામતિશ્રી પ્રાણનાથજીને ફાળે જાય છે.

**સંદર્ભ સૂચિ :**


૧. પ્રાણનાથ પ્રજ્ઞા ભાગ-૧,૨, સંપાદક પ્રવીણચંદ્ર સી. પરીખ
પ્રકાશકઃ શ્રી તપતનપુરી ધામ, ખીજડા મંદિર, જામનગર

૨. શ્રીકૃષ્ણ પ્રણામી ધર્મ-નિજાનંદ સંપ્રદાયનો સંક્ષિપ્ત પરિચય
સંપાદક અને પ્રકાશક - શ્રી નવતનપુરી ધામ, ખીજડા મંદિર ટ્રસ્ટ, જામનગર

૩. महामति प्राणनाथजी महाराजः हिन्दी
प्रकाशक : श्री मंगलपुरीधाम, पन्ना-मध्यप्रदेश (जिल्ला - बुंदेलखंड)

# પ્રો. કૃષ્ણકાન્ત સાથે વાતચીત

◆

## જોરાવરસિંહ જાદવ

**જોરાવરસિંહ જાદવ** : **જશવંત ઠાકરની એક ઇચ્છા હતી કે ભવાઈ વિશે આપના દ્વારા પાઠ્યપુસ્તકો રચાય.**

**કૃષ્ણકાન્ત કડકિયા** : હા.

**જો.** : **એ નિમિત્તે ભવાઈ અંગે કામ કરવાની તમને પ્રેરણા મળી ?**

**કૃ.** : જ.ઠા.ની ઇચ્છા મારા કામના પાયામાં હતી. પણ એટલા માત્રથી હું રાજી નહોતો. સંશોધન દ્વારા આખા ભવાઈ સ્વરૂપને હું ઉજાગર કરી આપવા માગતો હતો. એમ મેં કર્યું.

**જો.** : **પણ મને એ વાતનું આશ્ચર્ય છે કે, કે.કા.શાસ્ત્રીએ કહ્યું છે તેમ, તમે તો સર્જક હતા, વાર્તાઓ પણ લખતા, ઘણા માર્ગો ખુલ્લા હતા, એને બદલે આટલાં બધા વર્ષો ભવાઈ પાછળ કેમ આપ્યાં ?**

**કૃ.** : હું ભો.જે.નો વિદ્યાર્થી. ત્યાં શાસ્ત્રીજી અને ર. છો. પરીખની છાયામાં સતત રહ્યો હતો. એ પ્રભાવને કારણે સંશોધન અંગેની રુચિ થતી ગઈ.

**જો.** : **એવી તે કેવી રુચિ કે જાત પર પણ ધ્યાન ન રાખી. જ.ઠા.એ કહ્યું તે એક જ ઇચ્છા શું પૂરતી હતી ?**

**કૃ.** : ના. હું ઇચ્છતો હતો કે મારા સંશોધનમાંથી સંશોધન માટેની એક દિશા મળે. એવા સંશોધકો બહાર આવે જે ભવાઈ વેશો, જે-તે પ્રદેશની એ સંદર્ભની લોકશ્રુતિઓ વગેરે એકઠી કરે - એવી પરંપરા ઊભી થાય કે ભવાઈ વિષય પર સતત સંશોધન ચાલ્યા કરે. ભવાઈ કરનાર લોકોનો જે પ્રદેશ છે તેનો ઇતિહાસ લખાય, એની સંસ્કૃતિ, એની જીવનરૂઢિઓ, જાતિઓ વગેરેની નોંધ થાય. કલાકારોએ અભિનય દ્વારા આપણા કદી મરે નહિ એવા, ગ્રંથોના અને કથા-પરંપરાના, સંસ્કાર અભણ તથા અજ્ઞાન લોકો પર છોડીને એમને જીવન જીવવા માટે જે મજબૂત કરોડરજ્જુ પૂરી પાડી છે તે અવલોકાય અને વળી ગુજરાતી ભાષાના જૂના રૂપની વધુ વિગતો પણ બહાર આવે. એ રૂપ મારવી ભાષાથી જુદું પાડવું અઘરું છે. મરુદેશ સાથેના સંબંધનું સૌથી વધારે સજીવ દૃષ્ટાંત ભવાઈ છે. ભવાઈ અને ભાવના વચ્ચે શો સંબંધ છે, ભક્તિનો પ્રકાર છે કે કલાનો, લોકનાટ્યોનું વેશોમાં રૂપાંતર ક્યારે અને શા માટે થયું ? એનો કલા આકાર કેવો અને શામાંથી ઘાટ પામ્યો, વિવિધ પ્રકારનાં રૂપ-રૂપકોમાંનાં કયાં અંગો એમાં દેખાય છે ઇત્યાદિ વિષયો પણ સંશોધનને લગતા છે. રાજપૂત રાજ્યોનું અસ્ત થવું અને સૂબાઓની હકૂમત આવવી એને કારણે સંસ્કૃતિનું સ્વરૂપ બદલાયું. ભવાઈ એ સમયનું એટલે કે ચૌદમા સૈકાની પહેલી પચ્ચીસીનું નાટ્યરૂપ છે. એમાંથી પલટાતા સમયની તાસીર શોધી કાઢવી વગેરે વિષયો પર પણ સંશોધન થાય એ મારી ઇચ્છા હતી. હિન્દુ અને મુસ્લિમોની નીતિ, સદાચાર વિશેનું તથા મરણ, ઈશ્વરાદિ ગૂઢ તત્ત્વોનું જ્ઞાન, શ્રદ્ધા કે માન્યતાઓ ઇત્યાદિને જનસમાજમાં ફરતા ફકીરો-બાવાઓ-ભગતો અને બીજાઓ જે નવો ઘાટ આપે છે અને લોકઅવસ્થા પલટો ખાય છે તે તથા કેવળ લૌકિક નજરને કારણે જે મિશ્રણો થયાં તેમાંથી મૂળ વેશો શોધી કાઢવા વગેરે પણ શોધખોળનો વિષય બની શકે. પ્રયોગની આંટીઘૂંટી, સંભાષણો, મૂક અભિનય વગેરે પણ એ માટેનો વિષય બની પ્રયોગોને ઉપકારક થઈ શકે.

માનો કે 'જસમા'નો વેશ ચાલે છે. નારા ઋષિ અપ્સરા કામકુંડલાંને પોતાની કરવા માગે છે. 'સંભાષણ'થી કોઈ પરિણામ ન આવ્યું. અપ્સરાએ તો કહી દીધું. 'હું' રૂપાળી એટલે તમારો ને મારો મેળ નહીં ખાય.' અહીં અભ્યાસ-સંશોધન મદદે આવશે. ઋષિ અપ્સરાને ભેટીને પોતાનું કપાળ એના કપાળ સાથે અડાડશે, ઘસશે, આ મૂક અભિનય દર્શાવે છે કે શારીરિક અને માનસિક બંને રીતે તે અપ્સરાને પોતાની કરવા માગે છે. પરિણામ એ આવ્યું કે નારા ઋષિ શાપ પામી જસમા રૂપે કામકુંડળાને પોતાની કરી શક્યો. અપ્સરાએ શાપ તો આપ્યો પણ કહ્યું કે તમે ઋષિ થઈને મારા ઉપર ખુશ થયા છો તો તમે જ મારા કાળા કૂબડા પતિ થશો.'

**જો. : તમે પલટાતા સમયની વાત કરો છો. વેશો તો રચાય જ છે છતાં એ 'ઝંડા-ઝૂલણ' જેવા આબદાર કેમ બનતા નથી ?**

કૃ : કારણ એ છે કે મહાવરા વગર અને સ્વરૂપની ચિંતા વગર જ એની રચના થાય છે.

**જો. : તમે શું કહેવા માગો છો ?**

કૃ : ભવાયાના છોકરાઓ એક સમયે શાળા-કૉલેજોમાં જવાને બદલે ટોળામાં જતા અને વાતાવરણમાં જ ભવાઈ શીખી લેતા. યુગ પલટાને કારણે હવે એ શાળા-કૉલેજમાં જાય છે. ત્યાં એમને ભવાઈ શીખવવામાં આવતી નથી. અભ્યાસમાં એ દાખલ થાય તો, એ અભ્યાસ, વેશોની રચનામાં પણ ઉપકારક બની રહે; દા.ત. ગરબા-ગરબી તો શાળા-કૉલેજના સાંસ્કૃતિક કાર્યક્રમોમાં એ શીખે છે પણ ભવાઈમાં એ કઈ રીતે આવે છે તે શીખતા નથી. ગરબા-ગરબીઓ શહેરમાં જે રીતે થાય છે તે રીતે નવા વેશોમાં આવે છે. એ રીતે સ્થાન પામવાને બદલે ભવાઈની રીતે સ્થાન પામવા જોઈએ. એટલે કે વિલંબિત લયમાં - જેવું વડોદરામાં નાગરો કરતા-ભવાઈનું તબલું પણ એ રીતિને જ અનુકૂળ છે. એવું જ વિષય બાબતમાં પણ બને છે; જેમ કે 'ઝંડા ઝૂલણ'માં રેખતા આવે છે. વાદળમાંથી પાણીની જેમ એ વરસે છે અને પ્રેક્ષકોને જકડી રાખે છે. એ આવ્યા ક્યાંથી ? લોકમાં તરતા-એમાંથી એ આવ્યા. ભવાયાઓને તો ખબર પણ નથી કે એ રેખતા કવિ મીર મુરાદના લખેલા છે. વિદ્યાર્થીઓને કવિ મીર મુરાદનો વ્યવસ્થિત અભ્યાસ કરાવવામાં આવે તો મુરાદના એવા બીજા પણ પ્રયોગો નવા વેશોને ઉપકારક બની રહે. એવું જ ફારસી, હિંદી વગેરે સાહિત્યનું તેમ સૂફી, કબીર અને બીજા પણ તત્ત્વજ્ઞાન વગેરેનું ભવાઈના નવા વેશોમાં આવવું શક્ય બને - આ અધ્યયન એટલે માત્ર શાળા-કૉલેજોનું શિક્ષણ એમ નહીં, પણ લોકસાહિત્યના ડાયરે ડાયરે ફરવું, ભાટ - ચારણો - મીર - મીસાઈ લોકમાં ભળવું, એમનાં છંદ, જીભ અને ભાવનાઓને પામવી વગેરે પણ એમાં આવી જાય. અને તો વેશો આબદાર બની શકે. કલાકારોના અંગત અનુભવ, અનુભૂતિને કે જ્ઞાનને બાદ રાખી શકાય જ નહીં કેમ કે તે વગરનું શાસ્ત્ર-જ્ઞાન ગમે તેટલું ઊંચું દેખાતું હોય તોપણ નકામું, ફેંકી દેવા જેવું છે.

**જો. : જૂના કલાકારોને પણ અભ્યાસની જરૂર ખરી ?**

કૃ. : હા,દિગ્દર્શકો, નાટ્યશાસ્ત્ર અને બીજા અનેક માધ્યમો ભવાયા સુધી પહોંચવા જોઈએ, આપણે ત્યાં સામુદ્રિક શાસ્ત્ર, હસ્તભાષા અને લકોનિક ઇત્યાદિ વિકસ્યું છે. એ તમામમાંથી પણ ભવાયાને ઉપયોગી એવી સામગ્રી એના સુધી પહોંચવી જોઈએ. પછી એ જૂનો કલાકાર હોય કે નવો. એ અભ્યાસ એને ઉપયોગી થઈ શકે; દા.ત. એને કોઈ પ્રભાવશાળી પાત્ર કરવું છે. એવું કે જેનામાં હકૂમત ચલાવવાની મનોવૃત્તિ વધારે હોય તો એ સામુદ્રિક શાસ્ત્રની મદદે જઈ શકે જેમાં એ માટે ભરાવદાર ચહેરા સાથે આંખો પણ ભરાવદાર અને મોટી હોય એમ કહેવાયું છે, ડોળાનો ભાગ પણ

થોડોક બહાર આવેલો હોય (શાસ્ત્ર એને શુક્રગ્રહના પ્રભાવવાળી આંખો તરીકે વર્ણવે છે.) ભવાયો ચારિત્ર્યના બળવાળા કોઈ પાત્રને પ્રગટ કરવા માગે છે. એવું પાત્ર કે એ પ્રબળ માનસિક શક્તિવાળું હોય, એનામાં દુનિયાદારીનું ડહાપણ અને ધન મેળવવાની ધગશ હોય, મન અને તન મજબૂત હોય. અંગૂઠો મોટો બતાવી તે પ્રગટ કરી શકે. આર્યમહર્ષિઓએ સામુદ્રિક મંતવ્યોને આધારે અંગૂઠા અને આંગળીઓના સદ્‌ગુણો કહ્યા છે. આપણે ત્યાં થયેલો 'હસ્તભાષા'નો આ વિકાસ ભવાયાના કે નટના અભ્યાસનો વિષય બને તો એ અનેક રીતે ઉપકારક બની રહે. લકૉનિક (Laconic) ભાષા પણ વિકસી છે. ગુજરાતીમાં તમે એને સૂત્રમય, ટૂંકું, ઓછા શબ્દોમાં વ્યક્ત કરવું એમ કહી શકો. 'પાડો ચડ્યો પીપળે લબલબ લીંબુ ખાય' એમ કહેતો ભવાયો આ ભાષા વાપરે છે, એ મૌનનો પણ ઉપયોગ કરે છે. છતાં ભવાઈમાં કેટલીક વાર પાત્રો લાંબા અને બિનજરૂરી ભાષણ કે સંભાષણમાં સરી પડે છે. આ એ જગ્યા છે કે જ્યાં તેને 'લકૉનિક' ભાષા જાણવી જરૂરી છે. પલટાતા સમયની આ માગ છે. લકૉનિક ભાષા, ગ્રીસના લકૉનિયા પ્રદેશની છે. સ્પાર્ટામાં લોકો ઓછું બોલતા છતાં બધું સમજાતું. હમણાં તો પ્રયત્નપૂર્વક એ વિકસાવાય પણ છે. આજે તો સમય બચાવવો એ વાત સંસ્કૃતિનો એક ભાગ બની ગઈ છે અને તેથી જ શબ્દો બને એટલા ઓછા વાપરવાની કલા ઉત્ક્રાંત થઈ છે. ભવાઈ સુધી એની બધી રીતિઓ એવી પદ્ધતિએ પહોંચવી જોઈએ કે કલાકાર જરૂર પડે એ પદ્ધતિનો ઉપયોગ કરી શકે.

ભવાઈમાં ઘણી વાર આંગિક અભિનય, પ્રતીકો વગેરે ભાવ-જાગૃતિનાં માધ્યમો બને છે. ભાષા જ્યારે એ માટે કામ નથી આવતી અથવા ભાષાના માધ્યમમાં ચિત્ર જેવી ભાષાનું આવવાપણું પણ ઓછું વરતાય છે ત્યારે એ (અથવા ચિત્રભાષા પણ) ભાવ-જાગૃતિના સંચાર કે વિનિમયના ઉત્કૃષ્ટ વાહન તરીકે મદદે આવે છે. ગણપતિ સ્વસ્તિક દોરેલ પ્રતીક લઈને, કાળી મહોરું પહેરીને અથવા હાથમાં સળગતા દીવા લઈને આવે છે. આ બધું દેવદેવીના પૂર્ણપણે પ્રગટતા અસ્તિત્વ અંગે સાવધ થવાનાં ઉત્કૃષ્ટ સાધનો છે. ચિત્તમાં ભાવને બદલે આવાં પ્રતીકો કે ચિત્રો કે આંગિક અભિનયો આવે છે ત્યારે પ્રગટતી આંતરિક ભૂમિકાનો એ અનુભવ કરાવે છે. શબ્દથી પૂરું પ્રગટવું જે શક્ય નથી બનતું તે આ રીતે શક્ય બને છે. અથવા આવા અનુભવો એમ પ્રગટ થવા દે છે કે ઓછામાં ઓછા શબ્દો અથવા શબ્દો વગર પણ પ્રયોગ બની શકે કે કરી શકાય છે. માટે ભવાઈ કલાકારોને એનો પણ અભ્યાસ થવો જરૂરી ગણાય.

ડાગલો જૂઠણની ભવાઈની વાર્તા કહે છે. પણ કઈ રીતે ? એને જુવાન વર્ગના વાઈડાઈ અને ટાઈડાઈનું દર્શન કરાવવું છે. તો તે ટેડી ચાલે ચાલે છે. પૂઠું આડે રાખી આંગળીથી બોલાવવાના તેમ તિરસ્કારવાના સંકેતો કરે છે. એમ કરી એ 'ગરજ હોય ત્યારે આવી જા' અને 'ગરજ મટ્યા પછી જહન્નમમાં જા' એવા અર્થનો અભિનય કરે છે. આંગળાં ચાટી સ્વાદવૃત્તિ તેમ ખાઉધરાપણું બતાવવું, ભેંકડો તાણી પરણવાની હઠ બતાવવી, કાખલી કૂટી, ખિખિયારા કરી લગ્નનો આનંદ દર્શાવવો, તાલી આપી મિત્રોના બોલચાલનો વ્યવહાર દર્શાવવો વગેરે દ્વારા તે વાર્તા આગળ વધારે છે. જેવી રીતે ઇજિપ્તની ફેરોની મૂર્તિ, આપણા દેવોની મૂર્તિઓ અને દર્શનોમાં આવતાં પ્રતીકો વગેરે ગર્ભિતાર્થ પ્રગટ કરવામાં સફળ રહ્યા છે તેવી જ રીતે ઉપર કહ્યો તે ડાગલાનો મૂક અભિનય કેવો સફળ રહ્યો છે ? લોકરીતિમાં શબ્દનો જે સ્થૂળ ઉપયોગ છે તેના બદલે તેનો ગર્ભિતાર્થ પ્રગટાવતો આવો મૂક અભિનય શું ધ્યાનાકર્ષક નથી ? મૂક અભિનયનો પોતાનો એક મહિમા છે મેં યથાસ્થાને ઇન્ડોનેશિયાના બાલી ટાપુની વાત કરી છે. ત્યાં એક તહેવારમાં મૌનનો મહોત્સવ થાય છે. આમ તો એ શરીર પવિત્ર કરવાની એક વિધિ છે પણ એમાં શબ્દનો ઉપયોગ નથી. જેવી

રીતે એક ચિત્રમાં હજારો શબ્દો સંતાયા છે, તેવી જ રીતે વ્યક્તિ કે નટની ચેષ્ટા અથવા નખરાં કે ચાળા સુદ્ધાં ઘણુંબધું કહી જાય છે તે એના અચેતન મનમાં છુપાયેલી ભાવનાઓ પણ કહી દે છે. વ્યક્તિની કે નટની વાત કરવાની રીત અથવા ચાલ ઘણી માહિતી પૂરી પાડે છે. તમારી સફળ બોડી લૅંગ્વેજ પોઝ બનાવીને તમે મુલાકાત લેનારની સામે ઊભા રહી જાવ તો તમારી પસંદ થવાની શક્યતા વધી જાય છે. તમારા ખુલ્લા હાથ, ઊભા રહેવાની સાચી રીત વગેરે તમારા આત્મવિશ્વાસ, સહજતા વગેરે પ્રગટાવે છે.

**જો. : કોઈ કલાકાર ભૂંગળ શીખ્યો નથી પણ એને બીજાં વાજિંત્રો વગાડતાં બહુ સરસ આવડે છે તો એ નવા વેશોમાં ભૂંગળ વગર ચલાવી શકે ખરો ? અથવા એમ કહો કે કોઈ કવિ અથવા કલાકાર એવા વેશની રચના કરે કે જેમાં ભૂંગળ જ ન હોય અને ભૂંગળને બદલે, એવા પ્રકારનું, બીજું જ વાજિંત્ર હોય તો શું સ્વરૂપ તૂટે કે નુકસાન પામે ? ભૂંગળનું હોવું અનિવાર્ય છે ?**

કૃ. : કંઈ પણ કરતાં પહેલાં મનમાં એ વાત સ્પષ્ટ હોવી જોઈએ કે કોઈ પણ કલા પછી એ નાટ્ય હોય કે નૃત્ય-એમાં વાદ્ય અગત્યનું નથી પણ અગત્યની છે એ વાદ્યની અસર. ભૂંગળની અવેજીમાં એવું વાદ્ય આવી શકે કે જે ભૂંગળની તમામ અસરો આપી શકે. એ શક્ય નથી. અને શક્ય હોય તોપણ ભવાઈને નુકસાન એ થાય કે ભવાઈમાં કેટલાંક સુંદર દૃશ્યો વાદ્યને કારણે પણ સર્જાય છે. ભવાઈમાં વાદ્યો પ્રેક્ષકો જોતા હોય છે. નટ ઊભા અથવા બેઠા હોય અને ભૂંગળ વગાડે, જોડી વાગે, એ દૃશ્ય રમણીય હોય છે. આપણે એવો પ્રયોગ શા માટે કરવો જોઈએ કે એ મનોહરતાનો ભોગ લેવાઈ જાય ? વળી ભવાઈનું સંગીત અને સાહિત્ય નૃત્ત-નૃત્યપ્રધાન છે અને તે વાદ્ય આધારિત છે. એનું સંગીત ભલે ઓછા સ્વરોને આવરે છે, છતાં શાસ્ત્રીય સંગીતના રાગો કરતાં બહુ રીતે ઢાળ અને ઢંગમાં છે, વળી વ્યક્તિપ્રધાન ઓછું પણ સંઘ-વૃંદપ્રધાન વિશેષ છે. માટે વાદ્ય ભવાઈના સંઘ-સંગીત તથા સંઘ-નૃત્યને પણ પોષક હોવું જોઈએ. નવું આવનાર વાદ્ય જો એ લક્ષણોને અનુકૂળ ન હોય તો ન ચાલે.

નવા વાદ્યની જે વાત છે તે જો માત્ર શાસ્ત્રીય સંગીતનું જ વાદ્ય હોય તો મને કહેવા દો કે એ સંગીત ગુજરાતનું નથી, એનો ગુજરાતનો કોઈ ઘણો નથી. શાસ્ત્રીય સંગીતનાં વાદ્યો ગુજરાતનાં વાદ્યો નથી. તે સ્વર-માધુર્યનું સંગીત છે. જ્યારે લોક-સંગીત સ્વર-સમન્વયનું પરિણામ છે. એમાં એક કરતાં વધુ વાદ્યો સાથે ચાલે અને અનેક બંધો હોય, વાદી, સંવાદી, વિવાદી જ નહીં, વિસંવાદી સૂરો પણ હોય-વિશેષતા એ છે કે એમાં એક કરતાં વધુ વાદ્યો એવા નાદનો સંવાદ રચે.

ભવાઈમાં શાસ્ત્રીય સંગીત કે હવેલી સંગીતની ગમે તેટલી અસર હોય તોપણ લોક-સંગીતનો પ્રભાવ ઓછો નથી. આવનાર વાદ્ય કેટલીક જરૂરિયાત પૂરી કરે તોપણ મૂળ વાદ્ય પાસે કલાકારે જવું જ પડે; દા.ત. છપ્પન્ન કોટીના માલિકને ત્યાં નિરંતર ભેર (ભેરી) વાગે, પણ એ કંઈ બધી જરૂરિયાત પૂરી કરે જ એમ નહિ. એટલે ભેર પર ભૂંગળ વગાડવી જ પડે.

ભૂંગળ એ 'બાકુર' વર્ગનું વાદ્ય છે. શંખ, રણશિંગુ, નાગફણી, ભૂંગળ અને કૈનાટ એ વર્ગમાં આવે. સુષિર વાદ્યોનો એ પેટા વિભાગ છે. એક પ્રવેશ પૂરો કરી કલાકારો બીજા પ્રવેશમાં દાખલ થાય ત્યારે વચ્ચેના શોરબકોરને અને જીર્ણ થઈ ગયેલા સમયને ભરી દેવા એનો ઉપયોગ કરવાનું શાસ્ત્રકારોએ કહ્યું છે. વિધિએ આમ બતાવેલું હોવા છતાં ભવાયાઓ એનો પોતાની રીતે ઉપયોગ કરે છે, પ્રવેશ શરૂ થવાનો હોય ત્યારે અને પૂરો થવાનો હોય ત્યારે એ વગાડાય છે. આ એની સ્વતંત્રતા, ઋગ્વેદથી માંડીને પછીના અનેક ગ્રંથોમાં ભૂંગળનો નિર્દેશ મળે છે. તે નાળી કે નાલિકા

કહેવાતું. સોળમી સદી પછીના ગ્રંથોમાં ભૂંગળ અને નાળી એવાં બે નામો મળે છે. કૈનાટ ભૂંગળ જેવું જ વાદ્ય છે. છતાં એ એટલું લાંબું અને પહોળું છે કે પહાડી જાતિઓના કામમાં આવી શકે. લોકમાં લગ્ન વખતે કે જાનના આગમન સમયે ભલે એ વપરાય. કદાચ એવા સમયે કુશળ કલાકારો ભવાઈમાં પણ એનો ઉપયોગ કરી લે, પરંતુ આખા ભવાઈ કાર્યક્રમ દરમ્યાન તે ખપમાં આવી શકે નહિ, કેમ કે ભૂંગળના સ્વરની પદ્ધતિએ કામમાં આવી શકે એવું એ વાજિંત્ર નથી, ભૂંગળ અન્ય સ્વરોને દબાવી દેવામાં નહિ પણ લેવામાં ઉપયોગી છે. ચાલ ધીમી, હલકારાવાળી કે ઝડપી હોય, માન આપવું હોય, પ્રેમ-ચેષ્ટામાં કે એકબીજાને મારવું જેવાં ગ્રામ્ય-તોફાનોમાં એ બરાબર અનુકૂળ થઈ જાય છે. એવું કૈનાટ દ્વારા કરવું મુશ્કેલ છે.

આમ કોઈ પણ નવો વેશ રચાય તો એના રચનારે ભવાઈના વાજિંત્રોનો ઉપયોગ, લક્ષણો, સ્વરૂપ ઇત્યાદિને ધ્યાન પર લેવું જ પડે. તો જ એ વેશ ભવાઈની જાતને, એના સૌંદર્યને અને એની ઘાટીને ધારણ કરી શકે. ભૂંગળ વગર કે એની જગ્યાએ બીજા વાજિંત્રથી એ ચલાવી શકે નહિ. ભૂંગળનું હોવું અનિવાર્ય છે.

જો. : તમે ભવાઈના વિષય, કલા-આકાર, નવા વેશોનું આવવું વગેરે અંગે ઠીક ઠીક કહ્યું. તો આ તમામ લઈને તમે જ આગળ વધ્યા હોત તો ?

કૃ. : એ શક્ય ન હતું. અનેક માણસો દ્વારા જ એ શક્ય બને. સૂરદાસ અંગે કેટલા બધા માણસોએ કામ કર્યું છે ? ગાંધીજી વિશે કેટલું બધું લખાયું છે ? શું એક જ વ્યક્તિ દ્વારા એ શક્ય બને ખરું ?

જો. : હવે મારે તમને એવા પ્રશ્નો પૂછવા છે કે જેમાંથી ભવાઈ અંગેના તમારા બહોળા કામની ઓળખ મળે. હું એમાં એવી રીતે પરલક્ષ્ય બહાર લાવવા માગું છું કે તમે કરેલાં આ સંશોધનોની પૂરી છબી પામી શકાય.

કૃ. : એ માટે 'અભિનીત'માં મારો એક લેખ છે. પણ એ પછી મેં વર્ષો સુધી કામ કર્યું જે બહુધા એમાં સમાવેશ પામ્યું નથી તેથી તમે વિચાર્યું છે તે યોગ્ય જ છે.

જો. : 'અભિનીત' સિવાય બીજે પણ ભવાઈ અંગેના તમારા લેખો છે. એક લેખ 'સાંપ્રદાયિક સમન્વય' અંગેનો છે. આદ્યશક્તિ જગદંબાની આરાધના રૂપે એ થાય છે તો ભવાઈમાં તેનું આવવું કઈ રીતે શક્ય છે ?

કૃ. : રામાયણમાં માત્ર રામની કથા જ નથી. રાવણ, શૂર્પણખા, રાક્ષસો, પશુ-પંખીઓ વગેરેની કથાનો પણ સમાવેશ છે. જેવી રીતે ત્યાં એ સમન્વય શક્ય છે તેવી જ રીતે ભવાઈમાં પણ હિંદુ-મુસલમાન કે અન્ય સાંપ્રદાયિક સમન્વયનું આવવું શક્ય છે. ભવાઈ સ્વરૂપને એ સ્વીકાર્ય છે. સોરઠ, મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાત એ તમામને જોડનારું તત્ત્વ ભવાઈ છે. ગામમાં ભવાયાઓ રમવા આવે એટલે આખું ગામ આનંદે, આપણે ઝંડા-ઝૂલણની વાત કરી. એમાં 'મીર મુરાદ'ના રેખતાઓની વાત થઈ. તેમાં પણ આ સમન્વય દેખાડે છે. આખો ને આખો 'મીર-મુરાદ' જ ભવાઈમાં લઈ આવો. એટલે સાંપ્રદાયિક સમન્વય એમાં આપોઆપ આવશે. ડૉ. ચંદ્રકાન્ત મહેતાએ પાંચ વર્ષ રઝળપાટ કરીને 'મુરાદવાણી'ને હસ્તગત કરી મહાનિબંધ લખ્યો છે. અલ્લાહ યા ખુદાની સાથે રામ, કૃષ્ણ, ગણપતિ વગેરે દેવોનું સ્મરણ પણ કવિએ કર્યું છે. હિંદુ ધર્મ અને ઇસ્લામ ધર્મના સમન્વય અંગેની સામગ્રી કવિમાં ભારોભાર છે. તેવી જ રીતે અન્યત્ર પણ આવા સમન્વયના સાધન પડેલાં જ છે; દા.ત. સૂફીઓનો સંપ્રદાય. ડૉ. દશરથ ઠક્કરનો એ સંદર્ભનો મહાનિબંધ કેટલી બધી સામગ્રી પૂરી પાડે છે ! સ્વરૂપ સાચવીને ભવાઈમાં તે લઈ આવવું શક્ય છે.

જો. : સ્વરૂપ સાચવવું-એમાં ધર્મ પણ એટલો જ મહત્ત્વનો છે ?

કૃ. : હા, ભવાઈને ત્રણ રીતે સમજવાની છે : (૧) ભવવહી એટલે કે જેમાં જીવનનો હિસાબ છે. (૨) ભાવ-વહી એટલે કે જેમાં હૃદયના ભાવોની રજૂઆત છે. (૩) ભવ-આઈ એટલે કે શક્તિ-પૂજા માટે કરવામાં આવે છે.

જો. : 'અભિનીત'ના નિવેદનમાં તમે કહ્યું છે 'ભવાઈમાં ઢોલ-ઢોલકનો ઉપયોગ ન જ થઈ શકે એ વાત મને સ્વીકાર્ય નથી.' તો 'ભવાઈ' : નટ, નર્તન અને સંગીત' ગ્રંથમાં સંગીતની ચર્ચા કરતાં તમે કહો છો કે 'ભવાઈને જો કોઈ તબલાં પરથી ઢોલ પર લઈ જાય તો એને નિષ્ફળતા જ મળે' – આ વાત એકબીજાથી વિરોધી નથી ?

કૃ. : ના, જે સ્થાને એ કહી છે તે સ્થાને એ બરોબર જ છે. તમે હીંચ નૃત્ય જુઓ. ભવાઈણાં જો એ યથાતથ રમાય તો એ નૃત્ત ઢોલ માગે છે. 'ઢોલી ઢોલ વગાડ મારે હીંચ લેવી છે' એમ સ્ત્રીઓ પણ કહે છે. 'ઝાલાવાડી ઢોલ' જેવી એની રચના પ્રયોજાય. કોઈ પણ કલામાં વાજિંત્ર મહત્ત્વનું નથી. તે શું અસર આપે છે તે મહત્ત્વનું છે. તમે રાધનપુરના અણદાભાઈ ઢોલીનું નામ તો સાંભળ્યું જ છે ને ? એ ૨૯ પ્રકારની અસરો ઉપજાવી શકતા. પાત્ર તલવાર ખેલવા આવે તો તલવાર ખેલવા માટેનો એક 'વિશિષ્ટ તાલ એ ઢોલ પરથી આપે. હીંચનો તાલ, ઇસ્લામી હીંચ, ઘૂણવાનો ઢોલ, ફેરફૂદડીનો ઢોલ આમ વિવિધ પ્રકારના ઢોલ એ વગાડી શકતા. પણ એનો અર્થ એ નથી કે આખી ભવાઈને ઢોલ પર લઈ શકાય. એ ગમે તેટલું મુક્ત સ્વરૂપ હોવા છતાં એમ થઈ શકે નહિ. કારણ કે ભવાઈને ખુલ્લી થાપી સાથે વધારે સંબંધ છે. એટલે જે બોલ તબલામાંથી નીકળે છે એ જ બોલ ઢોલ પરથી પણ કાઢવા શક્ય બને નહિ. ઢોલ એ ચોખ્ખા અવાજવાળું વાજિંત્ર નથી તેથી તેમાં ભવાઈ માગે છે તેવા વિવિધ પ્રકારના શબ્દો મળે નહિ. વળી ભવાઈના વાચિક અભિનય માટે પણ તબલાં જ વધુ અનુકૂળ છે. એમ હોવા છતાં ઢોલ પાસેથી કલાકાર કુશળતાપૂર્વક કામ લઈ વૈવિધ્ય સર્જી શકે અને પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કરી વાહ વાહ મેળવી શકે. મહત્ત્વ તો શી અસર આપે છે તેનું છે. આમ, છતાં એ તો સ્પષ્ટ છે કે ભવાઈમાં જરૂરિયાત પ્રમાણે વાજિંત્રો દાખલ થતાં જ હોય છે. તમે તો લોકકલા ફાઉન્ડેશન જેવી માતબર સંસ્થા ચલાવો છો એટલે તમને તો એ વાતની ખબર જ હશે કે હળપતિ બીજાં લગ્ન કરે એટલે કે નાતરું કરે, ત્યારે નાતરાની જાન રાતરોકાણ કરી શકે નહીં, દિવસે જ એ વિદાય થાય. તે વેળાએ ભૂંગળ ઉપરાંત લગ્નમાં જે તૂર વાગે તેમાં મોટું ઢોલ તથા થાળી વાગે, આવા અનેક પ્રસંગે, જરૂરિયાત પ્રમાણે, અન્ય વાજિંત્રો દાખલ થાય જ છે. ભવાયાઓ પ્રયોગ વેળાએ જો નાંદી કરે તો નાંદીની ઘંટડી વાગે. વિદૂષક બે પત્નીના ઝઘડા વેળાએ જે ગીત ગાય ત્યારે તબલાં, હાર્મોનિયમ ને મંજીરાની સંગત જામે. પત્નીઓના પ્રવેશ જ પાયલની ઝણકાર સાથે થાય :

દા.ત.

*'મારા રોયા રંજાડવાની ટેવ છે.'*

*જૂની પત્ની : તારી નવીને, વીજળીને, કાઢ, નહીં તો હું અહીંયાંથી ચાલી.*

*નવી પત્ની : તારા જૂના ખટારાને કાઢ,નહીં તો હું અહીંયાંથી ચાલી.*

આ ગીત વાર્તાલાપ, પાયલના ઝણકાર અને તબલાના તાલ વગર થઈ શકે નહિ. આમ જરૂરિયાત પ્રમાણે અસર મેળવવા વાજિંત્રો દાખલ થતા જ હોય છે.

જો. : **'ભવાઈ : સ્વરૂપ અને લક્ષણો'માં ઉપસંહાર કરતાં તમે એમ કહ્યું છે કે 'ભવાઈ કલાકાર સ્ત્રીનો રોલ કરવા માગતો હોય તો સંજોગો જોઈ તેને તેમ કરવા દો અને એવી સલાહ ના આપો કે ભાઈ તમે તેમાં લાસ્ય નહિ લાવી શકો.' આજના સમયમાં આ વાત બરાબર છે ? આજે તો સ્ત્રીઓ સ્ત્રીનો રોલ કરવા તૈયાર જ હોય છે.**

કૃ. : ભવાઈ એ એવું ભક્તિસ્વરૂપ છે એમાં લિંગ એ પાત્ર બનવાનો ઉપાય નથી. દેવી પ્રત્યેના પ્રેમને એ વશ છે અને એ જો દેખાય તો, એ પાત્ર સ્ત્રીને આપવાની જરૂર નથી. પ્રેમના માધ્યમથી કલાકાર પોતાની જાતને બદલે છે. સમાધિ સુધી જવાનું આ માધ્યમ છે. તેથી સ્ત્રીનો રોલ બહુ સહેલાઈથી એ કરી શકવાનો. ભાવદશામાં ડૂબકી મારવાનો એનો અવસર શા માટે ઝૂંટવી લેવો જોઈએ ? પ્રેમ સાચે જ સ્ત્રી કે પુરુષનો હોય, વ્યક્તિને સ્ત્રૈણતા આપે જ છે.

જો. : તો પછી સ્ત્રી પાસેથી એવો અવસર આપણે ઝૂંટવી નથી લેતા ? સ્ત્રીને શા માટે એનો હક્ક આપવો ન જોઈએ ?

કૃ. : એમ કરવાથી ખરી રીતે તો આપણે નારી બનવાનો પુરુષનો અવસર ઝૂંટવી લઈએ છીએ. આપણે ત્યાં મધ્યકાળના સંત કવિઓ ઈશ્વરને નારી રૂપે ભજતા ન હતા શું ? એ સખીભાવ, ગોપીભાવનું એક રૂપ વિદેશમાં પણ છે. ઈ.સ. પૂર્વે ૨૩૦૦ માં સુમેરિયાના એક ધર્મગુરુ દિવ્ય તપસ્વી સ્તુતિમાં ઈશ્વરને નારી રૂપે ભજે છે. ભવાયાની મથામણ, નારીરૂપ ધારણ કરીને, ઈશ્વર સુધી પહોંચવાની છે. ઈશ્વર થઈ જવાની છે.

જો. : **તો શું ઈશ્વરનું સ્વરૂપ નારીનું છે ?**

કૃ. : રોસાલિન્ડ માઈલ્સે એક પુસ્તક લખ્યું છે : 'ધ વીમેન્સ હિસ્ટ્રી ઑફ ધ વર્લ્ડ' તે કહે છે કે એક સમયે નારી દેવી હતી, સર્વોપરી હતી, તમામ વ્યવહારની કર્તાહર્તા હતી.

જો. : **'રોસાલિન્ડ'ના સિદ્ધાંત પ્રમાણે આ સૃષ્ટિમાં માત્ર નારી જ હતી ?**

કૃ. : હા, ઈશ્વરનું એ સ્વતંત્ર સર્જન હતું. પ્રારંભની છે.

જો. : **તો પુરુષનું શું ?**

કૃ. : એ તો ઈશ્વરને પછીથી આવેલો વિચાર છે. ભૂલ છે. નારી એ જ પાયામાં છે. મેં સુમેરિયાના ધર્મગુરુની વાત ન કરી ? પ્રાર્થનામાં એ, સામટો પ્રકાશ પાથરતા કેશ, મીઠા રસ જેવી એની પલાંઠી, પેટ વગેરે તથા એની સર્વોત્તમ સુંદરતાની ભક્તિ કરે છે ને ગુણગાન ગાય છે. આપણે પણ શું ગામ-ગામ દેવીની પૂજા કરતા નથી ? પ્રકૃતિ તે એ જ છે, માતા છે, બધાં રહસ્યોની, આત્મા કે આત્મસત્ત્વ સંબંધી બધી વસ્તુઓની એ, સમગ્ર પૃથ્વી ઉપર જેની સત્તા છે તેવી, માલિક છે. અનેક નામોથી જાણીતી છે. એક માત્ર ઈશ્વર તે આ છે. એનું સ્વરૂપ દેવીનું છે.

જો. : **એનો અર્થ એ કે આજની સ્ત્રી ભવાઈમાં રોલ કરવા તૈયાર હોય તોપણ ભવાયો ઇચ્છે તો એને જ એ રોલ કરવા દેવો જોઈએ.**

કૃ. : હા, કેમ કે એ જે રીતે રોલ કરે છે એ વાત જ જુદી છે. લોક-નાટ્યમાં અને બીજે પણ પુરુષ સ્ત્રી બને છે ત્યારે તેનો ભાવ માત્ર પાત્ર ભજવવાનો નહિ, ઈશ્વર તરફ ગતિ કરવાનો અને ઈશ્વર બની જવાનો છે - રથયાત્રા વેળાએ જગન્નાથના મંદિરની સામે સાધુઓના ઉતારાના મકાનમાં નજર નાખો. પૂર્ણ સ્ત્રીવેશમાં પુરુષો દેખાશે. આ સખીબાબા સંપ્રદાયના સાધુઓ શણગાર સજીને નૃત્ય પણ કરે છે. સખીબાબા સંપ્રદાયમાં દીક્ષા લીધેલ પુરુષ-સાધુ સ્ત્રીના પોષાક અને શણગાર સજે.

રામાનંદી સખીઓ સીતાના ભાવમાં સતત રહે છે અને કૃષ્ણપંથી રાધાના ભાવમાં. તેઓનું કહેવું છે કે તેઓ ઠાકોરજીની પત્ની છે અને એમ કરી ને સ્વયં ઠાકોરજી બની જવા માંગે છે. આ ભાવનાથી જ અયોધ્યા અને બીજે પણ એમના મઠ છે. અંબાજીમાં નવરાત્રી (ચૈત્રની નહિ) સમયે અને શાહપુરમાં સદુમાતાની પોળમાં આસો મહિનાની સુદ આઠમે પુરુષો સ્ત્રીવેશ ધારણ કરી શું ગરબા ગાતા નથી ?

આપણો સમાજ એટલો ઉદાર છે કે પુરુષનાં કપડાં પહેરી મંદિરમાં જવા દે છે અને દર્શન તેમ પૂજા કરવા દે છે. બાકી કેરલાના કોટ્ટનકુલંગરા શ્રીદેવી જેવા મંદિરમાં દેવીનાં દર્શન કરવા માટે સોળ શૃંગાર કરવા પડે. પૂજા કરતાં પહેલાં પણ પુરુષોએ એમ કરવું પડે. દેવી આરાધનાની આ પરંપરા છે. મંદિરમાં ચાકલ્યાવિલક્કુ ઉત્સવ થાય છે જેમાં સુદ્ધાં પુરુષો સ્ત્રીઓની જેમ શૃંગાર સજે છે અને પછી જ દર્શન તેમ પૂજા કરી શકે છે.

**જો. : દિગ્દર્શક જો પ્રવેશે તો તે આ વાત સ્વીકારશે ?**

કૃ. : એને સ્વીકારવી જ જોઈએ. એ આ સ્વરૂપની પ્રાથમિક શરત છે. ન સ્વીકારે તો શરતભંગ થાય અને શરતભંગ થાય તો શું થાય એ તમે જાણો છો. જેવી રીતે સંસ્કૃત નાટકોમાંથી ધર્મ અને ભક્તિનો હેતુ દૂર થઈ જતાં નાટકોનું મૂળ સ્વરૂપ જ બદલાઈ ગયું. એવું ભવાઈનું પણ થાય. માટે શરત સ્વીકારવી એમાં ભવાઈના મૂળભૂત સ્વરૂપને સાચવવાનો હેતુ છે. દિગ્દર્શક પાસે આવતા કેટલાય ભવાઈ નટોનાં નાક, કાન જુઓ, એ વીંધેલા હશે. લાંબા વાળ અને સ્ત્રીનો અભિનય કરી શકે એવી છટા કે લટકો કરી શકે એવા એ તરત જ દેખાઈ આવશે.

દિગ્દર્શક એમાંથી પાત્રો પસંદ કરશે. પાત્રોની એની પસંદગી ગમે તેમ થતી નથી. એનો અભ્યાસ એમાં કામે લાગે છે : દા.ત. ભવાઈમાં જસમાનો રોલ કરવા ૬૦ વર્ષનો નટ પણ મૂછો મૂંડાવી રોલ કરવા તૈયાર થઈ જશે. દિગ્દર્શક એમ થવા દેશે નહિ. એ તો કોઈ લંબગોળ ચહેરાવાળી વ્યક્તિને પસંદ કરશે. કેમ કે એને આકર્ષક વ્યક્તિત્વ ધરાવતી વ્યક્તિ જસમાના રોલ માટે જોઈએ છે, એવી કે જે સ્વભાવે સંતુલિત હોય, સારી-ખોટી દરેક પરિસ્થિતિમાં નિયંત્રિત રહી શકે અને વિઘ્નોનો સામનો કરી શકે.

**જો. : નાટકનું શાસ્ત્રીય સ્વરૂપ અને લોકનાટ્ય સ્વરૂપ મુખ્યતઃ કઈ બાબતથી અલગ પડી જાય છે ? બંનેમાં સમાન તત્ત્વો ક્યાં ? એવાં તત્ત્વો ખરાં કે જેનું આદાન-પ્રદાન શક્ય છે ?**

કૃ. : શાસ્ત્રીય સ્વરૂપ એ પૂરો અર્થ બતાવતા શબ્દસમૂહને પ્રાધાન્ય આપે છે. તેથી એમાં શબ્દને સૂક્ષ્મ અભિનય, આંગિક, વાચિક, સાત્ત્વિક અને આહાર્ય દ્વારા પ્રકાશિત કરવામાં આવે છે. એમાં ભવાઈ જેવાં લોક-નાટ્યોની માફક પદાર્થને અભિનીત કરવું એ મુખ્ય નથી. એ સ્વરૂપ શાસ્ત્રીય રહ્યું. એ કારણે જ એને નાટ્યમંડપમાં મંચિત થવાનું વધારે ફાવ્યું. જ્યારે પદાર્થ અભિનીત કરતાં નાટકો પહેલેથી જ લોકભોગ્ય અને મુક્ત રહ્યાં. માટે લોકનાટ્ય લોકોની વચ્ચે ધરતી પર મંચિત થતાં રહ્યાં. આમ છતાં પ્રયોગની દૃષ્ટિએ આકાશ ભાષિત, અંતર હેતુએ પરિભ્રમણ, સ્વગતોક્તિ, ભારતીય સંસ્કાર, સાંસ્કૃતિક આવિષ્કારો જેવાં કેટલાંય તત્ત્વમાં બંને સમાન રહ્યાં. તેથી આદાન-પ્રદાન પણ શક્ય બન્યું; દા.ત., ભવાઈમાં લાછોરી (અર્ધ-પડદો, રંગપટ્ટી) આવે છે. શાસ્ત્રીય નાટકોમાં એ ચિત્ર-યવનિકા કહેવાય છે. આદાનપ્રદાનનું એ પરિણામ છે.

**જો. : ભવાઈ અને લોક-નાટ્યોમાં આજના કલાકારોને રસ રહ્યો છે ખરો ?**

કૃ. : એ માટે, સપ્ટે. ૨૮-૨૦૦૩ના અખબારો જોવાં પડે. ૨૭ સપ્ટે.ના રોજ જાણીતી નટી જુહી બબ્બર

અમદાવાદની મુલાકાતે આવી હતી. એક પ્રશ્નનોના જવાબ આપતાં એણે કહ્યું હતું : ''દિવ્ય નૃત્યની રમઝટમાં કેટલો આનંદ હોય છે એનો અનુભવ મને સ્ટેજ ઉપર એક નાટક ભજવતાં થઈ ગયો છે. મારી માતા (અભિનેત્રી નાદિરા) જેનું સંચાલન કરે છે. એ 'એક જૂટ' રંગમંચ પર સતી જસમાના જીવન પર આધારિત, એક નાટક ભજવી રહ્યાં છે. મુંબઈમાં ભજવાયેલા 'જસમા ઓડણ' નાટકમાં, એણે મુખ્યપાત્ર ભજવ્યું હતું. ગરબાની રમઝટ અને આધ્યાત્મિક આનંદથી એ ખૂબ જ પ્રભાવિત થઈ હતી. એવું એની મુલાકાતમાં દેખાતું હતું. વખતોવખત આવી ઘટનાઓ ઘટે છે. જેમાં તમારા પ્રશ્નનો જવાબ છે.

જો. : **તમારી ચર્ચામાં તમે અસાઈતની માંડી આજ સુધીની ભવાઈ પરંપરા તથા બ્રેખ્તના અલગતાપણાના સિદ્ધાંત સુધી જાવ છો. તો આ બંને વાત ભવાઈ અને કલાકારોને કઈ રીતે ઉપકારક અથવા અનઉપકારક છે ?**

કૃ. : પહેલાં હું વાત કરીશ અલગતાપણાની; દા.ત. ભવાઈ કલાકારોનું એક મજબૂત આયુધ તે 'ધ્યાન' છે. ડાગલો, ગણપતિ, કાલી, માતા આવતી, જેવા રોલમાં તો ભવાયાઓને એની ટેવ પડી ગઈ છે. ત્યાં એમની ક્રિયા સરળ અને સહજ દેખાય છે. શ્વસન અને ઉચ્છ્વાસની ક્રિયા જેવી. ડાગલો વખતોવખત મૌન થઈ જાય છે. એ કંઈ કરતો નથી. અવસ્થા ધ્યાનની છે. સમાધિસ્થ થવું, એવો એનો સ્વભાવ અહીં વરતાય છે. આ અવસ્થાથી એ ટેવાઈ ગયો છે, એની પાછળ દોડે છે. એ દોડ બંધ થાય છે ત્યારે એ પોતાને પામે છે. એને સમજાય છે કે પોતે પરમાત્માનું જ રૂપ છે પણ જે દુઃખ છે તે એ રૂપને ભૂલવાને કારણે છે. અહીં સુધી એ મજાક - મશ્કરી, તમાસો - ખેલ કરતાં કરતાં જ પહોંચી જાય છે. આ બધું થાય છે ત્યારે એને સતત ભાન છે કે એ બાબુભાઈ અથવા રતિભાઈ છે અને એના દ્વારા જ થઈ રહ્યું છે અથવા કરવામાં આવી રહ્યું છે. ત્યાં 'થિયરી ઑફ એલિયેશન' છે. એ કઈ રીતે ઉપકારક અથવા અનઉપકારક છે ? દા.ત. 'વિકાનો વેશ' ચાલે છે. શક્તિમંડળના નારણભાઈ પરમાર માગણનો રોલ કરે છે. આ રોલ કરતી વખતે પોતે કદી ભૂલતો નથી કે હું નારણભાઈ પરમાર છું, માગણ નહીં. આ નારણભાઈ મિલમાં સારા પગારની નોકરી કરતા હતા. અહીં જો અલગતાપણાનો સ્વીકાર થયો ન હોત તો કદાચ શક્ય છે કે 'માગણ' પાત્ર નારણભાઈ પર સવાર થઈ એને નિરાશાવાદમાં લઈ ગયો હોત જેને કદાચ આ કલાકારની જિંદગી પર અસર કરી હોત. અલગતાવાદને કારણે માગણનો એ અંકુશ શક્ય બનતો નથી અને નારણભાઈ હતા તેવા તંદુરસ્ત રહે છે. આ રીતે અહીં અલગતાપણું ઉપકારક રહ્યું છે. ૧૯૬૦માં અલ્ફ્રેડ હિચકોક દ્વારા રોબર્ટ બ્લોચની નવલકથા પરથી બનેલી 'સાયકો' ફિલ્મ તો તમે જોઈ જ હશે. આખી ફિલ્મમાં માત્ર બે જ મિનિટનો બાથરૂમમાં હત્યાનો સીન આવે છે. હાંજા ગગડાવી નાખનાર એ સીનમાં મારિયન તરીકેનો રોલ જેનેટ લેઈએ (એનું આખું નામ જેનેટ મોરિસન હેલન) કર્યો હતો. એ કહે છે કે એ દશ્ય માટે કામ કર્યા પછી હું કદી શાંતિથી સ્નાન કરી શકી નથી. જેનેટ પર કાયમ માટે 'સાયકો' ફિલ્મનો ઓળો ફેલાયેલો રહ્યો. એમ કહેવાય છે કે આ દશ્ય કર્યા પછી એણે કદી ફુવારા નીચે નહાવાની હિંમત કરી નહોતી. બાથરૂમમાં આપણે ફુવારા નીચે હોઈએ ત્યારે કેવાં અસુરક્ષિત હોઈએ છીએ - એવા ભયથી એ પીડાતી રહી હતી. અહીં જો પેલા અલગતાપણાનો સિદ્ધાંત કામ પર લેવાયો હોત તો જેનેટના જીવનની વાત કંઈક જુદી હોત. હવે વાત કરું ભવાઈમાં આવેલી પરંપરાની. કેટલાંય દશ્યો એવાં છે જે પરંપરાથી નટો કરે છે; દા.ત. જીભ અને હાથ પર વાઢ કરવા, માતા આવવી, ધૂણવું, શીખ લેવી વગેરે. આપણા સમાજમાં આ બધું એક ચાલુ હારમાળા જેવું જ છે. ભવાઈ સિવાય પણ અનેક સ્થળ અને સમય એવાં છે કે જેમાં એ થાય છે.

એટલે ભવાઈ કલાકારોએ એનો સ્વીકાર સહજ રીતે કરી લીધો હોય છે. તેથી એનો કોઈ ઓળો એમના જીવનનો કબજો લઈ લેતો નથી. પણ એનો અર્થ એવો તો નથી જ, કે કશું જ જોખમ ઊભું ન થઈ શકે, જેમ કે દાંતાના પબાભાઈ બેચરભાઈ મકવાણાનું ઉદાહરણ બહુ જાણીતું છે. દાંતામાં નવરાત્રિમાં ટોડ (નોરતિયા) નીકળતી, જે ભવાઈમાં સ્વીકારાઈ હતી. રાસ થતો. તેમાં દશથી બાર ફૂટનો ડાભનો કોરડો (તાડ) નોતરિયાને વારંવાર ફટકારવામાં આવતો. કહે છે કે વ્યક્તિ પર એની અસર થતી ન હતી. પણ એ વાત સાચી ન હતી જો સાચી હોત તો દેવાળિયા (જાણકાર) પબાભાઈ બેચરભાઈ મકવાણાનું અવસાન થયું ન હોત. આ ઘટના પછી છેલ્લાં ઘણાં વર્ષોથી ટોડ-રાસ થતો નથી અને થાય તોપણ તાડનો ઉપયોગ કરવામાં આવતો નથી.

જો. : **મા આદ્યશક્તિ જગદંબાની આરાધના રૂપે ભવાઈ ભજવાય છે છતાં કેરલાની જેમ અહીંનાં મંદિરોએ કલાકારોને આશ્રય કેમ ન આપ્યો ?**

કૃ. : આશ્રય તો કલાકારોને પ્રજાએ આપ્યો એટલે એમને મંદિરોના આશ્રયથી જરૂર ઊભી ન થઈ, પણ મંદિરોનો સહકાર તો કલાકારોને વખતોવખત મળતો જ રહ્યો છે. જ્ઞાતિઓ ભવાઈ કરાવવાની બાધા રાખે છે. મંદિરો એમને માટે ખુલ્લાં છે. અંબાજીમાં ચોકમાં અને ચોકની બહાર ખેલ કરવા ચૈત્રની નવરાત્રીમાં કેટલી બધી મંડળીઓ આવે છે ? ભાવનગર પાસે ભંડારિયામાં આજે ભલે ભવાઈ થતી ન હોય પણ એ સમયે ત્યાં, માણેકચોકમાં બહુચરાજીના સ્વાંગમાં, હજારો માણસો આવતા. બહુચરાજીની વાર્તા થતી. ભૂવાઓ અને માતાજી પાસે ઊભેલા લોકો દાણા અને માનતાઓ ઉતારે, માતાજીનું પાત્ર ભંડારિયાના ગોર ભજવતા, એને 'પોરિયો' કહેવામાં આવતો. મહેસાણાનું મહાકાળી માતાનું મંદિર ભવાઈ માટે ખુલ્લું છે. પાલોધરમાં જોગણી માતાનું મંદિર છે એ પણ ભવાઈ ભજવવા ખુલ્લું છે. એ જ રીતે પાટણના સાગોટામાં આશામાતાનું મંદિર તથા અંબાજી અને બહેચરાજી જેવી શક્તિપીઠોમાં ભરાતા મેળાઓ પણ ભવાઈ માટે ખુલ્લા છે. ઈડર તાલુકાનું મેસણ ગામનું બ્રાહ્મણી માતાનું મંદિર લો, ત્યાં તો તુરી સમાજ પણ આવે છે. ભાદરવી પૂનમની આગલી રાતે, ખેડબ્રહ્મા માતાના મંદિરના ચોગાનમાં, આખી રાત ભવાઈ થાય છે. આમ ભવાઈ ખેલવા કલાકારો મંદિરને આશ્રયે જાય જ છે. અન્ય રીતે પણ આશ્રય મળતો રહ્યો છે; દા.ત. પાલનપુરમાં નવાબી શાસનમાં શાસકો ભવાઈ કલાકારો અને એમના પરિવારોનું ધ્યાન રાખતા. ઉસ્તાદ ત્રિભોવનદાસ ભોજક અને બીજા પણ ભવાઈ કલાકારોને નવાબે વર્ષાસન બાંધી આપ્યું હતું. પુષ્ટિમાર્ગોના આચાર્યો (A spiritual guide)ને પણ ભવાઈના વેશો જોવાનું આકર્ષણ હતું. છેક કાંકરેલી સુધી ભવાયાઓ જતા. નવરાત્રી જેવા મહોત્સવ હોય, મેળાઓ, જાતર કે શકુન જેવા પ્રસંગો હોય, ભવાયાઓ ભવાઈ પ્રયોગો કરતા જ રહ્યા છે અને એમને ઉપર કહ્યું તેમ આશ્રય મળતો રહ્યો છે.

જો. : **પણ આજના સમયમાં એ પૂરતો ના ગણાય. તો કલાકારો અને મંડળીઓ પાસે બીજાં ક્યાં સાધનો છે ?**

કૃ. : મોટે ભાગે ભવાઈ ધાર્મિક હેતુએ જ થાય છે, એટલે ઉઘરાણાં, કટ વગેરે એમાં હોતું નથી, છતાં કેટલીય મંડળીઓ એવી છે કે નિભાવ માટે ઉઘરાણું અને બીજી પણ ધંધાકીય આવડતનો ઉપયોગ કરે છે. નાયકોનાં અને બીજી કોમના સંતાનો ભણીગણીને આગળ વધ્યાં છે અને ભવાઈ કરવા જતાં નથી પણ જે માત્ર ભવાઈ પર જ નભે છે, એઓ માટે તો નિભાવનો પ્રશ્ન છે જ. આરતી થાય ત્યારે બોલી બોલાય, આરતી શ્રોતાઓમાં ફેરવવામાં આવે, શ્રોતાઓમાંથી ચા પાણી, સીધુંપાણી

વગેરેની પણ બોલી બોલાય, ધંધાકીય આવડત એવી કે લોકો પાસે કળથી પૈસા મેળવી લે. જુદા જુદા પ્રસંગનો કુશળતાથી ઉપયોગ કરી લે. ચાંલ્લો માગે - અંતેષ્ઠિ માટે કફનના, તેમાં લાકડાના પૈસા માગે, ચૂંદડી પ્રસંગે પણ પૈસા માગે. આ ઉપરાંત ક્યાંય કટની પ્રથા પણ છે; દા.ત. નવાપુરાના (વડોદરા) વાઘરી (દેવીપૂજકો) કોમના ભાઈઓ જન્માષ્ટમીના, આખા ભવાઈ મહોત્સવના, ખર્ચ માટે ગાયન કટ અને એવી પદ્ધતિઓ અપનાવે છે.

**જો. : આ ઉઘરાણા માટે અલગ માણસો હોય છે ખરા ?**

કૃ. : ના રે, જેમ રામ તબલચી થઈ જાય, સીતાને, તબલચી પાસે આવીને, બીડી પીતા તમે જુઓ. એ જ રીતે એ જ કલાકારો પ્રેક્ષકોમાં આરતી ફેરવતા હોય. ગાયન કટ થતાં મરી ગયેલી કોઈ ઓડણ સજીવન થઈ, પસંદગીનું ગાયન, નારા (ઋષિ) સાથે ગાવા માંડે. સીટી વાગે ને ગાયન કટ થાય. બીજી સીટી વાગે વધુ પૈસા મળે. નવું ગાયન શરૂ થાય. ગાયનની ગુણવત્તા કરતાં બોલી બોલનારની એંટ મહત્ત્વનો ભાગ ભજવે છે.

**જો. : તમે શકુનની વાત કરી છે. શકુન સાથે માત્ર ભવાઈ-પ્રયોગો જ જોડાયેલા છે કે બીજા પણ પ્રયોગો જોડાયેલા છે ?**

કૃ. : તમારો પ્રશ્ન બહુ જ મહત્ત્વનો છે કેમ કે તે આપણને છેક ‘બૃહત સંહિતા’ સુધી લઈ જાય છે. એમાં શકુન નિરૂપણ છે. (આદિ પુરાણમાં લલિત કલાઓનાં વર્ણન છે. એમાં શુભ અને અશુભ નિમિત્તકલાના - જેને શુભ કે અપશુકન કહેવામાં આવે છે - વર્ણનો પણ છે - એ માટે આદિ પુ. ૧૬/૩, ૭, ૧૨, ૧૭/૩૭-૪૦, ૨૦/૧૪, ૨૫-૨૭ વગેરે) વરાહમિહિરનો સમય છેક છઠ્ઠી સદીનો છે. ભવાઈ તો ખૂબ મોડી આવી - ૧૪ મી સદીમાં - આઠ સૈકા પછી. વરાહમિહિરનો આખો યુગ જ પ્રકૃતિ સાથે કેવો જોડાયેલો છે ! ખુદ વરાહમિહિર પણ સૂર્યનો ભક્ત હતો અને વગડાઓ તેમ યવનપ્રદેશોમાં ખૂબ ફર્યો હતો. મેઘદૂતમાં કાલિદાસના વાદળો સાથેના સંબંધો, વાદળોની મુસાફરીનો રસ્તો વગેરે ઉદ્દ્ઘાટિકા થાય છે. જેનો દેખાવ વરાહમિહિરના સર્જનમાં નજરે પડે છે. વળી ભવાઈ ગ્રામપ્રદેશો સાથે સંલગ્ન છે જ્યારે શકુનશાસ્ત્રનો સીધો સંબંધ વગડા સાથે છે. એટલે વગડા સાથે સંકળાયેલી પ્રજા રબારી, ભરવાડ, ભીલ વગેરે દ્વારા થતા પ્રયોગો અને પદ્ધતિઓ સાથે એ વધારે જોડાયેલ છે અને પ્રયોગો ભવાઈ ઉપરાંત જુદી તરેહના પણ છે.

**જો. : તમે કોઈ ઉદાહરણ આપી શકો ?**

કૃ. : હા, મેળાઓ તો તમે ખૂબ જોયા છે. મારા કરતાં વધારે. વાલમનો હાથિયા - ઠાઠુ મહોત્સવ તો તમારા ધ્યાન પર હશે જ.

**જો. : ચૈત્ર-વૈશાખનો મહિનો, વાલમ ગામ અને સુલેશ્વરી માતાની સમીપ એ થાય છે. ચૈત્ર વદ પાંચમથી દશમ સુધી ભરાતો શુકનનો મેળો અને હાથિયા - ઠાઠુનો મહોત્સવ શ્વાસ થંભાવી દે.**

કૃ. : મેળામાં ગાડાની મજિયારી અને નિરાળી સરસાઈ, પલ્લી, રંધાયેલો ખીચડો માટલામાં મૂકવો, યજ્ઞકુંડ અને તેની પ્રદક્ષિણા કરવી વગેરે થાય છે. માટલાનું કાંઠલું ભાંગ્યું ના હોય તો સારા શુકન થયા, આખું વર્ષ સારું જશે, એમ મનાય. ગામનો ભૂતકાળ કહેવાય છે અને સતિયા-સુરાનાં વખાણ થાય છે. શૌર્યગીત ગવાય અને ભૂંગળ પણ વાગે. હાથમાં લાકડીઓ લઈ દોડતા જુવાનિયાઓની તીણી, કારમી ચીસો તેમ આઠ આઠ બળદો સાથે તીવ્ર ગતિએ દોડતો કાફલો અને બળદોની ભયંકર ગતિ શ્વાસ થંભાવી દે.

જો. : **ઐઠોરનો મેળો પણ આવું જ ઉદાહરણ ગણાય ને ?**

કૃ. : હા, એને 'શુકનમેળો' જ કહેવામાં આવે છે. ઐઠોર, બ્રાહ્મણવાડા, કામલી, ભાંખર વગેરે ધાર્મિક મહત્ત્વ ધરાવતાં સ્થળો છે. તમે તો 'લોક-કલા ફાઉન્ડેશન'ના માધ્યમ થકી આ બધાં સ્થળો સાથે સંપર્કમાં છો અને જાણો છો કે ત્યાંથી, તથા દૂર દૂરથી પણ, લોકો આ મેળામાં આવે છે અને મેળા દરમ્યાન જે સંકેતો મળે તેને આધારે વર્ષફળ પર આસ્થા રાખે છે - ઐઠોર ગામમાં સોલંકીકાલીન ગણેશ મંદિરની સમીપ ચૈત્ર સુદ ત્રીજ, ચોથ અને પાંચમ - એમ ત્રણ દિવસ આ મેળો હોય છે. આ ત્રણે દિવસ ભવાઈ તો થાય જ છે. પણ આ એક જ રીત નથી. બીજી પણ પદ્ધતિઓથી શુકન જોવાય છે; ઉ.ત. ઠેક ઠેકાણેથી માળીઓ અહીં ફૂલો મોકલે છે. ફૂલોની જાત, રંગ, તાજગી વગેરે પરથી વર્ષફળ કઢાય છે. લોકો અનાજ પણ મોકલે છે. જાણકારો ઝીણવટથી એનું નિરીક્ષણ કરે છે અને તેના ફેલાવાની દિશાઓ વગેરે ધ્યાન પર લઈને વર્ષફળ જુએ છે. આમ તો ગામેગામ શુકન એક મહોત્સવ બને છે પણ દેવીના સાંનિધ્યે તે થાય છે. બ્રાહ્મણવાડામાં બ્રહ્માણી માતાના તો બીજે વરદાઈ અને બીજી માતાના સાંનિધ્યે શુકનઉત્સવ થાય છે. પણ ઐઠોરનો મેળો જે છે તેમાં ગણપતિ દાદાની સમીપ આ શુકન જોવાય છે.

જો. : **જે ગામમાં ભવાઈ થતી નથી ત્યાં પણ શકુન તો જોવાય જ છે ને ?**

કૃ. : હા, દેશમાં ખૂણે ખૂણે શકુનશાસ્ત્રની અસર વરતાય છે. ખગોળ જેવું એ સ્પષ્ટ વિજ્ઞાન છે. ઉપરાંત તિથિ, ક્ષણ, નક્ષત્ર વગેરેનો ઉપયોગ પણ એમાં થાય છે. આ શાસ્ત્રનો અભ્યાસી જ્યોતિષ, ઋતુવિજ્ઞાન વગેરેનો સુદ્ધાં અભ્યાસી હોવો જોઈએ. પશુ-પક્ષીઓના પણ અભ્યાસ વગર શકુનશાસ્ત્રના જ્ઞાતા બની શકાય નહિ. આ જ્ઞાન લોકમાં એક યા બીજી રીતે પ્રસરી ચૂક્યું છે. માટે જ તો ગામે-ગામ, પ્રજાએ પ્રજાએ, જાણકારો છે અને લોકને સંકેતો સમજાવે છે. ભલે એ લોકો શાસ્ત્રના જ્ઞાતા નથી છતાં પરંપરાથી સંકેતોના માહિતગાર છે; દા.ત. પંચમહાલ (દોહદ) જિલ્લામાં કેટલાક આદિમ લોક 'નાયક' તરીકે ઓળખાય છે. એમના વિસ્તારમાં ભવાઈ થતી નથી. એ લોકો ઝોંપડી માતાની સમીપ શકુન જુએ છે. વગડાનો જનસમૂહ, પ્રાણી અને પક્ષીઓની સૂચનાઓ-અવાજ, ગતિ, ભાષાના વિશિષ્ટ સ્વરો, ઉચ્ચારો, કૂતરાના અવાજો, ગાયનું ભાં ભાં કરવું, ઘુવડનું 'બલ, બલ' કે 'ટુગ્લુક...ટુગ્લુક', એ પ્રાણી-પક્ષીઓ વગેરે કઈ જગ્યાનો આશ્રય લે છે, કઈ દિશામાં બેસે છે, સ્થાનબળ અને દિશા (અને તેનું ચક્ર), હાલવા-ચાલવાની અને બીજી ચેષ્ટા-ક્રિયાઓ ઇત્યાદિથી બરાબર સમજી શકે છે. પરંપરાથી ઊતરી આવેલી કેટલીક સૂચનાઓ આપણે ત્યાં ભવાઈના માધ્યમથી, તેમ ભડલી વાક્ય અને બીજાં માધ્યમોથી પણ, ઠીક ઠીક સચવાઈ છે. એ જે સૂચવાયું છે તેનો ઉપયોગ પણ શુકન જોવામાં થાય છે.

જો. : **તો શું 'શુકન' સંશોધન માટેનો એક વિષય બની ન શકે ?**

કૃ. : ચોક્કસ જ બની શકે અને બનવો જ જોઈએ. પણ આજે તો શુકનને સુંદર બનાવવાનું વલણ રહ્યું છે; દા.ત. કાળો રંગ ધારણ કરેલા અશ્વના જમણા પગની નાલને શકુનવાળું માનવામાં આવે છે. એની પૂજા કરીને સ્થાપના કરવામાં આવે છે. પણ ઘણા સમયથી જોઈ શકાય છે કે લોકો આ નાળને શણગારીને સુંદર બનાવે છે અને પછી ઘરના બારણે લગાવે છે. ઘરને ગુલાબી રંગથી રંગાવ્યું હોય તો નાળને પણ ગુલાબી રંગથી શણગારી પછી જ લગાવવામાં આવશે અને, આ ઘણું સારું છે, સંપૂર્ણતાની પરાકાષ્ઠા છે, એમ માની, સંતોષ માનવામાં આવશે, રંગબેરંગી નાળ બજારમાં વેચાતી પણ મળે છે. લોકોને આવું બધું ગમે છે પણ 'શકુન'ને સંશોધનનો વિષય બનાવવા તરફ કોઈ પ્રેરાતું નથી. આ થવું જોઈએ. આ જો થાય તો વિશ્વાસ, અંધવિશ્વાસ અને માનવીના મનની સાથે

સંકળાયેલી એવી ઘણી બધી બાબતો આપણને બહુ સરળતાથી સમજાઈ જાય.

જો. : **એવી કઈ શક્તિ છે કે જે બળને કારણે, જુદાં જુદાં તત્ત્વો એ તરત જ સ્વીકારી લે છે અને વિકાસની ગતિ વધારી દે છે.**

કૃ. : મુખ્ય બે બળ છે. એક તો આ સ્વરૂપ મુક્ત છે. એટલે જ તો એમાં શાસ્ત્રીય નૃત્યોનાં પગલાંની અસર આવી છે. સૂફી રહસ્યવાદ, ઉર્દૂ અને અંગ્રેજી, ફારસી ભાષાની અસરો પણ એ જ રીતે આવી. કુચિપુડીમાંથી એને કથરોટ પર થતું નૃત્ય સ્વીકાર્યું. કેરબો થઈ એ આવ્યું. સિનેમાની પંક્તિઓ, અંગ્રેજી શબ્દો, નાટ્યશાસ્ત્રની ધ્રુવાઓ વગેરે આવી. બજાણિયો, મદારી, જાદુ ઇત્યાદિ એમાં પ્રવેશ્યાં. બીજું બળ છે પરંપરા; દા.ત. સુરતમાં થતી ભવાઈઓમાં ઘેરિયા નૃત્ય, રામલીલાના અંશો વગેરે દાખલ થયા છે. તે ત્યાંની કેટલીક પરંપરાઓનું પરિણામ છે. સુરત અને તેની નજીકનાં ગામોમાં ઘેરિયાઓ ઊતરી આવતા અને આંગણા ગજવતા. સ્ત્રીઓ પહેરે છે એવાં વસ્ત્રો પહેરતા, બળદના ગળાના ઘૂઘરા કમરે લગાવતા અને નૃત્ય કરતા. અંબાજીમાં (ચૈત્રની નવરાત્રીમાં) આ ઘેરિયાઓ એ નૃત્ય કરતા દેખાશે. દક્ષિણ ગુજરાતનાં માતાજીનાં થાનકોમાં પણ એ દેખાશે. એક વાર 'તાબોય તાબોય' એવો અવાજ તમે સાંભળો. પછી તો તમારા કાનમાં એ ગુંજ્યા જ કરે.

જો. : **ભવાઈનું કાર્ય પૂરું કરતાં, અંત સુધી પહોંચતાં, તમને ઘણી તકલીફ પડી હશે ?**

કૃ. : હા, પણ તકલીફ પડે એ જ ખરી યાત્રા. કાર્ય તો સિદ્ધ કરવું જ પડે.

જો. : **તકલીફો ખૂબ વધી ગઈ એવું પણ બન્યું હશે.**

કૃ. : હા, પણ એને કારણે કામ પ્રત્યેની લાગણીનો અભાવ થયો નહોતો. નકારાત્મકતાને તો મેં મનમાંથી હાંકી જ કાઢી હતી. હું કે.કા., ર.છો. પરીખ અને જ.ઠા.જેવાઓના હાથ નીચે તૈયાર થયો હતો. એમના સંપર્કથી જે શીખ્યો હતો તે આ : મુશ્કેલીઓનું શું ? એ તો ગમે ત્યાં, વેરાનમાં પણ ઊગી નીકળે.

જો. : **તમને અનેક મિત્રો, યુ.જી.સી., માનવ સંશોધન વગેરેએ સહાય કરી છે.**

કૃ. : તો શું ? ધારો કે તમે વડાપ્રધાન થઈ ગયા એટલે શું તમારી તમામ મુશ્કેલીઓ દૂર થઈ ? દુનિયામાં લોખંડી તાકાત ધરાવતા વડાપ્રધાનો પણ વિદેશી તાકાતથી ડરતા રહ્યા નથી ?

જો. : **એટલે શું તમે તકલીફોને સહજતાથી લો છો ?**

કૃ. : ના, પણ હું એટલું તો સ્વીકારીને ચાલું છું કે દરેક દિવસ મનોહર ના હોઈ શકે. કોઈક દિવસ તો તકલીફોથી ભરેલો દેખાય જ.

જો. : **એવી કઈ તકલીફો તમને ન પડી કે જેનાથી તમને સારું લાગે છે ?**

કૃ. : ચાર્લી ચેપ્લિન અને બીજા પણ મહાન લોકોનાં જીવનચરિત્ર તમે વાંચો. એ લોકોએ જે પીડા વેઠી છે એવી તો કોઈ પીડા મને થઈ નથી.

જો. : **ભવાઈ વિશેનાં તમારાં પુસ્તકો પ્રગટ કરવામાં પણ તમને તકલીફો તો પડી જ છે.**

કૃ. : રશિયામાં 'ડૉ. ઝિવાગો', એ પુસ્તક પ્રગટ કરવા, પેસ્ટરનાકે બે વર્ષ સુધી મહેનત કરી હતી પણ સાર્થક ન થયા. ૧૯૬૦ માં તે મરી ગયા. તેના મોતને નજીક લાવવા આ ઘટના પણ જવાબદાર હતી. મારા જીવનમાં આવું કંઈ બન્યું નથી.

જો. : **TMCમાં આપેલ એક પ્રવચનમાં રણછોડભાઈ ઉદયરામ દવેને ભવાઈ પ્રત્યે થયેલા અભાવની વાતને તમે ભવાઈ પ્રત્યેની સભાનતા અને બેજવાબદારી કહી હતી તથા કોશકારોએ ભવાઈ અને ભવાયા સંદર્ભે સમજ વગરના અર્થ આપ્યા છે એમ કહ્યું હતું. એ વાતની જનક દવેએ નોંધ પણ**

**લીધી છે. તમારી આ વાત શું અભૂતપૂર્વ તડફડ કે ચકચાર મચાવી નહીં દે ?**

કૃ. : ના, જો એમ થશે તોપણ બહુ જલદીથી હળવાશનો અનુભવ થશે. કારણ કે આ સંશોધન છે અને પ્રમાણો આપવામાં આવ્યાં છે. સંશોધનનો હેતુ જ તટસ્થ પૃથક્કરણ કરવાનો છે - દૂધનું દૂધ અને પાણીનું પાણી કરવાનો છે. માટે એ પ્રચાર નિર્મળ થઈ જશે. ભવાઈને ભૂંડી કહેનારા એ વાત સમજો કે ભવાઈ એટલે પરાગતિને પ્રાપ્ત કરવાનો પ્રયત્ન. ગીતામાં કહ્યું છે કે પરાગતિ અનેક જન્મોની સિદ્ધિથી પ્રાપ્ત થાય છે. ગોપિકા સંબંધમાં પણ આ વાત એટલી જ લાગુ પડે છે. પુરાણોમાં એવાં અનેક દષ્ટાંતો મળે છે કે તપ દ્વારા મહા-મુનિઓએ ગોપીદેહ પ્રાપ્ત કર્યો છે. નરસિંહને પણ ગોપીત્વ પ્રાપ્ત થયું હતું. ભવાયો કે નરસિંહ 'ગોપીત્વ' કે 'સ્રીત્વ' જે પ્રાપ્ત કરે છે તે જીવનનું ઉત્થાન જ સૂચવે છે. તેને માટે 'મહાત્મા' કે 'બ્રહ્મા' જેવા શબ્દો વાપરી શકાય. પણ કેટલાક કોશકારોએ 'ભવાઈ' અને 'ભવાયા' અંગે કહ્યા છે તેવા શબ્દો વાપરી શકાય નહીં કેમ કે આ સ્વરૂપનો અર્થ 'Disgrace' કે ill repute એવો કહી શકાય નહીં. ભવાયાનો અર્થ પણ A Sharmeless Person એમ કરી શકાય નહિ.

જો. : **હવે છેલ્લો પ્રશ્ન : કૃષ્ણકાન્તભાઈ, આપની સાથે વાતચીત કરવાનો લહાવો મળ્યો તે માટે હું મારી જાતને નસીબદાર ગણું છું. બીજી વાર પણ આપણે મળીશું. પણ મારે સમજવું છે કે તમે કહો છો : નોંધો અને લખાણ માટેની સામગ્રી એટલી બધી થઈ ગઈ કે કેટલુંક પડતું મૂક્યું. તમારાં લખાણો, કાગળો અને બીજું મટિરિયલ જે આખા ભવાઈ સ્વરૂપને આવરી લેતા લખાણોનો ખજાનો છે. એ ક્યાંક ચાલ્યું જશે કે નષ્ટ થઈ જશે તો ? એનો ઉપયોગ થવો જોઈએ. તો શું કામ તમે અટક્યા ? આગળ કેમ વધતા નથી ? હજી પણ વધી શકો.**

કૃ. : ક્યાંક ચાલ્યું જશે તો એની મને ચિંતા નથી, કારણ કે મારે જે કંઈ કહેવું હતું એ તો હું કહી ચૂક્યો છું. જેટલી નોંધો વગેરેનો મેં ઉપયોગ કર્યો છે તેટલી સામગ્રી પર્યાપ્ત હતી. ગુજરાત યુનિવર્સિટીએ ભવાઈ સ્વરૂપનો અભ્યાસ કરવા મને ૧૯૭૮-૭૯ની સંશોધન ગ્રાન્ટ આપી હતી. ત્યાંથી મારી યાત્રા શરૂ થઈ હતી. ૩૭-૩૮ વર્ષ પહેલાં ત્યારે હું જવાન હતો. ખૂબ લખાતું હતું, દોડાતું હતું. હવે એ શક્ય નથી. એ વખત જેવું શરીર હવે ચાલતું નથી. પણ આજે કેટલા બધા લોકો ભવાઈ ઉપર કામ કરે છે ! અમદાવાદમાં નિસર્ગ ત્રિવેદી, અર્ચન ત્રિવેદી, જનક દવે, હસમુખ બારાડી (અત્યારે સ્વર્ગસ્થ), ચિંતન પંડ્યા, ચીનુ મોદી (અત્યારે સ્વર્ગસ્થ), ઊંઝામાં વિનાયક રાવલ, ગાંધીનગરમાં પ્રો. તુષાર વ્યાસ, મુંબઈમાં ફાલ્ગુની પટેલ, દિલ્હીમાં મીનાક્ષી રાજદે, વિદ્યાનગરમાં પ્રીતિ સૂરતી, ઉદેપુરમાં મહેન્દ્ર ભાણાવત અને બીજા કેટલાય. મને એ વાતનું વિસ્મય છે કે શું થયું છે આ લોકોને ? આ બધાંમાંથી મોટાભાગના એક યા બીજી રીતે મને મળે છે અને મારા ગ્રંથો ઉપરાંત મેં પડતી મૂકેલી પેલી સામગ્રી પણ પોતાની રીતે ઉપયોગમાં લે છે. એટલે સામગ્રી ક્યાંય ચાલી જવાની નથી કે નષ્ટ પણ થવાની નથી.

જો. : **આજે આપણી સાથે વાતચીત કરી તેથી મને ખૂબ પ્રસન્નતા થઈ. કૃતાર્થ થયો.**

કૃ. : તમે પ્રસંગ જ હર્ષનો ઊભો કર્યો છે.

જો. : **ભવાઈમાં રમવા જવા માટે કલાકારો શું માત્ર નવરાત્રીના દિવસોની જ રાહ જુએ છે કે બીજા પણ દિવસો અથવા પ્રસંગોની પણ, રાહ જુએ છે ?**

કૃ. : મેળાઓ, ઉત્સવો, બાધા ઉતારવી ઇત્યાદિ સમયની પણ તેઓ રાહ જુએ જ છે. ખાસ તો શકુનના દિવસની રાહ જુએ છે.

# ગુજરાત (જામનગર)નું 'સંસ્કૃતસાહિત્યમાં પ્રદાન' અંતર્ગત ''મહાકવિ શ્રી હરિરાયજીના સાહિત્યનું અનુશીલન.'

◆

**પ્રા. ડૉ. ભારતીબેન જે. સોલંકી**

સંસ્કૃત સાહિત્યક્ષેત્રે અમૂલ્ય પ્રદાન કરનાર કવિશ્રી હરિરાયજીનો જન્મ સને ૧૯૫૦માં ૨૨ મેના દિવસે (વિ.સં. ૨૦૦૭), જ્યેષ્ઠ સુદ ૫) ચૌપાસની જોધપુર (રાજસ્થાન)માં થયો હતો. પિતાનું નામ ગોસ્વામી વ્રજભૂષણલાલજી મહારાજ અને માતાનુ નામ અ.સૌ. ગોસ્વામી વ્રજલતાજી. તેઓશ્રીનું કાર્યક્ષેત્ર હાલ સૌરાષ્ટ્ર જામનગર છે. લેખક, સંગીતજ્ઞ અને કવિભક્ત તરીકે જ્વલંત પ્રતિભા પ્રાપ્ત કરી છે. વેદાન્ત, ન્યાય, ઇતિહાસ, પ્રાચ્યશોધ, ધર્મશાસ્ત્ર વગેરેમાં પ્રભુત્વ મેળવ્યું છે. તેમની કૃતિઓમાં પાંચ મહાકાવ્ય : १. पुरुषसंभवम्, २. जरासंधवधम्, ३. प्रणयपरिणयम्, ४. शरणोद्धरणम् અને ५. गङ्गावतरणम्; એક ખંડકાવ્ય वर्षावली (मेघनायकम्); એક ગદ્યકાવ્ય कादम्बिनी; વેદાંતમાં પાંચ ગ્રંથો : १. भाषालक्षणम्, २. गद्यमंत्रटीका, ३. बृहद्दानलीलायाः पीयूषभाष्यम्, ४. स्वधर्मविवेकः અને ५. आश्रयविमर्शः; તેમજ ધર્મશાસ્ત્ર ઉપર उत्सर्वविमर्श નામે ગ્રંથરચના કરી છે.

તેઓશ્રીને ૮ જેટલા પ્રતિષ્ઠા-પુરસ્કાર મળ્યા છે :

૧. 'માધવપુરસ્કાર' -રાજસ્થાન સંસ્કૃત એકેડેમી દ્વારા સન ૧૯૮૩માં

૨. 'સંસ્કૃતસાહિત્યપુરસ્કાર' - જરાસંધવધમહાકાવ્યની રચના બદલ ઉત્તરપ્રદેશ સરકાર તરફથી સન ૧૯૮૩

૩. 'મહાકવિપદપુરસ્કાર' ભાગવદ્‌વિદ્યાપીઠ સન્ ૧૯૮૪

૪. 'સંસ્કૃતવારિધિ'

૫. 'કાવ્યપ્રવીણ'

૬. 'કાલિદાસપુરસ્કાર' યુ. પી. સરકાર દ્વારા

૭. 'હારિતપુરસ્કાર' મહારાજા મેવાડ ફાઉન્ડેશન ઉદયપુર સન ૧૯૮૯

૮. 'પુષ્ટિસિદ્ધાંતશિરોમણિ' ગો.શ્રી. ૧૦૮ તિલકાયત દ્વારા

અધુના સંસ્કૃતભારતી યા વિશ્વહિન્દુપરિષદ સંચાલિત કક્ષાઓમાં દઢસંકલ્પક સંસ્કૃતાનુરાગીઓ દ્વારા કરાતા સંનિષ્ઠ પ્રયાસોને કારણે સંસ્કૃત ભાષા સામાન્ય વિદ્યાર્થીઓ સુધી પહોંચવા માટે હરણફાળ ભરો રહ્યો છે. કારણ કે આજનો સંસ્કૃતપ્રેમી આવતી કાલનો સંસ્કૃતજ્ઞ બનવાની સંભાવના રાખે છે. તેવા સમયમાં ગુજરાતપ્રદેશની અંદર દેવભાષા દીપાવલીને પ્રજ્વલિત કર્તાઓની યાદીમાં પ્રથમ પંક્તિમાં વિરાજમાન કવિશ્રી હરિરાયજી ગોસ્વામી ધૃતિપ્રેરક રહ્યા છે. અહીં ગુજરાતના સંસ્કૃત કવિઓના સ્વાતંત્ર્યોત્તર સંસ્કૃતાહિત્યમાં અદ્‌ભુત પ્રદાન પ્રતિ જિજ્ઞાસુઓનું ધ્યાનાકર્ષણ કરાવવાનો સ્વલ્પ પ્રયાસ કરાયો છે.

**पुरुषसंभवम् :**

આ મહાકાવ્ય ઐતિહાસિક અને સાહિત્યિક દૃષ્ટિએ ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. લુપ્તપ્રાય ઇતિહાસ પર ઘણો પ્રકાશ પડાયો છે. અહીં ગિરિરાજપર્વત પર શ્રીનાથજીનું પ્રાકટ્ય અને શ્રીમદ્‌ વલ્લભાચાર્ય તથા તેમના વંશજોની પુષ્ટિમાર્ગીય પરંપરાનો પ્રામાણિક ઇતિહાસ નિરૂપાયો છે-

---

* ભાવભર્યું, ૫, જે.પી. પાર્ક, ૧૧/૩, પટેલ કોલોની. જામનગર.

गोस्वामिव्रजभूषणं तरुवरं कंचित्प्रसादाद्धरे
काचित्सद्विधिना सती व्रजलता सा मोदमाशिश्रिये ।
तत्सद्योगभवोऽभवत् समयस्वान्तो रसालो हि यः
तं कंचिद्धरिराममद्र कृतिनं विज्ञां विदांकुर्वताम् ॥[१]

કવિ અહીં સ્વપરિચયને આપતાં વિષયપ્રવેશ કરાવે છે. ગુરુ, માતા અને પિતાના આશીર્વાદ લઈને આ નવીન મહાકાવ્ય સત્પુરુષોના આનંદને નિતાંત વૃદ્ધિગત કરે તેવી દિવ્ય કામના કરે છે.

કાવ્યશાસ્ત્રની પરિપાટીને નિભાવતા આધારભૂત ઐતિહાસિક તથ્યોને કોઈ પણ કાલ્પનિકતાના સન્નિવેશ વિના જ વિશુદ્ધ રૂપે મહાકાવ્યમાં કંડારાયા છે. અહીં ઘટનાચક્ર મધ્યયુગીન ઇતિહાસના એ સંક્રમણકાળ (ઔરંગઝેબ)ની આસપાસ આવૃત છે. કવિનું મંતવ્ય છે કે જોધપુરના મહારાજા યશવંતસિંહજીના સમયમાં લિખિત બૃહદ્ગ્રંથ 'यशवन्तयशोभूषणम्'માં જોધપુર ઘરાનાના રાજાઓનો વંશાવલિમાં અજિતસિંહ બાદ તેમના પુત્ર અભયસિંહનો કોઈ ઉલ્લેખ નથી. જ્યારે તેઓ વલ્લભવંશજ ગોસ્વામીઓના શિષ્ય અને શ્રેષ્ઠ વૈષ્ણવ હોવા સાથે કુશળ નૃપતિ હતા.[૨] આ પ્રસંગે ખ્યાતનામ ઇતિહાસવિદ્ ડૉ. નારાયણસિંહ ભાટીના પ્રશસ્ય પ્રયત્નોથી પંડિતપ્રવર જગજીવન ભટ્ટ દ્વારા વિરચિત 'અજિતોદય'માંથી પ્રાપ્ત માહિતી ચૌપાસની વ. નો ઇતિહાસ આધાર રૂપે લીધો છે.[૩] શ્રીનાથજીના યાત્રાવૃત્તાંતમાં અનુપલબ્ધ અથવા ત્રુટિત સત્યઘટનાઓને ચોપાસનીના ઇતિહાસ સંદર્ભે જોડી દીધી છે. મૂલતઃ ચોપાસનીના ગોસ્વામી તેમના સેવ્ય સ્વરૂપ શ્રી શ્યામમનોહર એવમ્ સૂરદાસની ભગવદ્સેવા વ.ને પ્રકાશિત કરવી તે જ તેમનો ઉદ્દેશ્ય છે.

કથાસંયોજનમાં ગોવર્ધનધરનો પ્રાક્ટ્યોત્સવ એ જ 'પુરુષસંભવ' જે સામાન્ય નહિ, પરંતુ 'સહસ્રશીર્ષા પુરુષ' રૂપે અહીં વર્ણિત છે. આ પુરુષોત્તમ બીજું કોઈ નહિ પણ યશોદોત્સંગલાલિત શ્રીકૃષ્ણ છે.[૪] આ કૃતિનો રચનાકાળ સન ૧૯૮૫નો છે. શ્રીકૃષ્ણલીલામાં ગોવર્ધનોદ્ધરણ, ઇન્દ્રદમન, મહારાસ, શ્રીનાથજીનો પ્રાદુર્ભાવ અને કવિવંશવર્ણન જેવા વિષયો રહ્યા છે. અહીં કવિની વાણી અભિધાયુત છે. 'રીતિ પાંચાલી, મુખ્ય રસશૃંગારાનુપ્રાણિત ભક્તિરસ અને બહુવિધ અલંકાર તથા છંદોવિચિત્તિ પણ ધ્યાનાકર્ષક છે. તેની સર્ગસંખ્યા ૧૨ છે. આ ગ્રંથના પૂર્વાર્ધના ટીકાકાર બાલકૃષ્ણ ગોસ્વામી તથા ઉત્તરાર્ધના ગોસ્વામી નવનીતલાલજી ટીકાકાર છે.

આમ મહત્ત્વપૂર્ણ મધ્યયુગીન, ઇતિહાસ, પ્રામાણિક લેખો, વાર્તાસાહિત્ય, તામ્રપત્રો અને શિલાલેખો વગેરેના પ્રામાણિક પુરાવાઓના આધારે મહાકવિ દ્વારા અહીં ઘટનાઓનું વિવેચન કરાયું છે. જે કાવ્યાત્મક હોવા સાથે સંસ્કૃતસાહિત્યને સમૃદ્ધ બનાવતાં ઐતિહાસિક મહાકાવ્યોમાં દર્શનીય છે.

**जरासंधवध :**

ભારતીવરદપુત્રશ્રી ગોસ્વામી હરિરાયજીરચિત આ મહાકાવ્યમાં તેમનું નિતાંત પાંડિત્ય જોવા મળે છે. પંડિતપ્રવર કૌડિન્ય કહે છે -

काव्यं सद्गुणरीतिभावविमलं सद्वृत्तत्त्वान्वितं
सर्वेषां मनसः प्रकर्षणपरं संजायते सर्वथा ॥
ज्ञात्वैतद् हरिराय एष निपुणं साहित्यशास्त्रे ध्रुवं
काव्यं गुम्फितवान् जरासुतवधं नामात्मनस्तुष्टवे ॥

સ્વયં મહાકવિનો પણ આ બાબતે અભિપ્રાય મહત્ત્વનો છે-

काव्येऽस्मिन् काव्यतत्त्वज्ञैर्लक्ष्यतामनसूयिभिः ।
प्रतिभाऽनवरोधने श्रीमाघोऽनसृतो मया ॥[५]

આ મહાકાવ્યનો રચનાકાળ સન ૧૯૭૫ થી ૧૯૭૭નો રહ્યો છે. તેનો પ્રેરણાસ્રોત હરિવંશ, શ્રીમદ્‌ભાગવત અને મહાભારત છે. ત્રૈલોકયનાથચરિત સહ અહીં સર્ગ ૧-૮માં શ્રીકૃષ્ણ-નારદસંવાદ.[૬] જરાસંધજન્મવર્ણન, જરાસંધવિવાહ, રાજ્યાભિષેક, નારદ દ્વારા ઉપદિષ્ટ જરાસંધનું મથુરા પર આક્રમણ તો ઉત્તરાર્ધમાં શ્રીકૃષ્ણનું ચેદિરાજને સંબોધન, સહદેવનું ઉદ્‌બોધન, જરાસંધનો ક્રોધ, કારાગારમાં પતિત રાજાઓનું ભગવદ્‌સ્મરણ, શ્રીકૃષ્ણ દ્વારા નૃપતિઓને ઉદ્‌બોધન દ્વારકાવર્ણન, યુધિષ્ઠિરના દૂતનું આગમન, શ્રીકૃષ્ણનું હસ્તિનાપુરગમન, જરાસંધવધનિમિત્ત ત્રીમૂર્તિઓનું મગધાગમન, રાજસૂયમખ કરવાનો નિર્ણય. શ્રીકૃષ્ણભીમાર્જુનનું ગિરિવ્રજાવલોકન, ભીમ જરાસંધનું મલ્લયુદ્ધ, જરાસંધવધ, રાજાઓની મુક્તિ, વિજેતા ભીમાર્જુનકૃષ્ણ અને હસ્તિનાપુરગમનની કથાનો વિતાન ખડો થયેલો છે. વીસ સર્ગોમાં વિષયવસ્તુ વિસ્તરતું જાય છે. શૈલી તદ્દન શિશુપાલવધાનુસાર છે. રીતિ પાંચાલી છે-

**धन्याऽसि पाञ्चालिगुणोच्चयैस्त्वया प्राह्वकृतोऽसौ हरिरायतायते ।**[७]

મુખ્યરસ શૃંગારાનુપ્રણીત વીરરસ છે. મલ્લયુદ્ધપ્રસંગે ઉચિત દૃશ્ય-

**ततः कुध्धोत्प्लुत्य पुनः रयेण प्रजहतुर्वक्षसि मुष्टिभिस्त्राक् ।**
**अन्योन्यमाकृष्य पदा पदाग्रं निपात्य तौ मल्लकलाविधिज्ञौ ॥**[८]

વ્યંજનોનું પ્રભુત્વ, ઓજગુણનું સામ્રાજ્ય નાનાવિધાલંકારોનો વિનિયોગ અને છંદબાહુલ્ય જોઈ શકાય છે. ચિત્રાદિબંધોનું ચિત્રણ મનોહર છે -

**नश्यन्ति प्रमदार्ताः न श्यन्ति प्रमदार्ताः ।**
**नश्यन्ति प्रमदार्ताः न श्यन्ति प्रमदार्ताः ॥**[९]

સાથે સાથે ગોમૂત્રિકાબંધ, છત્રબંધ, ચક્રબંધ અને વજ્રબંધાદિથી શબ્દચિત્રોનું નિર્માણ કરવામાં મહાકવિની લેખની ધારાપ્રવાહે વહે છે :

**निम्नाननोननामैनमनैनामानिनामिनम् ।**
**मौनं मानममान्नुनमनूनं नुन्नमुन्नना ॥**[१०]

ક્લિષ્ટત્વને કવિ સ્વયં પ્રોત્સાહે છે -

**तत्वत्तत्वविदां मुदे हि न पुनश्छिद्रं स्पृशां दहृदां ।**
**भेदज्ञा भ्रमराः भवन्त्युदरुहां नैवोत्कटाः मर्कटाः ॥**[११]

આ સાહિત્યકૃતિનો ઉદ્દેશ પૂર્ણ પરમાત્માનો વિભવ પ્રસ્તુત કરવો જ રહ્યો છે. પ્રસંગોચિત કાવ્યશાસ્ત્રીય બાબતોમાં પરિવર્તન વ્યુત્પત્યાધાયક બની રહ્યું છે. સમસ્ત શાસ્ત્રોનું એકત્ર થવું તે જ જરાસંધવધ મહાકાવ્યનું વૈશિષ્ટ્ય કહી શકાય.

**प्रणयपरिणयम् :**

આ મહાકાવ્ય નૈષધવત્ છે. ઉષા બાણાસૂરપુત્રી તથા અનિરુદ્ધ પ્રદ્યુમ્નપુત્રની પ્રણયકથાને પ્રવાહિત કરતું આ મહાકાવ્ય છે. તમામ મહાકાવ્યીય લક્ષણોને અનુસરતું પચ્ચીસ સર્ગો અને ત્રણ હજાર પદ્યોથી યુક્ત છે. તેનો રચનાકાળ સન ૧૯૭૮-૧૯૮૫ સુધીનો રહ્યો છે. કથાચિત્રણમાં ઉષાનું સ્વપ્રદર્શન ચિત્રલેખા દ્વારા ચિત્રલેખન યક્ષિણીવિદ્યાથી અનિરુદ્ધનું અપહરણ. ઉપવનમાં અન્યોન્ય પ્રણય તથા વિવાહ, દ્વારિકાગમન અને વિવાહોત્સવ નિર્દિષ્ટ થયા છે.

કવિને નાયક-નાયિકાના દ્વિધાવિવાહ દર્શાવીને કવિકુલકોકિલ કાલિદાસની પેઠે પ્રણયથી પરિણયના માર્ગને પ્રશસ્ત કરાવવો છે. મુખ્ય રસ શૃંગાર અંગી રૂપે વીરરસ ઉપનિબદ્ધ કરાયો છે. પ્રખ્યાત અલંકારો અને ભાવવાહી

છંદોનો લય ધ્યાનાર્હ છે.

આ મહાકાવ્ય હજુ સુધી અપ્રકાશિત છે.

**शरणोध्धरणम् :**

આ કૃતિના નાયક શ્રીકૃષ્ણ છે. પ્રસિદ્ધ ગજેન્દ્રમોક્ષ આ મહાકાવ્યનું ઇતિવૃત્ત હોવાથી ખ્યાતવૃત્ત છે. મુખ્ય રસ ભક્તિરસ છે. આ રચનાનો ઉદ્દેશ પરાત્પર વિભુનો મહિમા ગાવો તે જ છે.

આ ગ્રંથ પણ અપ્રકાશિત છે.

**गङ्गावतरणम् :**

ભગવદીયપુરુષ ભગીરથના ગંગાવતરણના પુરુષાર્થને નિરૂપતું મહાકાવ્ય છે. આ કાવ્યના મુખ્ય રસમાં ભક્તિરસ અને ગૌણ કરુણ શાંતરસ નિરૂપાયા છે. આ રચનાનો સાહિત્ય પ્રકાર કયો ? તે બાબતે વિવાદ પ્રવર્તે છે.

આ કાવ્ય હજુ સુધી અપ્રકાશિત રહ્યું છે.

**वर्षावली :**

આ ખંડકાવ્યનું બીજું નામ 'મેઘનાયક' છે. ભાષાદ્વય સંસ્કૃત અને હિન્દીમાં નિર્મિત છે. ઇતિવૃત્ત કલ્પિત છે, જેનો પ્રેરણાસ્રોત સંભવિત રીતે જ મેઘદૂત હોઈ શકે. સૂરદાસ તથા કંભનદાસના મલ્હારથી અભિભૂત કવિ વર્ષાઋતુમાં કૃષ્ણ-રાધાના રચાતા વિપ્રલંભ-સંયોગ શૃંગારને નિરૂપે છે. 'લોકોત્તરવર્ણના નિપુણ' કવિ અલૌકિક ભાવાનુપ્રણીત રચનામાં સરે છે-

**सा कामज्वर तप्तगात्रलतिकातत्स्वेदखेदावहा:**
**प्रेष्ठाकस्मिकलम्भनेन नितरां कौतुहलं बिभ्रती ।**
**श्यामाश्यामवरेण गाढमुरसा स्वालिङ्गिता चुम्बिता**
**नो तस्यौ मनसा ययौ न वपुषा स्वास्वाद्य दिव्यरसं ॥**[१२]

આ રચનાનો કાલખંડ સન્ ૧૯૭૦નો છે. ભાષાશૈલી, ભાવ, રસ, અલંકાર અને રીતિ દષ્ટિએ કાલિદાસીય પ્રભાવ જોવા મળે છે. રાધારમણ, રાધાવર અને ગોકુલેશના વર્ષાવિહાર વ્યાજે ભાવક સુધી પ્રેમરાજ્યનો પ્રસાર થાય છે. રસિકોના મનભાવન માટે કવિ ગાય છે-

**रम्या वलित्रय युताऽपि सदाऽनवद्या**
**नव्याऽङ्गनात्रिवलितुल्यतयाऽतिहृद्या ।**
**लोकव्यथेतरदलौकिक भावभव्या**
**वर्षावली विलसद् रसिकेषु दिव्या ॥**[१३]

**श्रीमद्भागवद्भाषालक्षणम् :**

વેદાંતવિષયને આકારિત કરતું આ ગ્રંથનું અન્યાભિધાન 'ષટ્કરણી' પણ છે. આ લક્ષણગ્રંથ છે. શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ 'તત્ત્વાર્થદીપ'ના ભાગવદાર્થપ્રકરણમાં શ્રીમદ્ભાગવતની ત્રિભાષા સમાધિ, પરમત અને લૌકિક ભાષાનું સહજ સ્પષ્ટ વિવેચન કર્યું છે. તેમાં જે લોકો અનર્ગલ આક્ષેપો કરે છે કે પ્રમાણચતુષ્ટ્યમાં આચાર્યશ્રીએ બન્ને ગ્રંથોનો અસ્વીકાર કર્યો છે તેનું શાસ્ત્રોક્ત પદ્ધતિથી નિરસન કરવામાં આવ્યું છે.

આ શાસ્ત્રીય ગ્રંથ ઘણી દષ્ટિએ વિલક્ષણ છે. પુષ્ટિમાર્ગીય દીક્ષાવિષયમાં જે ભ્રાંતિ છે તેનો સમૂલ ઉચ્છેદ કરે છે. નન્દનન્દન અને વલ્લભનું અભેદ નિરૂપિત છે. વિષયાનુક્રમે મતાન્તરીય, લક્ષણ, લૌકિક લક્ષણ,

પ્રામાણ્યવિચાર અને સમન્વયસાધનપ્રકરણોમાં વિભાજિત છે. યથાશક્ય અનુમોદિત સંસ્કૃત 'ભક્તિભૂષણી' ટીકાસહ હિન્દી અને ગુજરાતી ભાષાઓમાં અનુવાદિત છે.

**गद्यमन्त्रटीका :**

બ્રહ્મસંબંધનું શાસ્ત્રીય વિવેચન આ ગ્રંથમાં પ્રાપ્ત થાય છે. આ પણ અપ્રકાશિત ગ્રંથ છે.

**बृहद्दानलीलायाः पियूषभाष्यम् :**

શ્રીમદ્ વલ્લભાચાર્યના કુલવંશજ શ્રીહરિરાયપ્રભુએ સમાધિમાં જે દાનલીલાનાં દર્શન કર્યાં તેનું જ વ્રજભાષામાં નિરૂપણ કર્યું છે. આ દાનલીલાનો સંસ્કૃત ભાષામાં અનુવાદ મહાકવિ હરિરાયજીએ કર્યો. જેમાં શ્રુતિસ્વરૂપા ગોપીજનોને કૃષ્ણદર્શન થયાં છે તેવા રસપોષક ઔષનિષદિક ગ્રંથને હજુ પુસ્તક રૂપે અવતરવાનું શેષ છે.

**स्वधर्मविवेक :**

આ કૃતિનો વિષય પણ વેદાંત રહ્યો છે. પરબ્રહ્મ શ્રીકૃષ્ણ સેવ્ય રહ્યા છે. 'સ્વધર્મપાલન'નું પ્રતિપાદન આ કૃતિ દ્વારા કરવામાં આવ્યું છે.

**आश्रयविमर्श :**

આશ્રય કોનો કરવો જોઈએ ? તું કોણ છે ? ક્યાંથી આવ્યો છે ? આવા પ્રશ્નોના નિરાકરણ માટે આ ગ્રંથનું ગ્રંથન થયું છે. આ કૃતિ પણ અપ્રકાશિત છે.

**उत्सवविमर्श :**

આ કૃતિ લોકભોગ્ય વ્રત અને ઉત્સવોની પ્રયોજનાને આકલિત કરે છે. આ કૃતિ પણ અપ્રકાશિત છે.

**कादम्बिनी :**

આ કૃતિ ગદ્યકથા છે. આ કૃતિ પણ અપ્રકાશિત છે.

અર્વાચીન ભારતીય ભાષાઓમાં પુસ્તકપ્રકાશનનો પ્રશ્ન વિકટ અને ઘનીભૂત છે. તદપિ આ ગ્રંથોમાં મહત્તમ પુસ્તકાકારે પ્રાપ્ત થાય છે. આ લેખ દ્વારા મહાકવિને કેટલો ન્યાય આપી શકી છું તે તો જિજ્ઞાસુઓ જ બતાવી શકશે. પણ વિદ્વવરોમાં આ મહાકવિનું મહનીય સ્થાન છે તે વિશે સર્વગ્રાહી કે સમીક્ષાત્મક રીતે કહી શકાય.

**સંદર્ભસંકેત :-**

૧. पुरुषसंभवम् – २-१६४
૨. अजितोदयमहाकाव्यम् – ૩૨
૩. पुरुषसंभवम् – પ્રાક્કથન
૪. એજન - ૧૧-૩ થી ૬
૫. जरासंधवधम् – २०-८५
૬. એજન – ૧-૮
૭. એજન – ૨૦-૭૫
૮. એજન – ૨૦-૨૦
૯. એજન – ૧૯-૧૩૩
૧૦. એજન ૧૯-૧૯
૧૧. वर्षावली: – २०-८८
૧૨. એજન - ૨-૬૮
૧૩. એજન – ૩-૬૮

**સંદર્ભગ્રંથ**


१. पुरुषसंभवमहाकाव्यम् (सटीकम्)

महाकविहरिरायविरचितम्
प्रकाशक : इन्टरनेशनल पब्लिशर्स,
३४, अमरनाथ बिल्डिग
महात्मागांधी अस्पताल मार्ग, जोधपुर - ३४२००१
(राजस्थान)
प्रथम संस्करण-विं सं २०४३ (सन् ११८७)

२. जरासंधवधम्
महाकविहरिरायविरचितम्
published by : President of Pushtimargiya Pathshala
First Edition 1982

३. श्रीमद्भागवद्भाषालक्षणम्
महाकविहरिरायविरचितम्
प्रकाशक : इन्टरनेशनल पब्लिशर्स,
३४, अमरनाथ बिल्डिग, महात्मागांधी अस्पताल मार्ग,
जोधपुर - ३४२००१ (राजस्थान)
प्रथम संस्करण-विं सं २०४३ (सन् ११८७)

४. वर्षावली
महाकवि हरिराय विरचिता
Published by : SHRIMAD ANIRUDDHA,
PUSTIMARGIYA PATHSALA, JAMNAGAR,
FIRST ADDITION, VIKRAM SAMVANT, 2056, A-D 2000

# રત્નાવલીમાં લલિત કલાઓ

◆


## ડૉ. બી. જી. પટેલ


સંસ્કૃત કવિઓના જીવન અને સમય અંગે કોઈ ચોક્કસ માહિતી ઉપલબ્ધ થતી નથી. પરંતુ રત્નાવલીના સર્જક હર્ષવર્ધન વિષે એક સુખદ અકસ્માત છે કે તેના જીવન વિષે કડીબદ્ધ વિગતો આપણને મળી આવે છે. સમ્રાટ હર્ષવર્ધનના જ સમયમાં તેના દરબારી કવિ બાણભટ્ટે હર્ષવર્ધન ઉપર હર્ષચરિત નામની ગદ્યકૃતિ લખી છે. તેથી આપણે પ્રમાણભૂત માહિતી મેળવી શકીએ છીએ. સમ્રાટ હર્ષવર્ધનના જ સમયમાં આવેલ ચીની યાત્રાળુ હ્યુએન-સાંગ (ઈ.સ. ૬૩૫ થી ૬૪૩)ની પ્રવાસ નોંધ આપણને હર્ષ વિશે ઘણી માહિતી આપે છે.

હર્ષ, હર્ષવર્ધન, શ્રી હર્ષ કે સમ્રાટ હર્ષ તરીકે પ્રસિદ્ધ આ સર્જક હિન્દુસ્તાનનો સમ્રાટ હતો. મોટે ભાગે અલગ રહેતી શ્રી સરસ્વતીએ તેનામાં એક સાથે નિવાસ કર્યો હતો. પ્રિયદર્શિકા, રત્નાવલી એવી બે નાટિકાઓ તથા નાગાનંદ નાટકના સર્જક એવા હર્ષવર્ધન વિષે બાણભટ્ટનું હર્ષચરિત, તામ્રપત્રો, ઈત્સિંગ તથા હ્યુએન સાંગની પ્રવાસ નોંધો, રાજશેખર, મમ્મટ, સોઢ્ઢલ વગેરેના ઉલ્લેખમાંથી જરૂરી માહિતી મળે છે. આપણા શોધલેખનો વિષય શ્રીહર્ષ રચિત ''રત્નાવલીમાં નિરૂપિત લલીતકલાઓ હોવાથી કવિના જીવન અને સમય વિશેની ચર્ચાનું લાઘવ કરવામાં આવ્યું છે.''

પ્રાચીન સમયમાં ભારતમાં વિદ્યા ક્ષેત્રનો વિસ્તાર ઘણો વ્યાપક હતો. છાન્દોગ્ય ઉપનિષદના એક પ્રસંગમાં કહેવામાં આવ્યું છે કે એકવાર દેવર્ષિનારદ વિદ્યાપ્રાપ્તિ માટે સનતકુમાર પાસે ગયા. સનતકુમારે નારદજીને કહ્યું ''આપં અત્યાર સુધી શું શીખ્યા છો ?'' આ પ્રશ્ના જવાબમાં નારદજી અનેક લૌકિક વિદ્યાઓનાં નામ ગણાવતાં કહે છે કે

पुराणन्यायमीमांसाधर्मशास्त्राङ्गमिश्रिताः ।[१]

वेदाः स्थानानि विद्यानां धर्मस्य च चतुदर्शः ॥

ચાર વેદ, છ અંગ, પુરાણ સાહિત્ય, ન્યાય, મીમાંસા અને ધર્મશાસ્ત્ર એ ૧૪ વિદ્યાઓનો ભંડાર છે અને ૬૪ કલાઓ શિખવા લાયક છે.

સંસ્કૃત વિવેચકોએ વિદ્યાના ૧ વિદ્યા, અને ૨, ઉપવિદ્યા એવા બે વિભાગ કરી વિદ્યામાં કાવ્યનો અને ઉપવિદ્યામાં કલાઓનો સમાવેશ કર્યો છે. આમ વિદ્યાઓમાં કલાઓની વિદ્યાનું પણ મહત્વપૂર્ણ સ્થાન હતું. સંસ્કૃત વિચારસરણી પ્રમાણે સાહિત્ય કલા નથી. ભર્તૃહરિએ કહ્યું છે કે..

साहित्यसंगीत कला विहीनः साक्षात पशुः पुच्छविषाणहीनः ।[२]

આમ અહીં સાહિત્ય, સંગીત અને કલાને ભિન્ન માનવામાં આવ્યાં છે.

આચાર્ય દંડીએ કહ્યું છે કે, नृत्यगीत प्रसूत्यः कला कामार्थसंश्रयाः ।[३]

દંડી પ્રમાણે કલા, કામાર્થ સંશ્રય (કામનુ ઉદ્દીપન કરવામાં સહાયક) હોય છે. જ્યારે સાહિત્ય કામોદ્દીપક નથી. આત્માની અમૃતકલા છે. આત્મા, કામાર્થ સંશ્રયરૂપ નથી, પણ रसो वै सः । રૂપ છે. સાહિત્ય વિદ્યા છે. આત્માની અભિવ્યક્તિ છે, કલા ઉપવિદ્યા છે. કામોત્તેજક છે. સાહિત્ય અલૌકિક છે, કલા લૌકિક રંજનપ્રદ છે. તેથી જ સાહિત્યના આનંદને મમ્મટ બ્રહ્માનંદ સહોદર કહે છે. તે એ સમજથી કે સાહિત્યનો આનંદ આત્માનંદ સમો છે. કલાનો આનંદ તેના પ્રમાણમાં સ્થૂળ અને બાહ્ય છે.

ભારતીય મત કલાને સાહિત્ય કરતા ઊતરતી કહે છે, ત્યારે કલાને આજના વ્યાપક અર્થમાં લેતો નથી. તે સ્પષ્ટ કરે છે. શુક્રાચાર્ય કલાની વ્યાખ્યા આપતા કહે છે કે शक्तो मुकोऽपि यत्कर्तुं कलासंज्ञं तु तत्स्मृतम् ।[४] (એક મૂક -

---


* આચાર્ય, શ્રી તેજેન્દ્રપ્રશાદજી સ્વામિનારાયણ આર્ટ્સ કોલેજ, મુ. કોઠંબા, તા. લુણાવાડા, જિ. મહીસાગર (ગુજરાત)

મૂંગો માણસ, જે વર્ણોચ્ચારણ પણ ન કરી શકતો હોય તે, સરળતાથી કરી શકે તે કલા). ક્ષેમરાજ કલાની વ્યાખ્યા આપતાં કહે છે કે , कलयति स्वरुपं अविशयति वस्तूनि वा ।[५] (વસ્તુના સ્વરૂપને સ્પષ્ટ કરે, સુશોભિત ને વિભૂષિત કરે તેનું નામ કલા. ભરતમુનિએ નાટ્યશાસ્ત્રમાં કલા એટલે गीतवाद्यादि ।[६]

कलागीतवाद्यादिका એમ કહીને કાવ્યથી નાટ્યથી કલાને જુદી પાડી છે. ભામહ પણ કાવ્યનો એક પ્રકાર કલાશ્રય[૭] (કલાના આશ્રયે થતુ કાવ્ય) એવો દર્શાવે છે. તે ઉપરથી જણાય છે કે ભામહ કલાને કાવ્યથી ભિન્ન માને છે. આમ સંસ્કૃતમાં કલાનો અર્થ કાવ્ય કરતા સંકુચિત છે.

શ્રી રાજેન્દ્ર વિરચિત 'શિવતત્વરત્નાકર' માં મુખ્ય ૬૪ કલાઓનો નામ નિર્દેશ કરવામાં આવયો છે. વાત્સાયનકૃત 'કામસૂત્ર' ના ટીકાકાર જયમંગલ પણ મૂળ ૬૪ કલાઓ અને તેની અવાન્તર કલાઓ મળી કુલ ૫૧૮ ગણાવે છે. વિષ્ણુપુરાણ અને શ્રીમદ્ભાગવદ્ પુરાણના ટીકાકાર શ્રીધર સ્વામીએ પણ કલાઓનો નામ નિર્દેશ કર્યો છે. અહીં કલા શબ્દના અનેક અર્થો પ્રાચીન ભારતમાં થયા છે. આનો સંગ્રહ જુદા જુદા કોશ ગ્રંથોમાં થયો છે. આનુ સુભગ સંકલન આપણને 'ભગવદ્ગોમંડળ'માં મળે છે. જ્યાં જુદા જુદા ૬૨ અર્થોનો સંગ્રહ છે.(૮) જેમાં અર્થો એક પ્રકારનો છંદ, પ્રાચીન તોલ, કિલ્લો, - ગઢ, કોણીથી કાંડા સુધીનો ભાગ, અક્ષર-વર્ણ, અગ્નિનો એક ભાગ, અઢી પળનો સમય વિગેરે.

અદ્ભુત શક્તિ-શાસ્ત્રમાં જણાવેલ ચોસઠ પ્રકારની કલા નીચે પ્રમાણે છે : (આનુ મૂળ સંસ્કૃતમાં છે તેથી સંસ્કૃત નામો આપ્યાં છે) (૧) गीतम् (ગાવુ) (૨) वाद्यम् (વગાડવું), (૩) नृत्यम् (નાચવુ), (૪) नाट्यम् (અભિનય), (૫) आलेख्यम् (ચીતરવુ) (૬) विशेषकच्छेद्यम् (ગાલ પર ચિત્ર દોરવા) (૭) तण्डुलकुसुमबलिविकाराः (ચોખા અને ફૂલોનો ચોક પૂરવો), (૮) पुष्पास्तरणम् (ફૂલોની સેજ બનાવવી), (૯) दशनवसनांगरागः (દાંત અને અંગોને રંગવાની વિધિ જાણવી), (૧૦) मणिभूमिकाकर्म् (ઋતુને અનુકૂળ ઘર ચણવુ), (૧૧) शयनरचनम् (પલંગ બિછાવવો), (૧૨) उदकवाद्यम् (જલતરંગ બજાવવુ), (૧૩) उदकघातः (ગુલાબદાની વાપરવાની વિદ્યા), (૧૪) चित्रयोगाः (અવસ્થા-પરિવર્તન કરવું જુવાનને બુઢ્ઢો અને બુઢ્ઢાને જુવાન બનાવવો), (૧૫) माल्यग्रथनविकल्पां (દેવપૂજા માટે કે પહેરવા માટે માળા ગૂંથવી), (૧૬) केश-शेखरापीडयोजनम् (શિખર ઉપર ફૂલોથી અનેક જાતની રચના કરવી કે માથાના વાળમાં ફૂલ લગાવી ગૂંથવુ), (૧૭) नेपथ्ययोगाः (દેશકાળ અનુસાર વસ્ત્ર આભૂષણ વગેરે પહેરવા), (૧૮) कर्णपत्रभङ्गम्ः (કાને પહેરવા માટે ફૂલ વગેરે આભૂષણો બનાવવા), (૧૯) गंधयुक्तिः (સુગંધી પદાર્થ બનાવવા), (૨૦) एन्द्रजालिकम् (જાદુગીરીના પ્રયોગો), (૨૧) कौचुमारयोगाः (જાતીયતા અંગેની વિદ્યા), (૨૨) भूषणयोजनम् (ઘરેણા પહેરવાની પદ્ધતિ), (૨૩) हस्तलाघवम् (હાથની ચાલાકી), (૨૪) चित्रशाकापूपभक्ष्य-विकारक्त्रिया (અનેક જાતના શાક, માલપૂઆ વગેરે ખાવાના પદાર્થ બનાવવા), (૨૫) पानकरसरागासवयोजनम् (અનેક જાતના શરબત, અર્ક અને શરાબ બનાવવા), (૨૬) सूचीकर्म (સીવવુ), (૨૭) सूत्रकर्म (સીવણકામ), અહીં सूत्रकर्म (એવું પાઠાન્તર છે.) (૨૮) प्रहेलिका (બીજાને બોલતો બંધ કરવા માટે ગૂંચવણભર્યા પ્રશ્નો પૂછવા), (૨૯) प्रतिमाला (અંત્યાક્ષરી કહેવી), (૩૦) दुर्वाचकयोगाः (કઠિન પદો અને શબ્દોના અર્થ કાઢવા), (૩૧) पुस्तकवाचनम् (સ્પષ્ટ રીતે પુસ્તકનું વાચન કરવુ), (૩૨) काव्यसमस्यापूर्तिः (કવિતાની પાદપૂર્તિ કરવી), (૩૩) पट्टिकावेत्रगणविकल्पाः (દોરી કે નેતરથી ભરવુ), (૩૪) नाटिकाख्यामिकादर्शनम् (નાટક જોવું-બતાવવુ), (૩૫) तर्ककर्माणिः (દલીલ કરવી), (૩૬) तक्षणम् (સુથાર અને કડિયાનુ કામ), (૩૭) वास्तुविद्या (ઘર બનાવવુ), (૩૮) रुप्यरत्नपरीक्षा (સોના, ચાંદી અને રત્નની પરીક્ષા), (૩૯) **धातुवादः (કાચી ધાતુ સાફ કરવી)** (૪૦) मणिरागज्ञानम् (રત્નોના રંગ જાણવા), (૪૧) आकरज्ञानम् (ખાણની વિદ્યા), (૪૨) **वृक्षायुर्वेदयोगाः (વૃક્ષનું જ્ઞાન, ચિકિત્સા તથા** રોપવાનો વિધિ, (૪૩) मेष-कुक्कुरलावक युद्धः (મરઘા, કુકડા, લાવક વગેરે **લડાવવાની ક્રિયા), (૪૪) शुकसारिकालापन** (પોપટ-મેના પઢાવવા), (૪૫) उत्सादनम् શરીર ચોળવુ (અ.ભ.ગો.મં.માં ઉત્સાહન છે), **(૪૬) अक्षरमुष्टिकाकथनम्** (કરપલ્લવી) (૪૭) केशमार्जनम् (કુશળતાથી વાળ ઓળવા તથા તેલ નાંખવુ), (૪૮) **म्लेच्छित कलाविकल्पाः (મ્લેચ્છ** અથવા વિદેશી ભાષા જાણવી) (૪૯) देशभाषाज्ञान (દેશી ભાષાઓનું જ્ઞાન), (૫૦) पुष्पकटीनिम्मित्तज्ञानम् (વાદળ ગાજવા, વીજળી ચમકવી વગેરે દૈવી લક્ષણ જાણી આગાહી કરવી), (૫૧) यंत्रमातृकाः (યંત્રનિર્માણ), (૫૨) धारणमातृकाः

(સ્મરણશક્તિ વધારવી), (૫૩) पाठयम् (संपाठ्यम् - નીલકંઠ) કોઈને બોલતું ગાતું સાંભળી તે પ્રમાણે (બોલવું ગાવુ), (૫૪) मानसीकाव्यक्रिडा (મનમાં કાવ્ય કરી કહેવું), (૫૫) क्रियाविकल्पाः (ક્રિયાનો પ્રભાવ બદલવો), (૫૬) छलितकयोगाः (છલ કે ધૂર્તતા કરવી.), (૫૭) अभिधानकोशच्छन्दोज्ञानः (અભિધાન કોશ અને છંદનુ જ્ઞાન), (૫૮) वस्त्रगोपकानि (વસ્ત્રોની રક્ષા કરવી), (૫૯) द्युतविशेषः (દ્યુત જુગાર રમવો) (૬૦) आकर्षणः (પાસા વગેરે ફેંકવા) (૬૧) बालक्रीडाः (અથવા बालक्रीडनकानि નીલકંઠ) (બાળકને રમાડવુ) (૬૨) वैनायिकीनां विद्यानां ज्ञानम् (વિનય, શિષ્યાચાર, ઈલ્મ વગેરે કરવાં), (૬૩) वैजयिकीविद्याज्ञानम् (જય મેળવવા માટે જાણવાની ક્રિયા, જેમકે શિકાર લશ્કરી તાલીમ વગેરે), (૬૪) वैतालिकीविद्यायज्ञानम् (રાગ, પાદ્ય, પરખ, નાડી, ન્યાય, તરવું, તંતરવું-ચોરી કરવી વિ.)[૯]

કલાઓના બે ભેદ છે. (૧) ઉપયોગી કલા અને (૨) લલિત કલા ઉપયોગી કલામાં લુહાર, સુથાર, ધોબી વગેરે વ્યવસાય સાથે જોડાયેલી છે. લલિતકલાના પાંચ પ્રકાર છે.

(૧) काव्यकला (૨) संगीतकला (૩) चित्रकला (૪) नृत्यकाट्यकला અને (૫) स्थापत्यकला (વાસ્તુકલા)

**(૧) કાવ્યકલા :-**

પાંચ લલિતકલાઓ પૈકીની શ્રેષ્ઠ કલા એટલે જ કાવ્ય કલા, જેમ -જેમ સંસ્કૃતિનો વિકાસ થતો જાય તેમ તેમ માનવી પોતાના ઉન્નત્ ને ઉત્તમ વિચારોને સાહિત્યમાં રજૂ કરતો હોય છે. આ અનુભૂતિ ઊર્મિ, ભાવના, સંવેદના અને કલ્પના સાથે ભળીને સંવેદના અને વેદના રૂપી શબ્દ દેહ ધારણ કરે છે. ત્યારે કાવ્ય બને છે અને આવુ રસસિદ્ધ કાવ્યસર્જન કરનાર કવિનું યશરૂપી શરીર અજર, અમર બને છે. એમ ભર્તૃહરિ કહે છે[૧૦] અને આવાં રસસિદ્ધ કાવ્યનુ પ્રયોજન વાચકોને બ્રહ્માનંદ સહોદર જેવો આનંદ[૧૧] આપતો હોવાનું સાહિત્યાચાર્યો કહે છે.

શ્રીહર્ષ એક સફળ નાટ્યકાર છે. તેમણે ख्यातवृत्तस्यात्[૧૨] પ્રમાણે પોતાના નાટકનું કથાવસ્તુ બૃહદ્કથામાંથી પસંદ કરી પોતાની અપૂર્વ કવિ પ્રતિભા દ્વારા રત્નાવલિ નાટિકાનું સર્જન કર્યું છે.(૧૨) તેમની કાવ્યકલા-નાટ્યકલાને અંજલિ આપાત જયદેવ કહે છે કે શ્રી હર્ષ સંસ્કૃત કવિતા કામિનીના હર્ષ[૧૩] ગણાય છે. શ્રી હર્ષ પણ પોતાને સુકવિ ગણાવે છે. श्री हर्षो निपुणः कविः[૧૪] આમ શ્રી હર્ષની ત્રણ કૃતિઓમાં રત્નાવલી સૌથી સફળ કૃતિ છે. સંસ્કૃત ઉપરૂપકોના પ્રકાર 'નાટિકા'માં તે આદર્શરૂપ છે. નાટિકાઓમાં તે સર્વોત્તમ છે. એમ નિઃશંકપણે કહી શકાય તેમ છે.

રત્નાવલિ નાટિકાનું કથાવસ્તુ પણ ઉદયન-કથાઓમાંથી પસંદ કર્યું છે. આ રીતે કથાવસ્તુના પાત્રો લોક પ્રખ્યાત છે. કથાવસ્તુ ગ્રથનમાં કવિની પ્રતિભાના દર્શન થાય છે. વસ્તુ આયોજનમાં તાર્કિક બુદ્ધિ અને નાટ્ય પ્રતિભાનો ઉપયોગ કરીને અદ્ભુત સુંદર નાટિકાની રચના કરી છે. પ્રસંગો, પરિસ્થિતિઓ તથા પાત્રો પ્રમાણે સંવાદ યોજવામાં સફળતા મળી છે. હર્ષની ભાષા પ્રવાહી છે, વાતચીતની ભાષા સરસ છે. શ્રી બળદેવ ઉપાધ્યાય કહે છે તે સાચુ છે કે हर्ष की काव्यशैली सरल तथा सुबोध है ।[૧૫] આમ એક સફળ નાટિકાની રચના માની શકાય. અહીં હર્ષની કાવ્યકલાના દર્શન થાય છે.

**(૨) સંગીતકલા :**

પાંચ લલિતકલાઓ પૈકી સંગીતકલા એ પણ એક લલિતકલાનો જ પ્રકાર છે. આ પણ પ્રાચીન હોવાની સાથે અત્યન્ત સુવિકસીત એવી કલા છે. તેનું ક્ષેત્ર ઘણુ વ્યાપક છે. ગીત સંગીત કલાનુ મૂળ ઋગ્વેદની દેવતાઓની (રૂચાના[૧૬] જ્ઞાનમાં જોવા મળે છે. સામવેદ ગાન પ્રધાન છે. ભગવાન કૃષ્ણએ શ્રીમદ્ ભગવદ્ ગીતામાં આ બાબતની પુષ્ટી કરી છે[૧૭] અને ભારતીય સંગીત ત્યાંથી જ ઉદ્ભવ્યું છે. રામ દરબારમાં લવ, કુશ દ્વારા રામાયણનું ગાન સંગીતકલાની યાદ અપાવે છે. નાટ્યશાસ્ત્રમાં ભરતમુનિનો મુખ્ય વર્ણ્ય નાટ્ય છે. પરંતુ સફળ નાટ્યપ્રયોગમાં ગીત, વાદ્ય અને નૃત્યના ત્રિવેણી સંગમનું[૧૮] પણ મહત્ત્વપૂર્ણ યોગદાન હોવાનું અમરસિંહ કહે છે. આ ત્રણેય કલાઓનું તેમાં સવિસ્તર વર્ણન કરવામાં આવ્યું છે. તદુપરાંત અન્ય અધ્યાયોમાં પ્રસંગાનુરૂપ સંગીતના તત્વોનો પરિચય આપવામાં આવ્યો છે. પ્રાચીન ભારતના નાટ્યશાસ્ત્ર[૧૯], દશરૂપક[૨૦], ભાવપ્રકાશન[૨૧] જેવા ગ્રંથોમાં સંગીતકલાની ચર્ચા થયેલી જોવા મળે છે. મોટા ભાગના સંસ્કૃત નાટકોનો આરંભ જ ગીત-સંગીતથી થાય છે.

રત્નાવલી નાટિકાના પ્રથમ અંકમાં નાટકની શરૂઆતમાં સૂત્રધાર અને નટીના સંવાદમાં ગીત-સંગીત કળાના દર્શન થાય છે. સૂત્રધાર કહે છે કે 'તો હવે ઘેર જઈને ગૃહિણીને બોલાવીને સંગીતની ગોઠવણ કરું'[૨૨] નાટકની શરૂઆતમાં યોગંધરાયણની પોતાના સ્વામિના ઉત્કર્ષ માટેની યોજના શરૂ કરે છે. ત્યારે તેને ડર લાગે છે. ત્યારે યોગંધરાયણ કહે છે કે અરે મધુર રીતે વગાડવામાં આવતચા કોમળ મૃદંગથી અનુસરાતા સંગીતને લીધે મધુર નગરજનોનો તાળિયોનો અવાજ સામેથી આવી રહ્યો છે.[૨૩] આ મદન મહોત્સવમાં સુંદર સંગીત કળાના દર્શન થાય છે.

**(૩) ચિત્રકલા :**

ચિત્ર શબ્દની વ્યુત્પત્તિ શાસ્ત્રકારો આ પ્રમાણે આપે છે. चित्रम् त्रायते इति चित्रम् । એટલે કે ચિત્તનું રક્ષણ કરે તે ચિત્ર અમરકોશના ટીકાકાર ભાનુજી દીક્ષિત કહે છે કે चितं राति इति चित्रम्[૨૪] એટલે કે ચિત્તને ગ્રહણ અથવા આકર્ષણ કરે તે ચિત્ર વિષ્ણુધર્મોત્તર પુરાણ[૨૫] કહે છે કે ચિત્રકર્મમાં એવો પ્રયત્ન કરવો કે, જેથી ચિત્ર આકર્ષણ થઈ શકે. આ ઉપરથી એમ કહી શકાય કે ચિત્રકાર પોતાના હૃદયના ભાવોને ચિત્રકલામાં વ્યક્ત કરીને આપણા ચિત્તને આકર્ષે છે. ચિત્ર જોનાર ભાવક પણ રસાનુભવ કરી પરમ આનંદની પ્રાપ્તિ કરે છે. જેવી રીતે માનવોમાં રાજા શ્રેષ્ઠ છે તેવી રીતે બધી જ કલાઓમાં શ્રેષ્ઠ કલાનું સ્થાન વિષ્ણુધર્મોત્તરપુરાણ ચિત્રકલાને આપે છે.[૨૩] આમ પ્રાચીન ભારતમાં ચિત્રકલાનો સારો વિકાસ થયો હતો. શાસ્ત્રગ્રંથો અને શિષ્ટ સંસ્કૃત સાહિત્ય, બૌદ્ધ અને જૈન સાહિત્યના ઉલ્લેખો ઉપરથી કહી શકાય કે પ્રાચીન સમાજમાં એ ખૂબ પ્રતિષ્ઠિત થયેલી કલા હશે. ભરતમુનિએ ના.શા.ની આનુષાંગિક કલા તરીકે ચિત્રકલાનો ઉલ્લેખ કર્યો છે. ચિત્રકલાના છ અંગો છે. ૧. રૂપભેદ (રંગોની મેળવણી) ૨. પ્રમાણ (ચિત્રમાં ગહેરાઈ), ૩. ભાવ - લાવણ્યની યોજના, ૪. સાદશ્ય, ૫. વર્ણિકા (રંગોનું સામંજસ્ય) ૬. ભંગ (રચના કૌશલ) અજન્તા-ઇલોરાની ગુફામાં અદ્ભૂત ચિત્રો આલેખિત થયેલ જોવા મળે છે. જે પ્રાચીન ભારતમાં ચિત્રકલાનો પરમોત્કર્ષ બતાવે છે. અર્વાચીન સમયમાં પણ ચિત્રકલા ફોટોગ્રાફી સ્વરૂપે આ કલાનો વિકાસ થયેલો છે.

રત્નાવલી નાટિકાના બીજા અંકમાં સુસંગતતા અને નિપુણિકાના સંવાદમાં ચિત્રકલાનાં દર્શન થાય છે. નિપુણિકા સુસંગતતાને કહે છે કે તારી પ્રિય સખી સાગરિકાને (રંગોની) પેટી, ચિત્રફલક અને પીંછી લઈને કદલીગૃહમાં જતી જોઈ છે.[૨૬] અહીં સાગરિકાની ચિત્રકલા પ્રત્યેની રુચિ જોવા મળે છે વળી સાગરિકાને શોધતી સખી સુસંગતતા નિપુણિકાની માહિતીના આધારે કદલીગૃહમાં આવે છે અને સાગરિકોના હાથમાં ચિત્રફલક જુએ છે. તેમાં પોતાના સ્વામિ ઉદયનનું ચિત્ર સાગરિકાએ દોરેલું જોઈને સુસંગતતા તરત જ મર્મ સમજી જાય છે અને મનોમન સાગરિકોને અભિનંદન આપે છે અને સાગરિકાને પૂછે છે કે 'સખી, તે ચિત્રમાં કોને ચીતર્યા છે ?' સાગરિકા લજ્જાપૂર્વક પણ ત્વરિત ઉત્તર આપે છે કે કામદેવનું તરત જ સાગરિકા કરતા સવાઈ ચતુરાઈ ધરાવતી સુસંગતતા ચિત્ર દોરે રતિ વગર કામદેવનું ચિત્ર અધૂરું હોવાનું કહી બાજુમાં રતિના બહાને સુસંગતતાનું ચિત્ર દોરે છે.[૨૭] આમ અહીં સાગરિકા અને સુસંગતતાની ચિત્રકલા પ્રત્યેની રુચિ જોવા મળે છે. નાટકના બીજા અંકમાં સાગરિકા તથા ઉદયનના ચિત્રને જોઈને રોષે ભરાયેલી રાણીને સમજાવવા વિદૂષક ખૂબ કોશિષ કરે છે. તે જણાવે છે કે પોતાનું ચિત્ર જાતે દોરવુ દુષ્કર છે. એવું સાંભળીને રાજાએ પોતાની જ રમણીય સ્ત્રીનું ચિત્ર આલેખ્યું છે. એને પૂર્વે કદાપિ જોઈ નથી. એ રાજાના મનનું જ સર્જન છે. વિદૂષક પોતાની જનોઈના શપથ લઈને વાત કરે છે તો પણ રાણી એને બનાવટ માનવા તૈયાર નથી અને ચિત્રફલકમાં સાગરિકાનું ચિત્ર જોઈને ગુસ્સે થયેલી રાણીને દાસી કાંચનમાલા સમજાવતા કહે છે કે આ મનમાં કલ્પીને આ રમણી આલેખી છે.[૨૮] આમ અહીં રાજા ચિત્રકલામાં નિપુણ હતા તે જોઈ શકાય છે.

**(૪) નૃત્ય નાટ્યકલા :**

નૃત્ય, નાટ્યકલા એ પાંચ લલિત કલાઓ પૈકીની એક કલા છે. શરીરના હાવભાવ સાથે જ અભિનય કરવામાં આવે તે નૃત્ય કહેવામાં આવે છે. નૃત્યમાં અનુકરણ, અંગહાર, ભાવ વિભાવ અને અનુભાવ અને રસોની અભિવ્યક્તિ કરવામાં આવે છે. નૃત્યના બે પ્રકારો છે. નાટ્ય અને બીજું અનાટ્ય કહેવાય છે. સ્વર્ગ અને પૃથ્વીવાસીઓની કૃતિનું અનુકરણ નાટ્ય કહેવામાં આવે છે અને અનુકરણ રહિત નૃત્ય અનાટ્ય કહેવાય છે. આ અનાટ્ય કલા અતિપ્રાચીન સમયથી પ્રચલિત છે. ભગવાન શંકરનું તાણ્ડવ નૃત્ય પ્રસિદ્ધ છે.

નાટ્યશાસ્ત્રમાં નાટ્યકલાને અનાદિ માનવામાં આવી છે. આ કલાના પ્રથમ વક્તા તરીકે તેમાં બ્રહ્માનો નિર્દેશ કરવામાં આવેલો છે. नाट्यशास्त्रप्रवक्ष्यामि ब्रह्मणा यदुदाहतम् । એવો ના.શા.નો પ્રથમ શ્લોક આની સાક્ષી પૂરે છે.૨૯ પરંતુ બ્રહ્માની આજ્ઞા અનુસાર ભરતે નાટ્યનો પ્રથમ પ્રયોગ કરેલો હોવાથી તે તેના પ્રથમ પ્રયોક્તા છે.

રત્નાવલી નાટિકાના પ્રથમ અંકમાં સૂત્રધાર અને નટીના સંવાદમાં નૃત્ય નાટ્ય-નાટ્યકલાના દર્શન થાય છે. નટી કહે છે કે આર્યપુત્ર અત્યારે તમે નિશ્ચિત છો તો શા માટે નૃત્ય ન કરો ? મુજ અભાગણીને એક જ પુત્રી છે તેને પણ તમે કોઈ દેશાવરમાં આપી છે. તો તેનુ લગ્ન કેવી રીતે થશે? એ ચિંતાથી મને મારી જાતનું ભાન નથી, તો પછી નૃત્ય કેવી રીતે કરવું ?[૩૦] વતી વિદૂષક પોતાના મિત્રને બતાવતા કહે છે કે આ વળી મદનિકા કામવશ થઈ વ્યાકુળતાપૂર્વક વસન્તના અભિનયવાળુ નૃત્ય કરતી ચૂતલતિકા સાથે અહીં જ આવી રહી છે.[૩૧]

વળી રાજા ઉદયન કહે છે કે સ્તનોના ભારથી લચી પડતી કેડના ભાંગી જવાની પરવા કર્યા વિના નૃત્ય કરતી આ ઉન્મત રમણીઓનો ઢીલો પડેલો નિખરાયેલો કેશપાશ પ્રયત્નપૂર્વક ગોઠવેલી વેણીની શોભાનો ત્યાગ કરે છે. પગમાં પહેરેલા આ ઝાંઝર અતિશય ઝંકાર કરે છે. કંપનને લીધે આમતેમ હાલતો આ હાર પીડાથી જાણે સતત છાતીનું તાડ કરી રહ્યો છે.''[૩૨]

વળી વિદૂષક મદનિકાને કહે છે કે હે ચૂતલતિકા મને આ ચર્ચરી નૃત્ય શિખવાડો.૨૩ આમ અહીં નૃત્ય કલાના દર્શન થાય છે.

**(૫) સ્થાપત્યકલા :**

અથર્વવેદના એક ઉપવેદ એમાં શિલ્પ શાસ્ત્રનો વિષય છે. ઈમારત બાંધકામ સ્થપતિનું કામ કે વિદ્યા, શિલ્પશાસ્ત્ર, સ્થાપત્ય એટલે બાંધકામ. એમાં નાની મોટી ઈમારતોથી માંડી સૂક્ષ્મ કોતરકામવાળી મૂર્તિઓ અને એને લગતી વિવિધ કલાઓ પણ આવી જાય. આધુનિક ઈજનેરી વિદ્યાએ સિદ્ધ કરેલા મોટા પુલો, રસ્તાઓ, નહેરો વગેરે પ્રકારના બાંધકામ પણ એમાં આવે. આની સાથે ગામો અને નગરોની રચનાકળા પણ તેમાં આવી જાય છે.[૩૪]

રત્નાવલી નાટિકાના ચોથા અંકમાં સ્થાપત્યકલાના દર્શન થાય છે. સિંહલેશ્વર રાજાનો પ્રધાન વસુભૂતિ રાજા ઉદયનના મહેલની સમૃદ્ધિ જોઈને તેનું વર્ણન કરતા કહે છે કે મહેલમાં પ્રવેશતા જ સુંદર ઘોડાઓ અને વિજયી બનાવનાર હાથી જોઈને તે આશ્ચર્યચકિત બને છે. ઉદયનના ખંડિયા રાજાઓની ગોષ્ઠી જોવાને તોભે છે અને સંગીત સૂરાવલીથી મુગ્ધ થાય છે. આમ મહેલમાં પ્રવેશતા જ પોતાના રાજાના વૈભવને ભૂલી જઈને રાજા ઉદયનની સમૃદ્ધિ જોઈને નવાઈ પામે છે. શહેરમાં આવી ચઢેલ ગામડિઓ શહેરની સમૃદ્ધિ જોઈ નવાઈ પામે એવી વસુભૂતિની દશા થઈ છે.[૩૫] આમ અહીં તત્કાલિન સુંદર મહેલોની સ્થાપત્યકલાથી તે આકર્ષાય છે. જે તે સમયની સ્થાપત્યકલાનો ચરમ વિકાસ બતાવે છે.

## પાદટીપ

૧. पुराणान्यायमीमांसा धर्मशास्त्राङ्गमिश्रिताः ।
वेदा स्थानानि विद्यानां धर्मस्य चतुर्दशा ॥१।१।३ पृ. ३
याज्ञवल्कल्यः यावल्कल्यस्मृति । व्याख्याकार; डॉ. उमेशचंद्र पांडे
प्रकाशक : चौखम्भा संस्कृत संस्थानः वाराणसी । संस्करणः सप्तम् वि.सं. २०६०

૨. साहित्यसंगीत कलाविहिनः साक्षात्पशुःपुच्छविषाणहीनः ॥१२॥ પાન ૬ ભર્તૃહરિ : નીતિશતક, સંપાદક : ડૉ. સુરેશ દવે, પ્રકાશક : સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ, આવૃત્તિ : અદ્યતન ૨૦૦૫-૦૬.

૩. नृत्यगीतप्रसूत्यः कलाः कामार्थसंश्रयाः । (३:१६२) पृ. २६७ કાવ્યાદર્શ : દંડી, સંપાદક : ડૉ. અનંતરાય જ. રાવલ, પ્રકાશક : પાર્શ્વ પ્રકાશન, અમદાવાદ, આવૃત્તિ : પ્રથમ, ૧૯૯૮

૪. शुक्रनीतिः शुक्राचार्य । व्याख्या व संपादन : डॉ. उमेशपुरी ज्ञानेश्वर । प्रकाशक : रणधीर प्रकाशन, हरिद्वार । संस्करण : सन २०१०, ४:१५, पृ. १३७

૫. ક્ષેમરાજ : કલામંજરી

६. कलागीतवाद्यादिका । भरतः ना.शा. ।

७. धर्मार्थकाममोक्षेषु वैचक्षण्य कलासु च ।
प्रीतिं करोति कीर्ति च साधुकाव्यनिबन्धनम् ॥ १.२, પાન-૩૮, ભામહઃ કાવ્યાલંકાર, સંપાદક : ડૉ. રમેશ મ. શુક્લ, પ્રકાશક : પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, આવૃત્તિ : બીજી ૧૯૯૭

૮. भगवद् गोमंडल ભાગ-૩, પાન-૨૦૩૫, કર્તા : ભગવદસિંહજી, પ્રકાશક : પ્રવીણ પ્રકાશન, રાજકોટ, આવૃત્તિ : પુનર્મુદ્રણ : ૧૯૮૬

૯. સંસ્કૃતમાં જે લખાણ છે તે શ્રીધર સ્વામીએ શ્રીમદ્ ભાગવદ્ એજ ૨૮ ની ટીકામાં જે સંસ્કૃતમાં આપ્યું છે એને આધારે છે. વળી Sanskrit Worterbuchll158 પાના ઉપર જે સંસ્કૃતમાં ૬૪ કલાઓ આની છે તે આ જ છે.

૧૦. जयन्ति ते सुकृतिनो रससिद्धाः कवीश्वराः ।
नास्ति येषां यशः काये जरामरणजं भयम् ।।२४।। પાન-૧૦, નીતિશતક, સંપાદક : ડૉ. સુરેશ દવે, પ્રકાશક : સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ, આવૃત્તિ : અદ્યતન ૨૦૦૫-૦૬.

૧૧. नाटकख्यातवृत्त स्यात् । नाट्यशास्त्रः भरतमुनि । શ્રીહર્ષ : રત્નાવલી. સંપાદક : પ્રો. નરોત્તમ શાસ્ત્રી, પ્રકાશક : પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, આવૃત્તિ : અદ્યતન : ૧૯૯૯

૧૨. श्रीहर्ष देवेनापूर्ववस्तुरचनालककङ्कृता रत्नावली नाम नाटिकाकृताः । શ્રીહર્ષ : રત્નાવલી. સંપાદક : પ્રો. નરોત્તમ શાસ્ત્રી, પ્રકાશક : પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, આવૃત્તિ : અદ્યતન : ૧૯૯૯

૧૩. यस्याश्चोराकेरनिकरः कर्णपूरो मयूरो
भासो हासः कविकुलगुरुः कालिदासो विलासः ।
हर्षो हर्षो हृदयवसतिः पञ्चबाणस्तु बाणः
केषां नैषा कथय कविताकामिनी कौतुकाय ॥ जयदेवः प्रसन्नराघव १.२२, संपादन : आचार्य शेषराज शर्मा रेग्मी प्रकाशक : चौखम्बा विद्याभवन, वाराणसी । संस्करण : तृतिय, वि.सं. २०२९

૧૪. श्री हर्षो निपुणः कविः । १:५ पृ. ६८
એજન શ્રી હર્ષ : રત્નાવલી

૧૫. हर्ष की काव्यशैली सरल तथा सुबोध है ।

૧૬. ॐ अग्निमिळ पुरोहित यज्ञस्य देव मृत्विजम् होतारं रत्नद्यात्तमम् ।
ऋग्वेदसंहिता प्रकाश हिन्दी – भोष्योपेता । व्याख्यालंकार : पं. इश्वरचंद्र कन्हैयालाल जोशी । प्रकाश : पीरमल पब्लिकेशन, दिल्ली । संस्करण : प्रथम आवृत्ति । इ.स. २००२

૧૭. वेदानां सामवेदोऽस्मि देवानामस्मिवासवः
इन्द्रियाणां मनश्चास्मि भूतानामस्मि चेतना ॥ १०.२२, पृ. ६९८
શ્રીમદ્ ભગવદ્ ગીતા : સાધક સંજીવની, ગુજરાતી ટીકા, સંપાદક : સ્વામી રામસુખદાસ, અનુવાદ : મગનભાઈ જે. પટેલ અને અન્ય, પ્રકાશન : ગીતા પ્રેસ, ગોરખપુર, આવૃત્તિ : ૨૦-મી વિ.સં. ૨૦૬૭

૧૮. तार्यत्रिकंनृत्यगीतवाद्यं नाट्यमिदं त्रयम् । अमरकोशः अमरसिंह १.७.१०, પાન-૪૭, સંપાદક : હર્ષવદન ત્રિવેદી, પ્રકાશક : પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, આવૃત્તિ : દ્વિતીય, ઈ.સ. ૨૦૧૬

૧૯. નાટ્યશાસ્ત્ર : ભરતમુનિ

૨૦. Dashrupak : Dhananjay, Edited by : F.E. Hall, Revised by K. L. Joshi, Pub. by : Parimal Publication, Delhi, Edition : year 2009, Pg. 217-218

૨૧. भावप्रकाश :

૨૨. तद् यावद् गृहं गत्वा गृहिणीमाहूय सङ्गीतकमनुतिष्ठामि । એજન, રત્નાવલી, અંક-૧, પાન નં. ૬૭

૨૩. यौगन्धरायणः (आकर्ण्य), अये, मधुरमिहन्यमान मृदुमृदङ्गानुगतसङ्गीत मधुरः पुरः पौराणां समुच्चरति चर्चरी ध्वनिस्तथा तर्कयामि यदेन यदेनं मदनमहमहीपांसं पुरजन । એજન, રત્નાવલી, અંક-૧, પાન નં. ૭૦

२४. अमरकोशः अमरसिंह ----, પાન. --- સંપાદક : હર્ષવદન ત્રિવેદી, પ્રકાશક : પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, આવૃત્તિ : દ્વિતીય, ઈ.સ. ૨૦૧૬

२५. यथा सुमेरु प्रवरो नगानां यथाण्डजानां गरुडः प्रधानः ।
यथा नराणां प्रवरः क्षितीशस्तथा कलानामिह चित्रकल्पः ॥ वि.धू.पू. : ३/८४/३९

२६. निपुणिका – सखि, दृष्टा मया ते प्रियसखी सागरिका गृहितसमुद्र कचित्रफलकवर्तिका समुद्विमेव कदलीगृहं प्रविशन्ती । એજન, રત્નાવલી, અંક-૨, પાન નં. ૮૬

२७. सुसङ्गताः सखि, क एष त्वयात्र चित्रफलक आलिखितः ।
सागरिकाः (सलज्जम्) सखि, एवृत्तमदनमहोत्सवो भगवाननङ्ग ।
सुसङ्गताः (सस्मितम्) अहो ते निपुणत्वम् । किं पुनः शून्यमिवैत
चित्रं प्रतिभाति तेदहमप्यालिख्य रतिसनाथं करिष्ये ।
सागरिका (विलोक्यसासूयम्) सुसङ्गते, कस्मात्वयात्राहमालिखिता ।
सुङ्गता-(विहस्य) सखि, किमकारणकृष्यसि । यादुशस्त्वया कामदेव
आलिखितस्ताद्रुशी मया रतिरालिखिता । तदन्पथासम्भांविनी,
किं तवैतेनालिपितेन । कथय सर्व वृत्तान्तम् ।
એજન, રત્નાવલી, અંક-૨, પાન નં. ૮૮

२८. काञ्चनमाला (फलकं गृहीत्वा निरुप्यापवार्य) भर्त्रि प्रेक्षस्व तावत् किमत्र चित्रफलक आलिखितम्... विदूषकः भवति, सत्यं सत्यम् । शपे ब्रह्मसूत्रेण यदि कदाप्यस्माभिरीदुशी द्रष्टपूर्वा... । એજન, રત્નાવલી, અંક-૨, પાન નં. ૧૧૦

२९. भरतमुनि : नाट्यशास्त्र

30. नहीः (निःश्वस्य सोद्वेगम् । आर्यपुत्र, निश्चिन्त इदानीमसि त्वम् ।
तत्किमिति न नृत्यसि ।
मम मन्द भाग्यायाः पुनरेकैव दुहिता । सापि त्वया कस्मिंश्चिद्देशान्तरे दत्ता । कथमेवं दूरदेशस्थितेन जामात्र सहास्याः पाणिग्रहणं भविष्यतीत्पनया चिन्तयात्मापि न मे प्रतिभाति । किं पुनर्नर्वितव्यम् ।
એજન, રત્નાવલી, અંક-૧, પાન નં. ૬૮

३१. विदूषकः (विलोक्य) भो वयस्य, प्रेक्षस्व प्रेक्षस्य । एषा खलु मदनिका मदनविसंष्दुलं वसन्ताभिनयं नृत्यन्ती भूतलतिकया सहेत एवाच्छति । એજન, રત્નાવલી, અંક-૧, પાન નં. ૭૪

३२. राजाः (निर्वण्य सविस्यम्) अहो निर्भरः कीहारसः परिजनस्य । तथारिस्तः स्त्रग्दामशोभां त्यजति, विरचितामकुलः केशपाशः ।
श्रीबाया नूपूरौ च द्विगुणतरमिमौ क्रन्दतः पादलग्नौ ।
व्यस्तः कम्पानुबन्धादनवतमुरो हन्ति हारोऽयमस्याः
क्रीडन्त्याः पीऽयेव स्तनभरविनमन्मध्यमङ्गनपेक्षम् ॥
એજન, રત્નાવલી, અંક-૧.૫, પાન નં. ૭૪

३३. विदूषकः यद्‌भवानाज्ञापयति । (उत्थाय चेहयोर्मध्य नृत्वन्)
भवति मदनिके, भवति सूतलतिके, मामप्येतच्चर्चरिकं शिक्षयनम् ।
એજન, રત્નાવલી, અંક-૧, પાન નં. ૭૪

३४. એજન, ભગવદ્ ગો મંડળ, ભાગ-૩, પૃ. ૮૯૮૮

३५. आक्षिप्तथोजय कुञ्जरेणतुरगान्निर्वर्णन्वल्लभा
न्संगीतध्वानिना हयतः क्षितिभृतां गोष्ठीषु तिष्ठन्क्षणम् ।
सद्यो विस्मृतसिंहलेन्द्रविभवः कक्षाप्रदेशेऽप्यहो
द्वाःस्थेनैव कुतूहलेन महत्ता ग्राम्योयथाऽहंकृतः ॥ એજન, રત્નાવલી, અંક-૪.૧૨, પાન નં. ૧૪૪

# રખિયાલના નીલકંઠ મહાદેવ મંદિરની ભીંત પરનો લેખ

◆

**રસીલા કડિયા**

અમદાવાદના રખિયાલ વિસ્તારમાં આવેલ નીલકંઠ મહાદેવના મંદિરની ભીંતે લગાડેલ સં. ૧૬૪૧નો લેખ મને આદરણીય શ્રી સિદ્ધાર્થભાઈ માણકીવાળાએ ઉકેલવા આપ્યો હતો. વૉટ્સએપ પર ફોટો પાડીને મોકલ્યો છે. લાલ કંકુ લગાડીને ફોટો લીધો છે તેથી મોટા ભાગનું લખાણ ઊકલી શકાયું છે પણ કેટલેક સ્થળે અક્ષર સ્પષ્ટતયા ઊકલી શકાય તેમ નથી તેથી લખાણ અસ્પષ્ટ રહે છે છતાં એને ઉકેલવાની પૂરેપૂરી કોશિશ કરી છે તો પણ કેટલાક શબ્દો અવાચ્ય રહ્યા છે.

પ્રસ્તુત લેખ આરસ પથ્થર પર કોતર્યો હોય તેમ ફોટા પરથી જણાય છે. લખાણ કુલ ૧૫ પંક્તિઓમાં છે જેમાં છેલ્લી પંક્તિ (આપણી સામે લેખ હોય તો) જમણી બાજુ બધા લખાણ પર આવે એવી રીતે આડું મૂક્યું છે. જોકે લખાણ સ્પષ્ટ છે. એકમેકને કાપતું નથી.

સંવત ૧૬૪૧માં એટલે કે ઈ.સ. ૧૫૮૫માં બાદશાહ અકબરનું ગુજરાત શાસન હતું અને રાજા ટોડરમલે તેના સમયમાં મહેસૂલ પદ્ધતિ નક્કી કરી હતી અને શરૂઆતના સમયમાં તેઓ વજીરના હોદ્દા પર હતા. એ ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ ગ્રંથ ૬ની માહિતીમાં મળતાં નામો આપણને અહીં આ લેખમાં પણ જોવા મળે છે.

લેખની મુખ્ય વિગત નીલકંઠ મહાદેવના મંદિર પર કલશ ચડાવવાની છે. આ કાર્યનો લાભ લેનાર માલી રામી આણંદનો પરિવાર છે. સાસરી તથા પિયર-એમ બન્ને બાજુની વ્યક્તિઓ આ કાર્યમાં સામેલ થઈ છે તથા આવા શુભ પ્રસંગે આ અંગત સગાંસંબંધી ઉપરાંત સમસ્ત પટેલ તથા તલાટી અને ગામલોકો ઉપસ્થિત રહ્યા છે. આ પરિવારે જ આ પ્રાસાદ બંધાવેલો છે એની વિગત પણ પંક્તિ ૧૦ અને ૧૧માં જણાવવામાં આવી છે.

પ્રસ્તુત પ્રસંગ સંવત ૧૬૪૧માં માઘ સુદ ૧૨ના સોમવારે ઘટેલો છે. લેખ લખનારનું નામ છે - સારિંગધર. સુથારીકામ કરનાર રાજપુરી કુઠિની પોળના નિવાસી છે. બાજુમાં આપેલું લખાણ પૂરું ઉકેલાતું નથી છતાં જે પ્રયત્ન થયો છે તેને આધારે આ નિમિત્તે તેમાં યજ્ઞ થયો હોવાની વાત પર છે.

આજે ૪૦૦ વર્ષથી વધુ સમય થયો છે આ મંદિરનો છતાં તે હજુ પણ મોજૂદ છે. આ લેખ એની ઐતિહાસિક વિગતોને સ્પષ્ટ કરે છે તે તેની ફલશ્રુતિ.

(**અગત્યની સૂચના :** પ્રસ્તુત લેખના વાચકોને જણાવવાનું કે આ મંદિર વિશેની વિશેષ વિગતો જો આપ જાણતા તો અવશ્ય આ માસિકના તંત્રીને અથવા શ્રી સિદ્ધાર્થભાઈ માણકીવાળાનો સંપર્ક કરીને જણાવે તો અમદાવાદના હેરિટેજ સમા આ મંદિર વિશે વિશેષ પ્રકાશ પામી શકાય. સિદ્ધાર્થભાઈનો મોબાઈલ નંબર ૯૧-૯૮૨૫૫ ૭૭૯૬૬ છે)

## રખિયાલના નીલકંઠ મહાદેવનો લેખ મૂળપાઠ

૧. ॥ श्री गणेशाय नमः ॥

॥ श्री नीलकंठनुं प्रसाद रखीआलि माहि ॥

गुजरातना माहिपति –

२. शाहा श्री श्री श्री श्री श्री श्री श्री अकबर शाहा मालन राजः वजीर राजा टोड-

३. रमल कादीग जफर तथा काशि-कादी हहीलुखान --- तथा राज मुबुहीमुलो रा

४. य मलजी तथा सारणजी तथा मांडणजी जण ३ समस्त पटल तलाटी गामलोकं सा -

५. निधि माली रामी आणंदनुं परिवार तेनी भार्यो(र्या) बाई अपालू पुत्र समस्त राषी

६. सीया रामी ना कूर । पीरमा रामी भांणा रामी लहूआ. रामी थाई आ रामी.

७. तेजपाल अे समस्तनि-----रषी (खी) आलि वास्तव्यं रामी लहूआनी भार्या बा —

८. ई लीलादे रामीमांका तथा रामी बना लहूआअे जणरबाई लीलादे सुत बना -

९. माहादेव नीलकंठ - प्रसाद पोजि थी दोकडा खरची नीलकंठ प्रसाद उपरि कल -

१०. स चडाव्युः पीहरनू नाम राज हिवपुरु वास्तव्यं माली रामी थावरसुत मांकानी बे-

११. टी बाई सोनाई माता बाई साणी रामी बना प्रसाद करावु श्रीरसु देहरान् कमावि---

१२. धी ते पटल देवसीसुत नाकरः । संवत १६४१ वर्षे माघ शुदि १२ सोमेः । सारिंगपुरुवा-

१३. स्तव्यं त्रवाडी मेवाहा पाठिक ताब्रूआ गोता सुत सारिंगधर लाखितः । सूत्रधार भमती

१४. कृष्णा राजपुरी कुठिनी पोलि माहि धवः । श्री त्रमा श्री विष्णु श्री र...सूर्यः । चंद्र माते पिता लाल गणः।

१५. બાજુમાં આપેલું લખાણ છે.

रामाथाई — ष यज्ञ बीठाजो पितपुरे ॥

# શામળાજીનું સંગ્રહાલય+

◆

ડૉ. કનૈયાલાલ રમણલાલ નાયક*

શામળાજી સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકામાં આવેલું છે. તે તીર્થધામ તરીકે વિખ્યાત છે. આ વિસ્તાર અરવલ્લીની ગિરિમાળા અને ખીણની વચ્ચે આવેલ છે. તે અમદાવાદથી ૧૨૫ કિ.મી. દૂર આવેલું છે. આ પવિત્ર તીર્થધામ રાજસ્થાનની સરહદ નજીક મેવાડને અડીને આવેલ ડુંગરપુર, ઉદેપુર વગેરેનાં પ્રાચીન ઐતિહાસિક સ્થળો સાથે પણ જોડાયેલું છે. આ સ્થળ પ્રાચીન મંદિરોને કારણે પણ પ્રખ્યાત છે. શામળાજીથી ૨ કિ.મી. દૂર દેવની મોરી, બૌદ્ધ સ્થાનક શિલ્પ મળ્યાં છે. શામળાજીમાં ઈંટેરી સ્થાપત્ય ૯ મી સદીનું કાશી વિશ્વનાથનું મંદિર એવા અનેક સ્થાપત્યો છે.

શામળાજી સંગ્રહાલય મેશ્વો નદીના કિનારે આવેલું છે. તે શામળાજીના મુખ્ય મંદિરની બાજુમાં આવેલું છે. આ સંગ્રહાલય એક માળનું છે. સંગ્રહાલયમાં ચાર ગેલેરીઓમાં સાબરકાંઠા અને બનાસકાંઠા જિલ્લામાં મળી આવેલ પ્રાચીન નમૂનાઓ છે. આ સંગ્રહાલયમાં શામળાજી તથા દેવનીમોરી, ખેડબ્રહ્માના પોશીના, બાયડ તથા પાટણ, ખેડચાંદરણી, તથા બનાસકાંઠા, મહેસાણા આમ અલગ અલગ જિલ્લાના પ્રાચીન નમૂનાઓનો સમાવેશ થાય છે.

આ સંગ્રહાલયને કુલ ચાર વિભાગોમાં વહેંચવામાં આવેલ છે. જે નીચે પ્રમાણે છે : (૧) નૃવંશશાસ્ત્ર વિભાગ (૨) હિન્દુ કલા વિભાગ (૩) જૈન તીર્થ વિભાગ (૪) દેવનીમોરી વિભાગ

આ ઉપરાંત સાબરકાંઠાના વિસ્તારમાંથી મળી આવેલ પાષાણ અને માટીનાં ઓજારો તથા ઠીકરાનો સમાવેશ થાય છે. જેનો પરિચય આ પ્રમાણે છે : પાષાણયુગનાં ઓજારોમાં (૧) અશ્મછરા (૨) કલીવર (૩) રંદા પતરી વગેરે ઓજારો શો-કેશમાં દર્શાવેલ છે.

– અશ્મછરાના પ્રકાર : બાહ્ય આકારના અંડાકાર, બાહ્ય આકાર તથા અંડાકાર, નાસપતિ આકાર, અણીદાર પેટા ત્રિકોણાકાર, ઘરના અગ્રભાગ જેવા પ્રકારો છે.

– કલીવર : મોટી પતરી પર, નાની પતરી પર

– રંદા : ગોળાકાર કોર, અંડાકાર કોર, અશ્મ ઓજારો, ગદાનો અગ્રભાગ, અશ્મછરા વગેરે દર્શાવેલ છે.

**માટીનાં પાત્રો**

– સાદાં ખાણ પાત્રો : કોડિયાં, ઘડા, નાડ, કપ-રકાબી, કોઠી, ગડિયાં, કુલડિયો, ઢાંકણાં, ધૂપિયાં વગેરે માટીનાં પાત્રોનો સમાવેશ થાય છે.

– ચિત્રિત લાલ રંગનાં પાત્રો : લાલ પાત્રો પર કાળા રંગનું ચિતરામણ, લાલ વાસણ પર વિવિધ રંગનાં ચિતરામણનાં ચિત્રો દર્શાવેલ છે.

– ઉપસેલી છાપવાળાં પાત્રો : ઉપસેલી છાપવાળા તેમજ કાપાથી ભાત ઉપસાવી હોય તેવાં પાત્રોમાં સુશોભન વાસણોની ફરતે મધ્ય ભાગમાં જોવા મળે છે.

---

* મ. દે. ગ્રામસેવા મહાવિદ્યાલય, ઇતિહાસ અને સંસ્કૃતિ વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ સાદરા.

+ મ. દે. ગ્રામસેવા મહાવિદ્યાલય, સાદરાના ઇતિહાસ અને સંસ્કૃતિ વિભાગ દ્વારા આયોજિત રાજ્યકક્ષાના પરિસંવાદમાં રજૂ કરેલ સંશોધન પેપર (તા. ૨૯, ૩૦, ૩૧ માર્ચ, ૧૯૯૯)

– ચળકતા કાળા રંગનાં પાત્રો : આ પાત્રોમાં કૂંડાં, કોઠી જેવાં પાત્રો દર્શાવેલ છે.

– અબરખવાળાં પાત્રો : લાલ રંગના અબરખવાળાં પાત્રોનાં કૂંડાં મળી આવ્યાં છે. પ્રમાણમાં ઓછા નમૂનાઓ દર્શાવેલ છે.

– પકવેલ માટીના નમૂનાઓ : અનાજ ભરવાના ઘડાઓ, સપાટ ગોળ ચકતી મણકા વગેરે પકવેલી માટીના નમૂના દર્શાવેલ છે.

### (૧) નૃવંશશાસ્ત્ર વિભાગ

આ વિભાગમાં સાબરકાંઠા જિલ્લાના પોશીના પટ્ટાના આદિવાસી લોકોનાં પરંપરાગત ઘરેણાંઓના નમૂનાઓ છે. આદિવાસી સ્ત્રી-પુરુષોના ચાંદીના, લાખના, મોતીના, ખેતીકામના નમૂના છે. જેમાં હાથ, પગ, કમર, ડોક, માથામાં પહેરવાનાં ઘરેણાંના નમૂનાઓ જોઈ શકાય છે. આ નમૂનાઓમાં બલૈયા, ચૂડી, લૉકિટ જેવાં સ્ત્રીના હાથનાં ઘરેણાં, કડા-પુરુષોના પગમાં પહેરવાના ઘરેણાં, ખમીશના બટન, પુરુષો માટેનું ઘરેણું, માથાનાં આભૂષણો, બોરિયું-ગુલિયા સાથે, ગળાનું આભૂષણ, હાથનું ઘરેણું, હાથનું અને પગનું ઘરેણું, આમ નૃવંશશાસ્ત્ર વિભાગમાં આદિવાસી જાતિના લોકો જે ઘરેણાંનો ઉપયોગ કરે છે તે દર્શાવેલ છે. કેટલાંક વાદ્યો તથા સાધનો પણ પ્રદર્શિત કરેલ છે. જોડિયા પાવા, કૂંડી, આરગી, લેજીમ, તીરકામઠાં, માટીના ઘોડા, અનાજ દળવાની ઘંટીઓ વગેરે પ્રદર્શિત કરેલ છે.

### (૨) હિન્દુ કલા વિભાગ

આ વિભાગમાં હિન્દુ કલાના નમૂનાઓનો સમાવેશ કરવામાં આવેલ છે. આ વિભાગમાં સાબરકાંઠા અને બનાસકાંઠાના પ્રાચીન હિન્દુ કલાના બે નમૂના મળી આવ્યા છે. તે નમૂના નીચે પ્રમાણે છે :

(૧) શેષશાયી વિષ્ણુ : આ પ્રતિમા પારેવા પથ્થરની છે. તે પ્રતિમા ૭મી સદીની છે. સાબરકાંઠા જિલ્લાના ખાપા ગામમાંથી મળેલ છે.

(૨) વિષ્ણુની પ્રતિમા : આ પ્રતિમા પારેવા પથ્થરની છે. આ પ્રતિમા ૧૨ અને ૧૩મી સદીની છે. જે શામળાજીમાંથી મળેલ છે.

(૩) વિષ્ણુ : પારેવા પથ્થરની છે. તે પાંચમી સદીની છે. તે શામળાજીમાંથી મળેલ છે.

(૪) કુબેર : આ પ્રતિમા રેતિયા પથ્થરની છે. આ પ્રતિમા ૮મી સદીની છે. તે શામળાજીમાંથી મળેલ છે.

(૫) દીપકલા : આ રેતિયા પથ્થરની પ્રતિમા છે. તે ૧૨મી સદીની છે. જે શામળાજીમાંથી મળેલ છે.

(૬) યક્ષ : આ પારેવા પથ્થરની પ્રતિમા છે. તે ચોથી સદીની છે. જે શામળાજીમાંથી મળેલ છે.

(૭) કાર્તિકેય : આ પારેવા પથ્થરની પ્રતિમા છે. તે ચોથી સદીની છે. જે શામળાજીમાંથી મળેલ છે.

(૮) કુમારસ્કંદ : આ પ્રતિમાની પ્રતિકૃતિ છે. તે ચોથી સદીની છે. જે શામળાજીમાંથી મળેલ છે.

(૯) પંચાગ્નિ તપ કરતી પાર્વતી : આ પારેવા પથ્થરની પ્રતિમા છે. જે ૭મી સદીની છે. જે શામળાજીમાંથી મળેલ છે.

(૧૦) સપ્તમાતૃકાપટ : આ પ્રતિમાઓ પારેવા પથ્થરની છે. તેમાં બ્રહ્માણી, મહેશ્વરી, પાર્વતી, ચામુંડા વગેરે દેવીઓની સંયુક્ત પ્રતિમા છે. તે બારમી સદીની છે. જે શામળાજીમાંથી મળેલ છે.

(૧૧) ઉમા-મહેશ : આ પ્રતિમા આરસની છે. આ પ્રતિમા ૧૫મી સદીની છે. જે શામળાજીમાંથી મળેલ છે.

(૧૨) પાર્વતી : આ રેતિયા પથ્થરની પ્રતિમા છે. તે ૧૬મી સદીની છે. તે શામળાજીમાંથી મળેલ છે.

(૧૩) મહિષાસુરમર્દિની : આ પારેવા પથ્થરની પ્રતિમા છે. તે છઠ્ઠી સદીની છે. જે શામળાજીમાંથી મળેલ છે.

(૧૪) શિવની પ્રતિમા : આ રેતિયા પથ્થરની પ્રતિમા છે. તે સાતમી સદીની છે. જે શામળાજીમાંથી મળેલ છે.

(૧૫) શિવલિંગ : આ પારેવા પથ્થરની પ્રતિમા છે. તે પાંચમી સદીની છે. જે શામળાજીમાંથી મળેલ છે.

## (૩) જૈન તીર્થ વિભાગ

આ વિભાગમાં જૈન તીર્થંકરોની મૂર્તિઓના વિવિધ નમૂનાઓ ગોઠવેલ છે. જેનું શો-કેશ પ્રમાણેનું વર્ણન કરેલ છે.

જૈન તીર્થંકર શાંતિનાથ ૧૭મી સદી, પાર્શ્વનાથ ૧૫ મી સદી, આ મૂર્તિઓ બનાસકાંઠા જિલ્લાના સાદુપુર ગામમાંથી મળી આવેલ છે.

(૧) શાંતિનાથની પ્રતિમા : જે આરસની છે. તે બારમી સદીની છે. વડાલી સાબરકાંઠામાંથી મળી આવેલ છે.

(૨) કુંથુનાથની પ્રતિમા : જે આરસની છે. તે બારમી સદીની છે. વડાલી સાબરકાંઠામાંથી મળી આવેલ છે.

(૩) જૈન પીઠિકા : જે આરસની છે. તે બારમી સદીની છે. વડાલી સાબરકાંઠામાંથી મળી આવેલ છે.

(૪) ચંદ્રપ્રભુની પ્રતિમા : જે આરસની છે. તે બારમી સદીની છે. વડાલી સાબરકાંઠામાંથી મળી આવેલ છે.

(૫) રાજવીની પ્રતિમા : જે આરસની છે. તે બારમી સદીની છે. વડાલી સાબરકાંઠામાંથી મળી આવેલ છે.

(૬) વાસુપૂજ્યસ્વામીની પ્રતિમા : જે આરસની છે. તે બારમી સદીની છે. વડાલી સાબરકાંઠામાંથી મળી આવેલ છે.

(૭) કાયોત્સર્ગ શ્રીત્વસ લેખ પ્રતિમા : ઋષભદેવની છે. જે આરસની છે. તે બારમી સદીની છે. વડાલી સાબરકાંઠામાંથી મળી આવેલ છે.

(૮) જૈન પીઠિકા : તે બારમી સદીની છે. વડાલી સાબરકાંઠામાંથી મળી આવેલ છે.

(૯) જૈન તીર્થંકર પ્રતિમા : જે આરસની છે. તે ચૌદમી સદીની છે. વડાલી સાબરકાંઠામાંથી મળી આવેલ છે.

(૧૦) પરિકર : જે આરસની છે. તે બારમી સદીની છે. ખેડ ચાંદરણી, જિં. સાબરકાંઠામાંથી મળેલ છે.

(૧૧) મહાવીરની પ્રતિમા : જે આરસની છે. હડાદા જિ. બનાસકાંઠામાંથી મળેલ છે.

(૧૨) જૈન તીર્થંકરની પ્રતિમા : જે આરસની છે. વેલવાડા જિ. બનાસકાંઠામાંથી મળેલ છે.

(૧૩) ઋષભદેવ : આદિનાથની પ્રતિમા જે આરસની છે. હડાદા સાબરકાંઠામાંથી મળી આવેલ છે.

## (૪) દેવનીમોરી

આ વિભાગમાં દેવનીમોરીમાં ઉત્ખનનમાંથી પ્રાપ્ત નમૂનાઓનો સમાવેશ કરવામાં આવેલ છે. આ વિભાગમાંના પ્રાચીન નમૂનાઓ જે શામળાજીથી બે કિ.મી. દૂરના સ્થળ દેવની મોરીએથી મળી આવેલ છે. તેમાં દેવનીમોરીને લાગતાં ચિત્રો કે મૉડલો પણ દર્શાવવામાં આવ્યાં છે, જે આ પ્રમાણે છે :

(૧) બૌદ્ધ : ધ્યાની મુદ્રામાં પકવેલી માટીની પ્રતિકૃતિ અસલ પ્રતિમાની મોટી મૂર્તિ વડોદરાના મ્યુઝિયમમાં આવેલી છે. તે ચોથી સદીની છે. તે દેવીનીમોરીમાંથી મળી આવેલ છે.

(૨) દાબડા નંબર - ૨ મહાસ્તૂપમાંથી પ્રાપ્ત જેમાંથી બુદ્ધના અવશેષોના નમૂનાઓ મળી આવ્યા છે. આ દાબડા પર બ્રાહ્મી લિપિમાં લેખાંકિત છે. તે ચોથી સદીના છે. તે દેવનીમોરી જિ.સાબરકાંઠામાંથી મળી આવેલ છે.

(૩) બુદ્ધ દયાની મુદ્રામાં - આ પ્રતિકૃતિ પકવેલી માટીની છે. તે ચોથી સદીની છે. તે દેવનીમોરી જિ.સાબરકાંઠામાંથી મળી આવેલ છે.

દેવનીમોરીના ખોદકામમાંથી સોનું, ચાંદી, તાંબું, સીસું, જસત, લોખંડ જેવી ધાતુઓની વસ્તુઓ પ્રાપ્ત થઈ છે. ચાંદી, તાંબું ખાસ કરીને સિક્કામાં પ્રાપ્ત થયા છે. જસત અને સીસુંના નમૂના વિહારમાંથી મળી આવેલ છે. સોનાના નમૂનામાં ત્રિકોણાકાર ત્રિરતી પ્રતીકવાળા નમૂનાઓનો સમાવેશ થાય છે.

આમ, આ સંગ્રહાલયના ચાર વિભાગોમાં સાબરકાંઠા, બનાસકાંઠા, મહેસાણામાંથી પ્રાપ્ત પ્રતિમાઓ, મૂર્તિઓ, પણ ઐતિહાસિક સ્થળો, માટીનાં ઠીકરાં, તેમજ આ વિસ્તારના આદિવાસીઓનો પરિચય મળી રહે છે. તે માટેના ફોટોગ્રાફ્સ, ઘરેણાં વગેરે દર્શાવીને આ વિસ્તારની પ્રાચીન માનવસંસ્કૃતિની આછી ઝલક આપવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

આ સંગ્રહાલય કલા ઐતિહાસિક મહત્તાની દૃષ્ટિએ કેટલાક અતિમૂલ્યવાન નમૂના, પથ્થરનાં શિલ્પો, પાષાણયુગના નમૂનાઓ, પ્રાચીન માટીના નમૂનાઓનો સંગ્રહ ધરાવે છે. શિકારના સાધનો અને લોકવાદ્યોનો પણ સંગ્રહ કરવામાં આવ્યો છે. પરંપરાગત આભૂષણો, ધાતુના જૈન તથા હિન્દુ કલાના નમૂનાઓનો સમાવેશ થાય છે. આ સિવાય પાષાણયુગનાં ઓજારો આદિજાતિને લગતા નમૂનાને ખંડિત મૃતપાત્રો, માટીના નમૂના, પ્રદર્શિત કરવામાં આવેલ છે.

શામળાજી સંગ્રહાલય એ ગુજરાત રાજયના સાબરકાંઠા જિલ્લાના શામળાજી મુકામે આવેલ રાજ્ય સરકાર દ્વારા પ્રસ્થાપિત સંગ્રહાલય છે. સંગ્રહાલયના કુલ ચાર વિભાગો છે. નૃવંશશાસ્ત્ર વિભાગ દ્વારા આ સંગ્રહાલયના વિસ્તારના આદિવાસી જીવન પર સારો એવો પ્રકાશ પાડે છે. હિન્દુ કલા વિભાગમાં સાબરકાંઠા અને બનાસકાંઠામાંથી મળી આવેલ વિવિધ સ્થાપત્યકીય નમૂના, મૂર્તિઓ, પ્રતિમાઓ દર્શાવેલી છે. દેવનીમોરીના વિભાગ દ્વારા અહીંયાં નજીકમાંથી ઉત્ખનન દેવનીમોરીના સ્તૂપ વિશે ફોટોગ્રાફ્સ દ્વારા તેમજ કેટલાક નમૂનાઓ દ્વારા મહત્ત્વની માહિતી આપવામાં આવેલ છે.

સમગ્ર રીતે શામળાજી સંગ્રહાલય એ સાબરકાંઠા અને બનાસકાંઠા વિસ્તારની પુરાવસ્તુકીય અને ઐતિહાસિક, સામાજિક અને સંસ્કૃતિની માહિતી આપતું શિક્ષાકેન્દ્ર બની રહ્યું છે તે ગૌરવની બાબત છે.

### સંદર્ભ

૧. પ્ર. પ્રવીણચંદ્ર પરીખ અને સં. હરીપ્રશાદ શાસ્ત્રી - ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ (પ્રથમ આવૃત્તિ), ૧૯૮૭ ભો.જે. અધ્યયન સંશોધન, વિદ્યાભવન, આશ્રમ માર્ગ, અમદાવાદ - ૩૮૦૦૦૯

૨. રૂબરૂ મુલાકાત

# શ્રીમદ્ ભગવદ્ગીતામાં આજના સંદર્ભે કૃષ્ણનો સંદેશ

◆

ડૉ. રાકેશ એન. જોષી*

શ્રીમદ્ ભગવદ્ગીતા પવિત્ર, લોકપ્રિય અને શ્રદ્ધાનો ગ્રંથ છે. તેમાં જીવનનું તત્ત્વજ્ઞાન વર્ણવેલું છે. દરેક ભાષામાં તેના અનુવાદ થયા છે. તેવો આ મહાન ગ્રંથ છે. ગીતા મહાભારતનો અંશ છે. સ્વધર્મનો બોધ કરાવવા અર્જુનને શ્રીકૃષ્ણે ઉપદેશ આપેલો છે. તેથી શ્રીમદ્ ભગવદ્ગીતા તરીકે ઓળખાય છે. श्रीमता भगवता गीता શ્રીમદ્ ભગવદ્ગીતા અર્થાત્ ભગવાન કૃષ્ણ વડે ગાવામાં આવેલી. અધ્યાયના અંતે પ્રયોજાતો ब्रह्मविद्यायां योगशास्त्रे શબ્દપ્રયોગ પણ અર્થગ્રાહ્ય છે. કારણ કે જીવનનું લક્ષ્ય છે બ્રહ્મવિદ્યાની પ્રાપ્તિ. ગીતાની શૈલી સરળ અને પ્રાસાદિક છે. પ્રસ્થાનત્રયીમાં ગીતાનું સ્થાન છે. ગીતાના અધ્યાય ૧૮ છે અને અઢાર દિવસ યુદ્ધ ચાલ્યું છે. ગીતાનો સાચો ઉપદેશ તો બીજા અધ્યાયના ૧૧મા શ્લોકમાં શરૂ થાય છે.

ગીતાના પ્રથમ અધ્યાયના પ્રથમ શ્લોકમાં-

**धर्मक्षेत्रे कुरुक्षेत्रे समवेता युयुत्सवः ।**
**मामकाः पाण्डवाश्चैव किमकुर्वत संजयः ॥** (१.१)

હે સંજય, ધર્મભૂમિ-કુરુક્ષેત્રમાં એકઠા મળેલા, યુદ્ધની ઇચ્છાવાળા મારા અને પાંડુના પુત્રોએ શું કર્યું ?

**સંદેશ-૧**

મારી દૃષ્ટિએ અહીં એવો અર્થ કરી શકાય કે કુરક્ષેત્ર એટલે કળિયુગના માનવોને કૃષ્ણ પૂછે છે કે આ લોકોએ ધર્મક્ષેત્રે શું કર્યું છે તેનો જવાબ આપવા તૈયાર રહેજો. અને જો मामकाः ની વૃત્તિ રાખી હશે તો આપણને હેરાન કરશે. તે માયા તમને રડાવશે. સત્યનું દર્શન નહીં થવા દે. અંધ બનાવશે. તેનું બરાબર ધ્યાન રાખજો.

**कथं भीष्म महं संख्ये द्रोणं च मधुसूदनः ।**
**इषुभिः प्रतियोत्स्यामि पूजार्हा वरिसुदन ॥** (२.४)

અર્જુન બોલ્યો : હે મધુસૂદન ! હે અરિસૂદન ! ભીષ્મ અને દ્રોણાચાર્ય સામે યુદ્ધમાં બાણોથી હું કેમ લડું ? કેમ કે તેઓ બંને પૂજ્ય છે.

**સંદેશ - ૨**

આ શ્લોક પરથી કહેવાય છે સત્ય માટે આપણી સામે ગમે તે હોય પણ યુદ્ધ કરવું તે આપણો ધર્મ છે. સાચું ન બોલનાર અધર્મને અપનાવે છે તેમ કહી શકાય.

**प्रसादे सर्वदुःखानां हानिरस्योपजायते ।**
**प्रसन्नचेतसो ह्याशु बुद्धिः पर्यवतिष्ठते ॥** (२.३६)

પ્રસન્નતામાં મનુષ્યનાં સર્વદુઃખોનો નાશ થાય છે કારણ કે પ્રસન્ન ચિત્તવાળાની બુદ્ધિ ઝડપથી સ્થિર થાય છે.

**સંદેશ-૩**

આ જગતમાં ઘણા લોકો પ્રસન્ન રહેતા જ નથી. તેમની પાછળ પડેલી તૃષ્ણા તેમને છોડતી નથી. પણ

* આર્ટ્સ એન્ડ કૉમર્સ કોલેજ - હિંમતનગર

માણસ પોતાની જાતને પોતાની મહેનત સાથે તુલના કરે તો તે પ્રસન્ન રહી શકે છે અને પ્રસન્ન માણસ દુઃખી થતો નથી અને દુઃખ વિનાનો પોતાના જીવનના નિર્ણયો હંમેશા શ્રેષ્ઠ જ લે છે.

**या निशा सर्वभूतानां तस्यां जागर्ति संयमी ।**
**यस्यां जाग्रति भूतानि सा निशा पश्यतो मुनेः ॥** (૨.૬૯.)

જે બધાં પ્રાણીઓની રાત્રિ છે તેમાં સંયમી જાગે છે અને જેમાં બધાં પ્રાણીઓ (ભોગ-ભોગવવામાં) જાગે છે તે જ્ઞાનીયોની રાત્રિ છે.

**સંદેશ-૪**

દુનિયામાં લોકો જ્યારે યુવાનીમાં મસ્ત હોય છે. ત્યારે તે આ અવતારમાં શું કરવા માટે આવ્યા છે તેની ખબર હોતી નથી કે તે માટે ચિંતન પણ નથી માટે જે થવાનું હશે તે થશે તેમ માની કાર્યો કર્યા જ કરે છે. તે તેમની રાત્રિ છે. આવા સમયે યોગીઓ એક પણ ક્ષણ બગાડ્યા વિના પરમાત્માની ભક્તિમાં જ લાગી જાય છે અને તે બાળપણથી જાગતા હોવાથી જ્યારે જગતના લોકો મોટી ઉંમરે પરમાત્માને શોધવા જાય છે ત્યારે જ્ઞાનીઓ પોતાનું કાર્ય પૂર્ણ કરીને રાત્રે સૂઈ ગયા હોય છે. એટલે કે વેદાંત સાર પ્રમાણે પ્રજાપતિનો ચાકડો ઘડો બની ગયા પછી પણ જેમ ફરે છે તેમ તેમને માત્ર પ્રારબ્ધ કર્મ ભોગવવા જ જીવવું પડે છે. બાકી તો તેમણે આ સંસારમાં આવવાનું પ્રયોજન પૂર્ણ કરી દીધું હોય છે.

**प्रकृतेः क्रियमाणानि गुणैः कर्माणि सर्वशः ।**
**अहंकारविमूढात्मा कर्ताहमिति मन्यते ॥** (૩.૨૭.)

સર્વ કર્મો પ્રકૃતિના ગુણો વડે કરાય છે. અહંકારથી મૂઢ થયેલા ચિત્તવાળો હું કર્તા છું એમ માને છે.

**સંદેશ - ૫**

માણસ પોતે કશું જ કરી શકતો નથી. તે માત્ર નિમિત્ત છે. किसीने कहा है कि मनुष्य मात्र कठपूतली है उसे मैं जिस तरह नचाता हूँ इस तरह वो नाचता है और कहता है कि मैंने ऐसा किया लेकिन वो नहीं जानता की हमको नचानेवाला और कोई है ।

એટલા માટે મનુષ્યે અહંકાર ન કરવો જોઈએ. પરમાત્માની કૃપા વિના એક શબ્દ બોલી શકાતો નથી કે એક ડગલું આગળ વધી શકાતું નથી. આટલા માટે જ આપણા કર્મકાંડના સંકલ્પમાં પ્રીયતાનન મમ એવું બોલાય છે.

ભજનમાં પણ કહેવાયું છે.

*તું શાને ફરે છે ગુમાનમાં, તારે રહેવું ભાડાના મકાનમાં.*

ગીતાના અધ્યાય-૯ રાજવિદ્યા રાજગૃહ્ય યોગના-૨૭મા શ્લોકમાં પણ કહ્યું છે કે જે કરે છે, જે ખાય છે, હોમે છે, આપે છે, તપ કરે છે. तत्कुरुष्व मदर्पणम् મને અર્પણ કર.

**स्वधर्मे निधनं श्रेयः परधर्मो भयावहः ॥** (૩.૩૫.)

**સંદેશ - ૬**

ગીતામાં કહ્યું છે કે પોતે પોતાનો ધર્મ અપનાવવો શ્રેષ્ઠ છે. દરેકે પોતે આ સંસાર રૂપી રંગમંચ ઉપર વર્તમાનમાં કયું પાત્ર ભજવી રહ્યો છે તેનો સંપૂર્ણ ખ્યાલ રાખીને તેને ન્યાય આપવો જોઈએ અને એ જ તેની ફરજ છે. તે ધર્મ છે. ઉદાહરણ તરીકે જોઈએ તો એક પુરુષ વ્યક્તિ કોઈનો પુત્ર છે, કોઈનો ભાઈ છે, કોઈનો પતિ છે, કોઈનો પિતા છે, કોઈનો શિક્ષક છે, કોઈનો શિષ્ય છે, કોઈનો મામો છે. આ દરેક પાત્રમાં જો તે યશ પ્રાપ્ત કરે તો માનવું કે પોતાના ધર્મનું બરાબર પાલન કરે છે; પરંતુ વર્તમાન સમયમાં વ્યક્તિ પોતાની ફરજો ભૂલીને માત્ર

ને માત્ર બીજાને બીજો ધર્મ સમજાવવા જાય છે. તે ધર્મ આપણા માટે ભયાનક છે.

**સંદેશ-૭**

**तस्मात्त्वमिन्द्रियाण्यादौ नियम्य भरतर्षभ ॥** (૩.૪૧)

હે ભરતશ્રેષ્ઠ ! તું પ્રથમ ઇન્દ્રિયોને વશ કર. ભગવાને કહ્યું કે પહેલું પગથિયું છે કે ઇન્દ્રિયોને વશ કરવી. આપણે સૌ જાણીએ છીએ તે પ્રમાણે આપણી ઇન્દ્રિયો દ્વારા આપણે પાપ કે પુણ્ય કરીએ છીએ. એટલે બને ત્યાં સુધી ઇન્દ્રિયો પવિત્ર રહે તેવો ઉપાય કરવો. એટલે મોટા મોટા કર્મકાંડમાં ભગવાનને સ્નાન કરાવ્યા પછીનું પાણી બે કાને-બે આંખે સ્પર્શ કરવાનું પુરોહિતો કહે છે. તેનું કારણ એ છે કે આંખ અને કાન એ પાપ કે પુણ્યના પ્રવેશ માટેના સીધા દરવાજા છે. જો તે પવિત્ર હોય તો ચોક્કસથી પાપ થતું અટકે છે. કારણ કે આંખ કોઈ વસ્તુને જુએ અને પછી મન બગડે છે અને પછી શરીર પાપનો ભાગીદાર બને છે માટે આંખો પવિત્ર રાખવી.

**यदा यदा हि धर्मस्य ग्लानि र्भवति भारत ।**
**अभ्युत्थानमधर्मस्य तदात्मानं सृजाम्यहम् ॥** (૪.૭)

**परित्राणाय साधूनां विनाशाय च दूष्कृताम् ।**
**धर्मसंस्थापनार्थाय संभवामि युगे युगे ॥** (૪.૮.)

હે ભારત ! ધર્મનો નાશ થાય છે અને અધર્મની વૃદ્ધિ થાય છે ત્યારે હું જન્મ ધારણ કરું છું. સજ્જનોના રક્ષણ માટે અને પાપીઓના નાશ માટે તેમજ ધર્મની સારી રીતે સ્થાપના માટે હું યુગે યુગે જન્મ લઉં છું.

**સંદેશ - ૮**

આ કળિયુગ છે. દુનિયામાં જ્યાં જશો ત્યાં સામેનું પાત્ર તમને છેતરવાનો પ્રયાસ કરશે. ક્યાંય વિશ્વાસ નથી. સારું કે સાચું કહીને હંમેશાં લોકો એકબીજાને છેતરે છે. ત્યારે કૃષ્ણ સંદેશ આપે છે કે ચેતજો. મારે તમારા વિનાશ માટે જન્મ લેવાનો છે. મારી દષ્ટિએ વિચારીએ તો ૨૦૦૨માં આવેલો ભૂકંપ શું આપણા માટેની નોટિસ નહીં હોય ?

- ૨૦૧૦માં ઉનાળામાં પડેલી ગરમી આપણને મર્યાદામાં રહેવા જણાવતી નહીં હોય ?

આ વર્ષે શિયાળામાં બદલાયેલું વાતાવરણ એટલે વરસાદ વરસવો તે શું બતાવે છે ?

તે બતાવે છે કે તમે ગમે તેટલું દોડો, ધન ભેગું કરો, ભૂકંપપ્રૂફ મકાન બનાવો. પરંતુ તેની દોરી મારા હાથમાં છે માટે ચેતતા રહેજો.

**श्रेयान्द्रव्य मयाद्यज्ञाज्ज्ञान यज्ञः परंतपः ।**
**सर्वकर्माखिलं पार्थ ज्ञाने परिसमाप्यते ॥** (૪.૩૩).

હે પરંતપ ! દ્રવ્યમય યજ્ઞ કરતાં જ્ઞાનમય યજ્ઞ વધારે ઉત્તમ છે. હે પાર્થ ! સંપૂર્ણ કર્મો જ્ઞાનમાં સમાઈ જાય છે.

**સંદેશ - ૯**

આ શ્લોક દ્વારા આપણે આટલું મેળવી શકીએ છીએ કે જ્ઞાન પ્રાપ્ત કરવું.જો તમારી પાસે જ્ઞાન હશે તો સત્કર્મ કરવામાં મદદરૂપ થશે અને છેવટે તે વ્યક્તિ પરમાત્માને મેળવવામાં ધીમે ધીમે સફળ થશે.

**तद्विद्धि प्रणिपातेन परिप्रश्नेन सेवया ।**
**उपदेक्ष्यन्ति ते ज्ञानं ज्ञानिन स्तत्त्व दर्शिनः ॥** (૪.૩૪)

તત્ત્વદર્શીઓ, જ્ઞાનીઓ, તને તે જ્ઞાનનો ઉપદેશ કરશે. તે જ્ઞાન પ્રણિપાતથી પ્રશ્નોથી અને સેવા કરીને જાણ.

**સંદેશ - ૧૦**

અહીં કૃષ્ણનો સંદેશ છે કે જ્ઞાન ક્યાંથી મળે ? તો ભગવાને કહ્યું છે કે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીને જ્ઞાન મેળવવાનો પ્રથમ ઉપાય છે. તે કરી ન શકો તો, નિર્દોષ ભાવે તમે પ્રશ્ન કરીને જ્ઞાન પ્રાપ્ત કરો તે બીજો ઉપાય છે અને ત્રીજો ઉપાય જ્ઞાની કે સંતની સેવા કરીને જ્ઞાન પ્રાપ્ત કરી શકાય છે. માટે મુમુક્ષોએ જ્ઞાન મેળવવા પ્રયત્ન કરવા. જેથી આત્મા-પરમાત્માનું મિલન થાય છે. न ही ज्ञानेन सदृशं पवित्रमिह विद्यते । (૪. ૩૮) આ જગતમાં જ્ઞાન જેવું પવિત્ર કંઈ જ નથી અને પવિત્રતા જેવું કોઈ જીવન નથી.

छित्वैनं संशयं योगमातिष्ठोतिष्ठ भारत ॥ (૪-૪૨) માટે જ્ઞાનરૂપી તલવાર માટે પોતાના સંશયોને છેદીને કર્મયોગનું આચરણ કરવાનું કહે છે.

**સંદેશ-૧૧**

કૃષ્ણ કહે છે કે જ્ઞાન વડે પવિત્ર કર્મ કરનારો પરમાત્માને પામે છે. કર્મ એ જીવનનું મહત્ત્વનું પાસું છે. માત્ર જ્ઞાનને પોતાની પાસે રાખીને બેસી રહેનારો કેટલીક વાર સ્થિર થઈ જાય છે પણ તે જ્ઞાનને આચરણમાં મૂકનાર જ તે શ્રેષ્ઠ છે. માટે કર્મયોગ કરવો અને કર્મયોગથી ભક્તિ થશે અને ભક્તિથી ભગવાનને પ્રાપ્ત કરી શકાશે.

**સંદેશ-૧૨**

શ્રીમદ્ ભગવદ્ગીતામાં અર્જુને ભગવાનને વીસ વાર પોતાના સંશય ટાળવા માટે પ્રશ્નો કરેલા છે અને ભગવાને તેને દરેક વખતે ખૂબ જ શાંતિથી જવાબ આપેલા છે અને સંશય દૂર કર્યા છે. માટે આપણે પણ વિદ્યાર્થીના પ્રશ્નોના જવાબો શાંતિથી સંશય ટળે ત્યાં સુધી આપવા એ ઉપદેશ પણ ગ્રહણ કરવા જેવો છે.

ઉપરોક્ત તમામ બોધ શ્રીમદ્ ભગવદ્ગીતાના ૧ થી ૪ અધ્યાયમાં આવતા શ્લોકને આધારે તૈયાર કરવામાં આવેલ છે.

*श्रीकृष्णार्पणम्*

**સંદર્ભ-ગ્રંથો**

(१) श्रीमद् भगवद्गीता – અધ્યાય ૧ થી ૪ અને ૯
(२) वेदांतसार - સદાનંદ સરસ્વતી

# સ્વ. શ્રી રત્નમણિરાવ ભીમરાવ જોટેના અવસાન બાદ તેમના વિશેના ગુજરાતના સાહિત્યકારોના વિચારો

◆

નિશ્ચંત સ. દિવાનજી

**(૧) સ્વ. શ્રી રસીકલાલ છોટાલાલ પરીખ :** શ્રી રત્નમણિરાવ ભીમરાવ વિશે જે ગુજરાતનો સાંસ્કૃતિક ઇતિહાસ, ઇસ્લામ યુગ ખંડ ૪ શેઠ ભો.જે. વિદ્યાભવનમાં પરિશિષ્ટરૂપે પ્રસિદ્ધ થયો તેમાં નિવેદન રૂપે લખ્યું છે કે ''એમના અવસાનથી એક સમર્થ ઇતિહાસ વિદ્યની ખોટ ગુજરાતને થઈ છે.

**(૨) શ્રી હીરાલાલ ત્રિભોવનદાસ પારેખ :** શ્રી રત્નમણિરાવ ભીમરાવે ''શાહેઆલમ'' - ''ગુજરાતનું વહાણવટુ'' ''શાહીબાગ'' વિગેરે પુસ્તકો લખ્યા પછી ''ગુજરાતનું પાટનગર અમદાવાદ'' પુસ્તક લખ્યા પછી તેમની કિર્તી ખૂબ વધી છે. અને ગુજરાત સાહિત્ય સભાએ તેના પ્રકાશન કાર્યમાં રજત મહોત્સવ તરીકે સ્વીકાર્યું છે. ગુજરાતી ઇતિહાસ અને સાંસ્કૃતિમાં આવા ગણ્યા ગાંઠ્યા અભ્યાસીઓ છે તેમાંના આ એક છે.

**(૩) શ્રી રવિશંકર રાવળ :** રત્નમણિરાવ ભીમરાવને શ્રદ્ધાંજલિ આપતાં જણાવેલું કે તેઓ મદ્રાસમાં એક કાપડના વેપારી હતા અને માઈલો દૂર રહી ગુજરાતનું સંશોધન કરી ''ગુજરાતનું પાટનગર અમદાવાદ'' ''ખંભાતનો ઇતિહાસ'' અને ''સોમનાથ'' આદીનો સમાવેશ કરીને તલ સ્પર્શી નીરૂપણ કર્યું છે. તેમના જહેમત ભર્યા સંશોધન થી આવા પ્રખર ઇતિહાસ પંડિત ભારતને ગૌરવવંતુ કરનાર આ એક પનોતા પુત્રને અમારા મહાનુભાવ મિત્રને હૃદયભાવથી અંજલી અર્પીએ છીએ.

**(૪) શ્રી હરિપ્રસાદ શાસ્ત્રી :** રત્ન મણિરાવ ભીમરાવના અવસાનથી ગુજરાતના એક મોટા સમર્થ ઇતિહાસ વિદની ખોટ પડી છે. એમની નજર અમદાવાદ પછી ખંભાતનો ઇતિહાસ ઉપર ૧૯૩૫માં પડી અને તેનું સંશોધન કરી અને લખ્યો. જો લેખક જીવતા હોત તો ભરૂચનો ઇતિહાસ લખ્યો હોત. તેમના સરળ હૃદય વિનમ્ર સ્વભાવ વિનોદભરી વાણી સંશોધનની જીજ્ઞાસા ને સુમેળ વૃત્તિ એ મહાનુભાવમાં મુખ્ય હતા.

**(૫) સ્વ. કેશવ હર્ષદ ધ્રુવ :** રત્નમણિરાવ ભીમરાવ વિશે જણાવેલું કે ''ગુજરાતનું પાટનગર અમદાવાદ'' કે આની રચના સર્વગ્રાહી છે કે આમાં શું નથી એ કહેવું મુશ્કેલ છે. અમદાવાદ સ્થાપત્યોના વિવરણમાં એમણે હિંદુઓ અને ઇસ્લામી પરંપરાના સુમેળનો આબેહૂબ ચિતાર રજુ કર્યો છે અને તેથી ઇતિહાસનો પરિચય કરવામાં ઘણો મોટો ફાળો આપ્યો છે. આ પુસ્તક ગુજરાતીમાં લખ્યું તે પ્રસંશનીય છે. રત્નમણિરાવ ભીમરાવ અંગ્રેજી ભાષામાં પણ લખી શક્યા હોત પણ ગુજરાતીમાં લખવાથી ગુજરાતના અસીમ પ્રેમના દર્શન થાય છે.

**(૬) શ્રી ઉમાશંકર જોષી :** રત્નમમિરાવ ભીમરાવ માટે તેમના ગ્રંથ ''હૃદયમાં પડેલી છાબી'' ભાગ-૧ હસમુખા ઇતિહાસકાર અને ઇતિહાસને કાંઈક લોકપ્રિય બનાવવામાં પણ તેમનો ફાળો મોટો છે ''ગુજરાતનું પાટનગર અમદાવાદ'' પુસ્તક દ્વારા તેમણે અમદાવાદની કથા આપી છે. વ્યવસાયથી સાહિત્ય અને શિક્ષણ ક્ષેત્રે નહીં જોડાયેલા હોવા છતા કેવળ વિદ્યા પ્રીતિથી ઇતિહાસ લખી નવી પેઢી ને પ્રેરણા આપી છે.

**(૭) Keneth h. Gillion :** રત્નમણિરાવ ભીમરાવ માટે તેમણે અંગ્રેજીમાં જણાવેલું છે કે ગુજરાતીમાં અનુવાદ કરીને ''ગુજરાતનું પાટનગર અમદાવાદ'' ને ૧૯૨૯માં જે પ્રગટ કર્યું છે તે રીતે કોઈ બહારના ઇતિહાસકાર રજૂ કરી શક્યા ના હોત. અમદાવાદની કળા અને લોકોનું જીવન ઘણી જ સારી રીતે રજૂ કર્યું છે.

# ગિયુ ગામે ગોમ્પા અને મમી

◆

**સુધા ભટ્ટ***

આપણી આ સુંદર સૃષ્ટિને સુંદરતર અને સુંદરતમ્ બનાવતી કળાવૃષ્ટિનો આપણને લાભ મળે ત્યારે માનવું કે ઈશની મિષ્ટી મધ જેવી અમી દૃષ્ટિ આ ધરતી પર છે જ. ભારત દેશને મળેલ હિમાલયની અણમોલ ભેટ થકી આપણે રળિયાત છીએ. ભાવકોની સૌંદર્યખોજ નજરને તૃપ્ત કરતી પ્રકૃતિ અહીં સદાય વિલસતી રહે છે; તો કળારસિકોની તૃષાને સંતોષતાં કળાકર્મોની અહીં કોઈ ખોટ નથી. હિમાલય પર્વતની સુદીર્ઘ શ્રેણીના જે મુકામે પહોંચીએ તેની આગવી ખાસિયતોના પ્રેમમાં જરૂર પડી જવાય. હા, વિવિધ પડાવોની નોખી નોખી લાક્ષણિકતાઓ આપણા હૃદય ઉપર ઊંડી છાપ છોડી જાય. પ્રકૃતિજન્ય સૌંદર્ય હોય અને એમાં માનવસર્જિત અનેક કળાસ્થાનો ઊભા થયાં હોય ત્યારે સોનામાં સુગંધ ભળે. શું જુઓ અને શું નહિ એની દ્વિધામાં બધુંય અંકે કરી લેવાની ઈચ્છા થાય.

હિમાચલ પ્રદેશના લાહૌલ-સ્પિતી વિસ્તારમાં આવાં અનેક અદ્વિતીય દ્વિમુખી કળાખજાના મળી આવે. કુદરતનાં કામણ સાથે માનવસર્જિત કળાની જુગલબંધી ! બાગમાં બાળકો સારુ બંધાયેલી લપસણી જેવા લીસ્સા, ટટ્ટાર ઊભેલા બહુરંગી પર્વતોય હોય અને રેતીના ઢુવા જેવી નાનકી ટેકરીઓ પણ ખરી ! વળી પર્વતો ઉપર વૃક્ષ, થડ, ડાળી, પાન ફૂલ, ફળ મળે કે ન મળે, એની ઉપસેલી ભાત તો મળે જ. ઉપર બેઠેલા કલાકારની ચોકસાઈ ભરી આંગળીઓથી શાખા, પ્રશાખા કે વિશાખાનો અહેસાસ થાય પર્વતો ઉપર. અને તે પણ ભવ્યરંગ સંયોજનો સહ. અરે, ઉપર પાછું વાદળીઓનું કમિશન સર્વે કરવા નીકળ્યું હોય ! વિવિધ ભાતમાં ઈચ્છિત દૃશ્યો અને અહીંનાં ચહેરાઓ પણ ઊપસી આવે.

પર્વતોની ભવ્યતા ત્યારે ઊભરી આવે જ્યારે તેની ઉપર ઝરૂખા, થાંભલા, મંદિર, મિનારા, તળાવ, વાવ, દરવાજા, સોપાન, ગોખલાને ગવાક્ષની ભાત ગવાહી પૂરે. શ્વેત, રાખોડી, કથ્થઈ કે હળદરિયા પીળા ખડકો આકાશ અને ધરતી વચ્ચે સોજ્જી રંગોળી પૂરે ! તો વળી કોઈક ટેકરીઓ તો ઉધઈના રાફડા જેવી પડદાર ડિઝાઈનવાળી લાગે. ભૌમિતિક ભાત, પડ ઉપર પડ, ખાનાં અને થપ્પીઓમાં તો આશરો લેવાનું મન થાય. છોગામાં આપણી સાથે, આસપાસ અને પર્વતોની કમ્મરે. વીંટાઈને નદીઓ ને ઝરણાં નીચે ધુબાકા મેલતાં હોય. ક્યાંક દેખાય ''સ્ટેપ ફાર્મિંગ'' એટલે કે પગથિયે ખેતી ! અતિ આહ્લાદક લાગતાં રંગો અને હિલ્લોળાતાં ખેતરો ! આ વિસ્તારનું નામ તો સ્પિતી છે જ. સાથે સાથે નદીનું નામ પણ છે. પંજાબની સતલજ અને રાવી જેવી નદીઓ પણ અહીં સ્પિતી સાથે બહેનપણાં કરી, એકબીજાની કેડે હાથ ભરાવી આદિવાસી નૃત્ય કરતી ભાસે - જાણે આપણા બનાસકાંઠા અને સાબરકાંઠાનો હુડો ન ખેલતી હોય !

અરે, અરે,અરે...ક્યાં ખોવાઈ ગયાં આપણે કુદરતમાં ? સામ્મે પેલા મંદિરનો ગુંબજ દેખાય છે ત્યાં નથી જવું ? શાંત ધીરી ધીરી સ્ટીલ ગ્રે રંગની નદી સ્પિતી આપણી સાથે જ છે. દૂધિયાં ફીણ ભરેલી, ડાહી-ઠાવકી મહિલા જેવી મિતભાષી, ખડકની છાતી ચીરીને નીકળેલી નદીને કાંઠે કાંઠે હળવે હળવે હાલશું તો ત્યાં જ જઈ પહોંચીશું - ગિયૂ ગામે મમી ગોમ્પા મંદિરે. ભવ્ય હંગરંગ ખીણ અને સ્પિતી નદીના વળાંકે સ્પિતીની ખીણમાં પ્રવેશીએ એટલે સુમદો અને તાબો ગામની વચ્ચે સમુદ્ર સ્તરથી બાર હજાર ફિટની ઊંચાઈએ મળે ગિયુ નામનું ગામ. પચાસથી સાઈઠ ખોરડા ધરાવતા નાના અમથા આ ગામની સુવિખ્યાત તાબો મોનેસ્ટ્રી (બૌધ્ધ મંદિર) ચાલીસ કિ.મી. દૂર

* ૧૮/૧૮૨ - વિદ્યાનગર ફ્લેટસ, ૧૩૨ ફિટ રિંગ રોડ, હિંમતલાલપાર્ક, ૦૭૯-૨૬૭૫૩૪૪૮, (મો.) ૯૮૨૫૬૦૦૫૬૪
Email : Sudha.bhatt8 @ gmail.com

છે જે એક હજાર વર્ષ પુરાણી છે. ગિયુ ગામ કિન્નોર કૈલાસ રૂટ ઉપર કાઝાથી એંશી કિ.મી. છેટે છે અને શિમલાથી મનાલી તરફ તેનું અંતર ચારસો ત્રીસ કિ.મી. છે. નેશનલ હાઈવે બાવીસ પર આવેલા આ ગામ તરફ લઈ જતો પીળાં રંગનો મસ મોટો દરવાજો આવે પછી આઠ કિ.મી.નું સીધું ચડાણ સર કરીએ ત્યારે અહીંની મોનેસ્ટ્રીએ પહોંચાય. હિલટૉપ સુધી લઈ જતો એ રસ્તો ઠીકાઠીક છે. સીમા સુરક્ષાની દૃષ્ટિએ બહુ જ સંવેદનશીલ આ વિસ્તારમાં પ્રવાસન બહુ વિકસ્યું નથી. વણબોટાયેલું સૌંદર્ય હોવા છતાં આ નાનું ગામડું ગિયુ બિચારું થઈને લોકોની નજરમાંથી બાકાત રહેલું. હા, ધીરે ધીરે હવે શ્રધ્ધાળુઓ અહીં નોંધનીય તાદાતમાં મોનેસ્ટ્રી અને મમી...હા. બરાબર સમજાયું...''મમી''ના દર્શને આવતા થયા છે.

અહો આશ્ચર્ય ! મમી ! ધીરાખમીએ. એનાં દર્શને જઈએ એ પહેલાં મમી ''ગોમ્પા''ને તો મળીએ. પ્રમાણમાં નવું અને હજી નવનિર્માણ જેનું ચાલુ છે તે ''ગોમ્પા'' એટલેકે નાના મઠ જેવું મંદિર - કે મોનેસ્ટ્રી - જોતાં જઈએ તો કેમ ! તામ્રવર્ણી - સોનેરી આભા ધરાવતા જાપાનીઝ શૈલી પેગોડાને વરેલા આ સ્થાપત્યમાં ત્રણ સ્તર છે. લાલ, સફેદ, વાદળી, સોનેરી રંગોનાં સંયોજનથી તે અતિ શોભાયમાન લાગે છે. છજાં ત્રણ સ્તરમાં છે જેની ઉપર નાનો નિનાર છે જે સોનેરી કિનારથી અલંકૃત છે. ત્રણે સ્તરે વચ્ચે વચ્ચે પાછી નાની બાલ્કનીઓ છે. સમગ્ર બાંધકામ ફલપત્તી, વ્યાલ, તોરણ, ઘંટડી અને હિંદુ શિલ્પ શૈલીના કમળ, ફૂમતાં અને હારથી લાજવાબ લાગે છે જેમાં લાલ, લીલો, ભૂરો, પીળો, ગુલાબી અને કથ્થઈ રંગનો સુયોગ્ય રીતે વિનિયોગ થયેલો છે. છેક ઉપરની અને કિનાર પરની કાંગરીનો મુખ્ય રંગ સોનેરી અને લાલ છે. એની સાથે સામંજસ્ય ધરાવતી બૌધ્ધ શૈલીની વળાંકવાળી ભૌમિતિક ભાત નોખી. અનોખી જ લાગેને ! મંદિરના દરેક ટોડલે વ્યાલ, પાન અને વચ્ચે પ્રાર્થનાચક્ર સોહે છે. તેની ઉપર કમાનો અને ઝરૂખાય અદ્દલ લાગે હોં ! વળી એ બધાની વચ્ચે - મધ્યમાં ચક્ર અને તેની આજુબાજુ સજીવ લાગતાં બે હરણાં આપણને પર્યાવરણ તરફ વાળે. આંગણામાં સ્તંભ અને બારીઓ કમળ, કુંભ, ચક્ર, ફૂલ, વેલ અને પાન થકી અનોખી છાપ છોડે. પૂર્ણકદના બે વ્યાલ (સરિસૃપ - હિંસકપ્રાણી) વચાળે કમળને જોઈ થાય કે સૃષ્ટિનાં આવાં ભિન્ન ભિન્ન તત્ત્વો વચ્ચે પણ ઐક્ય હોવું જોઈએ. આવા સુંદર અને પવિત્ર વાતાવરણમાં મંદિરમાં નમન કરીને હવે જવું છે ને - મમી દર્શને ? હા...રસ્તે જેનાં અનેક દિશા સૂચન જોયાં હતાં.

કોનું છે આ મમી ? અને અહીં શા માટે છે ? હિમાચલ પ્રદેશના પ્રાકૃતિક સૌંદર્ય વચાળે બૌધ્ધ સર્કિટનો ખ્યાલ તો સૌને હોય પરંતુ ''મમી ભારતમાં ક્યાંથી ? એ તો ઈજિપ્તમાં હોય'' એવું માનતા આપણને, આપણા જ દેશમાં કુદરતી અવસ્થામાં મળી આવેલ મમીની જાણ થાય તો આશ્ચર્યચકિત જ થઈ જવાયને ? મમી ઉત્સુકતા ઉજાગર કરે છે. એનો પણ એક ઘટનાક્રમ છે અને વિશિષ્ટતા છે. ઈજિપ્શિયન મમી રસાયણો અને મસાલા ભરેલાં પાટાપિંડીવાળા - મોટે ભાગે સૂતેલી પરિસ્થિતિમાં જોવા મળે છે, જ્યારે આ મમી આજે કાચના કબાટમાં કુદરતી રીતે જ સચવાયેલું છે. તે સૂકાઈ ગયું છે. તેના આંખ, દાંત, વાળ, હજી અખંડિત અને સાબૂત છે. પાંચસો - છસો વર્ષ જૂનું. બેઠી હાલતમાં મળી આવેલું તે ટૂલ્કુ સંગાહ તન્જિન નામના બૌધ્ધ સાધુ-લામાનું મમી છે. હિમાચલ પ્રદેશમાં તિબેટની સીમા નજીક - બે કિ.મી. ને અંતરે આ ભિક્ષુ તિબેટથી. અહીં આવી ધ્યાન ધરવા બેઠા હતા. એ જ અવસ્થામાં તેમનું પ્રાણ પંખેરું ઊડી ગયું હતું. જે સ્થળે વર્ષમાં છ થી આઠ માસ બરફ જ બરફ હોય છે એવા પ્રદેશમાં ૧૯૭૫ માં ભૂકંપ આવેલો. લામાનું શરીર ધ્યાનાવસ્થામાં જમીનમાં દટાઈ ગયેલું તે ૧૯૯૫માં ઈન્ડો તિબેટ બૉર્ડર પોલીસ (ITBP)ને મળી આવેલું. તે સમયે ગિયુ ગામમાં રસ્તાના બાંધકામ અને સમારકામની યોજના ચાલી રહી હતી. તેને અન્યત્ર કોઈ સ્થળે કબરમાં રખાયેલું અને ભૂકંપથી વેરાયેલા વિનાશને કારણે તેને પણ નુકશાન થયેલું. ત્યાર બાદ ITBP એ સત્તાવાર રીતે હિમાચલ પ્રદેશ સરકારને સોંપી દીધેલું. સરકારે એ પોતાને હસ્તક લઈ એ પવિત્ર, ''ગાદી''ની જાળવણીની જવાબદારી સ્વીકારી. 'કાર્બન ડેટિંગ' ટેસ્ટથી તેનો અંદાજિત સમય ૧૪૭૫ નો નક્કી કર્યો. સડકના ખોદકામ દરમ્યાન જવાનોની કોદાળી કોશ લામાના માથા પર ઘા કરી ગયા ત્યારે લોહી વહેલું. આજે પણ એ ઘા દેખાય છે. ઠેર ઠેર આ મમીની વાત પ્રસરતાં. ૨૦૦૯ પછી

યાત્રિકોને દર્શન સારુ તેના મૂળ ગામ ગિયુમાં સ્થાપ્યું તે આ જ લગી આ જ સ્થળે છે. દેશ-પરદેશના વૈજ્ઞાનિકોએ સંશોધનો કર્યાં પરંતુ હજી સુખી મમીના વાળ, નખ - જે આજ સુધી વધી રહ્યાં છે - તેનું રહસ્ય ખુલ્યું નથી. આ અનોખું એકમેવ મમી બહુ મોટી તાદાતમાં શ્રધ્ધાળુઓને ગિયુ ગામે ખેંચી લાવે છે. મમીનું શરીર ક્ષીણ લાગે છે પરંતુ બધા ભાગ હેમખેમ છે. લામાના એક હાથમાં રામનામ માળા (રોઝરી) છે. તેમની કરોડરજ્જુ પર એક વિચિત્ર અજાણ્યા જેવો પટ્ટો દેખાય છે. ગળાથી તે છેક નીચેના છેલ્લા ભાગ સુધી. લાહૌલ સ્પિતી વેલીનું આ મમી ''ઝોગચેન'' નામની ધ્યાન મુદ્રાની ચરમ સીમાએ હતા તેવો નિર્દેશ કરે છે. વળી, પેલો પટો (બેલ્ટ) ''ગોમથાક'' હશે જે બૌધ્ધ સાધુઓ ધ્યાન કરતી વખતે ગળાથી નીચે સુધી બાંધતા તેવો ઉલ્લેખ મળે છે. મમી બનાવવાની પ્રાચીન ઈજિપ્તની કળા આપણને ક્યાં હસ્તગત હતી ? એ સમયે તિબેટિયનો તો શબને ગીધડાંને કે માછલીને કૃષ્ણાર્પણ કરતા અથવા તો અગ્નિસંસ્કાર કરતા.

એક મત એવો પણ છે કે એ સમયે ઊંચા દરજ્જાના ધર્મગુરુઓને શ્રધ્ધાપૂર્વક, માર્ગદર્શક હેતુ ઊભડક બેઠેલી પરિસ્થિતિમાં મમી બનાવતા. અથવા, અઢેલીને ટેકે બેઠા હોય એ પરિસ્થિતિમાં સાચવતા તિબેટિયન લામાઓ કુદરતી રીતે સચવાઈ જતા, કારણકે તેઓ ધ્યાન, મોક્ષ અને ભૂખમરાથી મરતા. આયુર્વેદિક યોગિક મુદ્રા અને ઝાડની છાલ પર જીવતા જેથી તેમનું શરીર વિવિધ રસ અને બેક્ટેરિયા ને કારણે બચતું. આમ, કોઈ પણ જાતના પ્રિઝર્વેટીવ વગર શરીર સચવાઈ જતા. હા, એ સૂકાતા અને ક્ષીણ બનતા. એવું કહેવાય છે કે તિબેટમાં આવા કંઈક મમી મળી આવે છે. કેટલાક ગુમ થઈ ગયા, તો કેટલાક ભારતમાં હોવાથી બચી ગયા. લડાખની મોનેસ્ટ્રીઝમાં આવા આઠ મમી છે એવો એક દાવો છે. એક કાલિપોંગમાં અને એક દહેરાદૂનમાં હોવાની પણ વાત નોંધાયેલી છે.

આ તો થઈ બધી નક્કર વાતો; પણ લોકહૈયાનાં ગાણાંનું ગુંજન ખૂબ ભાવવાહી અને લાગણીથી લીંપાયેલું છે. ભોળિયા ગ્રામજનો વળી એવું માને છે કે આ મમી સૈકાઓથી એમના ગામની રક્ષા કરે છે. ધ્યાન રાખે છે. જે લામાનું આ મમી છે તે સાધુએ ગામને અસંખ્ય વીંછીઓના આક્રમણથી બચાવવા સમાધિ લીધેલી. તેમણે સંથારો કર્યો અને શિષ્યોને કહ્યું કે તેમને પુરી દે. ગામના ભલા માટે તેમણે દેહત્યાગ કર્યો. જેવો આત્મા પરમાત્મા થયો કે ત્યારની ઘડી ને આજનો દિ-આ ગામમાં એક પણ વીંછીએ દેખા દીધી નથી. પૂર્ણ સમાધિ વેળાએ એક સુંદર મેઘધનુષ્યએ આ ઘટનાની નોંધ લીધેલી. વાહ ! અન્ય વાયકા મુજબ ભારત તિબેટ ટ્રેડરૂટને સધ્ધર રાખવા તેમણે આત્મબલિદાન આપેલું. સાધુ સંગાહજીના શરીરમાં દટાયેલી અવસ્થામાં પણ લોહી બનતું. ખેર ! યાત્રાળુના વધવાથી, તેમના સ્પર્શથી તેઓ કાળા થઈ ગયા. તેમનામાં વધુ વિકાર ન આવે તે માટે કાચની પેટીમાં મૂક્યા અને આત્માના ઊડી ગયેલા હંસલાના મૂળ શરીરની રક્ષા કાજે ગિયુ ગોમ્પાની પાછળના ભાગમાં એક નાનકડા ઓરડામાં તેમની પ્રતિષ્ઠા કરી. અહીં દરરોજ પૂજા-પ્રાર્થના-અર્ચનાનો ઉપક્રમ છે-અખંડ દીવો બળે છે. કાચની ચોરસ કેબિન ઉપર ત્રિકોણ છે. મમી નાના ચોતરા પર પીળા રેશમી ઝભ્ભામાં બિરાજમાન છે. કેબિનમાં ચારે કોર પવિત્ર શ્વેત ઉપરણાં શોભાવ્યાં છે. ત્રિકોણ ડોમ પર પણ કાપડ વીંટાળેલું છે. ઓરડામાં અન્ય બૌધ્ધ ભગવાન-સાધુ-ગુરુઓની તસવીરો અને શિલ્પો છે. ગામના દરેક ઘરનો વારાફરતી વારો આવે-ફરજ મુજબ તે સભ્યોએ મંદિરની સાફ-સફાઈ કરવાની, અખંડ જ્યોતનું ધ્યાન રાખવાનું અને રોજિંદો દીવો કરીને, પોતાના પંથના દેવતાને સન્માન આપવાનો લ્હાવો લૂંટવાનો. ચોખ્ખા દિલના ગ્રામ્યજનો આ સત્કાર્ય ઉલટભેર કરી એનો અનેરો આનંદ અનુભવે છે. પૌરાણિક, રહસ્યમયી ઘટનાઓ અને વૈજ્ઞાનિક સત્યના તારણના આધારે, આ મમીના કારણે વિશ્વના નકશા પર ગિયુ છે. જો અહીં મમી ન હોત તો ગિયુ તો ગિયું જ હોતને ?!



કાચની પેટીમાં સચવાયેલું બૌદ્ધ સાધુનું મમી



પહાડો અને કુદરતી સૌંદર્ય વચ્ચે દૂરથી દેખાતું ગોમ્પા



ગોમ્પા - મોનેસ્ટ્રી - નાના મઠ જેવું મંદિર



ગિયુ ગામ આસપાસનું કુદરતી સૌંદર્ય



ગિયુ ગામ આસપાસનું કુદરતિ સૌંદર્ય

# ગુલાબબાઈ જનરલ હૉસ્પીટલ ૧૯૫૪ થી ૧૯૭૯

◆

## સિદ્ધાર્થ મણકીવાલા

અમદાવાદના રહીશ સ્વ. ગુલાબબાઈ તે. પટેલ હરગોવનદાસ જગજીવનદાસની દીકરી જેમણે સંવત ૧૯૭૨ના ફાગણ સુદી ૯ ને સોમવારના રોજ ટ્રસ્ટવીલ કરી લોકસેવા માટે રૂા. ૧,૫૯,૯૪૪ ટ્રસ્ટમાં સોંપી ''બાઈ ગુલાબ પટેલ હરગોવનદાસ જગજીવનદાસની દીકરીના વીલનું ટ્રસ્ટ'' નોંધાવી નીચેના ટ્રસ્ટીઓની નિમણૂંક કરેલી.

૧. સ્વ. શેઠશ્રી હીરાલાલ ગીરધરલાલ મણકીવાલા

૨. સ્વ. શેઠશ્રી નંદલાલ હીરાલાલ મણકીવાલા

૩. સ્વ. મહારાજશ્રી મનોહરભારથી નારાયણભારથી

૪. સ્વ. શ્રી મનસુખરામ રંગજીભાઈ પટેલ

ત્યારબાદ બાઈ ગુલાબબાઈ સંવત ૧૯૭૨ના ભાદરવા સુદી ૧૨ના રોજ સ્વર્ગવાસી થયા.

સને ૧૯૪૨માં ટ્રસ્ટીઓએ હૉસ્પિટલ શરૂ કરવાનો વિચાર કર્યો અને તે માટે ધનાસુથારની પોળના નાકે રીલીફ રોડ પર રૂ. ૩૮,૧૧૫માં એક મકાન ખરીદ કરવામાં આવ્યું.

અને તેની જોડેની જમીન ૩૭૨ ચોરસવાર મ્યુનિસીપાલિટીની માલિકીની હતી તે તેમની પાસેથી રૂ. ૧,૦૫,૦૨૩ માં વેચાણ લીધી તે વખતે સંયોગો અનુકૂળ નહીં હોવાથી હૉસ્પિટલ ખોલવાનો વિચાર કામચલાઉ મોકુફ રખાયો અને મકાન તથા જમીન ભાડે આપવામાં આવ્યાં જેથી ભાડાની આવક થાય અને ટ્રસ્ટ કાંઈક સમૃદ્ધ બને.

ટ્રસ્ટી મંડળને તા. ૬-૯-૧૯૫૧ના રોજ સંયોગો અનુકૂળ જણાતાં ભાડે આપેલું મકાન ખાલી કરાવી જૂનું મકાન પાડી નાંખી હૉસ્પિટલની સગવડવાળું નવું મકાન બંધાવવા તેમણે નિર્ણય લીધો પણ મકાન ભાડુતો પાસેથી ખાલી કરાવતાં વિલંબ થયો.



ગુલાબબાઈ જનરલ હૉસ્પીટલ

ખાલી થતાં નવું મકાન તૈયાર કરાવવામાં આવ્યું અને તા. ૨૧-૬-૧૯૫૪ના રોજ હૉસ્પિટલ ડૉ. વસંત કે. વાણી એમ એસ. (બોમ્બે) એફ. આર.સી. એસ. (ઇંગ્લેંડ)ની ઓનરરી સર્જન તરીકેની સેવાઓ લઈ દસ ખાટલાથી શરૂઆત કરવામાં આવી.

હૉસ્પિટલ શહેરના મધ્યભાગમાં આવેલી છે સ્ટેશનની નજીક છે અને બજારો પણ પાસે છે તથા મધ્યમ વર્ગના લોકોની ગીચ વસ્તીવાળા લત્તામાં આવેલી હોવાથી જનતાને આ સંસ્થા ઘણી જ

આશિર્વાદ સમાન થઈ પડી છે.

આ અરસામાં શહેરના દરેક શાખાંના નામાંકિત નિષ્ણાત ડૉક્ટરો જેવા કે સર્જન, ફીઝીશીયન, ગાયનીકૉલૉજીસ્ટ, પેથોલૉજીસ્ટ અને રેડીયો લૉજીસ્ટ વગેરેએ આ હૉસ્પિટલને સેવાભાવથી દર્દીઓની સેવા કરવા ટ્રસ્ટીઓને જણાવ્યું ટ્રસ્ટીઓએ એમની માગણી સ્વીકારી અને તા. ૧૨-૯-૧૯૫૫ના રોજ ગુજરાતના સુપ્રસિદ્ધ મુક સેવક પૂ. રવીશંકર મહારાજશ્રીના આશિર્વાદ સાથે આ ગુલાબબાઈ જનરલ હૉસ્પિટલની શરૂઆત થઈ.

હૉસ્પીટલમાં કોઈ પણ જાતના જાતિભેદ સિવાય દર્દીઓને મિશનરી ઢબે (નજીવા દરે) લાભ આપવામાં આવતો હોવાથી શરૂઆતથી જ એટલી મોટી સંખ્યામાં જનતાએ લાભ લેવા માંડ્યો હતો કે જનતાની માંગને પહોંચી વળવાનું અશક્ય બન્યું હતું તેથી મકાનમાં એક માળનો વધારો કરી બંધાવવામાં આવ્યું અને તાત્કાલીક જનતાને રાહત આપી શકાય તે માટે એક મોટુ મકાન ભાડે રાખી ખાટલાની સંખ્યા વધારી અને ૬૦ ખાટલાની સગવડ કરવામાં આવી.

હૉસ્પીટલની પાસેની જમીન ભારે મુશ્કેલીઓથી ભાડવાતો પાસેથી ખાલી કરાવી અને તે જમીન ઉપર મોટું મકાન બંધાવવા માંડ્યું.



સ્વ. બાઈ ગુલાબબાઈ તે પટેલ હરગોવનદાસ જગજીવનદાસની દીકરી તેઓશ્રીએ સંવત ૧૯૭૨ ના ફાગણ સુદી ૯ ને સોમવારના રોજ વીલ કરી આ ટ્રસ્ટની સ્થાપના કરેલી અને ત્યાર પછી સંવત ૧૯૭૨ના ભાદરવા સુદી ૧૨ના રોજ સ્વર્ગવાસી થયેલાં.

## ગુલાબબાઈ ટ્રસ્ટ સંવત ૨૦૧૬નું ટ્રસ્ટી મંડળ



શ્રી નરેન્દ્રભાઈ રતીલાલ મણકીવાળા — શેઠશ્રી રમણલાલ લલ્લુભાઈ (મેનેજીંગ ટ્રસ્ટી)
શેઠ શ્રી ભોગીલાલ છગુલાલ — શેઠશ્રી રતીલાલ નાથાલાલ

તેના ઉપર ભોંયતળીયા સાથે પાંચ મજલાનું વિશાળ મકાન બંધાયુ. ભોંયતળીયા સાથે ચારમાળ બંધાઈ ગયા અને ઉપરના માળનું કામ નાણાની સગવડ થયેથી બંધાવવામાં આવશે અને ત્યારે કુલ ૧૬૦ ખાટલાની સગવડ થઈ શકશે. એમ નક્કી થયું.

આ હૉસ્પિટલ શહેરના મધ્યભાગમાં આવેલી છે અને સ્ટેશન નજીક હોઈ ગુજરાતના ગામેગામથી દર્દીઓ અહીં આવી લાભ લે છે અને દર્દીઓનો ન પહોંચી શકાય તેવો ખૂબ જ ઘસારો રહે છે.

મકાનની અને જગ્યાની તંગીને લીધે મોટા પ્રમાણના દર્દીઓને લાભ આપવો મુશ્કેલ થઈ પડતો અને દર્દીઓને ના પાડવી પડતી.

હજુ પણ સગવડો અને સાધનો તેમજ મકાનની વિશેષ સગવડ હોય તો ઘણા દર્દીઓની માંગણી પૂરી પાડી શકાય.



શેઠશ્રી નંદલાલ હીરાલાલ મણકીવાલા

## ગુલાબબાઈ ટ્રસ્ટના શરૂઆતથી સંવત ૨૦૧૪ સુધી જે ટ્રસ્ટીઓએ સેવા આપી છે તેઓના નામ

| | નામ | ક્યારે જોડાયા | ક્યારે બંધ થયા |
|---|---|---|---|
| ૧. | શેઠશ્રી હીરાલાલ ગીરધરલાલ મણકીવાલા | સંવત ૧૯૭૨ | સંવત ૧૯૭૯ જિંદગી પર્યંત |
| ૨. | શેઠશ્રી નંદલાલ હીરાલાલ મણકીવાલા | સંવત ૧૯૭૨ | સંવત ૨૦૧૪ જિંદગી પર્યંત |
| ૩. | મહારાજશ્રી મનોહરભારથી નારાયણભારથી | સંવત ૧૯૭૨ | સંવત ૧૯૭૪ જિંદગી પર્યંત |
| ૪. | પટેલ મનસુખરામ રંગજીભાઈ | સંવત ૧૯૭૨ | સંવત ૧૯૭૪ જિંદગી પર્યંત |
| ૫. | શેઠશ્રી મોતીલાલ હીરાભાઈ | સંવત ૧૯૭૬ | સંવત ૧૯૯૪ જિંદગી પર્યંત |
| ૬. | વકીલ ભગુભાઈ ગોવિંદલાલ | સંવત ૧૯૮૦ | સંવત ૨૦૦૩ જિંદગી પર્યંત |
| ૭. | શેઠશ્રી ભોગીલાલ છગુલાલ | સંવત ૧૯૯૦ | – |
| ૮. | શેઠશ્રી પરમાનંદદાસ રણછોડલાલ મણકીવાલા | સંવત ૧૯૯૪ | સંવત ૨૦૦૨ જિંદગી પર્યંત |
| ૯. | શેઠશ્રી રમણલાલ લલ્લુભાઈ | સંવત ૨૦૦૩ | – |
| ૧૦. | શેઠશ્રી રતીલાલ નાથાલાલ | સંવત ૨૦૦૪ | – |
| ૧૧. | શ્રી નરેન્દ્રભાઈ રતીલાલ મણકીવાલા | સંવત ૨૦૧૪ | – |



ગુજરાતના પ્રથમ ગવર્નર શ્રી મહેંદી નવાઝ જંગના પત્ની બેગમસાહેબા સાથે ગુલાબભાઈ હૉસ્પિટલમાં ટ્રસ્ટી શ્રી નરેન્દ્રભાઈ મણકીવાળા તથા સુપ્રીન્ટેન્ડેન્ટ ડૉ. વસંત વાણી (૧૯૬૪)



શેઠશ્રી નરેન્દ્રભાઈ રતિલાલ મણકીવાલા



ડૉ. વસંત વાણી



શેઠશ્રી ચંદ્રવદન રમણલાલ



હૉસ્પિટલના સેવાભાવી ડૉક્ટરો



હૉસ્પિટલના સેવાભાવી ડૉક્ટરો (ડૉક્ટરોના નામ આ પછીના પેજ પર છે.)

# હૉસ્પિટલના સેવાભાવી ડૉક્ટરો (૧૯૫૪-૧૯૭૯)

**સુપ્રીન્ટેન્ડેન્ટ :**

**ડૉ. વી. કે. વાણી**
એમ. એસ. (બોમ્બે)
એફ.આર.સી. એસ. (ઇંગ્લૅંડ)

**ડેપ્યુટી સુપ્રીન્ટેન્ડેન્ટ :**

**ડૉ. એસ. સી. શાહ**
એમ. ડી. (બોમ્બે)
એમ.આર.સી.પી. (એડીન)

**ફીઝીશીયન**

૧. **ડૉ. આર. એ. દેસાઈ**
એમ. આર. સી. પી. (લંડન)
૨. **ડૉ. સુમન્ત એમ. શાહ**
એમ. ડી. (બોમ્બે)
એમ. આર. સી. પી. (લંડન)
૩. **ડૉ. એસ. સી. કુસુમગર**
એમ. આર. પી. સી. (લંડન)
૪. **ડૉ. વી. જે. કીનારીવાલા**
એમ. ડી. (બોમ્બે)
એમ. આર. સી. પી. (એડીન)
૫. **ડૉ. નારાયણ એચ. દલાલ**
એમ. ડી. (બોમ્બે)
એમ. આર. સી. પી. (એડીન)

**આસીસ્ટન ફીઝીશીયન :**

૬. **ડૉ. આર. સી. પરીખ**
એમ. ડી. (બોમ્બે)
એમ. આર. સી. પી. (એડીન)
૭. **ડૉ. વી. આર. માંકડ**
એમ. ડી. (બોમ્બે)
એફ. આર. સી. એસ. (ઇંગ્લેંડ)

**સર્જન :**

૧. **ડૉ. જે. બી. હરીભક્તી**
એમ. એસ. (બોમ્બે)
એફ. આર. સી. એસ. (ઇંગ્લેંડ)
૨. ડૉ. એન. એસ. દેસાઈ
એમ. એસ. (બોમ્બે)
૩. ડૉ. સતીષ ડી. પટેલ
એમ. એસ. (બોમ્બે)
૪. ડૉ. એમ. પી. અમીન
એમ. એસ. (બોમ્બે) એફ. આર. સી. એસ. (ઇંગ્લેંડ) અને (એડીન)
એફ. સી. પી. એસ. (બોમ્બે)

**આસીસ્ટન સર્જન (ટેમ્પરરી) :**

૫. ડૉ. એસ. ટી. શાહ
એમ. એસ. (ગુજરાત)
૬. ડૉ. આર. એમ. કોઠારી
એમ. એસ. (બોમ્બે)

**ગાયનીકૉલૉજીસ્ટ**

૧. ડૉ. પી. એચ. મુનશી
એમ. ડી. (બોમ્બે)
૨. ડૉ. એસ. જી. જોશી
એમ. ડી. (બોમ્બે)
૩. ડૉ. સી. એચ. દેસાઈ
એમ. ડી. (બોમ્બે)

**એનેસ્થેટીસ્ટ અને આર. એમ. ઓ.**

૧. ડૉ. પી. ડી. શર્મા
એમ. બી. બી. એસ. (બોમ્બે)

**પેથોલૉજીસ્ટ**

૧. ડૉ. સી. જે. દવે
એમ.બી.બી.એસ.ડી.પી.બી. (બોમ્બે)

**રેડીયો લૉજીસ્ટ**

૧. ડૉ. પી. ડી. શમા

**વીઝીટીંગ આંખના સર્જન**

૧. ડૉ. પી. ડી. શમા

**કન્સલ્ટીંગ ફીઝીશીયન**

૧. ડૉ. પી. ડી. શર્મા

# ગુલાબબાઈ જનરલ હૉસ્પિટલ રજત જયંતીનો અહેવાલ રજત જયંતી વર્ષ ૧૯૭૯

શ્રીમાન/શ્રીમતી,

ગુજરાત રાજ્યના મુખ્ય શહેર અમદાવાદમાં મુખ્ય પાંચ જનરલ હૉસ્પિટલ પૈકીની ગુલાબબાઈ જનરલ હૉસ્પિટલ જનસેવાના પચીસ વર્ષ પૂરા કરે છે ત્યારે આપની સમક્ષ તેનો ઇતિહાસ રજૂ કરવાની રજા લઈએ છીએ.

સને ૧૯૧૬ (સં. ૧૯૭૨)માં ગુલાબબાઈ પટેલ હરગોવનદાસ જગજીવનદાસની દીકરીએ પોતાની સર્વ સંપત્તિ મળી કુલ રૂા. ૧,૫૯,૯૪૪નું પબ્લિક ચેરિટી ટ્રસ્ટ ઊભું કરેલું. તે ટ્રસ્ટ આ હૉસ્પિટલ બાંધી ચલાવે છે. હૉસ્પિટલની વધતી જરૂરિયાત માટે વખતોવખત દાતાઓ તરફથી દાનની રકમ અને સાધનો મળ્યા છે. આ ટ્રસ્ટને સરકારી અગર અર્ધ સરકારી કોઈ સહાય મળતી નથી.

આ ટ્રસ્ટના વખતોવખતના ટ્રસ્ટીઓએ પોતાનો કિંમતી સમય આપી દુરંદેશી દૃષ્ટિથી વહીવટ કરી વિશાળ વડલાનું સ્વરૂપ આપ્યું છે. તે ટ્રસ્ટનું શરૂઆતનું અને હાલનું સ્વરૂપ જોતાં સહેજે સમજાય તેમ છે. આ હૉસ્પિટલ બાંધવાનો વિચાર ટ્રસ્ટીઓને સને ૬-૯-'૫૧માં આવેલો જ્યારે તેઓએ અમદાવાદ મ્યુનિસિપાલિટી પાસેથી રિલીફ રોડ ઉપરની હૉસ્પિટલની હાલની જમીન ખરીદ કરેલી. ત્યારબાદ આજુબાજુની બીજી મિલકતો પણ ખરીદ કરી વિસ્તાર વધાર્યો હતો.

હૉસ્પિટલનું સ્વપ્ન સને ૧૯૫૪માં પૂજ્ય શ્રી રવિશંકર મહારાજના આશીર્વાદ સાથે સાકાર થયું ત્યારે ફક્ત દશ પથારીની સગવડવાળું ગુલાબબાઈ સર્જિકલ નર્સિંગ હોમ શરૂ કરવામાં આવેલું. અત્યારે હાલમાં ૧૨૦ પથારીઓની સગવડ છે. સને ૧૯૫૫માં શહેરના નામાંકિત તબીબો આ હૉસ્પિટલમાં જોડાયા. હૉસ્પિટલના બાહ્ય દેખાવને સહેજે મહત્ત્વ આપ્યા વિના જરૂરી સાધન સામગ્રીને પ્રાધાન્ય આપી હૉસ્પિટલ માટે બાજુમાં જ વધારાનું મકાન સને ૧૯૫૯માં બાંધવામાં આવ્યું.

હૉસ્પિટલ પાસે અધ્યતન સર્જિકલ ઓજારો, વાતાનુકૂલિત ઑપરેશન થિયેટરો, ત્રણ એક્સ-રે મશીનો, લૅબૉરેટરીના સાધનો વગેરે છે. અમદાવાદ જેવા મોટા શહેરમાં ગીચ વસ્તીવાળા મધ્ય વિસ્તારમાં આ એક જ જાહેર ટ્રસ્ટની જનરલ હૉસ્પિટલ છે. મધ્યમ અને સામાન્ય આર્થિક સ્થિતિવાળા દર્દીઓ અને તેમના કુટુંબીજનોને આશીર્વાદ સમાન છે.

હૉસ્પિટલમાં ઓર્થોપેડીક વિભાગ, ફિઝિઓથેરેપી વિભાગ, ઇન્ટેન્સીવ કોરોનરી કેર વિભાગ, ચામડીના દર્દોનો વિભાગ, આઉટડોર દર્દીઓનો વિભાગ વગેરે છે. કામદાર વિમા યોજનાના આઉટડોર પણ બપોરના સમયે ચાલે છે. ઑક્ઝિલિઅરી નર્સિસ સ્કૂલ આઠ વર્ષથી શરૂ કરી છે જે સારી પરિચારિકા બહેનો પૂરી પાડે છે.

હૉસ્પિટલના વિકાસમાં માનદ્ તબીબોનો ઘણોજ મહત્ત્વનો ફાળો છે. તેમણે જે નિષ્ઠા અને ખંતથી પોતાના જ્ઞાન અને સમયનો લાભ દર્દીઓને મળે તેમ વિના વેતને માનદ સેવા આપવાનો સંકલ્પ ઉત્સાહપૂર્વક વર્ષો અગાઉ કરેલો તે વ્રત હજુ સુધી દૃઢતાથી પાળીને હૉસ્પિટલની અને દર્દીઓની જે સમાજ સેવા કરી છે તે સહેજે ભૂલી શકાય તેવી નથી. તેમની તન, મન અને ધનની સહાય વિના હૉસ્પિટલ આત્મા વિનાના દેહ જેવી લાગે.

આ સાથે રજૂ કરેલા આંકડાઓ ઉપરથી હૉસ્પિટલનું સ્પષ્ટ ચિત્ર દૃષ્ટિગોચર થશે. વર્તમાન બદલાયેલી પરિસ્થિતિ, ફુગાવાને લીધે ચીજ વસ્તુના વધતા જતા ભાવો, નિરંતર વધતા પગાર ધોરણો, અદ્યતન ઓજારો અને મશીનો વસાવવાની જરૂરિયાત અને હૉસ્પિટલના તમામ ખર્ચના વધારાના લીધે આર્થિક પાસુ વર્ષો વર્ષ નબળું અને ચિંતાજનક બનતું જાય છે. મકાન અને સાધન સામગ્રી માટે દાતાઓ દાન આપે છે પણ ચાલુ ખર્ચ માટે, નવી ચીજ વસ્તુઓ લેવા માટે અને જૂની સાધનસામગ્રી સમરાવવા માટે હંમેશા નાણાંભીડ રહે છે. દુનિયાની બધી જ હૉસ્પિટલમાં આ પ્રમાણેની પરિસ્થિતિ હંમેશા હોય છે. અને ઉપજ-ખર્ચના પાસા સરખા થતા નથી.

હૉસ્પિટલ અદ્યતન સાધનોથી સુસજ્જ રહી સમાજસેવાના ઉન્નત શિખરો વધુ અને વધુ ચઢતા રહે તે માટે સતત નાણાંની જરૂરિયાત તો રહે જ. આ માટે રૂપિયા વીસ લાખનું ગુલાબબાઈ જનરલ હૉસ્પિટલ રજત જયંતી ભંડોળ ઊભું કરવાનું નક્કી કર્યું છે. આ રકમ સહેજે મોટી લાગે છે પણ જરૂરિયાત તો તેનાથી પણ મોટી છે.

હૉસ્પિટલને સહાયભૂત થવું એ દરેકની ફરજ છે તેમ સમજી બની શકે તેટલી વધુ રકમ ''ગુલાબબાઈ જનરલ હૉસ્પિટલ''ના નામથી મોકલી આપી સુઅવસરનો લાભ લેવાની વિનંતી છે. રકમ સાથે પત્ર લખી જણાવશો કે આપની રકમ કોના નામથી દાન તરીકે કાયમ રાખી ફક્ત તેનું ઉત્પન્ન જ વાપરવાનું છે.

લિ.

ટ્રસ્ટી મંડળ, સુપ્રિન્ટેન્ડેન્ટ માનદ તબીબો અને કર્મચારીગણ
ગુલાબબાઈ જનરલ હૉસ્પિટલ
રિલીફ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૧.

# श्रीरामानुजाचार्य का गीताभाष्य

◆

**डो. गौतम पटेल**

**यो नित्यमच्युतपदाम्बुजयुग्मरुक्म्-**
**व्यामोहतस्तदितराणि तृणाय मन्ये ।**
**अस्मद्गुरोर्भगवतोऽस्य दयैकसिन्धोः**
**रामानुजस्य चरणौ शरणं प्रपद्ये ॥**

**साहित्ये सुकुमारवस्तुविषये तर्के दृढे चोत्तमे**
**सर्वत्र प्रथिता हि यस्य कृतयो व्याप्ता पुनर्ब्रह्मवत् ।**
**वेदान्ते च प्रधानमल्लकथितं रामानुजं प्रार्थयन्**
**श्रीश्रीवेंकटनाथदेशिकवरं नत्वा च मोदामहे ॥**

हम भगवान श्रीरामानुजाचार्यजी की स्तुति वंदन करते है तब उन्हें **'दयैकसिन्धुः – दया के एकमात्र सागर'** ऐसा कहते है । दया या करुणा को परम्परा में भगवान बुद्ध से जोडा गया है । कहते है बुद्ध की करुणा, महावीर की अहिंसा, शङ्कराचार्यजी का अध्यात्म या माया अथवा महात्मा गान्धी का सत्य । किन्तु मेरे विनम्र परन्तु सुदृढ मतानुसार इस प्रकार 'लेबलिंग' करना उचित नहीं है । क्योंकि वह सभी गुण सबमें हो सकते है । महावीर में सत्य या बुद्ध में अहिंसा का सर्वथा अभाव है ऐसा दुःसाहस करना उचित नहीं। जहाँ तक करुणा की बात है भारतीय परम्परा में करुणा अत्र-तत्र-सर्वत्र व्याप्त है । जैसे कि **'वन्देऽहं करुणावकरं रघुवरं भूपालचूडामणिम्'** में राम को करुणाकर कहा है ।

**'कर्पूरगौरं करुणावतारं संसारसारं भुजगेन्द्रहारम्'** में भगवान शिव करुणावतार है । भागवत में उनके वक्ता श्री शुकदेवजी के बारे में श्लोक है –

**यः स्वानुभावमखिलं श्रुतिसारमेक-**
**मध्यात्मदीपमतितिषतां तमोन्धम् ।**
**संसारिणां करुणयाह पुराणगुह्यं**
**तं व्यास सूनुमपयामि गुरुं मुनीनाम् ॥** – भा. १-२-२

यहाँ 'शुकदेवजीने संसारियों के प्रति करुणा से अध्यात्मदीप समान भागवत कहा' ऐसा विधान है। आदि शंकराचार्यजी की संप्रदाय में सुप्रसिद्ध स्तुति है –

**श्रुतिस्मृतिपुराणानामालयं करुणालयम् ।**
**नमामि भगवत्पादं शंकरं लोकशंकरम् ॥**

आदि शंकराचार्यजी करुणालय है ।

उसी प्रकार श्रीरामानुजाचार्यजी **'दयैकसिन्धु** – दया के एकमात्र सागर' है ।

कहते है –

The heart of Mahavira was distrubed by hearing a cry of a sacrificing goat at

the alter, Buddha was touched to the depth of his heart on looking at an old, suffering and a dead one but Acharya Ramanuja saw each and every individual was not permitted to enter the doors of God. Hence he professes Bhakti. Yoga and the doors of God for downtronds of the sociery. He became the first Acharya of Bhakti Yoga in India.

श्रीरामानुजाचार्यने व्यक्तिमात्र के लिए भक्ति या शरणागति का मार्ग प्रस्थापित किया और उसे आनन्दसमुद्र में गोता लगाने का सरलतम मार्ग बताया ।

हमारे प्राचीन आचार्य या ऋषियों को मैं आज की भाषा में सर्वोत्तम मानसशास्त्री कहूँगा । आज मानसशास्त्र में माना जाता है कि मन की तीन ही गतिविधियाँ है ।

१. Thinking - विचार करना – सत्यम्

२. Willing - इच्छा करना – शिवम्

३. Feeling - अनुभव करना – सुन्दरम्

मानवमात्र के विचारों का अन्तिम गन्तव्य होता है सत्य । सत्य की प्राप्ति होते ही विचारक्रिया रुक जाती है ।

मानवी की इच्छा कुछ अच्छा, कल्याणकारी या शिव की प्राप्ति होने पर आगे नहीं बढती है और अनुभूति की मर्यादा है सुन्दर की प्राप्ति । यह हुआ सत्यम् शिवम् सुन्दरम् । यह टागोर का प्रदान है ।

जीवन में प्रत्येक व्यक्ति में यह तीनों thinking, willing और feeling समान रूप में नहीं रहता है । कोई विचारप्रधान होता है । कोई इच्छाप्रधान तो किसी में अनुभूति की भावना विशेष होती है । यह ठीक से सोचकर हमारे ऋषियों ने तीन मार्ग दिखाये हैं । विचारप्रदान व्यक्ति के लिए ज्ञानमार्ग । इच्छाप्रधान के लिए कर्ममार्ग तथा अनुभूतिप्रधान व्यक्ति के लिए भक्तिमार्ग ।

श्रीमद् भागवत पुराण (१०-२१-६) में भगवान श्रीकृष्ण का कथन है –

**योगास्त्रयो मया प्रोक्ता नृणां श्रेयो विधित्सया ।**
**ज्ञानं कर्म च भक्तिश्च नोपायोऽन्योऽस्ति कुत्रचित् ॥**

"मनुष्यों के कल्याण का निर्माण करने की इच्छा से मैंने तीन योग कहे है – ज्ञानयोग, कर्मयोग तथा भक्तियोग । इससे अतिरिक्त कहीं भी अन्य उपाय है ही नहीं ।"

श्रीमद् भगवद्गीता में ही यही तीन योगों का प्रतिपादन है । श्रीरामानुजाचार्यजीने गीता के १-६ अध्याय का प्रथम षट्क कर्मयोग का माना है । ७ से १२ का दूसरा षटक् भक्तियोग का तथा १३ से १८ अध्याय का तीसरा षटक् ज्ञानयोग का बताया है और परम्परा में अनेक विद्वानों ने इसका स्वीकार किया है ।

भगवद्गीता के बारे में चर्चा करते है तो मैं एक स्पष्टीकरण करना चाहता हूँ । मूलतः गीता एक उपनिषद् है । इसकी पुष्पिका में लिखा है –

**इति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णशर्जुनसंवादे ... अध्यायः ।**

यहाँ उपनिषद् शब्द विशेष्य है और भगवद्गीता विशेषण है । समाज में कभी कभी विशेषण विशेष्य का स्थान ले लेता है और व्यवहार में विशेषण ही रहता है और विशेष्य लुप्त हो जाता है । उदाहरण है

जैसे कि -

**समुद्रवसने देवि पर्वतस्तनमण्डले ।**
**विष्णुपत्नि नमस्तुभ्यं पादस्पर्शं सहस्व मे ॥**

यहाँ समुद्रवसना यह तो पृथ्वी का विशेषण है कि 'समुद्ररूपी वस्त्रवाली' लेकिन वही पृथ्वी का वाचक बन गया और पृथ्वी शब्द गौण हो गया । उसी प्रकार 'उपनिषद्' मुख्य विशेष्य है लेकिन व्यवहार में उसका 'भगवद् गीता' शब्द जो विशेषण है वही रह गया और विशेष्य गौण हो गया ।

कहा गया है कि -

Bhagvad Gita is a Krishnite version of a later Upanishad.

हमारी समक्ष प्रश्न यह है कि भगवद्गीतोपनिषद् का तात्पर्य क्या है ? ज्ञानयोग ? कर्मयोग ? अथवा भक्तियोग ?

किसी भी ग्रन्थ के तात्पर्यनिर्णय के लिए मीमांसाशास्त्र बताता है कि -

**उपक्रमावुपसंहावभ्यासोऽपूर्वता फलम् ।**
**अर्थवादोपपत्ती च लिङ्गं तात्पर्यनिर्णये ॥**

(१) उपक्रम-उपसंहार

(२) अभ्यास-पुनरावर्तन

(३) अपूर्वता

(४) फल-परिणाम

(५) अर्थवाद-प्रशंसा

(६) उपपत्ति-युक्ति

आदि शङ्कराचार्यजी यही सिद्धान्तानुसार भगवद्गीता का तात्पर्य-प्रधान उपदेश ज्ञानयोग दर्शाते है । आपका कहना है कि आरंभ में अर्जुन को मोह हो गया । भगवानने उसको ज्ञान का उपदेश दिया और अर्जुनने अन्त में 'नष्टो मोहः' ऐसा कहा है । मध्यभाग में ज्ञान, ज्ञान प्राप्ति के उपाय, ज्ञान का महिमा इत्यादि है अतः 'ज्ञानयोग' ही भगवद्गीतोपनिषद् का तात्पर्य है ।

लोकमान्य तिलकने यही पद्धति द्वारा अपने ग्रंथ भगवद्-गीता-कर्मयोग का शास्त्र में 'कर्मयोग' को गीता का तात्पर्य बताया है । अर्जुनने आरंभ में कहा - मैं युद्ध नहीं करुँगा । भगवानने अर्जुन को निष्काम भाव से कर्म करने का कहा और अर्जुनने अन्त में '**करिष्ये वचनं तव**' कहा । अनेक स्थानों पर कर्म एवं कर्म के प्रकारादि की चर्चा-विचारणा भी है । अतः 'कर्मयोग' ही गीता का प्रतिपाद्य है । श्रीरामानुजाचार्यने यही पद्धति को केन्द्र में रखकर गीता में भक्तियोग का ही उपदेश माना है उसकी चर्चा यहाँ करेंगे ।

ध्यान देने योग्य है कि भगवद्गीता सर्वतोमुखी ग्रन्थ है । 'गीताघटे सकलशास्त्रसमुद्रतोयम्' गीतारूपी घट में सभी शास्त्रोरूपी समुद्र का पानी भरा हुआ है ऐसा कहा गया है । डॉ. राधाकृष्णन् गीता में ज्ञान-कर्म-भक्ति का समन्वय देखते है । महात्मा गान्धी गीता में अनासक्तियोग का दर्शन करते है । आजकल भगवद्गीता और व्यवसाय व्यवस्थापन (Gita and Business Management) की बातें चल पडी है ।

इसमें कौन सच्चा है वह अन्त में देखेंगे । मैं भी मश्करी में ऐसा मानता हूँ कि गीता हमें भोग के त्याग का नहीं किन्तु भोग के उपभोग का उपदेश देती है । अर्जुनने आरंभ में पृथ्वी तो क्या तीनों लोक के राज्य की भी मुझे आकांक्षा नहीं है ऐसा कहा और बुझुर्गों के लहु से दिग्ध भोग मैं नहीं चाहता हूँ ऐसा कहा। भगवानने एकादश अध्याय में स्पष्ट कहा -

**'जित्वा शत्रून् भुंक्ष्व राज्यं समृद्धम् ।'** - भ.गी. ११-१३

तु शत्रुओं को जितकर समृद्ध राज्य का उपभाग कर । और गीता की फलश्रुति है -

**तत्रश्रीर्विजयोभूतिर्ध्रुवा नीतिर्मतिर्मम ॥** - भ.गी. १८-७८

वहाँ पर श्री, विजय, एश्वर्य और नीति है । यहाँ पर न तो ज्ञान की बात है न कर्म की या न तो है भक्ति की । अतः भोगों का उपभोग करो यह गीता का उपदेश है । आश्चर्य हुआ ना भाई ! भगवद्गीता उसके गायक भगवान श्रीकृष्ण की भाँति किसीके बन्धन में आनेवाली नहीं है । सर्वतोमुखी है ।

श्रीरामानुजाचार्यजी का कहना है कि-

**पाण्डुतनय-युद्धप्रोत्साहन-व्याजेन परमपुरुषार्थ-मोक्षसाधनतया वेदान्तोदितं स्वविषयं ज्ञानकर्मानुगृहीतं भक्तियोगमवतारयाभास** (गीताभाष्य के प्रारंभ में)

पाण्डुपुत्र अर्जुन को युद्ध के लिए प्रोत्साहित करने के बहाने परमपुरुषार्थ मोक्ष के साधनरूप वेदान्त द्वारा प्रकाशित अपने विषय का ज्ञान और कर्म से अनुगृहीत भक्तियोग का अवतरण किया है ।

यहाँ नोंधपात्र-अधोरेखांकित करने की बात है कि -

(१) अर्जुन को व्यपदेश एक बहाना है ।

(२) परमपुरुषार्थ याने मोक्ष का साधन भक्तियोग है ।

(३) वेदान्त-उपनिषद् द्वारा-भक्तियोग ही प्रतिपाद्य है ।

(४) स्वविषय अर्थात् भक्तियोग भगवान कृष्ण को ही अपना विषय मानता है ।

(५) भक्तियोग ज्ञान एवं कर्म द्वारा अनुगृहीत है ।

ज्ञान एवं कर्म गौण है और भक्तियोग ही मुख्य है, यही रामानुजाचार्यजी का मन्तव्य है । भगवद्गीता के १८ वें अध्याय के आरंभ में श्रीरामानुजाचार्यजी कहते है -

**कृत्स्नस्य गीताशास्त्रस्य सारार्थो भक्तियोग इति प्रतिपाद्यते ।**

समग्र गीताशास्त्र का साररूप अर्थ भक्तियोग है और उसका यहाँ प्रतिपादन किया गया है । वैसे तो भगवद्गीता में ज्ञानयोग (३-३), ज्ञानचक्षुष (१५-१०), ज्ञानतप (४-१०), ज्ञानप्लव (४-३६), ज्ञानदीप (१०-११), ज्ञानयज्ञ (४-३३), ज्ञानाग्नि (४-३७), ज्ञानासि (३-३९) इत्यादि में ज्ञान का अनेक प्रकार से उल्लेख है । तो भक्तः (४-३; ७-२९; ९-३१), भक्ताः (९-३३, १२-१, १२-२०), भक्तिमान् (१२-१७, १२-१९), भक्तियोग (१४-२६), भक्तिः (१३-१०), भक्त्या (८-१०, ८-२२, ९-१४, ९-२६, ९-२९, ११-५४, १८-५५) इत्यादि में भक्ति का उल्लेख है । तदुपरान्त 'भज' धातु के अनेक प्रयोग भी है । ज्ञान का सविशेष प्रतिपादन द्वितीय, चतुर्थ एवं त्रयोदश अध्याय में है तो भक्ति की चर्चा सातवें, नवमें, ग्यारहवें, बारहवें तथा अढारवें अध्याय में है ।

सब की चर्चा यहाँ शक्य नहीं है लेकिन कुछ विशिष्ट स्थानों में रामानुजाचार्यजी के गीताभाष्य की चर्चा प्रस्तुत करता हूँ -

**कार्पण्यदोषोपहतस्वभावः**
**पृच्छामि त्वां धर्मसंमूढचेताः ।**
**यच्छ्रेयः स्यान्निश्चितं ब्रूहि तन्मे**
**शिष्यस्तेहं शाधि मां त्वां प्रपन्नम् ॥** - भ.गी. २-७

यहाँ पर रामुनाजाचार्यजी का भाष्य है -

**मह्यं श्रेय इति निश्चितं तत् शरणागताय तव शिष्याय मे ब्रूहि अतिमात्रकृपणो भगवत्पादाम्बुजम् उपससार ।**

शरणागति अथवा प्रपति के बिना भक्ति का आरंभ ही शक्य नहीं है । दीनता ही भक्ति की एक अत्यावश्यक शर्त है । और वह यहाँ दृष्टिगोचर होती है ।

भगवान श्रीकृष्ण को हम जगद्गुरु कहते है उसका भी रहस्य है । जीवन में जब तक अर्जुन शरण में नहीं आया है तब तक आपने उसको कोई भी उपदेश नहीं दिया । पहली बार शरण में आया और शरणागतवत्सल श्रीकृष्ण का वात्सल्य प्रकट हुआ । कहते है - who is the fool ? the answer is one who advises without askied. And who is the greater fool ? Who does not follow it.

अन्त में इतना महान उपदेश देने के बाद भगवानने स्पष्ट कहा कि -

**'विमृश्येतदशेषेण यथेच्छसि तथा कुरु ।'** - भ.गी.१८-६३

शिष्य को इस प्रकार का इच्छा स्वातन्त्र्य अन्य कोई भी धर्म में नहीं है । श्रीकृष्णने यह दिया है इसीलिए श्रीकृष्ण जगद्गुरु है ।

**योगीनामपि सर्वेषां मद्गतेनान्तरात्मना ।**
**श्रद्धावान्भजते यो मां स मे युक्ततमो मतः ॥** - भ.गी. ६-४७

रामानुजाचार्यजी का भाष्य है -

**मद्गतेन अन्तरात्मना मनसा बाह्याभ्यन्तर-सकलवृत्तिविशेषाश्रयभूतं मनो हि अन्तरात्मना अत्यर्थमत्प्रियत्वेन मय विना स्वधारणालाभात् मद्गतेन अत्यर्थमत्प्रियत्वेन क्षणमात्र-वियोगासहतया मत्प्रितिप्रवृतौ त्वरावान् यो मां भजते सेवते उपासते स सर्वेभ्यः श्रेष्ठतम इति मन्यते ।**

यहाँ भक्तिमार्ग में अपेक्षित अनेक रीति-वृत्ति-प्रवृत्ति का समावेशन हुआ है ।

(१) बाह्य एवं आन्तरिक प्रवृत्ति का कारणरूप मन प्रभु में समर्पित करना ।

(२) अत्यन्त प्रेम - अन्यन्त प्रेम के लक्षण एक क्षणमात्र का वियोग भी सहन न होना ।

श्रीमद् भागवत में गोपियाँ कहती है **'त्रुटिर्युगायते त्वामपश्यताम्'** । - भा.पु. १०-३१-१५

(३) भजन याने सेवन (भज सेवायाम्) तथा उपासन - उपासन का अर्थ समझ लें की सतत मन, वचन एवं कर्म से प्रभु के पास बैठना है ।

सप्तमं अध्याय के प्रारंभ में आप लिखते हैं -

**इदानीं मध्येन षट्केन परब्रह्मभूतं परमपुरुषस्वरूपं तदुपासनं च भक्तिशब्दवाच्यमुच्यते ।.... उपासनं तु भक्तिरूपापन्नम् सिद्धम् । तमेव विदित्वातिमृत्युमेति** (श्वे.उप. ३-८) **। तमेवं विद्वान् अमृत इह भवति** (नृ.ता.उप. १०-६)

भक्ति अर्थात् उपासना और वह परमपुरुष परमेश्वर की प्राप्ति का उपाय है और वह वेदान्त के वाक्यों से सिद्ध है ।

भक्त कौन हैं ? ऐसा प्रश्न किया जाय तो आप कहते है -

**अत्यर्थमत्प्रियत्वेन मत्कीर्तन-स्तुति-ध्यान-अर्चन-प्रणामादिभिः विना आत्मधारणम्-अलभमानो मदेकप्रयोजनतया यः सततं तानि करोति स मद्भक्तः ।**

जो अत्यन्त प्रेम के साथ प्रभु का कीर्तन-स्तुति-ध्यान-प्रणाम आदि करता है और उसके बिना वह अपनी जात को भी नहीं सम्हाल सकता है वैसा तन्मय होनेवाला ही प्रभु का भक्त है ।

रामानुजाचार्य के मतानुसार भक्तियोग साध्य है और ज्ञान एवं कर्म उनके साधन है -

**परस्य ब्रह्मणो भगवतो वासुदेवस्य प्राप्त्युपाय-भूत-भक्तिस्वरूपभगवदुपासनाङ्गभूतं प्राप्तुः प्रत्यगात्मनो याथात्म्यदर्शनं ज्ञानयोग-कर्मयोग-लक्षणनिष्ठाद्वयसाधनभूतम् ।** (भ.गी.रा.भा. उपाद्घात)

भक्ति द्वारा उपास्य भगवान कैसे हैं ? रामानुज अपने भाष्य में लिखते है -

**स्वाभाविक-अनवधिकातिशय-सौन्दर्य-सौशिल्य-सौहार्द-वात्सल्य-कारुण्य-माधुर्य-गांभीर्य-औदार्य-शौर्य-वीर्य-पराक्रम-सर्वज्ञत्व-सत्यकामत्व-सकल-कारणत्वात्-असंख्येय-कल्याण-गुणसागरे निखिल हेय प्रत्यनीके मयि निरतिशय प्रेमगर्भ-स्मृत्यभ्यासयोगेन स्थिरं चित्तसाधनं लब्ध्वा मां प्राप्तुम् इच्छा** । (भ.गी. १२-९)

रामानुजाचार्यने गीताभाष्य में भक्ति की व्याख्या दी है -

**नायमात्मा प्रवचनेन लभ्यो**
**न मेधया न बहुना श्रुतेन ।**
**यमैवेषवृणुते स तेन लभ्य-**
**स्तस्यैष आत्मा विवृणुते तनु स्वाम् ॥** मुं.उप. ३-२-३

इति विशेषणात् परेण आत्मना वरणीयताहेतुं स्मर्यमाणविषयस्य अत्यर्थप्रियत्वेन स्वयम् अपि अत्यर्थप्रियरूपं स्मृतिसंतानमेव उपासनाशब्दवाच्यम् इति हि निश्चीयते तद् एव भक्ति इत्युच्यते **"स्नेहपूर्वमनुध्यानं भक्तिरित्युच्यते बुधैः'** - भ.गी.रा.भा. ७-१

स्नेहपूर्वक अनुध्यान ही भक्ति है । यह विधान कहीं का उद्धरण प्रतीत होता है ।

आदि शङ्कराचार्यजी की भक्ति की व्याख्या भिन्न है -

**मोक्षकारणसामग्र्यां भक्तिरेव गरीयसी**
**स्वस्वरूपानुसंधानं भक्तिरित्युच्यते बुधैः ।**
**स्वात्मतत्त्वानुसंधानं भक्तिरित्यपरे जगुः ॥** - वि.चू. ३०, ३१

मोक्ष प्राप्ति की सामग्री में भक्ति ही विशिष्ट महत्त्ववान है । अपने स्वरूप का अनुसंधान ही भक्ति

है । आत्मतत्त्व के अनुसंधान को अन्य लोग भक्ति कहते है ।

रामानुज - **स्नेहपूर्वम् अनुध्यानम्** और शङ्कराचार्य - **स्वस्वरूपानुसंधानम्** को भक्ति कहते है ।

हम यहाँ एक ही श्लोक में दोनों भाष्यों का तुलनात्मक अध्ययन करेंगे ।

**ब्रह्मभूतः प्रसन्नात्मा न शोचति न कांक्षति ।**
**समः सर्वेषु भूतेषु मद्भक्तिं लभते पराम् ॥** - भ.गी. १८-५४

**शांकरभाष्य - ब्रह्मभूतो ब्रह्मप्राप्तः प्रसन्नात्मा लब्धात्मप्रसादो न शोचति किञ्चिद् अर्थवैकल्याम् आत्मनो वैगुण्यं य उद्दीश्य न शोचति न संतप्यते न कांक्षति । ब्रह्मभूतस्य अयं स्वभावः अनुद्यते न शोचति न कांक्षति इति । न हि अवाप्तकांक्षाविषया ब्रह्मविद उपपद्यते । न हृष्यति इति वा पाठः ।**

**समः सर्वेषु भूतेषु आत्मोपम्येन सर्वेषु भूतेषु सुखं दुःखं वा समम् इव पश्यति इत्यर्थो न आत्मदर्शनम् इह तस्य वक्ष्यमाणत्वात् 'भक्तया मामभिजानाति' इति । एवंभूतो ज्ञाननिष्ठो मद्भक्तिं मयिपरमेश्वरे भक्तिं भजनं पराम् उत्तमां ज्ञानलक्षणां चतुर्थी लभते 'चतुर्विद्या भजन्तेमाम्'** (भ.गी.७-१६) **इति उक्तम् ।**

रामानुजाचार्यजी का भाष्य है -

**मयि सर्वेश्वरे निखिलजगदुद्भवस्थितिप्रलयलीले निरस्तसमस्तहेयगन्धे अनवधिकातिशयासंख्येय-कल्याणगुणगणैकताने लावण्यामृतसागरे श्रीमति पुण्डरीकनयने स्वस्वामिनि अत्यर्थप्रियानुभवरूपां परां भक्तिं लभते ॥**

परा - ज्ञानलक्षणा - शङ्कराचार्य

परा - अत्यर्थप्रियानुभवरूपा - रामानुजाचार्य

यहाँ प्रश्न होता है ब्रह्मभूतः - यदि व्यक्ति ब्रह्म - ही हो गया तो फिर द्वैत रहा ही नहीं । भक्ति में तो भगवान और भक्त दोनों का द्वैत है । फिर ब्रह्मभूत को पराभक्ति कैसे ? यह तो शक्य नहीं है क्योंकि वहाँ एकत्व सिद्ध हो चूका है ।

मेरे सद्गुरुदेव स्वामीश्री गङ्गेश्वरानन्दजी महाराजने समाधान बताया था कि - मधुसूदन सरस्वती का एक श्लोक है -

**द्वैतं मोहाय प्राक्बोधात् प्राप्तेबोधे मनीषया ।**
**भक्त्यर्थं कल्पितं द्वैतमद्वैतादपि सुन्दरम् ॥**

बोध अर्थात् ज्ञानप्राप्ति के पूर्व द्वैत हममें मोह पैदा करता है किन्तु बोध प्राप्त होने के पश्चात् भक्ति के लिए 'कल्पित द्वैत' तो अद्वैत से भी सुन्दर होता है ।

श्रीभाष्य (१-१-१)में बोधयनवृत्ति से उद्धरण देकर भक्ति क्या है वह रामानुजाचार्यने बताया है -

**एवंरुपा ध्रुवास्मृतिरेव भक्तिशब्देनाभिधीयते, उपासनपर्यायत्वाद्भक्तिशब्दस्य । वाक्यकारश्च ध्रुवस्मृतेर्विवेकादिभ्य एव निष्पत्तिराह-तल्लब्धिर्विवेक-विमोक-अभ्यासक्रिया-कल्याण-अवसाद-अनुद्धर्षभ्यः, संभवान् निर्वचनाच्च ( बो.वृ. ) इति ।**

ध्रुवास्मृति ही भक्तिः (अर्जुनने गीता में **नष्टो मोहः स्मृतिर्लब्धा** (भ.गी.१८-७३) कहा है, वह भक्ति-

विवेक-विमोक-अभ्यास क्रिया-कल्याण-अनवसाद-अनुद्धर्ष द्वारा प्राप्त होती है। यह सभी का निर्वचन यहाँ अप्रस्तुत है। किन्तु श्रीभाष्य (१-१-१) में उपलब्ध है।

श्रीरामानुजाचार्य के मत में निर्गुण ब्रह्म ही नारायण है, ईश्वर है उसमें कोई भेद नहीं हैं -

**ब्रह्मशब्देन च स्वभावतो निरस्तनिखिलदोषोऽनवधिकातिशयासंख्येयकल्याणगुणगणः पुरुषोत्तमोऽभिधीयते। सर्वत्र बृहत्वगुणयोगेन ब्रह्मशब्दः। ब्रह्मत्वं च स्वरूपेण गुणैश्च यत्रानवधिकातिशय सोऽस्य मुख्योऽर्थः। स च परमेश्वर एव॥** - ब्र.सू.रा.भा. १-१-१

भगवद्गीता रामानुजाचार्य के पक्ष में है क्योंकि कृष्ण को ब्रह्म कहती है।

**परं ब्रह्म परं धाम पवित्रं परमं भवान्।** - भ.गी. १०-१२

ब्रह्मसूत्र पर अपने श्रीभाष्य में श्रीरामानुजाचार्यजी आरम्भ स्तुति से करते है -

**अखिलभुवनजन्मस्थेमभङ्गदिलीले**
**विनतविविधभूतव्रातरक्षैकदीक्षे।**
**श्रुतिशिरसिविदीप्ते ब्रह्मणि श्रीनिवासे**
**भवतु मम परस्मिन् शेमुषी भक्तिरूपा॥** - ब्र.सू.१-१-१

यहाँ पर ब्रह्म में भक्तिरूपा शेमुषी अर्थात् बुद्धि की कामना है। वह ज्ञानकर्मानुगृहीत भक्ति की ही कामना है।

आपके वेदार्थसंग्रह में प्रारंभ का श्लोक है -

**अशेषचिदचिद्वस्तुशेषिणे शेषशायिने।**
**निर्मलानन्तकल्याणनिधये विष्णवे नमः॥**

यहाँ विष्णु को नमस्कार आपकी सगुण-साकार भक्ति का द्योतक है और चिदचिद्विस्तुशेषिणे में आपका चिद्चिद्विशिष्टाद्वैत सिद्धान्त का निर्देश भी है।

रामानुजाचार्यजी का प्रभाव बाद के अनेक भक्तिमार्गीय आचार्यों पर रहा है। एक ही उदाहरण लिजिये। श्रीवल्लभाचार्यजी लिखते है -

**नमामि हृदये शेषे लीलाक्षीराब्धिशायिनम्।**
**लक्ष्मीसहस्रलीलाभिः सेव्यमानं कलानिधिम्॥**

वेदार्थसंग्रह एक विद्वत्तापूर्ण भाष्ययुक्त ग्रंथ है जिसमें श्रीरामानुजाचार्यजीने अनेक औपनिषदिक श्रुतियों का स्वमतानुसार भाष्य लिखा है। वहाँ आप '**भगवत्पारतन्त्रदास्ययोः सुखरूपता**' का समर्थन करते है। यहाँ से एक श्रुति-भाष्य यहाँ उद्धृत करता हूँ -

**'यमैवेष वृणुते तेन लभ्यः'** (मुं.उप. ३-२-३) **इति विशेषणात् यमैव एष वृणुते इति भगवता वरणीयत्वं प्रतीयते वरणीयश्च प्रियतमः। यस्य यस्य भगवत्यनवधिकातिशया प्रीतिर्जायते स एव भगवतः प्रियतमः। तदुक्तं भगवता - 'प्रियो हि ज्ञानिनोऽत्यथमहं स च मम प्रियः।'** (भ.गी. ७-१७) **इति तस्मात्परमभक्तिरूपापन्नमेव वेदनं तत्त्वतो भगवत्प्राप्तिसाधनम् यथोक्तं द्वैपायनेन मोक्षधर्मे सर्वोपनिषद् व्याख्यानरूपम् -**

**न सदृशे तिष्ठति रूपमस्य**
**न चक्षुषा पश्यति कश्चिदेनम् ।**
**भक्त्या न धृत्या न समाहितात्मा**
**ज्ञानस्वरूपं परिपश्यतीह ॥**

**धृत्या समाहितात्मा पुरुषोत्तमं पश्यति साक्षात्करोतिप्राप्नोतीत्यर्थः । 'भक्त्या त्वनन्यया शक्य'** (भ.गी. ११-५४) **इत्यनेनैकार्थ्यात् । भक्तिश्च ज्ञानविशेष एवेति सर्वमुपपन्नम् ।**

ईश्वर जीव का वरण करता है ऐसा अर्थ यहाँ वरणश्रुति का श्रीरामानुजाचार्यजी का है । जिसका अनुसरण वल्लभाचार्यजीने करके वरण का सिद्धान्त प्रतिपादित किया ।

आदि शङ्कराचार्यजीने एष का अर्थ विद्वान् व्यक्ति लगाया । वे कहते है -

**यमेव परमात्मानम् एव एष विद्वान् वृणुते प्राप्तुमिच्छति तेन वरणेनैष परमात्मा लभ्यो नान्येन साधनान्तरेण नित्यलब्धस्वरूपत्वात् ।**

यहाँ 'एष' के अर्थ में दोनों विद्वानों के अर्थघटन में भिन्नता है । रामानुजाचार्य का अर्थघटन भक्तिमार्गीय है, आदि शङ्कराचार्यजी का अर्थघटन ज्ञानमार्गीय है ।

मूलभूत प्रश्न मेरे मन में यह है कि भगवद्गीता के रचनाकर का क्या मत है ? मेरी छोटी सी समझ में आता है कि भगवद्गीता की अपनी पसंद भक्तिमार्ग है । इसके अनेक समर्थन भगवती गीता ही प्रदान करती है -

(१) एकादश अध्याय में विश्वरूप दर्शन के अनन्तर भगवान का सिद्धान्त है -

**नाहं वेदै र्न तपसा न दानेन चेज्यया ।**
**शक्य एवं विधो दृष्टं दृष्टवानसि मां यथा ॥**
**भक्तयात्वनन्यया शक्यमहंमेवंविधोऽर्जुन ।**
**ज्ञातुं द्रष्टुं च तत्त्वेन प्रवेष्टुं च परंतप ॥** - भ.गी. ११-५३, ५४

यहाँ वेदेनज्ञान तथा तप, दान और इज्या अर्थात् कर्म से जो शक्य नहीं है वह केवल अनन्य भक्ति से ही शक्य है । अतः ज्ञान एवं कर्म की अपेक्षा भक्ति का वैशिष्ट्य यहाँ उद्घोषित हुआ है ।

(२) अठारवें अध्याय में पराभक्ति की चर्चा बाद **ततो मां तत्त्वतो ज्ञात्वा विशते तदनन्तरम्** में भी पराभक्ति का महत्व ही है ।

(३) सबसे अधिक विश्वसनीय बात अठारवें अध्याय में है -

**इति ते ज्ञानमाख्यातं गुह्याद्गुह्यतरं मय ।** - भ.गी. १८-६३

बाद में है -

**सर्वगुह्यतमं भूयः शृणु मे परमं वचः ।**
**इष्टोऽस्मि मे दृढमिति ततो वक्ष्यामि ते हितम् ॥** - भ.गी. १८-६३

आगे आते है **मन्मनाभव मद्भक्तः** (भ.गी. १८-६४) तथा **सर्वधर्मान् परित्यज्य मामेकं शरणं व्रज ।** (भ.गी.१८-६५)

ध्यान से देखा जाय तो भगवान यहां गुह्य-गुह्यतर एवं गुह्यतम ऐसे शब्द प्रयोग करते है । इसमें गुह्यतम के रूप में जो **मन्मनाभव** तथा **सर्वधर्मान् परित्यज्य** है वह तो भक्ति ही है । गुह्य कर्मयोग गुह्यतम ज्ञानयोग किन्तु स्वयं भगवान के शब्दों में गुह्यतम तो भक्तियोग ही है और उसको परिपूर्ण रूप में अपने भाष्य में उजागर करनेवाले रामानुजाचार्यजी धन्यवाद के पात्र ही हैं क्योंकि भगवान का अभिप्राय वे ठीक से अवगत करने में अग्रेसर रहे है ।

मेरे मत में भगवद्गीता हिन्दु धर्म में ही क्रान्ति है - **'स्त्रीशूद्रद्विजबन्धूनां त्रयी न श्रुतिगोचरा ।'**

खयाल आया और उसके विरुद्ध में जैन एवं बौद्ध धर्मने सबके लिए धर्म के द्वारा उद्घाटित किये उसी प्रकार गीताने भी स्त्री, वैश्य एवं शूद्र के लिए भक्ति का मार्ग उद्घाटित कर दिया । जैसे कि -

**अपि चेत्सुदुराचारो भजते मामनन्दभाक् ।**
**साधुरेव स मन्तव्यः सम्यग्व्यवसितोहि सः ॥**

**क्षिप्रं भवति धर्मात्मा शश्वच्छन्ति निगच्छति ।**
**कौन्तेय प्रतिजानीहि न मे भक्तः प्रणष्यति ॥**

**मां हि पार्थव्यपाश्रित्य येऽपि स्युः पापयोनयः ।**
**स्त्रियोवैश्यास्तथाशूद्रास्तेऽपि यान्ति परांगतिम् ॥** - भ.गी. ९-३०, ३१, ३२

अतः गीता मूलतः कृष्ण भक्ति प्रधान ग्रंथ ही है । और गुह्यतम भक्तिमार्ग का जनसामान्य के लिए गीता में दर्शन करानेवाले आदि वैष्णवाचार्य श्रीरामानुजाचार्यजी को शतशः प्रणाम ।*

* Paper Presented at the National Seminar on 'Sri Venkatanatha : A Worth Desciple of Worthy Preceptor' on 22-23 December 2018 at Hyderabad organized by ICPR.

यह शोधपत्र लिखने में मुझे एस.जी.वी.पी.के माननीय महंतश्री माधवप्रियदासजी का मार्गदर्शन प्राप्त हुआ है । मैं उनका शुक्रगुजार हूँ ।

# शुंगकालीन भरहुत स्तूप का एक फलक एवं पञ्चाङ्गुल

◆

ए. एल. श्रीवास्तव

भरहुत स्तूप के वेदिका-शीर्ष पर एक विचित्र अंकन है । इस दृश्य में एक आसन (चंक्रम) है जिसके पीछे दाएँ पार्श्व में चार सिंह-मुख सामने देखते हुए अंकित हैं और बाएँ पार्श्व में पाँच पुरुष हाथ जोड़े खड़ें हैं। आसन के समक्ष कई बाँसो से बनी एक टिकटी जल रही है । टिकटी के दाएँ सिरे पर एक सर्प और बाएँ सिरे पर एक छोटी मानवाकृति है । टिकटी के सामने फलक के दाएँ पार्श्व में अपने घुटने पर बाएँ हाथ की कोहनी टिकाए और हथेली पर मस्तक टिकाए एक व्यक्ति शोकमुद्रा में बैठा है । नीचे फलक में अगल-बगल दो विशाल विशाच - मुण्ड हैं जिनके बीच एक पंचाङ्गुल है । आसन या चक्रम की भित्ति पर भी पंचाङ्गुल-पंक्ति है । दृश्य-फलक के ऊपर ब्राह्मी अक्षरों की एक पंक्ति है - द द नि क मो चा क मो (चित्रद्रष्टव्य) ।[१]

भरहुत के इस दृश्य-फलक को समझने में विभिन्न विद्वानों ने अपने भिन्न भिन्न मत व्यक्त किये हैं । कनिंघमने लेख को संस्कृत में 'दण्डाति कर्मचंक्रम' मानकर इसका अर्थ बताया - 'कर्म के लिए दण्ड देनें का स्थान' और इस दृश्य की पहचान सोलह बौद्ध नरकों में एक से की है ।[२] वेणी माधव बहआ ने उक्त लेख का संस्कृत रूपान्तरण किया - 'दृढ़ निष्क्राम चक्रम' और इसका अर्थ बताया - 'The walk from where the egress is difficult' अर्थात् 'ऐसा चंक्रम जिससे निकलना दुष्कर हो' ।[३] बहआ ने इसे श्मशान का दृश्यांकन माना और उरग जातक से इसकी पहचान की ।[४]



उरग जातक[५] के अनुसार एक जन्म में बोधिसत्त्व एक किसान थे। घर में उनकी पत्नी, पुत्र, पुत्रवधू, पुत्री और एक सेविका समेत कुल छः सदस्य थे। एक दिन खेत पर कार्य करते समय पुत्र को सर्पने डस लिया और वह तत्काल निर्जीव हो गया। किसान ने अपने घर समाचार भिजवाया। जब सभी परिवारजन खेत पर आ गये तब किसानने चिता बनाकर पुत्र का दाह-संस्कार करके बिना किसी प्रकार का शोक किये सभीजन पुनः अपने-अपने कार्यों में लग गये, क्योंकि बोधिसत्व और उनके सभी परिवारजन यह भतीभाँति जानते थे कि मृत्यु केवल शरीर-परिवर्तन हैं, आत्मा अजरअमर है। परन्तु बोधिसत्त्व के इस अलौकिक व्यवहार से बौद्ध देवता शक्र (इन्द्र) बधाई देने उपस्थित हुए। सर्प और मानवाकृति के आधार पर बहआ इस दृश्य को उरग जातिक का अंकन मानते हैं।

बहआ इस दृश्य में हाथ जोड़कर खड़ी मानवाकृतियों को बोधिसत्व तथा उनके परिवारजन मानते हैं, शोकाकुल बैठी आकृति इन्द्र की और चार सिंहमुख इन्द्र के आगमन पर सिंहगर्जना के प्रतीक मानतें हैं। फलक में नीचे वे दो मुण्डों में दाई ओर नरमुण्ड शव का तथा बाइ और का पिशाचमुण्ड शवभक्षी होने का प्रतीक बताते हैं।[६]

ल्यूडर्स ने यद्यपि बेणी माधव बहआ के द्वारा ब्राह्मी लेख का संस्कृत रूपान्तरण स्वीकार किया है, परंतु न उनके द्वारा बताए गए अर्थ को माना है न पहचान को। ल्यूडर्स ने 'द द नि क मो च क मो' लेख का अर्थ The Walk of strong exertion अर्थात् 'द्दढ संयम का कर्म' माना है। जिस आकृति को बहआ ने पुत्र का शव बताया था, ल्यूडर्स ने उसे छिपकली (Lizard) माना ! हाथजोड़े उष्णीषधारी पाँच आकृतियों को ल्यूडर्स ने इन्द्र तथा चार लोकपाल समझा हैं। दाएँ पार्श्व में शोकाकुल आकृति को शक्र (इन्द्र) नहीं मार (कामदेव) माना है। निःसन्देह ल्यूडर्स की पहचान सही जान पड़ती है। शोकाकुल आकृति दुखी मार की है जो सिंह, पिशाच, प्रज्ज्वलित चिता, विषैली छिपकली, सर्प आदि से भी बोधिसत्त्व को दृढ़ संयम के चंक्रम से विमुख करने में असफल रहा था। ल्यूडर्स की यह पहचान संयुत्तनिकाय, निदान कथा जातक, महावंस ललितविस्तर एवं बुद्धचरित के साक्ष्यों पर ही आधारित नहीं थी, अपितु माहत के ही एक अन्य फलक पर आधारित थी जिसमें असफल - शोकमग्न मार एवं हर्ष मनाते देवों का अंकन है।[७]

आश्चर्य है कि किसी भी विद्वान ने पिशाच-मुण्डों के बीच के पंचाङ्गुल का उल्लेख तक नहीं किया। हमारे देश में पंचाङ्-गुल अंकित करने की परम्परा हजारो वर्षों से अबाध गति से प्रचलित है। जन्म से लेकर मृत्यु-पर्यन्त पंचाङ्गुल हमारे जीवन से जुड़ा हुआ है। पुत्रजन्म के समय सौरिगृह,[८] विवाह के समय मण्डप के खम्भ पर[९], भवनों की सजावट में,[१०] बलिपशु की पीठ पर[११], सती-स्मारकों पर,[१२] शिलाचित्रोंमें[१३] सर्वत्र पंचाङगुलांक अंकित किया जाता रहा हैं। पशु-सज्जा में पंचाङ्गुल के एक पुरातात्त्विक लाक्ष्य के उल्लेख का लोभ-संवरण नहीं कर पा रहा हूँ। मन्दसौर (म.प्र.) से प्राप्त यशोवर्धन के स्तंभ-अभिलेख के प्रारंभ में शिव की वन्दना है। उसमें कहा गया है कि शूलपाणि (शिव) की वह लम्बी पताका तुम्हारे शत्रु की शक्ति का मर्दन को जिसमें वृषभ का चित्र बना है और जिसके अंग पर पार्वती द्वारा पंचाङ्गुल का लांछन अंकित किया गया है-

**उक्षाणं तं दधानं क्षितिधीतनयादत्त पञ्चाङ्गुलांकम्।**
**द्राधिष्ठः शूलपाणेः क्षपयतु भवतां शत्रुतेजांसि केतुः॥**[१४]

हजारों वर्षों से चली आ रही पंचाङ्गुलांक प्रतीक की लोकप्रियता के अनेक निहितार्थ हैं। परन्तु दो कारण प्रमुख हैं - एक पांच की संख्या का महत्त्व और दूसरा कर्म का महत्त्व। संभवतः पाँच की संख्या

के कारण पंचाङ्गुलांक शुभ एवं मांगलिक माना जाने लगा हो । भारतीय जीवन में पाँच का विशेष महत्त्व है। पंचतत्त्व, पंचपरमेश्वर, पंचामृत, पंचायत, पंचायतन के लाक्षणिक अर्थ सर्वविदित हैं । सिख संप्रदाय में पंजा (केश, कंधा, कड़ा, कच्छा और कृपाण'' और मुसलमानों में पंजतन (हजात मोहम्मद साहब, उनकी बेटी फातिमा, दामाद हज़ात अती और दो नाती हसन एवं हसेन) पवित्र-पूज्य माने जाते हैं ।

पंचाङ्गुलांक या थापे की लोकप्रियता का दूसरा महत्त्वपूर्ण कारण इसमें सन्निहित कर्म की प्रेरणा है । पंचाङ्गुल हाथ का प्रतीक होने के कारण महत्त्वपूर्ण और लोकप्रियता बना । हाथ कर्म करने की क्षमता का द्योतक है और कर्म धर्म का साधन है । हाथ से हम सभी प्रकार के कर्म-धर्म कहते हैं । हाथों से हम भोजन करते हैं, शौच करते हैं, लिखते-पढते हैं, तैरते-नहाते है, नहरें-तालाब खोदते हैं, जंगल-पहाड़ काटकर मार्ग बनाते हैं, तीर-तलवार बनाते हैं, कृषिकर्म करते हैं, वस्त्राभूषण, शयनासन, घर-आँगन, अस्त्र-शस्त्र, मन्दिर-मूर्तियाँ बनाते हैं, पूजा करते हैं, हृदय के उल्लास एवं अवसाद प्रकट करते हैं ।

स्पष्ट है कि जीवन-व्यापार के लिए हाथों का कितना महत्त्व है । जिस दिन चौपाया मानव अपने पिछले दो पैरों पर खड़ा हो गया और उसके अगले पैर हाथ बन गये, उसी दिन से मानय सभ्यता का विकास द्रुत गति से होता चला गया । हाथों के इसी महत्त्व के कारण कहावत बनी- 'अपना हाथ जगन्नाथ' । संभवतः इसीलिए प्रातःस्मरण में सर्वप्रथम 'करदर्शन' की बात कही गयी है –

**कराग्रे वसतिः लक्ष्मी करमध्ये सरस्वती ।**
**करमूले तु गोविन्द, प्रभाते करदर्शनम् ॥**

भरहुत-शिल्प के प्रस्तुत फलक में स्पष्टतः पंचाङ्गुलका अंकन पंचतत्त्व का प्रतीक था । चूँकि दृश्य श्मशान का था, इसलिए पंचाङ्गुल बनाकर कलाकार संभवतः यह संदेश देना चाहता है कि जिन पंचतत्त्वों (क्षिति, जल, पावक, गगन और समीर) के समानुपातिक संगठन से शरीर का निर्माण होता है, उनके विघटन से शरीर नष्ट हो जाता है और यही जन्म-मृत्यु का मर्म है ।

## सन्दर्भ


१. विवेचित फलक संप्रति भारतीय संग्रहालय, कोलकाता (सं० ए २१) में है । द्रष्टव्य ए० कनिंघम, द स्तूप आँव भरहुत, वाराणसी, १९६२, फलक ४७.७; वेणी माधव बहआ, भरहुत, बुक ३, कलकता, १९३७, फलक ८१.११६.

२. कनिंघम, उपर्युक्त, पृ. ९४

३. बरुआ, प्रोसिडिंग्स आँव एशियाटिक सोसाइटी आँव बंगाल, न. सं. वाल्यूम १९, १९२४, पृ. ३५४-३५६; भरहुत इन्सक्रिप्शन्स, १९२६, पृ. ८८; भरहुत, बुकर, १९३४, पृ. १२१.

४. बरुआ, भरहुत, बुकर, पृ. १२१-१२२.

५. जातक सं. २५४

६. बहआ, भरहुत, बुकट, पृ. १२१-१२२.

७. ल्यूडर्स, कार्पस इन्स्क्रिप्शनम इण्डिकोम, वाल्यूम २, पार्ट २, १९५४, इन्स्क्रिप्शन नं. बी ७७, पृ. १७४-१७६

८. वासुदेव शरण अग्रवाल, हर्षचारितः एक सांस्कृतिक अध्ययन, पटना, १९६४

९. वासुदेव शरण अग्रवाल, कादम्बरी : एक सांस्कृतिक अध्ययन, वाराणसी, १९७०

